bhuuNsaataaN graamcitro - mnnilaal h. pttel

ભૂંસાતાં ગ્રામચિત્રો

મણિલાલ હ. પટેલ

Contents

મુખપૃષ્ઠ

ભૂંસાતાં ગ્રામચિત્રો

ભૂંસાતાં ગ્રામચિત્રો

મણિલાલ હ. પટેલ

'એકત્ર'નો ગ્રંથ-ગુલાલ

આપણી મધુર ગુજરાતી ભાષા અને એના મનભાવન સાહિત્ય માટેનાં સ્નેહ-પ્રેમ-મમતા અને ગૌરવથી પ્રેરાઈને ‘એકત્ર’ પરિવારે સાહિત્યનાં ઉત્તમ ને રસપ્રદ પુસ્તકોને, વીજાણુ માધ્યમથી, સૌ વાચકો ને મુક્તપણે પહોંચાડવાનો સંકલ્પ કરેલો છે.

આજ સુધીમાં અમે જે જે પુસ્તકો અમારા આ ઈ-બુકના માધ્યમથી પ્રકાશિત કરેલાં છે એ સર્વ આપ

www.ekatrafoundation.org

તથા

https://ekatra.pressbooks.pub

પરથી વાંચી શકશો.

અમારો દષ્ટિકોણ:

હા, પુસ્તકો સૌને અમારે પહોંચાડવાં છે – પણ દષ્ટિપૂર્વક. અમારો ‘વેચવાનો’ આશય નથી, ‘વહેંચવાનો’ જ છે, એ ખરું; પરંતુ એટલું પૂરતું નથી. અમારે ઉત્તમ વસ્તુ સરસ રીતે પહોંચાડવી છે.

આ રીતે –

* પુસ્તકોની પસંદગી ‘ઉત્તમ-અને-રસપ્રદ’ના ધોરણે કરીએ છીએ: એટલે કે રસપૂર્વક વાંચી શકાય એવાં ઉત્તમ પુસ્તકો અમે, ચાખીચાખીને, સૌ સામે મૂકવા માગીએ છીએ.

* પુસ્તકનો આરંભ થશે એના મૂળ કવરપેજથી; પછી હશે તેના લેખકનો પૂરા કદનો ફોટોગ્રાફ; એ પછી હશે એક ખાસ મહત્ત્વની બાબત – લેખક પરિચય અને પુસ્તક પરિચય (ટૂંકમા) અને પછી હશે પુસ્તકનું શીર્ષક અને પ્રકાશન વિગતો. ત્યાર બાદ આપ સૌ પુસ્તકમાં પ્રવેશ કરશો.

– અર્થાત્, લેખકનો તથા પુસ્તકનો પ્રથમ પરિચય કરીને લેખક અને પુસ્તક સાથે હસ્તધૂનન કરીને આપ પુસ્તકમાં પ્રવેશશો.

તો, આવો. આપનું સ્વાગત છે ગમતાના ગુલાલથી.

સર્જક-પરિચય

મુખ્યત્વે કવિ તરીકે જાણીતા **મણિલાલ હ. પટેલ** (જ. 9, નવેમ્બર 1949) એ ઉપરાંત નિબંધકાર, વાર્તા-નવલકાર, ચરિત્રકાર, વિવેચક અને સંપાદક તરીકે પણ ખ્યાત થયા છે. *પદ્મા વિનાના દેશમાં* (1983) આદિ કાવ્યસંગ્રહો; *વૃક્ષાલોક* (1997) આદિ નિબંધસંગ્રહો; *તરસઘર* (19740) વગેરે નવલકથાઓ; *બાપાનો છેલ્લો કાગળ* (2001) વાર્તાસંગ્રહ; *તરસ્યા મલકનો મેઘ* (પન્નાલાલ પટેલ વિશે, 2007) એ ચરિત્ર તેમ જ સર્જક રાવજી પટેલ(2004) વગેરે વિવેચન-પુસ્તકો – એમ બહોળું લેખનકાર્ય એમણે કર્યું છે. સતત સર્જન-અધ્યયનદ્વારા એક ધ્યાનાર્હ નિત્યલેખક તરીકે એ પ્રતિષ્ઠિત છે. દસમો દાયકો અને પરસ્પર જેવાં સામયિકોનું સંપાદન પણ એમણે કરેલું છે.

ધનજી કાનજી સુવર્ણચંદ્રક, નર્મદ સુવર્ણ ચંદ્રક, ગુજરાત સાહિત્ય ગૌરવ પુરસ્કાર, સુરેશ જોષી નિબન્ધ પુરસ્કાર વગેરે ઘણાં પારિતોષિકો મેળવનાર મણિલાલનાં કવિતા-નિબંધ-નવલકથા-વાર્તામાં તળ જીવનની સંવેદના આકર્ષક સર્જકરૂપ પામી છે; પ્રકૃતિસૌંદર્યનો એમનો અનુરાગ સર્જનાત્મક આલેખનોમાં મહોરી રહેલો છે તથા કવિતામાં બદ્ધ વૃત્તો અને માત્રામેળો એમણે વિશદ પ્રવાહિતાથી આલેખ્યા છે – મણિલાલની સર્જકમુદ્રા રચવામાં આ ત્રણે ઘટકોનો મોટો ફાળો છે.

એમની સમગ્ર કારકિર્દી અભ્યાસી અધ્યાપક-લેખકની રહી – સ. પ. યુનિવર્સીટીના ગુજરાતી વિભાગના અધ્યક્ષ તરીકે નિવૃત્ત થયા પછી પણ એ લેખન-સમર્પિત રહ્યા છે.

(સર્જક-પરિચય – રમણ સોની)

કૃતિ-પરિચય

કૃતિ-પરિચય : ભૂંસાતાં ગ્રામચિત્રો

આ નિબંધોમાં એવા સ્મરણ-આલેખો છે જેમાં શહેરી સંસ્કૃતિના દાબ હેઠળ ઝડપથી બદલાયે જતા સમયમાં, લોપ પામતો કૃષિજીવન-મય ગ્રામ-સમાજ અને વન-પરિવેશ આબેહૂબ ઊઘડયો છે. લેખકે ગામ, ઘર, પડસાળ, ફળિયું, પાદર, સીમ, શેઢો, મેળો, લગ્નગીતો, પંખીલોક... એવાં શીર્ષકોવાળાં ટૂંકા લખાણોમાં એ ભૂંસાતાં ગ્રામ-ચિત્રોને અસરકારકતાથી આલેખ્યાં છે – લેખકે માણેલો ગ્રામલોક અહીં તંતોતંત ઊપસ્યો છે. એમાં અનુભવ-સંવેદન એટલું તીવ્ર અને જીવંત છે, અને ભાષા એવી પ્રાસાદિક અને કાવ્ય-સ્પર્શવાળી છે કે આ આલેખો ઝીણી વિગતોના દસ્તાવેજીકરણને પણ પ્રવાહિતા અને સુવાચ્યતા આપે છે.

આ નિબંધોમાં લેખકના અખૂટ વિસ્મયના આનંદ સાથે જ એ પ્રકૃતિમય ગ્રામજીવન વિલાઈ ગયાની, એના વિરૂપીકરણની, લેખકની વેદના પણ છે. ‘ગામ જવાની હઠ છોડી દે...‘ એ મણિલાલના જ કાવ્યનું સંવેદન આ ગદ્ય-આલેખોનું પણ એક મુખ્ય સંવેદન છે. પુસ્તકમાં એમણે ઠેકઠેકાણે કાવ્યપંક્તિઓ પણ ટાંકી છે.

આવા આસ્વાદ્ય નિબંધો વાચકોને ગમશે.

(કૃતિ-પરિચય – રમણ સોની)

પ્રથમ પ્રકાશન

BHUNSATAN GRAMCHITRO

Vanishing Landscape of Villages

by MANILAL H. PATEL

R. R. Sheth & Co. Mumbai, Ahmedabad

પ્રથમ આવૃત્તિ : જાન્યુઆરી, ૨૦૦૦

રૂ. ૮૫.૦૦

પ્રકાશકઃ

ભગતભાઈ ભુરાલાલ શેઠ

આર. આર. શેઠની કંપની

મુંબઈ, અમદાવાદ

અર્પણ

મહીસાગર માતા

તથા

ગામ-વતનનાં એ મનેખ, એ માટીને...

જેમણે મને સમૃદ્ધ કર્યો...

એકવીસમી સદીમાં વાંચવાનું પુસ્તક

વીસમી સદીનો શાપ — તે તો આપણને ઘર-વતન-સીમ-ખેતર-માટીનાં મનેખથી વિખૂટાં પાડી દેવાનો શાપ! વીસમી સદીના ઉત્તરાર્ધમાં આપણે ત્યાં ઝડપથી 'શહેરો' ગામડાં સુધી પહોંચી ગયાં છે. જોતજોતામાં — નવમા-દસમા દાયકાઓમાં તો તીવ્ર ગતિએ — ગામડાંની સિકલ ફરી ગઈ છે. વિકાસ-પ્રગતિ એક વાત છે અને વર્ણસંકરતા સાથે વિકૃતિઓ બીજી વાત છે, પણ સંક્રાંતિકાળમાં આવું તો ના બને તો જ નવાઈ! હું તૂટતાં ગામડાંને અને ભૂંસાતાં અસલ ગ્રામચિત્રોને બહુ સભાનપણે વર્ષોથી જીવતો-અનુભવતો રહ્યો છું. સાચું કહું તો એ જ મારી પીડા છે, ને એ પીડા ઠરીને સંવેદનાનું રૂપ પામી ત્યારે ત્યારે આ ચિત્રો લખતાં જવાનું બન્યું છે. ડૂસકાં રૂંધાઈને નીતરેલી પીડાનું રૂપ પામે છે ને ઠરેલી-આછરેલી પીડા એક વિશિષ્ટ સંવેદનાનું રૂપ ધારે છે. ભીતરમાં ભેખડો તૂટે એ ઝીલવાનું અઘરું હોય છે. બધું સમથળ તો ક્યારેય નથી થતું... ને એ જ તો જીવન છે! આ સંવેદનાને કશા શણગારો કર્યા વિના — જેવી અનુભવી તેવી — આલેખવા ચાહી હતી; ને ઘણે અંશે એમ થઈ શક્યું છે. મારું નિબંધલેખન આ સ્મૃતિચિત્રો આગળ જુદો મોડ ધારે છે; એની સ્વાભાવિક વેદનાએ અનેક ભાવકોને ઝકઝોર્યા છે; એવા ભાવકોમાં વિદ્વાનો છે, સાહિત્યકારો છે ને અદનાં મનેખ પણ છે. એમના સૌના પ્રતિભાવોએ આ સ્મૃતિચિત્રોમાં નવું બળ પૂર્યું છે.

આ ગ્રામચિત્રો આજેય અને ભીતરથી ભીનો ભીનો અને ભર્યોભાદર્યો રાખે છે. ગામડું — 'સમગ્ર ગામડું' મારી નિસબત છે — અહીં મારો શબ્દ એને ઝીલીને તમારા સુધી લાવ્યો છે... તમે તમારા વતન-પરિસરમાં પાછા મુકાઈ જાવ છો એ આ લેખનની મોટી ઉપલબ્ધિ છે.

'ભૂંસાતા ગ્રામચિત્રો' વિશે 'વનાંચલ'ના સર્જકે પૂરી સમસંવેદનાથી લખ્યું છે; તો અનેકોના પ્રતિભાવોના પ્રતિનિધિત્વ રૂપે ધીરેન્દ્ર મહેતાએ આનંદ અને ઉષ્માથી લખ્યું છે. કવિશ્રી જયંત પાઠક મારા સ્વજન છે ને ધીરેન્દ્રભાઈ પ્રિયજન સમા... એવા જ સહૃદયી મિત્રો જગદીપ સ્માર્ત અને હરિકૃષ્ણ પાઠક છે. એમણે ચિત્રાંકનો-રેખાંકનોથી પ્રેમપૂર્વક પુસ્તકને વધારે આસ્વાદ્ય કરી આપ્યું છે. આ સૌ માટે પ્રેમાદરભર્યો આનંદ વ્યક્ત કરું છું.

'અખંડ-આનંદ'માં આ ચિત્રો ક્રમશઃ પ્રગટ થતાં હતાં ત્યારે અનેકોનો ભાવાર્દ્ર પ્રતિસાદ મળતો હતો. 'કુમાર', 'નવનીત-સમર્પણ'માં પણ કેટલાંક ગ્રામચિત્રો પ્રગટ થયાં હતાં. આ સૌ સામયિકોના તંત્રી-સંપાદકોનો આભાર માનું છું.

એકવીસમી સદીના પરોઢે આ ગ્રામચિત્રો પ્રગટ થાય છે અને વીતેલી સદીના ગ્રામજીવનને તાદશ કરી આપે છે. આ ક્ષણે નથી રહ્યું એ વતનઘર તથા વિગત સ્વજનો સાંભરી આવે છે... ભારે હૈયે આ પુસ્તક એમને જ સમર્પું છું.

— મણિલાલ હ. પટેલ

લાભ પાંચમ : ૨૦૫૬

જી-૨, વૈદેહી એપાર્ટમેન્ટ,
બાકરોલ રોડ,
વલ્લભવિદ્યાનગર ૩૮૮૧૨૦
ફોન : (૦૨૬૯૨) ૩૨૬૦૬

મને કેમ વીસરે રે! — જયન્ત પાઠક

(વીસમી સદીની વેદના)

વિગતને સંભારવાની માણસની ઇચ્છા પાછળ શું રહેલું હશે? સ્મૃતિ અતીતને વર્તમાનમાં આણી શકે છે એ તો ખરું, પણ એથીય મોટી ને વિસ્મયકારક વાત તો એ છે કે ગત કાલને, સ્થલને, વસ્તુને, વ્યક્તિને, પ્રસંગને પુનઃ સંપડાવીને એ એને સુખદ અનુકૂલવેદનીય પણ કરી આપે છે. વ્યવહારજગતમાં જે અપ્રિય ને દુ:ખદ તે કલામાં રમણીય ને આનંદદાયી થઈને આવે છે, રસરૂપને ભોગવાય છે એ તો આપણે જાણીએ છીએ ને એને કલાસર્જનનો ચમત્કાર કહીએ છીએ, પણ સંવેદનશીલ વ્યક્તિ પછી તે વિદગ્ધ હોય કે પ્રાકૃત, ભૂતકાળના સુખદુ:ખના પ્રસંગોને, વિગતવસ્તુઓ-વ્યક્તિઓને સંભારતાં પેલું સુખ આપોપું જ અનુભવે છે. સર્જનમાં ઓછેવત્તે અંશે સ્મૃતિનું પ્રવર્તન હોય જ છે ને પેલા ચમત્કારના આનંદમાં એનો પણ હિસ્સો હશે એવું સમજાય છે. વ્યવહારમાં અતીતના સંસ્મરણરૂપ અનુભવમાં ને કલોદ્‌ભૂત અનુભવમાં ભેદ જોવા જઈએ તો માત્ર એટલો જ જડે કદાચ કે કલાનુભવ વધારે સ્થિર ને સ્થાયી સ્વરૂપનો હોય છે. જરા વધારે સ્પષ્ટતા કરીએ તો એમ કે કલાકૃતિનો આનંદલાભ સ્મૃતિગત અને કલાગત (Aesthetic) આનંદનું સમન્વિત પરિણામ છે. ભાઈ મણિલાલના આ નિબંધોને આ ભૂમિકા અને પરિપ્રેક્ષ્યમાં જોવાનું મને લાગે છે કે યોગ્ય ગણાય.

અગાઉની પેઢીઓની જેમ ભાઈ મણિલાલની પેઢીના કેટલાક સર્જકોને પણ બે સંસ્કૃતિઓમાં જીવવાનું પ્રાપ્ત થયું છે. આવા સાહિત્યકારોનાં મૂળિયાં ગ્રામસંસ્કૃતિની ભોંયમાં છે ને તેઓ ફૂલ્યાફાલ્યા છે નગરસંસ્કૃતિની હવામાં. એમણે નદી-કૂવાનાં પાણી પીધાં છે ને હવે તેઓ નળનાં પાણી પી રહ્યા છે. તેઓ સીમ-ખેતરમાં ભમ્યા-રમ્યા છે ને હવે શેરી-સડકોમાં ચાલી રહ્યા છે. પરિણામે એમનામાં ગ્રામજન અને નગરવાસી એકસાથે વસીશ્વસી રહ્યાં છે. પેલો ગઈ કાલનો ગ્રામજન જાણે આજકાલના નાગરિકને ડગલે ને પગલે પાછળ ખેંચવા કરતો હોય છે. પરિણામે સર્જકના ચિત્તમાં એક પ્રકારનો સંઘર્ષ રચાય છે, જેમાં એ ક્યારેક અતીત ભણી વધારે ખેંચાય છે. આવા ખેંચાણને આપણે સામાન્ય રીતે Nostalgia કહીને ઓળખીએ છીએ. સાહિત્યમાં આવા અતીતરાગના આલેખન વિશે એક વાત મનમાં રાખવા જેવી છે કે અતીતઝંખના તે અતીતને માત્ર સ્મૃતિમાં માણવાની ઝંખના રૂપે જ આસ્વાદ્ય બની રહે છે; એ માત્ર ભાવાત્મક, ચૈતસિક સંવેદના જ છે; એટલે અતીતને ગુમાવ્યાની વેદના પણ ભાવાત્મક સંવેદના જ વધારે તો છે. અતીતમાં સર્જક કદાપિ સ્થલમાં સ્થૂલ રીતે પાછો ફરી શકે છે, પણ કાલમાં તો નહીં જ. કાલનો પથ એકમાર્ગી છે. એમાં પાછું વાળીને જોવાય છે, પાછા વળીને જવાતું નથી. આ વાત સમજીએ તો અતીતસ્મૃતિ આલેખનકારને ભૂતકાળમાં જીવવા માગતો માણસ કહીને એને ટોણો મારવાનો અવસર રહેતો નથી.

ભાઈશ્રી મણિલાલ પટેલના આ નિબંધોમાં સામાન્યતઃ ગ્રામજીવનના અને વિશેષતઃ કૃષિજીવનના એમને ગમતા વ્યતીતનું વિષાદી નિરૂપણ થયું છે. ગામડાં આજે ઝડપથી બદલાઈ રહ્યાં છે. પણ પૂરેપૂરાં બદલાઈ ગયાં નથી. કૃષિવ્યાપારમાં ઘણા ફેરફારો થયા છે, પણ હજી ઘણું એવું ને એવું રહ્યું છે; હવે ગામડાંમાં ઘર-શેરી-પાદરનો અસબાબ ફરી ગયો છે. પણ સાવેસાવ ફરી ગયો નથી; અત્યારે ગામડાનો માણસ પોતાની વિશિષ્ટ ઓળખ ગુમાવતો જાય છે, પણ એની અસલિયત પૂરેપૂરી ખોવાઈ ગઈ નથી. પરિણામે આવાં નિરૂપણો વ્યક્તિનાં વિશિષ્ટ સંવેદનો બની રહે છે ને. એમાં વ્યક્તિગત વિષાદ-વ્યથા-ક્રન્દન સંભળાય છે. આ હકીકત જ આવા નિબંધોને અંગત નિબંધો(Personal Esseys)ની ઓળખ અપાવે છે ને એને આસ્વાદ્ય

કરે છે. ભાઈ મણિલાલ ગઈ કાલના ગ્રામ-કૃષિજીવનથી અળગા પડી ગયા છે, એનું એમને ભારે દુ:ખ છે, અજંપો ને ઝુરાપો છે. આ પરિસ્થિતિ એક અર્થમાં કવિ શેલીની પેલી પંક્તિઓમાં વ્યક્ત થતી વેદનાને જન્મ આપનારી બની છે. "We look before and after and pine for what is not." અહીં લેખક ઘડી આગળ ને ઘડી પાછળ જુએ છે ને જે પાછળ રહી ગયું છે, કદી ફરી મળવાનું નથી તેના અભાવમાં ઝૂરે છે. યાદ રાખવાનું છે કે ગુમાવ્યાનું દુઃખ વર્તમાનના સંદર્ભમાં જ આવા તીવ્રોત્કટ રૂપમાં અનુભવી શકાય, અન્યથા નહીં.

ભાઈ મણિલાલના આ નિબંધોને જરા જુદી રીતે બે વિભાગમાં વહેંચી શકાય. એકમાં ગામડાનાં સ્થળનાં અને મોટે ભાગે કૃષિકર્મમાં પ્રવૃત્ત એવા લોકના વ્યવહારોનાં સીધા માહિતીરૂપ કથનવર્ણનોનો-લખાણોનો તો બીજામાં એ સ્થળો ને એ લોકવ્યવહારોને જાણનારની અંગત લાગણીઓના પાસવાળાં વર્ણનકથનોનો સમાવેશ કરી શકાય. લેખકને ગ્રામજીવનની ઘસાતી જતી રહેણીકરણી ને નામશેષ થતાં જતાં સ્થળોની જાતમાહિતી બલકે સરાગ અનુભૂતિ છે. નેળિયું, પાદર, પડસાળ, ખળું, શેઢો, ચોતરો જેવાં સ્થળવિશેષની એમની આ First hand માહિતી એમના નિબંધોને ઝીલી વિગતોથી ભરે છે ને એને દસ્તાવેજી મૂલ્ય સંપડાવે છે. આવાં કથનવર્ણનો એટલાં તો વિગતપ્રચુર, ચોકસાઈવાળાં, હૂબહૂ હોય છે કે ગઈ કાલનું ગામડું એને આધારે રચવું હોય તો રચી શકાય. કાલગ્રસ્ત થતી કેટલીક વસ્તુઓ સાથે 'હાળોતરાં', 'તરફેણો', 'ચરો', 'મલોખાં' જેવાં વસ્તુનામો પણ પુનર્જીવન પામે છે. ભાઈ મણિલાલ જેવા સારા ગદ્યકાર છે તેવા અચ્છા કવિ પણ છે; એટલે એમને કેટલીક વાર સરસ અલંકારો પણ સૂઝે છે. 'છેંકણી જેવી આંખો', 'નવી વહુવારુની આંગળીઓ જેવી તરફેણો', 'સમયનો પહેરેગીર બ્લૅક કમાન્ડોની જેમ ઘેરીને ઊભો છે' જેવા પ્રયોગોની તાજગી, ઔચિત્ય ને મૌલિકતા નોંધપાત્ર છે.

કૃષિજીવન સાથે ઓતપ્રોત એવા લેખકને એ ક્ષેત્રની ઝીણી જાણકારી હોય એ તો સમજાય એવું છે, પણ એમાં ખાસ નોંધપાત્ર ને આસ્વાદ્ય વસ્તુ તો એ છે કે આવી ઓતપ્રોતતાને લીધે પ્રગટતી એમની આત્મીયતા, સંડોવણી, નિસબત એમને સર્જનની પ્રેરણા આપે છે ને એમની પાસે કલાકૃતિ પ્રગટાવે છે. એમની સર્જકતા પુરાણી, નષ્ટપ્રાય જીવનવ્યવસ્થામાં ને જીવનવ્યવહારોમાં પ્રાણ પૂરે છે. આમાં જેમ એમની સાચકલી લાગણી તેમ એમની તળપદી ભાષા એમને સારું કામ આપે છે. એમને માટે આ ગઈ કાલ માત્ર ગઈ કાલ નથી, સાંપ્રત સંવેદનાનો પાસ પામેલી આજ પણ છે. 'ખળું' યાદ કરતા હોય તો ભાઈ મણિલાલ ખળાને પ્રત્યક્ષ કરી આપે, પરાળનાં કૂંધવાં, ઉપણિયાં, માપિયા ટોપલા ને કોઠીનાં તાદૃશ ચિત્રો આવે એટલું જ નહીં પણ એ બધાના અભાવમાંથી પ્રગટતી વેદનાનો અહેસાસ પણ કરાવે. ઘર હોય, ઘરની પડસાળ હોય કે ફળિયું હોય, લેખક એનું વિગતસભર વર્ણન કરે છે તે સાથે એ બધાની ખોટનો ઝુરાપો પણ વ્યક્ત કરે છે જે સહૃદયને સ્પર્શી જાય છે ને અંગત વિષાદ-વેદનાને બિનંગત, સર્વસંવેદ્ય કરે છે. જે ઘરના ખૂણેખૂણામાં પોતે ફરી વળ્યા છે, જેનાથી પોતે રજેરજ માહિતગાર છે એવા ઘરના વિયોગની ખોટ વેંઢારતાં લેખક વ્યથાની વાણીમાં, 'અમારાં મીઠાં તે રુદનમય છે ગીત સઘળાં'ની રીતે બોલે છે ત્યારે આપણને એમાં દબાયેલાં ડૂસકાં સંભળાય છે. 'ઘર' નિબંધને અંતે ભાઈ મણિલાલ લખે છે : 'ઢળતી સાંજે માઈલો દૂરથી જોઉં છું મારું ઘર — સ્મૃતિના પ્રદેશમાં! ત્યાં તો માત્ર ખંડેરો રહ્યાં છે — ઊંટોની ખાંધો જેવાં... બાણુંમાં ઘર છોડ્યું પછી એ નથી રહ્યું. હવે એનાં ખંધેડિયાં જોવાની હિંમત નથી એટલે નથી જતો વતનમાં. જયંત પાઠકે 'વનાંચલ'ને છેડે લખેલી પંક્તિઓ — ભીની આંખે ને આર્દ્ર સ્વરે બોલું છું : 'અહીં હું જન્મ્યા'તો વનની વચમાં તે વન નથી/નથી એ માટીનું ઘર, નિજલહ્યાં તે જન નથી/અજાણ્યાં તાકી રૂહે વદન મુજને સૌ સદનમાં;/વળું પાછો મારે વનઘર હું મારા જ મનમાં! 'ફળિયું'માં અતીત સાથે વર્તમાનને વિરોધાવતાં સહજ રીતે જ એમનાથી ઊનો ઊનો નિ:શ્વાસ મુકાઈ જાય છે. "ભમરડાઓ ગયા, હવે તો ક્રિકેટ રોગની જેમ ફેલાઈ ગઈ છે... ભલું હશે તો રાતાં નળિયાળાં છાપરાંને માથેય એન્ટેના લાગી ગયાં હશે..." આ ફળિયું હજી મારામાં જીવે છે. હકીકતે

તો હું એ ફળિયામાં જીવવા તલખું છું, વારે વારે વલખું છું… પણ હવે ગામ ડેમને લીધે ઊઠવા માંડ્યું છે, ફળિયું તૂટવા માંડ્યું છે.” ‘ઘર’ અને ‘ફળિયું’માં લેખક પોતાના શૈશવના અનાગસ દિવસોને સંભારે છે તો ‘પડસાળ’માં પડસાળ નિમિત્તે નષ્ટ થતી જતી એક આખી સંસ્કૃતિ ઉપર આંસુ સારે છે : “એ પડસાળથી આજે વેગળા પડી ગયાનો વસવસો છે…–ધીમે ધીમે ગામઘરો પડસાળો વગરનાં થતાં જાય છે…” એક આખી પડસાળ સંસ્કૃતિ અલોપ થઈ જવા બેઠી છે.’ લેખકના આવા ઉદ્‌ગારોમાં માત્ર વિગતનો ઝુરાપો જ નથી. વિગતને ઝાલી-જાળવી રાખવાની વાસના પણ પ્રગટ થાય છે, આવા ઝુરાપાને, આવી ઇચ્છાને કોઈ ચુસ્ત બુદ્ધિવાદી મિથ્યા પ્રલાપ કહે તો કહી શકે, પણ તેથી મનુષ્યચિત્તમાં વસી ગયેલા એક જગતના વાસ્તવની અવગણના તો નહીં જ થઈ શકે, જીવનના સાતત્યમાં જે વ્યતીત બની ચૂક્યું છે તેના પ્રતિની મનુષ્યની સભાનતા ને રાગનો નિષેધ તો નહીં જ થઈ શકે. વળી એક બીજી રીતે પણ આવાં સંવેદનોનું મૂલ્ય ને મહત્ત્વ આંકી શકાય એમ છે. અતીત વર્તમાનથી સાવ કપાયેલો નથી હોતો; મનુષ્યજીવન એક સતત ને સળંગ વિકાસયાત્રા છે; એમાં એ અતીતના અંશો પણ સાથે લઈને ચાલે છે. કહો કે એ અંશો જિવાતા જીવનનું જ એક રસાયણદ્રવ્ય છે. આ દૃષ્ટિએ જોઈએ તો આવું કલાસર્જન ગ્રામસંસ્કૃતિ, કૃષિસંસ્કૃતિ, જાનપદી હવામાનને આજની યંત્રોદ્યોગ-પરાયણ સંસ્કૃતિની પડછે મૂકી આપીને સંવેદનશીલ વ્યક્તિને એક પ્રકારનું સંતુલન, સમાધાન પણ પૂરું પાડે છે. આવું એનું સામાજિક મૂલ્ય સ્વીકારીએ તો આવા નિબંધો માત્ર રસદાયક જ નહીં, જીવનમૂલ્ય- પોષક પણ જણાશે.

ગ્રામજીવન અને કૃષિજીવનને પ્રકૃતિ સાથે નાળસંબંધ છે. એ જીવનવ્યવસ્થામાં ને જીવનવ્યવહારમાં માણસ અને પ્રકૃતિનું સહઅસ્તિત્વ મૈત્રીપૂર્ણ, સખ્યસમ હતું. યંત્રોદ્યોગકાળમાં માણસ અને પ્રકૃતિ વચ્ચેનો આ મૈત્રીસંબંધ તૂટ્યો ને માણસે પ્રકૃતિને નાથવાનો, તેને દાસી કરવાનો ઉદ્યમ આદર્યો. ભાઈ મણિલાલે આ સંબંધ તૂટ્યાની વેદના અનુભવી છે ને આ નિબંધોમાં રજૂ કરી છે. ફળિયા વચ્ચે વૃક્ષ હોય તેની દેવની જેમ પૂજા થાય; સીમ-ખેતરના દેવદેવતાની લોકમાં આણ પ્રવર્તે, નદી-તળાવના આરેઓવારે આખા ગામનાં સુખદુ:ખ ભેળાં થાય; ગામચોતરે ને પાદરપાળિયે સમૂહ-મહેફિલો મંડાય ને સહજ રીતે પરસ્પર સમાન ભાવ અનુભવાય. આ આખી જીવનરીતિ બદલાતાં પ્રકૃતિવિમુખતા ને વિષમતા આવી જેમણે સંવેદનશીલ વ્યક્તિમાં ગત જીવનની પ્રકૃતિસખ્યની ઝંખનાને જાગ્રત કરી. આ ઝંખના ભાઈ મણિલાલને હાથે ‘પહેલો વરસાદ’, ‘વૈશાખ’, ‘સીમ-સીમાડો સાદ પાડતાં’, ‘સ્વજન-તરુવરો’ ને ‘પતંગિયાં રમાડતી કેડીઓ’ જેવા નિબંધો લખાવે છે. પાદરનાં ને પાસેનાં વડ, મહુડો, શીમળો, કણજી, બાવળ આદિ સાથેના પોતાના લીલાછમ સંબંધો સંભારતાં તેઓ એમની ભ્રષ્ટ થયેલી વનસ્પતિનો પુન: સંયોગ ઝંખે છે. વૃક્ષોમાં અનલંકૃત વર્ણનો પણ અહીં લેખકના એમની સાથેના ગાઢ સ્નેહસંબંધે કરીને એક નિર્મળ શોભા ધારણ કરે છે. મનુષ્ય અને પ્રકૃતિના એ સહિયારા જીવનપ્રવર્તનની સુષમાના અનુરાગી લેખક થયેલા વિચ્છેદને વ્યથાની વાણીમાં પ્રગટ કરે છે ને વાછરું જેમ એની માતા પાસે જવા તલસે એવો તલસાટ વ્યક્ત કરે છે : “પેલાં વ્હાલાં ને ખોળે રમેલાં એ સ્વજનો — તરુસ્વજનો હવે નથી રહ્યાં… એની છાયા વિના જીવતરના આ આકરા ઉત્તાપ કદી શમવાના નથી. અરે, આજે તો આ સ્મરણો પણ એ તરુજનોનો છાંયડો ઝંખે છે એમનેય થાક લાગ્યો છે.” (સ્વજન-તરુવરો)

ભાઈ મણિલાલ મહી-પાનમ કાંઠાના માણસ, ખેડૂતના દીકરા. આપણા વિવિધવર્ણી, વિવિધવ્યવસાયી સમાજમાં પ્રજાસમૂહોને પોતપોતાની જીવનરીતિ છે. એમના વટવહેવાર જુદા, દેવદેવતાઓ જુદા, રહેણીકરણી જુદી, બોલવા-વિચારવાની લઢણો જુદી. લેખકે એમના કેટલાક નિબંધોમાં આ વૈવિધ્યની થોડી વાનગી પીરસી છે — મોઢામાં સવાદ રહી જાય એવી. ‘બરોબરીનાં રૈયે’, ‘ઘર માથે મોત’, ‘લગ્નગીતો અને ફટાણાં’, ‘મેળો’, ‘ફુલેકું’ જેવા નિબંધો સમાજના વિશિષ્ટ વર્ગની તરેહ તરેહની જીવનપ્રકૃતિનો હેવાલ આપી તેનામાં રહેલા સૌન્દર્યતત્ત્વને સ્ફુટ કરી આપે છે. ‘બરોબરીનાં રૈયે’ ને ‘લગ્નગીતો અને ફટાણાં’

સામાજિક-ધાર્મિક વિધિવિધાનો ને તેમાં નિહિત આનંદોલ્લાસનો અચ્છો ચિતાર આપે છે. નાગરતા ને સંસ્કારિતાના આપણા નવા ખ્યાલોએ આપણાં તળપદાં ગીતોનાં મુક્ત ઉલ્લાસ ને રંગવૈવિધ્ય ઝાંખાં કરી નાખ્યાં છે એ હકીકત ઉપર અફસોસ વ્યક્ત કરી લેખક એમને સાચવી રાખવાની હિમાયત કરે છે. ત્યારે સૂરમાં સૂર પુરાવી આપણે પણ કહીએ કે એ સહજ આનંદ ને સ્વ-છંદ ઉપર સુધરેલા કહેવાતા જીવનની કૃતકતાનો કૃત્રિમતાનો ઓછાયો ન પડો. 'મેળો'માં લેખકે પોતાને સામેલ કરીને મેળાના દઢ ને સર્વસાધારણ વર્ણનને આત્મલક્ષિતાથી વિશિષ્ટ કર્યું છે. એનો આરંભ જ કવિતાના કલરવથી થાય છે. "શ્રાવણનાં વાદળાં માથે ઝળૂંબતાં હોય, ઉતાવળી વાદળીઓ વળી ફરફર વેરતી, સરવડાં વરસાવતી સામેના ડુંગરો પરથી ઊતરી આવીને પેલીપાના ડુંગરો ચઢી જવા દોડતી હોય, વાદળીઓ વચાળે સંતાકૂકડી રમતો સૂરજ લીલછાઈ કૂણી સીમમાં તડકી-છાંયડીની ગતિમય ભાત રચતો હોય ત્યારે શેઢાનાં ઘાસ વચાળેથી જતી સેંથી જેવી કેડીઓ ઉપર મેળામાં જતી ગ્રામકન્યાઓના ઉત્સાહઘેલા પગ છમ છમ ઝાંઝરી ખખડાવતા ચાલતા હોય." 'ઘર માથે મોત' થોડો બધાથી જુદો પડતો નિબંધ છે. એમાં આલેખેલા પ્રસંગમાં વહેમ ને અંધશ્રદ્ધાની વાત તો આવે છે, પણ તે ગૌણભાવે, એમાં અંધશ્રદ્ધાના અનિષ્ટના નિવારણની હિમાયત નથી, બીમાર સ્વજનની વ્યથાના એક લાચાર સાક્ષીની કેફિયત છે. ગ્રામજીવન-વ્યવસ્થામાં સચવાઈ રહેલા સંબંધો ને લાગણીઓની એ કરુણ કથા છે. 'ભૂતના વારસદારો'માં ભૂતપ્રેતની દુનિયાના તાદશ ચિતાર સાથે ગ્રામમાનસમાં વહેમો અંગે આવેલા પરિવર્તનની પણ નોંધ લેવાઈ છે. 'અવે તો ગામમાં વીજરીય આઈ જઈ સે. પણ અજીય કૂવો, પાદર, વડ, તળાવ ને નદીનો ઢાળ તો સે જ. ભૂવાય બધા તો મટી જ્યા નથી, ને દોરાધાગાય થાય સે... પણ ભૂવાં અવે ઝાઝાં અડફેટે ચઢતાં જ નઈ... એય ક્યાંક પલક વાર ઊતરી પડ્યાં અશે? કે પસે અવે મરનારા બધા અવગતે નઈ જતાં ઓય? રાંમ જાણે!'

ભાઈ મણિલાલ આપણા નવનિબંધકારોમાંના મોખરાના નિબંધકાર છે. એમણે આ પહેલાં પણ નિબંધસંગ્રહો પ્રગટ કર્યા છે ને તે સારી રીતે આવકારાયા પણ છે. આલેખનનો એમનો ખાસ ઇલાકો તે ગ્રામજીવન, કૃષિજીવન ને પ્રકૃતિલીલા. એમાં એમની સિદ્ધિ નોંધપાત્ર છે. આ સિદ્ધિ માટે ધન્યવાદ આપતાં એમને એકબે બાબતો અંગે સાવધાન રહેવાનું કહેવાનું પણ મન થાય છે. સમાન વસ્તુવિષય વિશે એક ચોક્કસ મિજાજમાં જ કલાકૃતિ રચવાની હોય ત્યારે જાગ્રત કલાકારે નિરૂપણરીતિ ને અભિવ્યક્તિતરેહમાં વિવિધતા સાધવાના નુસખા અજમાવવા જોઈએ, અન્યથા એકસાથે એ બધી રચનાઓ વાંચતાં વાચકને એમાં કથન-વર્ણનની એકવિધતાનો અનુભવ થાય. વળી એક બીજી વાત પરત્વે પણ હું એમનું ધ્યાન ખેંચું, અહીં કેટલીક વાર એક વિષયના નિરૂપણમાં બીજા વિષયનો પ્રવેશ થઈ જાય છે ને એમ પુનરાવર્તનનો દોષ થાય છે. 'નેળિયું' સ્વતંત્ર લેખ ઉપરાંત ઘરગામ વિશેના લેખમાં પણ એની એ જ રીતે ડોકાય છે તો પાદરનાં વર્ણનોમાં ખળું, ઝાંપણી પણ ફરી ઉલ્લેખાય છે. આ બધું સહેલાઈથી ટાળી શકાય એવું છે એટલે એને બહુ મહત્ત્વ આપવાનું ન હોય.

ભાઈ મણિલાલના આ નિબંધો એમના ગ્રામ-કૃષિ-વન્ય જીવનના રસના અને એમની નિબંધકલાના સાચા પરિચાયક બની રહે છે. એમાં ते हि नो दिवसा गताःનો વિષાદ છે તો तस्मिन्नेव प्रदेशे, तस्मिन्नेव काले वर्तेનો વિસ્મયાનંદ પણ અનુભવાય છે. ધન્યવાદ...

— જયન્ત પાઠક

દિવાળી ૨૦૫૫
૭-૧૧-૧૯૯૯

ગામ જવાની હઠ છોડી દે

બા-ની સાથે ગયું બાળપણ ગામ જવાની હઠ છોડી દે
વસતિ વચ્ચે વિસ્તરતું રણ ગામ જવાની હઠ છોડી દે

બન્યો ડેમ ને નદી સુકાઈ ગામ જવાની હઠ છોડી દે
ખેતર વૃક્ષો ગયાં કપાઈ ગામ જવાની હઠ છોડી દે

ચોરો તૂટ્યો ગયા પાળિયા ગામ જવાની હઠ છોડી દે
નથી ગોખલા બચ્યા આળિયા ગામ જવાની હઠ છોડી દે

નથી વાવતા ભાઈ મકાઈ ગામ જવાની હઠ છોડી દે
લોહી ખરું પણ નથી સગાઈ ગામ જવાની હઠ છોડી દે

નથી ઓટલે ભીંતે ઓકળી ગામ જવાની હઠ છોડી દે
સગપણ ભૂલી પ્રજા મોકળી ગામ જવાની હઠ છોડી દે

પાદર રસ્તા નામ પૂછશે ગામ જવાની હઠ છોડી દે
'કોનું છે ભૈ કામ?' પૂછશે ગામ જવાની હઠ છોડી દે

સગાં અને સગપણ સૌ છૂટ્યાં ગામ જવાની હઠ છોડી દે
ખેતર અને અંજળ ખૂટ્યાં ગામ જવાની હઠ છોડી દે

તને કોકનાં વેણ વાગશે ગામ જવાની હઠ છોડી દે
વાતવાતમાં દુઃખ લાગશે ગામ જવાની હઠ છોડી દે

આંબા રાયણ મહુડા ક્યાં છે? ગામ જવાની હઠ છોડી દે
નોધારી ટેકરીઓ ત્યાં છે ગામ જવાની હઠ છોડી દે

ગયા સોબતી ના રહી શાળા ગામ જવાની હઠ છોડી દે
બધા લોક શીખ્યા સરવાળા ગામ જવાની હઠ છોડી દે

નથી નેળિયાં સડકો થૈ ગૈ ગામ જવાની હઠ છોડી દે
એક સીમ પણ ધોખો દૈ ગૈ ગામ જવાની હઠ છોડી દે

છાશ રોટલો ગયાં વસૂકી ગામ જવાની હઠ છોડી દે
માટીએ પણ માયા મૂકી ગામ જવાની હઠ છોડી દે

— મણિલાલ હ. પટેલ

૧. ગામ

ત્યારે તો ગામને ગજવામાં ઘાલીને ફરતા. કિશોરવયમાં તમારો ને મારો — છાક જ જુદો. ગામ તો ખરું પણ કેટલીય વ્યક્તિઓનેય જાણે ગજવામાં રાખતા — ઘણા 'મોટા' થયા કેડેય 'તારા જેવા તો કેટલાય મારા ગજવામાં રાખું છું.' એમ કહીને 'રોલો' પાડતા કે 'રૉફ' મારતા દેખાય છે. અહમ્ વિના જાણે કે માણસજાતને ફાવતું જ નથી. ખેર...! આખો સંસાર ગજવામાં ઘાલીને, વનની વાટે બધું ખોઈ દઈને, તપમાં બેસી જનારા સાધુસંતોથી ગામ છૂટી જતું હશે. આપણે તો સૌ ગામઘેલા; આપણા રાષ્ટ્રપતિ ને વડાપ્રધાન પણ! આપણું ઘડતર-ચણતર કરનારું ગામ એમ છોડ્યું છૂટતું નથી. અંદર તો એ વળગેલું જ રહે છે. આપણો અસલનો મલક જ ગામ. બાર ઘરનું હોય કે બારસો ઘરનું, સો માણસોનું હોય કે હજારેકની વસ્તીવાળું — માઢ — મેડીઓ — ખડકીઓવાળું હોય કે હારબદ્ધ ઘરોની વચ્ચે ફળિયાંવાળું ગામ હોય — જે હોય તે, પણ એનાથી ઉત્તમ જગા આપણે માટે જાણે કે જગતમાં અન્ય કશે નથી. મન તો ત્યાં જ ઠરે છે. શ્વાસ ત્યાં જ તો હેઠે બેસે છે. ડિગ્રીઓ અને પદો ગામમાં પેસતાં જ ખરી પડે — ને એનીસ્તો મજા હોય છે! ગામમાં પહોંચીએ ને તરત આપણે એની માટી જેવાં, માટીનાં મનેખ જેવાં થઈ જઈએ છીએ. અંદરથી તો તરત. ગામમાં તો બધું ચાલે. ચંપલ ના પહેરો ને પહેરણ ઉતારીને ગંજી પહેરીને ફળિયે ફળિયે ફરો... લેંઘા નીચે બૂટ પહેરીને ખેતરે જતા મોટાભાઈ જેવા થઈ જવાનું આપણનેય ગમે છે ગામમાં! શિષ્ટતા છોડીને થોડી વાર માટેય ગામડિયા થઈ જવાનું સારું લાગે છે — કવિ જયંત પાઠક કહે છે :

'હું આવું છું પાછો બહુ દિન પછી ઘેર, વનમાં;
ઉતારી નાખું છું વસન પુરના સભ્ય જનનાં!'

આપોઆપ, આપણા ઉપર લદાયેલી નાગરી શિષ્ટતા હઠી જાય છે. હું તો બસમાંથી ગામ પાદરે ઊતરું એના ભેળી જ શહેરીજનની સભ્યતાને બસમાં જ વળાવી દેતો. ગામની ધૂળમાં પગલું મંડાતું ને જીભ તળબોલીમાં માની ખબરઅંતર પૂછવા માંડતી. દાદા, કાકા, ભેરુ-ભાઈબંધો સૌને અસલ બોલીમાં મળતો ને ત્યારે જ લાગતું કે શહેરમાં કશાક ફંદામાં ફસાઈ ગયેલો તે અહીં ગામમાં આવતાં જ જાણે કે મુક્ત થયો છું. વછેરાની નથ નીકળી ગઈ છે!

પણ હવે પ્રશ્ન થાય છે — ક્યાં છે 'મારું' ગામ? પેલું કિશોરવયનું ગામ! મારી વય એ સ્તો મારા ગામની વય હતી મારે માટે તો! હારબદ્ધ ઘરો, વચ્ચે મોકળાં ફળિયાં ને છૂટાં પાડતાં નેળિયાં. નેળિયાંની ઊંચી થુવેર વાડો... વાડોની પાછળ મોટા વાડાઓ — વાડાઓમાં ખળાં ને ઘાસનાં કૂંધવાં! નાવણિયાં ને બા-બેનોનાં બેસવાંઊઠવાં, છાણાંની મોડવાળીઓ ને કઠિયારા, શાકવેલા અને ઢોરનાં ખાણપાણી! આંગણે ઢોરકબીલા ને ત્રિભેટે કૂવો, નદી જતું નેળિયું ને સીમમાં જતી કેડીઓ, વગડે વગડે લઈ જતાં ગાડાં અને ધૂળિયા ચીલા; ટેકરીઓના ઢાળ અને ધોળી કૂકરિયાળી કરકરી ધૂળમાં ચાલતાં ગાડાંનાં પૈડાંના અવાજો — ખેડુઓના હોંકારા ને રખેવાળીના પડકારા, પંખીઓનાં ઝોલાં ઉપર ઝોલાં ને કલરવતાં ઝાડવાં — છેક ઉંબરે આવી અને ખબર લેતી ઋતુઓ... ક્યાં છે હવે? અરે, પુરાઈ ગયું પાદરનું તળાવ ને વંડીતૂટ્યા કૂવાઓ પાસે મોટી પાણી-ટાંકીઓ દદડ્યા કરે — એનો કાદવ... પાંખો વડ ને બાંડા લીમડાઓ... સીમને નહેરનાં પાણી લાગ્યાં છે તે ઝાડવાંય અતિપાણીએ સુકાઈને પડી ગયાં છે — ત્યારે અમને પાણી વિના ઝાડવાં ઉછેરવાની પીડા

હતી. હવે પાણી જ એમને બાળે છે. પાદરને બસસ્ટૅન્ડો અને નેળિયાંને કાળી નાગ-શી સડકો ભરખી ગયાં છે. ગોંદરે નાનકડી બજાર થઈ ગઈ છે ને નવી પેઢી પાન-ગુટખા ખાઈને થૂંકે છે — વિલાતાં જાય છે એમનાં નૂર.

ગામડાંને ગળી જનારો આ કોનો ને કેવો શાપ છે? ભણતર ગામ છોડવશે એમ જાણતા હોત તો ચેતી ગયા હોત ને! યંત્રો સાથેનો પ્રેમ તો જુઓ! ગાડાં ગયાં ને આંગણે મોટરો છૂટી છે. બળદ બંધાતા હતા ત્યાં હવે ટ્રૅક્ટરનો મુકામ છે. દૂઝણી ભેંસોની ઘાસમેડી કાઢી નાખીને ત્યાં સ્કૂટર, મોટરબાઇક માટેના શેડ્ઝ ને જાજરૂ-બાથરૂમનાં ચણતર થયાં છે. ઘંટીઓ ને વલોણાંનાં કામ હવે મશીનો કરે છે. ગામડાં સુધી પહોંચી ગયાં છે યંત્રો હવે તો. પ્રગતિ તો સૌને ગમે. મનેય મારા ગામનો વિકાસ ગમે. પણ આ જે કંઈ સગવડો આવી છે એની સાથે આવેલાં કાળવાં દૂષણોનું શું? મહેનત લઈ લેનારાં મશીનો વીજળી વાપરે અને ઘરનાંને માંદગી સાથેનો આરામ આપે છે. અસલને અને શાંતિને; મૂલ્યોને અને પ્રેમાદરને હડસેલીને થતી આ ભૌતિક પ્રગતિ જોઈને રાજી થવાતું નથી. વહેલી પરોઢે હળ-બળદ લઈને ભાઈ ખેતરે જતા ને ગીતે ગુંજતી સીમમાં નરવો સૂર્યોદય ફેલાતો... હવે ત્યાં ઘુઘવાટા કરતાં ટ્રૅક્ટરો ખેતરોમાં ઢેફાં પાડે છે ને થ્રેસરો અનાજ મસળે — ઊપણે છે. સગવડને સલામ પણ એણે બચાવેલા પરિશ્રમ અને સમયનો સદ્ઉપયોગ થતો હોય તો ગંગા નાહ્યા, પણ એથી એદીપણાં જ વધ્યાં છે.

ખડકીઓ ગઈ ને પેલી ભાવાદરની ભાવનાઓ લેતી ગઈ. માઢ ગયા અને લાજમલાજા ગયાં. ફળિયાં તૂટ્યાં ને મોકળાશ ગઈ. હવે તો ગામડેય 'સોસાયટીઓ'ની સંકડાશો વધી છે. કદી તાળાં નહીં વખાતાં એ 'ઘર' હવે ક્યાં છે, હવે તો 'બંગલા'નું બારણું બેલ વાગતાં ખૂલે છે તે તમને અંદર લઈને નવા યુગના રાક્ષસના જેવું જડબું બંધ થઈ જાય છે. મારા નાનકડા ગામમાં તો ઘરેઘરનાં સુખદુઃખ સૌની સાથે રહેતાં. કોને ચૂલે શું રંધાયું ને કોને શું દુઃખ થયું — બધાંયની બધાંને સરત રહેતી; હવે ત્યાંય 'બીજાના કામમાં દખલ નહીં' કરવાની વાતોવાળી 'પ્રાઇવસી' આવી ગઈ છે. આ 'પ્રાઇવસી' છે કે એકલપેટી પ્રજાની મુરાદ? રાજકારણે ને ચૂંટણીએ મનનેય વહેંચી નાખ્યાં છે. ડિલને આળસ ને દિલને ઘેલછા ગમવા માંડી છે. વૃત્તિઓ તો ત્યારેય હતી પણ આવો વિફરાટ નહોતો, એટલે તો ગામ વધારે ઠરેલ હતાં. દુઃખનો તો ત્યાંય પાર નહોતો પણ બથવાટીને સ્વસ્થ કરનારાં સ્વજનથી સવાયાં ગ્રામજનો હતાં. આજે તો 'ગણતરી'ના ઘડિયા ને સ્વાર્થનાં પલાખાં બચ્યાં છે. ગોખવાનું એ જ રહ્યું છે.

સૂરજના તડકામાં સોના જેવું ને ચાંદની રાતમાં રૂપા સરખું હતું મારું ગામ! સોનારૂપાની બંગડીઓ જેવું રણક્યા કરતું ગામ. પણ મહીમાતાનાં પૂરે નંદવી નાખ્યું એને. ઊફરું ફળિયું ને વચલું ફળિયું, નવાં ઘરાં ને દોઢી, નીચું ફળિયું ને લુહારફળી, છાપરાં અને વાસ! ઓતરાદી નદી ને દખ્ખણમાં ડુંગર, ઉગમણી-આથમણી સીમ... પૂર થોડાં પૂછવા રહે છે કે 'આવીએ?' એ તો આવ્યાં ને નીચી ફળીને લેતાં ગયાં, લુહારફળીય તૂટી. પછી તો ટેકરીઓમાં સરકારી પ્લૉટ પડ્યા ને વસાહતો થઈ — ગામ વીખરાઈ ગયું. વધતુંઓછું પામ્યાની લાયમાં ગામલોકોનાં મન ઊંચાં થઈ ગયાં. જરાક ઈર્ષા હતી તે દ્વેષ બની. લોક મૂંગાં બન્યાં ને ઝેર બોલવા લાગ્યાં. પંચાયત ને મંડળી; ડેરી અને મંદિરઃ ફંડફાળા અને ચૂંટણીઓ. મારા ગામલોક વરવાં વર્તન કરવા લાગ્યાં. મને થાય છે કે જો આને જ 'સુધરવું' ને 'પ્રગતિ' કહેવાતાં હોય તો મને આજેય મારા અસલ ચહેરાવાળા પ્રેમાળ ગામ સાથે 'પછાત' રહેવામાં વાંધો નથી. પડાળવાળાં, નળિયાંછાયાં ઘર અને મોકળાશવાળાં ફળિયાં, એ ચોરો ને પાદર, સીમ અને વહાલાં ઝાડવાં, ચઢવા બોલાવતો ડુંગર ને રમવા બોલાવતી ટેકરીઓ, નાહવા નિમંત્રણ દેતી મહીમાતા ને રોટલા માટે બરકતી બહેન — બસ, મને બીજી કશી વશ જોઈતી નથી! હે આથમવા જતી વીસમી સદી! મને આપી શકે તો મારું ગામ — હતું એવું અસલ ગામ — પાછું આપતી જા!! 'બીજું હું કાંઈ ન માગું...'

ત્યારે તો દરેક ગામને પોતાનો આગવો ચહેરો હતો. ગામને એની ખાસિયતથી કે વ્યક્તિવિશેષથી પણ

ઘણો વખત ઓળખવામાં આવતું. 'વ્યક્તિત્વ' હતું, મારા-તમારા ગામને એનું રૂપ હતું; જે હજી આપણા મનમાંથી હઠતું નથી. ભીતરમાં વહેતું લોહી એ જ હવા-પાણી-માટીનું રૂપાંતર છે. જે હવા-પાણી-માટી ત્યાંય બચ્યાં નથી; અરે! ક્યાંય બચ્યાં નથી! ને એટલે સ્તો એનો સણકો ઊઠે છે રહી રહીને. એકદમ હળવાંફૂલ ને તદ્દન મુક્ત થઈ જવાતું ગામમાં. જાણે હવે કશે જવાનું જ નથી ને કાંઈ કરવાનું જ નથી — એવી લિજ્જત રોમેરોમમાં વ્યાપી જતી.

અમારે પંચમહાલમાં તો 'મુવાડાં'(ગામનામને સૂચવતું પદ)નો પાર ન મળે. વ્યક્તિ ને સ્થળના સંદર્ભોથી નામ પડ્યાં હોય. ગામમાં જેની વસ્તી વધુ હોય એ જ્ઞાતિનું 'મુવાડું' ગણાય. જેમ કે 'બારિયોના મુવાડા.' જો નાનું ગામ હોય તો 'પગીની મુવાડી' કહેવાય. વેપાર અર્થે વસેલી એક વર્ણનું એક જ ઘર હોય તોય એના નામે ગામ ઓળખાય છે — જેમ કે 'મહેતાના ચાકલિયા' ને 'વાણિયાવાળા ગોરાડા'. ક્યારેક આગેવાનોનાં નામ ગામને લાગે — 'ચાવડીબાઈના મુવાડા'. ને 'રામ પટેલના મુવાડા'. વેરી નદીને કાંઠે એટલે 'વેરીના મુવાડા' દૂર હોય તો 'ટોચના ગોરાડા'. એકાધિક નામો સરખાં હોય તો ગામને નોખાં કરવા વ્યક્તિ, નામ કે સ્થળસંકેત જોડાય — 'ડુંગરવાળી ઉકેડી', 'તક્તાજીના પાલ્લા'. ક્યારેક 'નાના-મોટા'નાં માપથી બોલાય; 'મોટા પાલ્લા', 'નાની દેનાવાડ', 'મોટી દેનાવાડ', 'તળાવવાળું વાડોદર', સાબરકાંઠામાં પ્રાસવાળાં નામો — મેઢાસણ — રણાંસણ, સરડોઈ — ટીંટોઈ, દરામલી — નેત્રામલી — પેઢામલી, ચિલોડા — ભિલોડા — લાલાડો, ખિલોડા — ચિત્રોડા. મહેસાણામાંય મળે સેદરાણા — પીપરાણા, મેંદરડા એમ દેદરડાય મળે. રામપુર — રતનપુર — વીરપુર — તો ગુજરાતમાં ને બહાર પણ મળે છે. સૌરાષ્ટ્રમાં 'વદર' પદવાળાં નામો ઘણાં છે. — વેળાવદર — ભાયાવદર — માણાવદર, તો ચરોતરમાં વળી 'સદ'નો મહિમા છે. — કરમસદ — વીરસદ — બોરસદ — વાસદ. વૃક્ષોને નામેય ગામો ઓળખાય છે — પીપળી, વડલા, આંબલી, પાંચ મહુડી. કેટલાંક ગામોનાં નામ અંગ્રેજી લાગે! કેટલાંક નામ બોલતાં તો મોં ભરાઈ જાય તો કેટલાંક નામ વાંચીને ગામ જોવા જવાનું મન થાય — જેમ કે સુરત પાસેનાં 'સરસ' ને 'સચીન'! નામ પ્રમાણે ગુણ વ્યક્તિમાં નથી તો પછી ગામમાં તો ક્યાંથી હોય! છતાં કનીજ — કુંજરાવ — કણજરી જેવાં નામ ગમે છે.

જોકે, હવે તો નામ બચ્યાં છે એટલું જ. સારાં ગામડાંય છે; પણ પરિવર્તનથી કોઈ બચતું નથી. પરિવર્તન એ કાંઈ દરેક વખતે 'પ્રગતિ' ન પણ હોય. આજે તો ગામડાંએ શહેરોના — તાલુકા જેવાં ટાઉનોના સપાટ ને સરખા ચહેરા પહેરી લીધા છે. જૂની વસ્તુઓમાં તો ભૂગોળ બહુ બદલાઈ નહીં હોય તો ઇતિહાસ ખંડેર થયો જ હશે...! ને એટલે સ્તો! ગામ તો હવે મનની મંજૂષામાં સાચવવાની વસ — જણસ બની ગયું છે.

[તા. ૧૪-૩-૯૯]

૨. ઘર

ડુંગરા એવડું ઘર.

કણબીને તો અનાજ ભરવા-સંઘરવા જોઈએ. ઢોરનું કોઢિયું અને ઘાસ ભરવાના માળા જોઈએ... કોઠાર માટેની જગા જોઈએ ને પરોણા માટે પડસાળ; એટલે લુણાવાડિયા પાટીદારોનાં ઘર મોટા ડુંગરા જેવડાં. ઘણાંને તો વખાર જેવાં — બધું ભરેલું ને આડાઅવળું; ખડકેલું.

એ જમાનાની માટી-થાપી ભીંતો, છાણ-લીંપી ઓસરી; વળીઓજડેલા મોટા માળા અને ઉપર નળિયાંછાયાં ઢાળિયાં છાપરાં. બંધ કોલાવાળી પડસાળો; મોટી ચોપાડ; વિશાળ ગુંજાર ને પાછળ એકઢાળિયામાં ઓરડી જેમાં પાણી ગરમ કરવાનો ચૂલો ને ભેંસબળદનાં ખાણદાણ બાફવાનાં ગોરિયાં. એ પછી ન્હાવાનો પથરો, ત્યાં પાણીની ઘડી અને માટલાં. પાસે વાલોળપાપડી—ગિલોડીના વેલા ચઢાવેલાં કળીયાં ને રીંગણક્યારો... પછી વાડો; વાડામાં ખળું ને પછીની ખૂલી જગામાં ઘાસનાં કૂંધવાં, એ પછી વાડને અડીને કણજી — હરનાં ઝાડ. એની નીચે કરાંઠાંના કઢિયારા... પછી ખોડીબારું ત્યાંથી જવાય દાંતીએ, સીમે, નદીએ. બીજી બાજુ નેળિયાની પડખે ભાગોળ — જ્યાંથી ગાડાં ખળે આવે-જાય! ઘર-પડસાળની આગળ આંગણું; ત્યાં ઢોરને બાંધવાની ગમાણ, માથે લાકડાંની મેડી, ઉપર ઘાસ. એ પછી ઝૂલતાં લીમડા-ઝાડ ને પછી કૂવો. ત્રિભેટો. ત્યાંથી નેળિયાં ફળિયે ફળિયે ને સીમવગડે લઈ જાય. ઘણાં ગામ બે હારવાળાં ઘરોમાં વસેલાં; પણ ઘણાં તો નેળિયાં-ત્રિભેટાઓ વચ્ચે આંગણાં-ઘર-વાડા-પછીત : એમ વસેલાં. ગામ જુદાં જ લાગે.

આ પાટીદારોનાં ઘર-આંગણાં મક્તાવાળાં. મોકળાં. પડસાળની આગલી ભીંતે માટી થાપી પેલ્લીઓ કે ક્યાંક ઈંટેચણી ઓટલીઓય હોય. કરો ઊંચો — ચૂનો કરેલો કે રાતી ગોરમટીએ લીંપેલો. ક્યાંક મોર ચીતરેલા ભળાય. કરામાંય થોડાં નાનાં ઝાડવાં. ત્યાં પણ હોય કઢિયારો. રોજેરોજ વાપરવા-બાળવાનાં લાકડાં... ઉકરડો વાડામાં છેલ્લે હોય. આવાં ઘર બબ્બે ત્રણત્રણનાં ઝૂમખાંમાં; મોટે ભાગે કુટુંબો પ્રમાણે વસેલાં હોય. ના, અમારાં ગામડાંમાં માઢ-મેડીઓ ના મળે. ન મળે સાંકડી શેરીઓની સંકડાશ કે પાસપાસે વસેલાં ફળિયાંની ગીચતા પણ ન મળે. અમારાં ગામડાંને ન તો ખડકીઓ કે ડેલીઓ હોય કે ન ચણ્યા હોય કોટકાંગરા. બધી ખુલ્લાશ. બહુધા માણસોય એવા ખુલ્લા ને મોકળા મનવાળાં મળે.

કાળઝાળ ઉનાળે આવા ઘરમાં કદી બફારો વળ્યો નથી. નળિયાંછાયાં પડાળમાંથી પવન સંચરતા હોય. ઘાસ-માળા ગરમીને રોકતા હોય. માટીની ભીંતો ઝટ તપે નહીં ને તળિયું તો છાણલીંપ્યું — ઓકળીવાળું. એય ટાઢું લાગે. પંખા વગર એવા ઘરમાં જિંદગીનાં પચીસ પચીસ વર્ષો કશી ફરિયાદ વિના વીતી ગયાં. શિયાળો જરા વધારે ટાઢો લાગે; પણ ચોમાસે વરસતો વરસાદ રાતભર નળિયાં વગાડતો. એ સંગીત ઊંઘને ઘૂંટે.

અંધારી રાતોમાં વરસતો વરસાદ નેવાંના દેકારાથી પમાતો. દિવસે એ નેવાંની ધારાઓ નીચે ન્હાવાનું ને ચોખ્ખું પાણી ભરી ન્હાવાની ઘડીઓ ભરી લેવાની. ઘરની પછીત લગી ઘાસ ઊગી આવે. વાડો ખેડીને મકાઈ વાવી હોય; ખળું પણ ઘાસથી લીલછાઈ જાય. અમારું ઘર વાડવેલાથી છવાયેલી વાડો વચ્ચે ઊભું હોય. હરિયાળા બેટમાં વસવાનો એ નોખો — અસલ અનુભવ. શિયાળો લીમડા ખેરવે. વાડામાં સોનેરી પરાળનાં કૂંધવાં ને સીમ પણ પીળચટી. પરોઢથી આંગણે તાપણી સળગાવી દાદા તાપતા હોય. ત્યાં ઋતુ

બદલાય એની પ્રત્યેક ગતિવિધિ પમાતી રહેતી. ઉનાળો બેસે અને ખાટલા ચોપાડો-પડસાળો છોડીને ફળિયામાં-આંગણામાં આવી જાય. ચૈત્ર-વૈશાખની ચાંદની રાતોમાં ખુલ્લા આભ નીચે સૂવાનું એ સુખ શહેરની સાંકડમાંકડ શેરી-અગાસીએ ક્યાંથી મળે? પેલા ચામર ઢોળતા લીમડા માથે ઝળૂંબતા હોય... દૂર નદીના ભાઠામાં સારસ પ્રહરે પ્રહરે બોલતાં હોય ને એમ રૂપેરી રાત પસાર થતી હોય. ઘર પાસેનાં નદી-કોતરોમાંથી બહાર આવી શિયાળવાં લાળી કરે ને ગામનાં કૂતરાં એના જવાબમાં ભસતાં ભસતાં ગામસીમની સરહદ સુધી દોડી જાય. એક નાનકડું 'અવાજયુદ્ધ' ખેલાઈ રહે... ને પાછી રાત ટાઢા જળમાં પથરા જેવી શાંત. હા, ઘૂવડનો ડરામણો અવાજ રાતને બીકાળવી બનાવતો. સીમમાં વાસો ગયેલા કોક ખેડૂતનો ઢળતી રાતે ગાવાનો અવાજ સંભળાતો ને ક્યાંક; નદીની સામે પાર કાનેસરમાં તબલાં-કાંસીજોડાં રણકાવતી ભજનમંડળી કાને પડતી. ઘરને ઘેરીને રહેતી આવી ભાતીગળ દુનિયા માટે જીવ તો હજી ઝૂરે છે પણ એ બધું ક્યાં બચ્યું છે?

પડસાળે દાદા-કાકા સૂતા હોય. પાછલી ગુંજારમાં ભાઈભાભીનો સંસાર ચાલે. ચોપાડે માની આસપાસ ટાબરિયાંના ખાટલા. ચોપાડની એક પા હોય ઢોરની કોઢ. પાગોળે બળદ અને દૂધ દેતી ભેંસો હોય. પાછલી ભીંતે પાડરાં ને બાખડી ભેંસ. અંધારામાં એમની આંખો તગતગતી રહેતી. દિવસે પણ અંધારિયાં લાગતાં કોઢ-કોલા ને માળા રાતે તો નર્યાં અંધકોપ! ચોપાડની બીજી બાજુ માટીના મોટા કોઠાર-ચોરસીઓમાં ડાંગર અને ગોળ કોઢીઓમાં મકાઈ. બીજી નાનીમોટી કોઠીઓમાં દાળ, મગ, ચોખા, ઘઉં, ચણા સમેત ભર્યું હોય અનાજ. થળીઓ દાટા દઈને સજ્જડ મૂકી હોય. ચોરસીઓ ઉપર મોટા ટોપલાઓનો થપ્પો હોય. આ કોઠારોના વચાળાઓમાં ઉંદરનો મુકામ. રાતે બિલાડીબેન આવે ને ઉંદરમામા ટાઢા થઈ જતા. ચોપાડની ત્રીજી બાજુ પાણિયારું હોય, માટીનું કે ચણેલું. ઠેબા ચણીને પથરો મૂકી માટલાં-બેડાં ગોઠવ્યાં હોય. ભીંતે લાકડાનાં પાટિયાંની બેચાર અભરાઈઓ ઉપરનાં તાંબા-પિત્તળનાં વાસણો દિવસે કળાય; રાતે નહીં. પાણિયારી પાસે જ હોય દેવગોખલો; જ્યાં દાદાદાદી-બાબાપા દ્વારકા-ડાકોર-કાશી ગયાં હોય ને છબિઓ લાવ્યાં હોય તે બધા દેવો, ધૂળ ઝાળાં વચ્ચે, ઝાંખાપાંખા બેઠા રહેતા. બાજુમાં રસોડાની ઓરડીનું બારણું.

'રસોડી' કહેવાય એવી આ અંધારી ઓરડી. માખોથી બચવા અંધારું રખાતું. છાપરાનાં એકબે ઢાંકણનળિયાં ઊંચાં કરી 'છાંછાબારું' કરીએ એમાંથી ઓરડીમાં અજવાળું રેલાય અને ચૂલાનો ધુમાડો પણ નીકળી જાય. બપોરિયું કરવા નિશાળેથી દોડીને આવીએ અને ઓરડી ખોલીએ એટલે પેલાં છાંછાબારાંમાંથી નીચે દડતો તડકો થોડાંક રૂપેરી ચાંદરણાં રચતો હોય. એ ચાંદરણાં, રોટલો-દૂધ ચોળેલા વાડકામાં અમે ઝીલીએ ને ચાંદરણાંને જ જાણે કોળિયે કોળિયે આરોગીએ. દૂધ-મકાઈનો રોટલો ને તડકાનું ચાંદરણું : ત્રણેનો એ સ્વાદ તો હવે કોણ પાછો આપી શકવાનું હતું? પકવાનને પાછાં પાડતાં એ સાદાં ને સાત્ત્વિક ભોજન વય છૂટતાં છૂટી ગયાં કે પછી ઘર-ગામ સાથે ઝૂંટવાઈ ગયાં છે એય!?

રસોડાની ઓરડીમાં વળીએ બાંધેલાં બબ્બે શીકાં ઝૂલતાં હોય — દાદાએ વણેલાં શીકાં. એમાં દહીંની દોણીઓ ઉપરાછાપરી મૂકેલી હોય. રોજ એ શીકાંમાંથી દહીં ચોરીને લસણચટણી ને રોટલા સાથે ખાવાનું. શીકાં નીચે છાશનાં ભાસરિયાં — એમાં પહેલા દિવસની કોપરિયા છાશ તે ખાવા માટે અને ત્રીજા દિવસની ખાટી છાશ તે વાસણો ઊટકવા. એક ખૂણે એંઠવાડ-પાણીનું કૂંડું. એની પડખે લાકડાં — સામે બે ચૂલા; ઠરેલા હોય ત્યારે ઊંધાં પાડેલાં હાંડલાં-પોળિયાં હોય એને માથે. ચૂલાબેડ ઉપર કલેડું-હાંડલું ને મસોતું. બાજુના ભીંત-આળિયામાં બેપાંચ ડબાડૂબી. બીજા આળિયા-ગોખલામાં તાવેથો-સાણસી ને ખાસ તો દાળ-કઢી હલાવવા-કાઢવાનો લક્કડિયો ચાટવો — સૌમાં ઠસ્સાદાર એ લાગે. બીજી બાજુ ઉતારેલાં હોય રાંધ્યા-ધાનનાં વાસણ. ત્યાં ભીંતે ઊભી હોય રોટલા ઘડવાની લાકડાની કથરોટ. બાજુમાં ચટણી વાટવાનું પથ્થરિયું ને ખાવાનાં ઢોભલાં — માટીનાં! હવે તો ગ્રેનાઇટ જડેલાં ઊભાં રસોડાં આવી ગયાં છે; ત્યારે મારી એ અંધારી રસોડી હું ક્યાં જઈને શોધું? મારાં સંતાનો સૌની જેમ કહે છે : 'હવે એનું કામ પણ શું છે? સારું થયું કે

એમાંથી છૂટ્યાં!' જોકે મારું મન માનતું નથી.

પાછલો ઓરડો તે ત્રીજું ભેંતિયું — ગુંજાર. એનો એક ખૂણો હળ લાકડાં રાંપડી — કરબડી — ઘાંણિયા — ચવડાં — કૉસથી ભરેલો. બીજો ખૂણોય વધારાનાં વેચવાનાં અનાજની ગુણોથી ચિક્કાર. કચરો-બાવાંનો પાર નહીં. આ કૉલામાં ચાંદરણાં પડે દસબાર. બાળપણમાં અમને ઘરમાં પૂરીને બધાં ખેતરે જતાં ત્યારે અમે આ ચાંદરણાં જોડે રમ્યા કરતાં. એ ખસતાં જતાં એનું અમને ભારે અચરજ થતું. સૂર્ય ઢળે એમ એ અવળી દિશામાં જતાં... ને છેવટે સીમ ઘેર આવતી ને બારણાં ખૂલતાં ત્યારે વાડામાં તડકો ગુલાબી ગુલાબી થઈને ઑગલાઓને મોટા બતાવતો હોય. સાંજના તડકામાં જોયેલાં એ વાડાનાં જુદી મુદ્રાવાળાં ઝાડવાં ચિત્તમાંથી ખસતાં નથી.

ગુંજારની અંધારે ઉબાયેલી કૉલા-ભીંતો ઉપર કરોળિયાઓનાં સફેદ સફેદ ઘર; એ પણ ધોળાં ધબ ચાંદરણાં જેવાં! અમને થતું કે સાંજે સૂરજ આથમી ગયા બાદ કૉલામાં રહી ગયેલાં ચાંદરણાં ભીંતોએ જેમનાં તેમ ચોંટી ગયાં છે ને કરોળિયાઓ એની હૂંફમાં રહેવા લાગ્યા છે. ક્યારેક અમે એ કરોળિયાનાં ઘરની ખાપો ઉખાડતા. એની નીચે બચ્ચાં જોતા ને પેલી રેશમી ખાપની સુંવાળપને અડ્યા કરતા. આજે; નળિયેરી પડાળ ગયા પછી; પાકાં ધાબાંવાળાં મકાનોમાં વસવા વળેલી નવજુ પેઢીને 'ચાંદરણાં'નો અર્થ સમજાવવાનું અઘરું પડે છે. હજી ચાંદરણાં રમાડતા મારા એ માટેરી; કૉલાઓવાળા, રાતારાતા નળિયેરી ઘરની યાદો મને વ્યગ્ર કરી મૂકે છે. શહેરમાં ગયા અને ભાડાંનાં ઘર બદલાતાં રહ્યાં — અરે, પોતાનાં 'ઘર' કર્યાં ને એમાં લ્હેરથી વસવા છતાં 'ઘર' કહેતાં યાદો સાથે ઘેરી વળે છે એ તો મારું જૂનું ગામ-ઘર. જે માએ ગારો કરીને થાપેલું ને જીજીએ ગોરમટીથી લીંપેલું, જેની પેલ્લીએ બેનોએ ઓકળીઓ પાડી હતી!!

એ ઘરના માળાઓ મોટા; અનેક રહસ્યોથી ભરેલા હોય એવા. ત્યાં પૂર્વજો રહે ને ભૂતવંતરાં : બાળવયે એવી ભીતિ રહેતી. અમારાં શમણાંય ત્યાંથી આવતાં ને પાછાં ત્યાં જઈને છુપાઈ જતાં એમ લાગતું. એ માળાઓ વાંસવણ્યા કડાઓ(સાદડાં)થી છાયેલા-લીંપેલા. એમાં માટલાં જૂનાં-નવાં પડ્યાં રહેતાં. એમાં બિયારણના મગફળી ગોળા રહેતા ને ગોળ પણ. બેઉ ચોરવા અમે કોઠીઓ ઠેકતા માળે ચઢી જતા. એક બાજુ ઘાસપૂળા પરાળ હોય — ને એમાંથી સાપ-ઘોયરા કરડીને મરી જતાં લોક વિશે સાંભળેલું એટલે માળે ચઢતાં બીક લાગે... પણ લાલચ જેનું નામ! માળે વલોણાની નંદવાયેલી મોટી ગોળી. જેમાં બાનાં જૂનાં લૂગડાં હતાં... છેક તળિયે બાપાની થોડીક ચોપડીઓ. પડખે પતરાની પેટીમાં ભાભીઓના શણગારો ભરેલા હોય. બધાં વાસણો-પાત્રો ભારે રજોટાયેલાં. થાંભલા-ટેકાઓ વચ્ચે વળગણી કરી દાદાએ પોતે બનાવેલાં પડિયા-પતરાળાંના મોટલા હારબદ્ધ લટકાવ્યા હોય — જાણે અવસરની વાટ જોતાં એય અંધારું સેવતાં રહેતાં. બાપાને પૂર્વજ રમતો. ક્યારેક નવા દિવસોમાં એ દેવગોખલે દીવો કરતાં કરતાં ધ્રૂજી ઊઠે ને ધૂણવા માંડે. હાકોટા-છાકોટા કરતા ઘરમાં ફરી વળે. મા કહેતી કે પૂર્વજ ખોળિયામાં આવ્યો છે ને ઘરમાં આવેલાં બીજાં ભૂતવંતરાંને હાંકી કાઢવા એમ કરે છે. આ બધું માળામાં ભરાઈ રહેતું હોવાની અમને પાકી ખાતરી. આવડા મોટા ઘરમાં રાતે જરા સરખો — ઉંદર બિલાડીનો કે ઢોરનો — અવાજ થતો ને અમે ફફડી ઊઠતાં. ભયનું એ ઘરમાં જ વસતું જગત હવે નથી રહ્યું—

વીજળી દીવાઓએ એ માળા અને અંધારિયા કૉલાઓને ખુલ્લાખટ્ટ કરી દીધા છે. ભયરોમાંચની એક આગવી દુનિયા લૂંટાઈ ગઈ છે. આ જ ઘરમાં ગ્યાસતેલના ખડિયાને અજવાળે ભણ્યો અને ઈડરથી રજાઓમાં ઘેર આવતો ત્યારે પીએચ.ડી.નું વાચનલેખન પણ ફાનસને અજવાળે ચાલતું... એ ફાનસ હવે ભંડકિયાના ભંગારમાં જતી રહી હશે! વીજળી-દીવાઓએ બધાં રહસ્યો છીનવી લેવા સાથે અમારું એક અંગત ઘર-જીવન હતું તેય જાણે 'ઉઘાડું' કરી દીધું એનું શલ્ય ભોંકાય છે. પરાળના ઓગલામાં ખોયલો કરી કૂતરી વિયાતી — કદીક કરાના કઠિયારામાં એનાં બચ્ચાં ઊછરતાં. ભીંત-પડાળ વચ્ચે કબૂતરો સંસાર માંડતાં ને કરાની કંથેરમાં હોલી ઈંડાં સેવતી... સીતાફળને આંખો ઊઘડતી... હવે તો બધુંય ગયું — મહીનાં

પાણી ઘરમાં પેઠાં ને પરિવર્તનોએ આલબેલ પોકારી! ઢળતી સાંજે માઈલો દૂરથી જોઉં છું મારું ઘર-સ્મૃતિના પ્રદેશમાં! ત્યાં તો માત્ર ખંડેરો રહ્યાં છે — ઊંટોની ખાંધો જેવાં... બાણુંમાં ઘર છોડ્યું પછી એ નથી રહ્યું... હવે એનાં ખંધેડિયાં જોવાની હિંમત નથી એટલે નથી જતો વતનમાં... જયંત પાઠકે 'વનાંચલ'ને છેડે લખેલી પંક્તિઓ — અરે! એ તો મારે લખવાની હતી! — ભીની આંખે ને આર્દ્રસ્વરે બોલું છું :

'અહીં હું જન્મ્યો'તો વનની વચમાં તે વન નથી,
નથી એ માટીનું ઘર, નિજ લહ્યાં તે જન નથી;
અજાણ્યાં તાકી ર્‌હે વદન મુજને સૌ સદનમાં;
વળું પાછો મારે વનઘર હું; મારા જ મનમાં...'

[દિવાળી : ૨૦૫૪]

૩. પડસાળ

નવલા વેવાઈઓ આ'યા ઢોલૈયા ઢળાવો રે
ઢોલૈયાનાં આંણ તૂટ્યાં પડસાળે સુવડાવો રે
પડસાળોની ભોંય ભાંગી ડુંગરે ચઢાવો રે
ડુંગરોના પથરા ગબડ્યા ભૂખ્યા વળાવો રે
નવલા વેવાઈઓ આ'યા ઢોલૈયા ઢળાવો રે...

બેન-દીકરીનું પહેલું આણું થાય અને સાસરિયા પરોણા-પધરામણી કરે તે વેળાએ લુણાવાડિયા કણબી-કન્યાઓ કે વહુઆરુ ભેગી મળીને આવાં ફટાણાં ગાય છે.

આ ગાણામાં આવતી પડસાળનું પાટીદારોના ઘર સંદર્ભે ભારે મહત્ત્વ છે. પડસાળ વગરનું કોઈ ઘર ના હોય. પડસાળ એટલે ઘરનો આગળનો ભાગ... ચોપાડમાં પ્રવેશતાં પહેલાં મુખ્ય બારણાથી નેવાં સુધીનો દશબાર ફૂટ લાંબો ને ઘરની પહોળાઈ જેટલો વિસ્તરેલો, કુંભી ટેકા, ચોખળાં-પાટડીઓ અને પેલ્લી ઓટલીઓથી શોભતો ખુલ્લો ઘર-ભાગ તે પડસાળ. ખુલ્લી લાંબી જગા, પાટડીઓની હાર, એને તથા ઢળતા પડાળને ટેકવતી પથ્થર કે લાકડાની કોતરણીવાળી કુંભીઓ, ક્યારેક જાળી મઢેલી તો ક્યારેક કૉલા વાળેલી અડધી બંધ કે મોટેભાગે ઓટલીઓથી શોભતી આ પડસાળો! ફળિયામાં હારબંધ ઘર હોય સામસામે, ચારચાર પાંચપાંચ ઘરોની બબ્બે સામસામી હારો... ને એ બધાં ઘરોની જોડાયેલી પડસાળો...! એકસામટા હજાર-પંદરસો માણસોને જમવા બેસાડી શકાય અને સભાબેઠક પણ કરી શકાય. આ પડસાળની સોઈ લોભામણી ગણાય.

આ લાંબી પડસાળોમાં ભીંતે ઊભા કરેલા હારબંધ ખાટલાઓ, એમાં દોડાદોડી કરતાં ને સંતાકૂકડી રમતાં છોકરાં. ફળિયા વચ્ચે લીલુડા લીમડાઓની હારમાળા... બે બાજુ પડસાળો! સાંજે ખાટલાઓ ઢળાઈ જાય હારબંધ. ફળિયે છૂટે ગાડાં. વૃદ્ધોની વાતો ચાલે ને અધકચરાં જગધાં તાસબાજી રમે. પડસાળે મહેમાનપરોણાના ખાટલા ઢળાય... ફૂવા-મામા જેવા આધેડ મહેમાનો સિવાય કોઈને ઘર ચોપાડમાં વાતે વાતે પહોંચી જવાનો હક્ક નહીં, એમાં વિવેક પણ ના કહેવાય. મહેમાન તો પડસાળે સમાય...

એમાંય નવા જમાઈ કે તાજા વેવાઈઓનો તો પડસાળે જ મુકામ. ખાટલે ખાટલે રુએલ ગાદલાં, ગોદડીઓના ટેકા ને પાંગથે ઓશીકાં... કસદાર તમાકુવાળા રૂપેરી હુક્કા પિવાતા હોય; રામરામ કરીને ખબર પુછાતી હોય, નવાં નવાં કેડિયાં ને ઊજળી ટોપીઓ કે આંટાદાર ફાળિયાવાળા મહેમાનો ચાના કપ પીતા હોય, દેશી તીસ નંબર બીડી બાજુ મૂકીને વિલાયતી ધોળી કે તાજછાપ બીડીઓની તાસકો ફરતી હોય ત્યારે પડસાળનો મોભો લાગે!

નવજુ જમાઈ પણ ખાટલે બેઠા હોય ને ઓરડેથી એમને બેનદીકરીઓ લળી, વળીને જોતી હોય. અલકમલકની વાતો, ન્યાત-આબરૂ-આગેવાનો-ખર્ચાપાણી-વિવાહવાજન-તેડાંઆણાંની વાતોના તડાકા ઊડતા હોય. વહુઆરુઓ પાણીનાં બેડાં લઈને રેશમિયા સાડલાના લાંબા ઘૂમટા તાણી પાણી ભરવા જતી વળતી હોય... વડીલો કળશે-પ્યાલે પાણી કે શરબત વહેંચતા હોય... ત્યારે આખું ફળિયું પડસાળનો વૈભવ જોઈ રહે... જેની પડસાળ પોસાતી હોય એની આબરૂની ધજાપતાકાય મલક આખામાં ફરફરતી હોય...

પડસાળની પાળ જેવી માટીની પેલ્લીઓનો એક જમાનો હતો. એ પછી ઈંટ-સિમેન્ટની ઓટલીઓથી

પડસાળો વધારે સોહામણી બનેલી, કોઈએ જાળીઓ મઢાવી તો કોઈએ ખુલ્લાશ આવકારી, ધાબાવાળાં ઘર થયાં તોપણ લાંબી પડસાળો તો અકબંધ છે. પાટીદારની બહોળી ન્યાતમાં ને ખેતીના ધંધામાં પડસાળનો વારેવારે ઉપયોગ હોય. પડસાળો ખાલી ના હોય કદી. દોરીઓના હીંચકા બાંધી ઝૂલતાં હોય છોકરાં પડસાળે. કોઈકે મોટા કડીવાળા હીંચકા બનાવ્યા હોય... એક જમાનામાં ઉઘરાણીવાળા વાણિયાઓ ઘોડે ચઢી આવતા ને પડસાળે પડાવ નાખતા... આજે તલાટી-મંત્રી આવે કે ગ્રામસેવક... પડસાળમાં સદાય ઢાળેલા રહેતા ખાટલે એમનાં બેસણાં... જમીનવેરો લેવાય કે નવાં બિયારણની વાતો ચાલે. ઘાંયજો રોજ સવારે વત્તાં-દાઢી કરવા આવે એની બેઠક પડસાળની પહેલી કુંભીને ટેકે... માગવા આવેલા રાવળિયાઓનો પડસાળ કૉલામાં રાનો પડાવ હોય... એમનું ભજન હોય તો પડસાળ ભરાઈ જાય.

ચોપાડે-ઓરડે નવજુવાનોનો ઘરસંસાર મંડાય એટલે ડોસા-ડગરાંના ડેરા ઘરમાંથી ઊઠીને પડસાળે મંડાય. ચોમાસે હળ, લાકડાં ને ઘાસભારાઓથી ભરેલી પડસાળોમાં ગાલ્લાંય ઘાલી દેવાયાં હોય. પાછાં ગાલ્લાંમાં ઘાસફૂસ કે લાકડાં-છાણાં ભર્યાં હોય... બધાંને વરસાદથી બચાવતું ફળિયું ચોમાસે ગોદામ જેવું, આડેધડ ખડકાયેલું! ગાડામાં કૂતરાંનો કાયમી મુકામ. ડગરી થયેલી ભેંસો કે મરવાને વાંકે જીવતા ઘરડા બળદ પણ પડસાળને ખૂણે છેલ્લા દિવસો ખૂટવતાં હોય.

પરંતુ આ પડસાળનો ખરો વટ તો ઉનાળે. ખેતીબેતીમાંથી પરવારેલા પાટીદારો વૈશાખમાં લગ્નો લે ત્યારે પડસાળો સજીવન થઈ ઊઠે... ઘડપણ ઉતારીને જુવાન થઈ જાય. અમે જાતે પડસાળની ભીંતોને કળીચૂનાથી રંગીએ. નીચેના ભાગમાં લીલીપીળી માટીના પટ્ટા કરીએ ને ધોવાનાં કપડાંમાં વપરાતી ગળીથી ચિત્રકામ કરવા સાથે – 'Wel Come' લખીએ... ભીંતો પોતાનો ઓઘરાળો ચહેરો છોડીને જાનૈયાઓ સાથે જાનમાં જવાની હોય એવી દીપી ઊઠે, બારણાંને પાકા રંગો થાય, સોનેરી-રૂપેરી રંગથી જાળીના સળિયા રંગીએ... કુંભીઓ તથા ચોખળાંનેય રંગ કરીએ... ઓટલાઓનેય ભાતીગળ બનાવીએ... આંગણું લાલ માટીથી પુરાય... એમાં મંડપ રોપાય, ચોરી થાય. પડસાળો ઓકળિયુંથી હસી ઊઠે... સાજનમાજન પડસાળે જમાવટ કરે... પડસાળ પોતે જ ગાતી હોય :

'નાણાંવટી રે સાજન બેઠું માંડવે...
જેવી ખડખડતી વ્હેલ્યો
એવી મોંઘી બેનની બેનો... નાણાંવટી રે...'

પડસાળ જ વાડી ને પડસાળ જ માંડવો... તોરણ શોભતાં હોય ટોડલે... અમે દીવાસળીનાં ખોખાંને સિગારેટના થોકલા લગાવીને સરસ ચકરડીઓ કરીને પડસાળ સજાવી હોય. પવન આવતાં ફરતી ચકરડીઓને મહેમાનો જોઈ રહે... અમારો હરખ ના સમાય! આંગણું રાજીરાજી દેખાય.

અનાજ પાકે ત્યારે મકાઈડોડાથી પડસાળો છલકાઈ જાય. ડાંગર-મગફળીની ગુણો ખડકાય પડસાળે. ક્યારેક કપાસના ઢગલા તો ક્યારેક પરાળ યા બાજરી-જુવારના પૂળાને વરસાદે પલળતા બચાવવા ભર્યા હોય પડસાળે. પડસાળના કોલે ઘંટી મંડાય, ખાંડણિયે ડાંગર ખંડાય ને તુવરની દાળ છડાય તેય પડસાળને ખાંડણિયે! ખાટલે પાટલા માંડી સેવો પાડવામાં આવે, કેરીઓનાં ખાટિયાંય પડસાળે પથરાય. પાપડ-પાપડી વણાય તેય પડસાળની મોકળાશમાં. પહેલી વાર પ્રસંગે આવેલી વિવાહિતા પડસાળે બૈરાં ભેગી જવા બેઠી હોય ને એનો ભાવિ નાહોલિયો દાળ પીરસવા જતાં જતાં શરમાતો હોય, કોટમાં દોરો, હાથે ઘડિયાળ ને આંગળિયે વીંટી, ગળામાં રૂમાલ... છેલછબીલાની બધાં મજાક કરતાં હોય ને પેલી વાગદત્તા કંકુ જેવું લાલલાલ શરમાતી હોય! પડસાળને માટે આવા અવસર તે ધન્યતાના અવસર ગણાય.

પડસાળે જુવાનિયાં પત્તાં રમે, ખાટલા ઉકેલાય ને નવા આંણથી ભરાય. ઘર લીંપવાના ગારા પડસાળે ઘલાય. રાતે છોકરાં પડસાળે વાંચે... દિવાળીએ પડસાળના ભીંત-ગોખલે દીવાઓ મુકાય. સામસામે

દીપમાળાઓ ઝગી ઊઠે... પડસાળે દારૂખાનાં ફૂટે – ફૂલઝરીઓ સળગે ને ઘંટીઓ રમે. દાદા રામાયણ-મહાભારત વાંચે તેય પડસાળે. વહુ સાસુના માથામાંથી જૂ-લીખ વીણે, ફોઈ ગોદડીઓ કરે, દાદા પગનો કાંટો કાઢે, તેય પડસાળે. ભાઈ રિસાઈને પડસાળના ખાટલે સૂઈ જાય. ભાભી પડસાળના કોલામાં જઈને આંસુ વહાવે-છુપાવે. પડસાળ સો વાતની સાક્ષી. ફુલેકાં પડસાળે ઊતરે... કસુંબાપાણીય પડસાળે.

કોઈના મરણવેળા ડાઘુઓ બેસે પડસાળે... કાણમોંકાણ કે બેસણાં લોકાચાર વેળાએ ખરખરો કરવા આવનારાંથી ભરાઈ જાય પડસાળો, પડસાળે અમે ભમરડા રમ્યા, લખોટીઓ હાર્યા-જીત્યા, કિટ્ટા કરી ને અબોલા તોડ્યા... ભેરુઓ સાથે લડ્યા કે હળ્યામળ્યા તે બધુંય પડસાળમાં... પડસાળે પાળ્યા-ઉછેર્યા ખોળે ઢબૂર્યા સાંત્વના આપી... એ પડસાળથી આજે વેગળા પડી ગયાનો વસવસો છે... ધીમે ધીમે ગામઘરો પડસાળો વગરનાં થતાં જાય છે... એક આખી પડસાળ-સંસ્કૃતિ અલોપ થઈ જવા બેઠી છે...

[૨૬-૬-૯૫]

૪. ફળિયું

ફળિયું. ત્યારે તો ફળિયાની પેલે પાર કોઈ જીવન હોવાનો ખ્યાલ જ નહીં મળે, જીવન પણ ફળિયાની સરહદોમાં અસીમતા અનુભવતું ડૂબી રહેતું, ત્યાં જ ઊછળતું, કૂદતું, ઊગતું, આથમતું — આજે એ ફળિયું કેટલું તો વેગળું વહી ગયું છે, જનમોની પેલે પાર રહી ગયું છે જાણે. ફળિયું શમણું. આંખો મીંચી લઉં તો દેખાય, આ રહ્યું એ ફળિયું.

તરભેટો. ત્રણ નેળિયાં ભેગાં થાય. ત્રણે બાજુ ઘરો, ઢળતાં પડાળોવાળાં, ઉપર રાતાં કુંભારી નળિયાં, આસપાસ વાડાઓ. વાડાઓમાં ઘાસનાં કૂંધવાં. પછી વાડ. વાડેવાડે ઝાડવાં. આંગણે લીમડાઓ હાથીઝૂલણા. તરભેટે કૂવો, વંડી અને થાળાવાળો, કઠેડો અને ગરગડીઓવાળો. બધું જીવતું, સળવળતું અને ખળભળતું. હારબંધ ઘરો-ડુંગરા એવડા. ક્યાંક સામેસામે, પણ વચ્ચે ખેતરવા પથરાયેલું ફળિયું. ફળિયામાં ઢોર, ફળિયામાં ગાડાં છૂટેલાં. ગાડાંમાં બેસી રમતાં કે લેખન કરતાં લફરાળાં છોરાં. એમાં આપણેય હોઈએ. ઘર કરતાં વધારે વખત આ છૂટેલાં ગાડાંમાં વીતે, લીમડાની છાયામાં બપોરે આ ગાડાં ઘરથીય વહાલાં લાગે. આંખો મીંચી વાગોળતાં ભેંસબળદ. પડસાળે ઊંઘતા દાદા, બાપા, કાકા જીભ લબડાવી લાળ પાડી હાંફતી ભૂરી કૂતરી અને ઊંઘી ગયેલો કાળિયો ડાઘલો. ટપાલીનાં જૂતાંનો અવાજ જગવે એને. ડાઘલો ટપાલીના ફાટેલા ડગલાને જોઈ ભસી લે, પછી જંપી જાય. ગાડાં જાગતાં હોય. સામેનાં ખેતરો ખાલીખમ. ચત્તોપાટ પડેલો ઉનાળો ભળાય. તડકો ઢોળાયેલી કઢી જેવો. એમાં ઊપસી આવેલાં ઝાડવાં, ધૂળિયો વગડો, વંટોળિયા… આવે ને જાય. વીજમડીઓ, વાદણો અને કમુછડિયો ખરે બપોરે જ માગવા આવે. મોટેમોટેથી ખળું માગે. દાદા કહે, ‘એ પડ્યું ખળું; ઊંચકી જા.’ પણ માંડ મળેલી આંખ ઊઘડી જતાં બાપા રાતાપીળા થાય, તોય માગણ ખસે નહીં. અમે જઈને ચપટી ડાંગર, મકાઈ આપીએ તો એ કઢી-રોટલા માગે, પાણી માગે, ના આપો તો બબડાટ કરે. આ ફળિયું સૂકા ઘાસથી છવાયેલું, ઢોરોથી ભરાયેલું લાગે. બપોરે ચિત્રમાં હોય એવું. રેખાએરેખા એની નોખી, છતાં એકાકાર બધું. લોક વગડે જાય તોય ફળિયું તો ભર્યુંભાદર્યું. ઢોર બરાડે, છૂટે, બંધાય. ચકલાં, કબૂતરો ચણ્યા કરે ફળિયું.

ચોપાડ વચ્ચે દાદી રાતી સાવલિયા છીકણી સૂંઘતાં હોય; છાણ, માટીનો ગારો કરીને બા પડસાળે ઓકળી પાડતી હોય; બીજત્રીજના ચન્દ્રની હારમાળાઓ જોઈ લ્યો. બા અમારી પાસે ગારો ગૂંદાવતી. અમે કૂવે ન્હાવા મળે એ બ્હાને ગારો ગૂંદી દઈએ. પછી ટાઢાં હેમ પાણી ખેંચીને બપોરે કૂવાને થાળે નાહીએ. એ નાવણની વાત જ જુદી. તાપે ફદફદતું ફળિયું. હાશકારો પામતું. ભાઈઓ શણની દોરડીથી નવાજૂના ખાટલા ભરતા હોય, ક્યાંક કોઈ રાતી માટીથી દીવાલો લીંપવા ચઢ્યું હોય, કોઈ કન્યા ગારાની તગારી માથે મૂકી નિસરણીએ ઊભી હોય. ઉનાળામાં ફળિયું સાફ લાગે, જરા નવું લાગે. મોટા નિશાળિયા લીમડા તળે પત્તે રમતા હોય. ગિલ્લીદંડા અમારી પ્રિય રમત. પછી તો લખોટીઓ આવી. ભમરડાઓ ગયા. હવે તો ક્રિકેટ રોગની જેમ ફેલાઈ ગઈ છે. હા, ફળિયામાં પણ એ રમાતી હશે. ભલું હશે તો રાતાં નળિયાંમાંના છાપરાંને માથેય એન્ટેના લાગી ગયાં હશે. દાંત વગરનાં દાદીને સમજાતું નહીં હોય કે આ શી કરામત છે!

ઊતરતા વૈશાખે ફળિયાને છેડે, લવારિયો ગાડાંમાં ઘરવખરી ભરીને કુટુંબકબીલા સાથે આવીને, પડાવ નાખે. દાતરડાં, કોશ, કુહાડી, ધારિયાં, છરા બનાવે; ધાર કાઢે; દાંતા પાડે કે સમારી-સુધારી આપે. આખું ગામ ઊમટે. આ ફળિયું મગતાવાળું — મોટું. એનો મહિમા વધારે. લવારિયાની નાનકડી ધમણ લોઢાને

રાતુંચોળ કરવા ફૂંફાડા મારતી હોય. અમને એ ધમણ હાંકવાનું મન થાય. લવારિયાનાં છોરાં બધું કરે. ઘણ પણ ફટકારે. અમને કેરીઓ છોલવા માટે લોખંડના નાના ખૂંટાઓને તપાવીને વીંછીના અંકોડા જેવી છરીઓ બનાવી આપે. લવારિયાની વહુ બાજુમાં જ રોટલા ઘડતી જાય ને બચ્ચાંને ધવરાવતી જાય. આભ નીચે, ઉઘાડી ધરતીના ખોળામાં ઘરસંસાર ચાલે. લવારિયાની ભાષા, એની મૂછ અને પાણીદાર આંખો — ત્રણે ધારદાર. ભાવમાં રકઝક ચાલે; પણ એ મુછાળો મરદ નમતું ના જોખે. છાણાં-કોલસામાં તપતું લોખંડ, નહીં રાતું, નહીં પીળું. આજે કોઈ ચેતના શબ્દ બોલે કે તરત મને એ તપેલા લોઢાનો રંગ સાંભરી આવે છે. એને ચેતના કહેવાય એવું મનમાં ગોઠવાઈ ગયું છે. લવારિયો ગાડાંના પૈડાંને લોખંડની વાટ ચઢાવતો એ જોયા કરતા અમે. ધગધગતી વાટ મોટી ગોળ. છાણાના અગ્નિમાંથી દેવની બંગડી જેવી પ્રકટે ને ચપોચપ પૈડાં પર બેસી જાય, ‘લાકડું દુણાયદઝાય’ ત્યાં જ પાણીના છમકારા વાટને ટાઢી પાડે. ક્યારેક ફડાક કરીને વાટ તૂટી જતી. અમને ત્યારે મજા પડતી.

આ જ દિવસોમાં છાણિયું ખાતર ભરેલા ઉકરડા ગાડાં ભરી ભરીને ખેતરે ઠલવાય. ગામમાં, વાટે ને વગડે ગાડાં ગાડાં ખખડી રહે, ના ઘૂઘરાઓથી ખનકી-રણકી રહે. સોરઠીઆ વેપારીઓ બળદ રેલ્લાઓ વેચવા આવે. કૂવાની વંડીએ ઘરડેરાઓ આવી બેસે. રેલ્લા બળદની શિંગોટી, ચાલ, લંબાઈ, કપાળ, દાંત, કોઠો, પુચ્છ, ઊંચાઈ જોવાય. હળગાડે જોતરેય ખરા. પછી રૂમાલમાં હાથ ઢાંકીને આંગળીઓ દાબી સંકેતોથી મૂલ જાહેર થાય. છેવટે બંને ધણીઓ — દેનારલેનારને પોસાય તો મૂલ જાહેર થાય. ક્યારેક મૂલ કરનાર બંનેની વાતનો તોડ કાઢી સત્તા વાપરે. પેલા બેઉ બબડતા રહે. પછી ફૂમતાં ને ગોટા બાંધેલા રેલ્લાઓ બીજે ગામ જાય.

ઉનાળાની રાતોમાં ફળિયું બદલાઈ જાય. ઢોર ઘરમાં કોઢિયામાં બંધાઈ જાય. ફળિયેથી છાણ-ઘાસ વળાઈ જાય. ક્યાંક ગારમાટી પુરાઈ જાય, લીંપાઈ જાય. પાણીનો છંટકાવ હવાને પલાળે. હારબંધ ખાટલાઓ દરેક ઘરને આંગણે પથરાઈ જાય. ચૈત્ર-વૈશાખની ચાંદની તાજા ઘી જેવી. લીમડાઓની ગંધ કરતાં એની છાયાઓની ભાત તરફ વધુ ધ્યાન જતું હતું. બાળકો રમતાં રમતાં ઊંઘી જાય. વહુવારુઓ દૂરના કોઈ છેડે ધીમું ધીમું હસતી સંભળાય. સાસુઓની મંડળી જુદી, નિંદારસ-ગૂંથી વાતોના તડાકા સાથે છીંકણીના સડાકા ચાલે. બીજે છેડે જુવાનિયા પત્તે રમતા હોય. વચ્ચે વડેરાઓ ખેતી, વરસાદ કે જાતજાતની અથવા કોઈ પણ વાતે વળગ્યા હોય. વચ્ચે બીડીઓ ને હૂકાઓની આપ-લે ચાલતી હોય. ધીમે ધીમે રાત ઘીની જેમ થીજી જાય ને છેવટે ગામ ચાંદનીમાં ‘ફ્રિઝ’ થઈ જાય. રાતે રોન ફરનારા કૂવાની વંડીએ બેસીને ઝીણું ઝીણું બોલ્યા કરે. ક્યારેક સીમમાંથી એમના હાકોટા સાંભળીને ખાટલામાં ડરી જવાય. જાગીને, ક્યારેક બેઠાં થઈને, જોઈએ તો ઝાડવાંય છાયા મૂકીને જતાં રહેલાં લાગે. ઘર એકબીજાંમાં લપાઈ ગયાં હોય; તારાઓય ચમકતા ના હોય, એકલો ચન્દ્ર ઓગળતો પમાય. કૂવા પર કોઈ બેઠેલું ભળાતાં જ છાતી ધડક. ગોદડી માથેમોઢે.

બેત્રણ વરસે રામાયણ-મહાભારત વંચાતું હોય. ફાનસના અજવાળે કાકા એ વાંચતા રહે, વચ્ચે બધાં ટિપ્પણી કરે, મજાક કરે. આખું ફળિયું પાછું એકકાન થઈ જાય. ત્યારે સાંભળેલી એ કથાઓમાંનાં હનુમાન અને ભીમનાં બે જ પાત્રો ખૂબ ગમેલાં ને લંકા સોનાની હતી એ અચરજ હમણાં સુધી શમેલું નહીં. શિયાળાની રાતોમાં રાવળિયા એકતારો ને મંજીરા લઈને ખાવાનું માગવા આવે. એ ભજનોમાં ‘વિધિના લખિયા લેખ લલાટે : ઠોકર ખાય ખાય ખાય’ બરાબર જડાઈ ગયું હતું. રાતે રાવળિયાઓ પડસાળમાં મુકામ માગતા. રાતે ભજન કરતા, પણ ભજન-મંડળીઓનો ખરો રંગ તો દાસકાકા લુહારને ત્યાં જામતો. મંજીરા, તબલાં, કાંસીજોડાં ને તાનપુરો પછીની રાતોમાં કાનોમાં ગુંજ્યાં કરતાં. ત્યારે જીવન કદી એકવિધતાવાળું કે કંટાળાજનક નહોતું લાગતું. પડતા ને વાગતું. તાવ આવતો ને ગૂમડાં થતાં. ઘરે જ ઓસડિયાં થતાં. મા ‘પ્હાડ’નું પાંદડું ઘીમાં શેકીને ઘા પર બાંધતી પછી ફળિયામાં હડિયો-હાકોટા ચાલતાં. પડસાળે લેખન ને ફળિયામાં રમવાનું. પંથીઓ આવેજાય. ક્યારેક ઢોલ વગાડતી જાન જતી હોય, છોગાળા-સાફાળા ભીલ-

બારિયા કે પગી-કોળી તલવારો લઈને નાચતા હોય. વરરાજા કાગળનાં ફૂલોની સેરોમાં ઢંકાઈ ગયા હોય, પીઠીથી કપડાં પીળાંપચ હોય. અમને પેલા નાચનારાઓ કરતાં વરરાજો જોવાનો ગમતો. બૈરીઓ ન સમજાય એવા લ્હેકાઓમાં ગાતી હતી... આજેય ગાતી હશે? હોળીના દિવસોમાં આ જ લોકો ઢોલ વગાડતા, દાંડિયે રમવા આવતા. ભાતભાતના વેશ કાઢેલા હોય, એમાંય હનુમાન તો હોય જ. છોકરાં હૂપાહૂપ કરે, ને હનુમાન જુધ્ધો કૂદ્યા કરે. પછી પૈસાનું ઉઘરાણું, ગોળધાણા. ફળિયામાં ક્યારેક કંકુથાપાથી સ્ત્રીઓ પુરુષોની પીઠે ધબ્બા મારી હોળી ઊજવતી હતી. હવે એવા કંકુવરણા દિવસો નથી રહ્યા, પણ ફળિયું ટકી રહ્યું છે.

શિયાળામાં ફળિયા વચ્ચે સવારે તાપણી સળગી ઊઠે. કૂડોકચરો બળાય, ઢૂંસાં, માનાં લૂગડાં, મેલી પછેડીઓ ને ફાટેલાં ચોરસા-ચાદરો વીંટીને છોકરા તાપણીની ચારેપાસ પોથાઈ જાય. દાતણ ચાવતાં ચાવતાં મોટેરા પણ તાપે ને વળી કામ કરવા હડી મેલે. બધાં વારાફેરે ચા પીવા ઘરમાં ગરી જાય ને વળતાં ઘાસફૂસ લાવે, તાપણી ભડભડતી રહે. તડકો રસાણ બને ત્યારે તાપણી ઠરે. તાપણીના ધુમાડા લીલા લીમડાઓમાં વ્યાપી જતા ને દૂર ધુમાડો ધુમ્મસ થઈને ઊભો રહી જતો. ઉપર એવું જ આભલું દેખાતું. કૂવો પનિહારીઓથી છલકાતો. નવી વહુવારુઓ લાજ-ઘૂંઘટ કાઢીને જતી-આવતી ત્યારે અમને એ મોઢું ઢાંકવાનું કારણ સમજાતું નહીં. જોકે આજેય એ સમજાઈ ગયું નથી. હજીય ગામમાં નળ નથી આવ્યા. બધી દમયંતીઓ કૂવેથી પાણી ભરી જાય છે. વતનમાં જાઉં ત્યારે ઘરને ઓટલે બેસી આ ફળિયાને અને પેલી પનિહારીઓને જોતો જોતો હું ઘણાં વરસો પાછળ નીકળી જાઉં છું. પછી વર્તમાનમાં વળતાં તકલીફ થાય છે.

એક દશ્ય આ ફળિયા સાથે ભળી ગયેલું છે — તે ભેંસો (ભમરતા) મૂંડતા નાઈનું. શિયાળાની સવારોમાં મોટા મોટા અસ્ત્રા લઈને લાલો હવાર (અમારે ત્યાં ઘાંયજાને ‘હવાર’ કહે છે.) આવે. ગરમ પાણીમાં પોતું બોળી બોળીને દાદા ભેંસોને એક પછી એક પલાળતા જાય ને લાલો એના મોટા અસ્ત્રા વડે ભેંસોને ભમરતો જાય. ક્યારેક લાલાનો અસ્ત્રો ભેંસને લોહી કાઢે. દાદા લાલાને મણનો છશેર કરી નાખે. લાલો લોચવાતો-થોથવાતો કામ કરે. આખા ફળિયામાં બધાં ઘરોની ભેંસો ભમરાઈ જાય એટલા દા’ડા આ દશ્ય જોયા કરવાનું. આમ તો રોજ સવારે લાલો હવાર બગલમાં ચામડાની થેલી મારીને આવે. પડસાળે બેસે અને વતાં કરે. દાઢીવાળ કાપે. છોકરાના વાળ કાપવાના હોય ત્યારે આખું ફળિયું ઘાંઘું થાય. હવાર વાતો કરતો જાય, બે ઢીંચણ વચ્ચે માથું દબાવતો જાય ને મૂંડતો જાય. બધાંનું અપમાન વેઠી વેઠીને ઢોર જેવો થઈ ગયેલો એ વાળંદ સાચ્ચે જ ભારાડી હતો. ફળિયામાં આજે એને બદલે એના વારસો વતાં કરે ને વારતહેવારે કે પ્રસંગે હૂકાપાણી કરે, વાયરો નાખે છે. હજી ઘાંયજાઓની રીતરસમો અને દાપાં ગયાં નથી. ગામડાં છે ત્યાં સુધી એય રહેવાનાં હશે.

ચોમાસાની આંધળી રાતોમાં ફળિયું કાળામેશ મેઘ જેવું. બોગદું જોઈ લ્યો! હેલીનો વરસાદ છમછમ કર્યા કરતો હોય ને જગત પાણી ભેળું ઓગળીને વહી ગયું હોય — પાસેનાં એકલદોકલ વૃક્ષો પણ ગુલામ મોહમ્મદ શેખનાં ચિત્રોમાંથી લાવીને ગોઠવી દીધાં હોય એવાં લાગે. પડસાળમાં દાદા પડિયા-પતરાળાં કરતા હોય ને શ્રાવણી બપોરે ફળિયું ભીંજાતું-નીતરતું હોય. ઢોર માટે કરેલી ઘાસની મેડીઓ ટપકતી હોય, ફળિયું કાદવ કાદવ બોલતું હોય, ગાડાં પરસાળે પેસીને સંકેલાઈ ગયાં હોય. ઘાસ ઘર સુધી ઊગી આવ્યું હોય, સીમ ફળિયાને ભોઠું પાડી દેતી દેખાયા કરતી હોય ત્યારે કૂવો સ્થિતપ્રજ્ઞ જેવો. આ ઋતુમાં તડકો કુંભારી નળિયાંને ધોઈને રાતાં કરી દેતો. હમણાં જ છાયેલાં ઘરોથી ગામ જરા નવું લાગતું. મહીસાગરમાં પાણી વધતું સંભળાતું, ભેખડો તોડતી નદી ક્યારેક ફળિયા સુધી આવી પહોંચતી. પટેલ દહીંની દોણી વધેરી એને વધાવતા, બાપુ ટચલી આંગળીએ વાઢ કરી મહીમાતાને ભોગ ધરતા, લુહાર નાળિયેર ફોડતા. મા ખમૈયા કરતી, પાછી વળી જતી. પાછાં ઊતરતાં પાણીને અમે ઓટલે ચઢીને જોયા કરતાં. ફળિયાની ફડક ઘટતી. પાછો એનો જીવમાં જીવ આવતો.

નવચંડી ને ગંગાપૂજનના મંડપો ફળિયે મંડાતા. ફળિયામાં નાત બેસતી. બત્રીસ મણનો લાડુ વપરાઈ

જતો. ગામ આખું ન્યાતની સરભરા કરતું. ફળિયામાં મોદો નંખાતી. શોક વખતે માથાં મૂંડાતાં. ફળિયા વચ્ચેથી ઘરડેરાંની નનામીઓ નીકળતી. કોઈના સાજેમાંદે ફળિયું ખડેપગે થઈ જતું. ફળિયામાં મંડપ મંડાતા. રાતી પાઘડીએ એની પારોયોને વીંટીને શોભા કરાતી. સાડીઓથી અને રંગીન કાગદીનાં તોરણોથી મંડપ શણગારાતાં. લગ્ન પૂર્વે પંદર દા'ડાઓથી ફળિયું ગાણાં ગાવા માંડતું. ફુલેકાં આવતાં. સ્ત્રીઓ ઢોલ સાથે તાલ મેળવી ધારો રમતી. દશ દશ વરરાજાઓ એક હારે ફુલેકે ચઢીને ફળિયાને ભરી દેતા. ગૅસબત્તીઓથી રાતો ઊજળી થઈ જતી. ઘાંચજાની તેલાળી મશાલ બળ્યા કરતી. કૃષ્ણલીલાના 'શલોખા' ગવાતાં. ફળિયું પોતે જ પરણવા ઊઘલ્યું હોય એવું થઈ જતું.

* 'વરને દા'ડો થોડો ને જવું વેગળે...'
* 'આંણી શેરીએ ચોખલી વેરાંય રે! ઝરમરિયું...'
* 'આંણી શેરડીએ તે શેનાં રે ઝમકાર વાજાં વાગિયાં રે...'

ફળિયું ગાતું-ગવરાવતું. નવાં કપડાં એકસામટાં બહાર પડતાં, પણ કન્યાઓ વિદાય થઈ જતી. પછીનું ફળિયું સાવ સૂનમૂન, માંદી ગાયની આંખ જેવું. બે બહેનો અને ત્રણ ભત્રીજીઓનાં એકસામટાં લગ્ન કરી છોકરાય અણવર તરીકે જતા રહેલા. પાંચ પાંચ મંડપ અમે છોડતા હતા. ઘરની ઓકળીઓ, બધા શણગારો સાવ અર્થહીન થઈ ગયાં હતાં. પાંચે કન્યાઓની વિદાય, એમની સંવેદનાઓ, ભીની આંખે ઊભેલું લોક! પછીનું ફળિયું નિરાધાર... અનિલના ગીતમાં ઢબૂકતો ઢોલ ને કેસરિયાળો સાફો ઘરનું ફળિયું લઈને ચાલ્યાં જતાં. પડઘા ડૂબી ગયા હતા... એ વસમીવેળા, એ સૂમસામ માણસો પછીથી ક્યારેય નથી અનુભવ્યાં ને એ સોંપો પડેલી સંવેદનાઓ કદી આછીઓછી થઈ નથી. ફળિયું આજેય એની આંખોમાં એ સાચવી બેઠું છે. અહીં નથી માઢ, નથી મેડીઓ, નથી ખડકી, નથી ખાંચાઓ. આ તો માત્ર ફળિયું છે, ખુલ્લું ફટાક ફળિયું.

અહીં દીકરાઓ વગરનું આયખું ભોગવતાં બે વૃદ્ધો જીવ્યા છે. ભલાદાદા અને જેલાદાદા. આયખાને એષણાઓએ બેવડ વાળી દીધેલું. બંનેનાં ઘર જુદે જુદે છેડે. બંને પડસાળે કે ઓટલે બેઠા હોય, ખોવાયેલું. ત્યારે લાગે કે ભૂપેન ખખ્ખરના ચિત્રમાં બેઠા છે. બંને પાસે ખેતી. સારી આવક. કામ કૂટી કૂટીને કાયાની કાંકરી કરી નાખેલી. હાંફતી હાલતે હળ હાંકે. ગાડે ચડે. મજૂર વગર લોભથી કમાય. કપડાં માટે સાબુય ન વાપરે. સવારે કઢી-રોટલા, સાંજે ખીચડી-ચટણી ખાય. અવતાર ધરીને સારું ખાધું હોય તો ફળિયાના પ્રસંગોમાં. ભલાદાદાની કાળી સીસમ કાયા, પરિશ્રમે ઘસાઈને ગોટલી થઈ ગયેલી. ડોસી ભેંસ સામે બેસી વિચારે ચઢે. જાતનું ભાન ન મળે, પણ લોભ એવો કે છાંટો ઘી ના ખાય. ઘીનાં કુલ્લાં ભરી દીકરીઓને મોકલે. સારું કપડું ન પહેરે. જેલાદાદા વાને ઊજળા. કાને સોનાનાં ફૂલ, પણ મેલથી ફાટી પડતાં કપડાં, બટન પણ ના હોય. ભારે અહમ્. એમનું નખ્ખોદિયું ખાનારાં કહે કે અમે જમીન ખેડી આપીએ ને હવે મજૂરી કૂટ્યા વગર સુખે રોટલો ખાવ, પણ અક્કરમીઓને એ અવળું લાગે. કોણ જાણે કયા જનમનું ભોગવે? ઈશ્વરે એમને કમતિ મેલવામાંય પાછું વળી જોયું નહીં હોય. ફળિયું આરામ ફરમાવે ત્યારેય આ બે ડોસલા તો વગડાની વાટે હોય. ડોસીઓ ઘરને બાથ મારી રહે. પેટીપટારાની ચાર પૈસા મિલકતને નાગણોની જેમ સાચવે. કોણ જાણે કોના માટે? આ ચારેએ નથી જગત જોયું કે નથી જાણી કશી ગતિપ્રગતિની વાતો. ગણીએ તો નિજમાં જીવનારાં આ પરિશ્રમીઓ છે ને આમ જોઈએ તો જડ મજૂરી કરવાને ટેવાયેલાં એષણાએ મજબૂરિયાં બિચ્ચારાં! આલનારે આલ્યું પણ આપણે વાપર્યું નહીં, વધાર્યું ને આયખું વગોવ્યું. ભાવિ ન ઊકલે તો ધૂળ નાખી વાતમાં, પણ જેને આવતી કાલનું ના ભળાય ને જાત વિશેય કાંઈ ન સૂઝે એને શું કહેવું? ફળિયાનાં લોક આમને તાકી રહે તાજ્જુબીથી. મદદ કરવા જાય તો છણકો કરે. ક્યારેક કાલાંવાલાં કરવા આવે. ક્યાંક ચપટીક ઉદારતા દાખવવા જાય, પણ પાછી મૂળ જાત મોઢું કાઢે. કર્મની કેવી ગતિ તે કોણ કમાય કોની વતી? આવતા જન્મારામાંય આવીને અહીં જ બાથ મારવાની હોય એમ જીવેલાં આ ચારેય વૃદ્ધો ફળિયાની અજાયબી બની રહેલાં. માણસનો સ્વભાવ દોરડી બળે પણ વળ ન મૂકે એવો.

મનનું મેલું ને લાકડાનું પોલું ન સમજાય. કંઈકેટલીય કહેવતો નવી ઘડવી પડે એવાં આ ચાર જણ. એમના વર્તન વિશે ફ્રૉઇડનું મનોવિજ્ઞાન પણ ખોટું પડે. માલિકે આવાં લોક પણ કશાક ઉદ્દેશથી જ ઘડ્યાં હશે? કે પછી એનેય ગમ્મત પડે છે?

એ વૃદ્ધોની સામે ભગાકાકાને મૂકો. ફળિયાની દખણાદે છેલ્લું ઘર. સામે ઠાકોરની મેડી. ગામના નાક જેવી દેખાય દૂરથી. ભગાકાકાએ વેઠ્યું, વાપર્યું ને વેડફ્યું, પણ હિમ્મત તો એમની. બોલીના શૂરા એમ મહેનતનાય પૂરા. અમલદારો-અધિકારીઓનેય ના ગાંઠે. કોઈથી ગાંજ્યા ના જાય, પણ સમયે એમને વચ્ચેનાં વરસોમાં ઠમઠોરેલા. પાછા લાઇનમાં વળાકામાં આવી લાગ્યા. બોલે તો ન્યાત સાંભળી રહે, ગામ ટોળે મળે. હમણાં જમીન રાખી સરખી કરાવી. લસણઆદુંની વાડી કરી. કમાય એથી દોઢું આદરે, બમણું વાપરે, ખાય, નિરાંતે ઊંઘે જગતને ઓશીકે મૂકી. કાને સોનાનાં ફૂલ ને છેલકડી પહેરે, તાંબા જેવો ચહેરો. કથ્થાઈ આંખો. ઢળતી રાતે હોકો પીએ ને રેડિયો સાંભળે.

ઠાકોર બંદૂક રાખતા. વારતહેવારે આભભડાકા કરતા. એય કામગરો જીવ. માણસ સાબદો ને સમજણો. રોગે ખૂટવ્યો. ઠકરાણી દીકરાઓને નળિયાં ઘસીને નવડાવે, રાતાચોળ ને ઊજળાભટાક રાખે. ઘર નરી સ્વચ્છતા. ગામડામાં આટલી ચોખ્ખાઈ ક્યાંય ન ભાળો. આવી સ્વચ્છતા હતી તોય પ્રભુતાએ વાસ ના પૂર્યો. કેમ કે મંછાઓ વળગેલી હતી એ આવનારું આરોગી જતી ને પ્રકટતા દીવાને ઓલવી નાખતી.

કૂવા સામે છે રાયજી માસ્તરનું ઘર. નોકરી ને ખેતી, બે પલ્લાંમાં બે પગ, રાયજી જિંદગીનો મત્સ્યવેધ કરે છે. છે સુખી, પણ હમણાં તો પરિશ્રમ થાય છે એટલે વાડી લીલી છે. વચ્ચેનાં ઘરોમાં થોડા માસ્તરો છે. થોડી ભણેલી વહુઓ આવી છે. પોલીસ-પટેલનો ઘસાયેલો હોદ્દો પણ આ ફળિયામાં છે. કેટલાય મહેનતુ પ્રામાણિક ખેડૂતો છે. છેલ્લે બે લાઇનમાં મારું ને મામાનું ઘર સામસામે છે. મામા અધ્યાપક છે. 'મામા' એમનું હૉસ્ટેલનું નામ છે. સ્વભાવે પોચા ને વ્યવહારે ખમચાતા, પણ પાકા જીવ. જે કરવું છે તે માટે તક જુએ, તાલ જુએ, વરસો જાય છે. મામી મહેતી છે. ઘરમાં બા છે. આખાબોલા ને સાચાબોલા, મહેનતુ બાપા અડધા છે, અંગે અને સંગે. ફળિયાનો રંગ અહીં વધારે ગાઢો છે, રાતે ઘણા આ લીમડીઓ નીચે બેસીને ગામગપાટા મારે છે. કથની છે એવી કરણી નથી બધાંની. છતાં ફળિયા પર માલિકની મહેરબાની છે. આમ જુઓ તો ફળિયે વેઠ્યું છે ને ઘણી સૂકીલીલી જોઈ છે. તડકા પડે છે, વાયરા વાય છે. બાવા માગવા આવે છે. નોકરો ભાતાં લઈને જાય છે. હવે તો વાહનવ્યવહાર છે, ફળિયામાં વીજળીની લાકડીઓ આવી છે. કૂવાનો કઠેડો જર્જરિત છે. વંડી તૂટી છે પણ વૃક્ષો ઊભાં છે. બીડીઓનાં ઠૂંઠાં બળે છે. રૂપેરી હોકા હવે ગડગડતા નથી. છોકરાની ફૅશનો જોઈને વૃદ્ધો બડબડતા રહે છે, પણ બગડતા નથી. ફળિયાની શેહશરમ છે એટલે ખાસ કોઈ ઝઘડતા નથી. ગામને માથે મોળ પર બેઠેલું છે આ ફળિયું. ઉગમણા પંથકમાં જવાનો માર્ગ પણ આ ફળિયાને વીંધીને જાય છે, પણ ફળિયું ક્યાંય જતું નથી, આવતું નથી. ઘરડું ફળિયું બાળકો ભેળું રમીને પાછું ફરીથી જુવાન થઈ જાય છે. આ ફળિયું મારામાં હજી જીવે છે. એ ફળિયામાં જીવવા હું વારે વારે વલખું છું, પણ હવે કડાણા ડૅમને લીધે ગામ ઊઠવા માંડ્યું છે. મારું ફળિયું ઊઠી ગયું છે ને બીજાં ફળિયાં પણ તૂટવાં માંડ્યાં છે.

[૧૨-૨-૮૮]

મોટાપાલ્લા

૫. ચોતરો

ચૉરો, ચોતરો અને ચબૂતરો.

આમ જોવા જઈએ તો ત્રણે એક જ જગાનાં નામો છે. ઘણી વાર ત્રણે થાનકો સબૂત હોય, તો વળી ક્યારેક ત્રણેમાંથી એકાદ માંડ ટકેલું હોય ને આજકાલ તો એય ના જોવા મળે. તોય જગા તો એ જ નામથી ઓળખાય. 'હોય ના માણસ ને એનું નામ બોલાયા કરે' — એવું! એક જમાનો હતો કે ખડકી વગરનાં ગામડાં નહોતાં. જોકે પરગણું બદલાય એમ 'ખડકી'ના પર્યાયો બદલાતા રહ્યા છે. ક્યાંક ડેલી, ડહેલું, માઢ, પાડો જેવા પર્યાયો મળે છે. ટાઉન થઈ ગયેલાં ગામડાંનો ચહેરો બદલાઈ ગયો હોવા છતાં હજી ત્યાં ખડકીઓ છે, ચૉરા-ચબૂતરાય છે. મોટી 'સીટી' થઈ ગયેલાં શહેરોમાંય માઢ ને ચબૂતરા, ખડકી ને ડેલીઓ છે. અમદાવાદમાં હઠીનો ચૉરો બચ્યો નથી. પણ સરનામામાં એ હયાત છે. પાટણ એવા 'પાડાઓ' માટે તો ઈડર-લુણાવાડા એવા 'માઢ' માટે પ્રખ્યાત છે! ચરોતરનાં ગામડાં ખડકીબદ્ધ છે. પંચમહાલમાં મૂળથી મોકળાશ... ઘર અલાયદાં ને આંગણાં ખુલ્લાંફટ્ટાક. ટેકરીએ ટેકરીએ ઘર; ખેતરે ખેતરે ઝૂંપડી!

ખડકી કે મોઢમાં પાંચસાત મકાનો હોય. મોટે ભાગે એકાદ કુટુંબનો વિસ્તરેલો કબીલો હોય. સૌ એકબીજાની સાથે રહે ને દેખભાળ થાય. વહુદીકરીઓની લાજમલાજા સચવાય, ચોર-ડફેરોનો ભય પણ ઓછો થાય. ખેડાનાં ગામડાંમાં આવી ખડકીઓ વધુ છે. ખડકીઓનાંય જાતભાતનાં નામ... વચલી ખડકી તો બધે હોય... પણ અંબામાની ખડકી કે મોટી ખડકી, દાદુભઈની ખડકી ને બાપાની ખડકી... મહેસાણાનાં ગામડામાં ખોડભઈનો માઢ, મઈદાનો માઢ, સાબરકાંઠામાં વકીલનો માઢ, લુણાવાડામાં દુલાભઈનો માઢ મળે... ક્યાંક કંપાણી પાડો હોય ને વચેટ વહુની ડેલી પણ હોય. સોરઠમાં લાજમલાજોનો મહિમા આજેય એવો છે કે પાકાં ધાબાબદ્ધ મેડીમાળવાળાં મકાનો થાય તોય ઘણી જગાએ ખડકી તો રચવાની જ! ખડકીની એક સોઈ છે, એમાં 'પ્રાઇવસી'નો આધુનિક અર્થ ન હોવા છતાં ઘરજીવનની અંગતતા ને બાંધી મુઠ્ઠી લાખની — નો મહિમા વસેલો છે.

સંક્રાન્તિકાળમાંથી પસાર થતાં આપણાં ગામડાંનો ચહેરો કૈંક વિરૂપ ને વરવો લાગે છે. નળિયાં-પતરાંનાં છાપરાં વચ્ચે હવે ધાબાંઓની સપાટતા માથું ઊંચકી રહી છે. આપણાં વ્યવસાય, વાતાવરણ અને આબોહવા તથા રીતિરિવાજો અને માનવભાવનાઓના સંદર્ભમાં આ પાકાં — ધાબાવાળાં ફ્લૅટ્સ કે અૅપાર્ટમેન્ટ્સ કહેવાતાં મકાનો આપણને જરાય અનુકૂળ નથી ને તોય આ વિજ્ઞાનયુગનો (જેમાં વિજ્ઞાનને અવગણીને) પ્રભાવ તો જુઓ — ધાબાવાળાં મેડીબદ્ધ મકાનો હવે 'સ્ટેટસ સિમ્બલ' બની ગયાં છે... ગામડાંમાં પણ! ખેતરમાં રહેનારો હવે દીવાલોમાં પુરાયો છે ને દીવાલોમાં પુરાયેલો શહેરીજન 'ફાર્મહાઉસ' કરવા ગ્રામપ્રદેશ સુધી જવા ઝંખે છે!

આ બદલાતી પરિસ્થિતિઓ વચ્ચે જનમાનસમાં પેલા ચૉરા-ચબૂતરા-ચોતરાનો મહિમા બચ્યો નથી. હવે એ બધું સ્મરણ રૂપે વાગોળવા માટે છે જાણે!

સોરઠમાં ચૉરા હતા... ગુજરાતમાં ચોતરા-ચબૂતરા! બહુધા ગામ વચ્ચે કે ક્યારેક ગામભાગોળે ચૉરો હોય. તળાવ-પાળ, વડલીમડા કે કૂવાની પગથારવાળાં પાદરમાંય ચૉરા-ચોતરા પાસે ચબૂતરો ચણેલો હોય... ગોળાકાર. એની ભીંતોમાં દીવા મૂકવાના ગોખલા હોય ને માથે પંખીઓને ચણ નાખવાની જગા, ઉપર ભાતીગળ છતરી ચણેલી હોય... પાણીની કૂંડી પણ હોય, પણ લાકડાના મજબૂત થાંભલા માથે છતરી

આકારે કલાત્મક કોતરણીથી બનાવેલા ચબૂતરાનો વટ જુદો!

આ ચૉરા-ચબૂતરાની પાસે, પડખામાં હોય પરબડી! ઘણી વાર ચબૂતરાનેય પરબડી કહે છે. મારા મધવાસ ગામની એ પરબડી, લાકડાના એ કલાત્મક ચબૂતરા આજે નથી રહ્યાં. પણ મારા મનમાં એમનું કાયમી આસન છે. પરંપરાઓ જેમ વિલાતી-વીસરાતી જાય એમ કોણ જાણે કેમ વ્હાલી લાગવા માંડે છે! એમાંય પ્રેમ કે લાગણી જેવું છે. પાસે હોય ને પામ્યાં હોઈએ એની જાણે કશી વિસાત નથી રહેતી ને જે છૂટી જાય છે, વેગળું રહી જાય છે એને માટેનો ઝુરાપો વધતો જ ચાલે છે... જાણ્યાં છતાંય વ્યતીતરાગમાંથી મુક્ત થવાતું નથી. વ્યતીતમાંથી મુક્તિ મેળવવી એટલે પરંપરાઓ તરફ પીઠ ફેરવી દેવી. વ્યતીત તો મારા માટે માંહ્યલો આધાર છે. અતીતને હું અળગો રાખીને જીવી નથી શકતો એટલે મને મોડાસાના સાંકડા બજારના ચોરાહે ઊભેલી પરબડી દેખાયા કરે છે — આજેય! બાકી, મારા ગામમાં ન ચોરો હતો ન ચબૂતરો! પાદર અમારો બારમાસી વૈભવ. ગામ વચ્ચેનું ભાઈરામકાકાનું ઘર, એનો ઓટલો-આંગણું તે આખા ગામનો ચૉરો-ચોતરો કે ચબૂતરો, જે ગણો તે! મહી નદીનાં પૂરે ગામ ભાંગ્યું પછી તો એય ઉજ્જડ વેરાન. નવી વસાહતે વળી વડ ઉછેરીને ચોતરો કર્યો છે, પણ આ યુગ કાંઈ ચૉરા-ચોતરાનો નથી. હવે તો 'બસ-સ્ટેશન' અને ત્યાં ઊભેલાં લારી-ગલ્લાંની 'નવી સભ્યતા' આવી ગઈ છે...

પેલા ચૉરા-ચોતરાઓ ન્યાયાન્યાય ને સમાજજીવનની રોજિંદી રફતારના સાક્ષી હતા. ગામમાં લડાઈઝઘડો થયો હોય, તો સાંજે ચૉરે એની રજૂઆત થાય, વડીલો ન્યાય તોળવા બેસે. નાનકડી પંચાયત! ક્યારેક તો એ ખરેખર 'વહેંતિયા' પંચાયતિયાઓની મંડળીની મનમાની કરવાનું સ્વરૂપમાત્ર બની રહેતી. પક્ષપાત વગરનો ન્યાય ક્યારેક જ થતો... ગરીબને સૌ કોઈ પદાવે. એની સાક્ષી ચૉરો જીવતરભર ભર્યા કરતો. તલાટીનો મુકામ ચૉરે, ગુનાસર કોઈને પકડવા સિપાઈઓ આવે તેય ચૉરે... સારીનરસી વાતોનો પ્રચારપ્રસાર કે અફવાઓનો ફેલાવો તેય ચૉરે! ચૉરો એ જમાનાનું થાણું હતો! નવરા નખ્ખોદિયા રમનારાં નિશાળિયાંય આવી ચઢે. કોઈ છોકરું રિસાઈને ચૉરે બેસી રહે. ઘરડા દાદા પણ મનથી દુભાય તો ચૉરે જ પાઘડી પાથરીને બપોરિયું ગાળે. ઘરડેરાં અલકમલકની વાતો કરવા ચૉરો પસંદ કરે. ચૉરો ગામનું જાણે કે રેડિયો-સ્ટેશન, ચોતરો જાણે મલકનું સમાચારપત્ર! સાંજસવાર ચૉરો ગામનું જાણ કે ટીવી સેન્ટર!

ચૉરે ખેતીનાં ઓજારો ટીપનાર લુહારિયાનો મુકામ. એની વહુ કોઈ કારણે ચૉરે મરી ગયેલી. તે ગામલોકોને વેળાકવેળા એનું ભૂત દેખાય. કન્યા પરણીને વિદાય થાય ને મંદિરે દર્શન કરી ચૉરેથી સાસરિયે સંચરે ત્યારે પેલી 'લવાઈણી' એની હાર્યે થઈ જાય ને રસ્તામાં કન્યા લવારો કરવા લાગે... રોટલો-ડુંગળી ખાવા માગે... જાનડીઓ હસીને કહે, 'ઓહ! નવાં ભાભીને તો પેલી 'લવાઈડી' વળગી સે...' પછી મંતરેલું પાણી ને દોરોધાગો થાય... કન્યા સાજીસમી પતિના ઘરમાં પ્રવેશે.

ચૉરે નટ નાચવા આવે, ચૉરે રેલ્લા વેચનારા સિન્ધી કે વણકર વેપારી આવે, મુકામ કરે. રૂમાલમાં હાથ ઢાંકી બેઉ પાર્ટી પરસ્પરની આંગળી દાબીને માલનાં મૂલ કરે. ક્યારેક હાથીવાળા બાવા આવી ચઢે ને ચૉરામાં ગામ સમાય નહીં... રામદેવપીરની મંડળીઓ, અગિયારસની ભજન-મંડળીઓ ચૉરાને જીવતો રાખતી. વૃદ્ધો ચકરડીમાં ભીંડી વીંટતા પાન કાઢતા હોય, પરસંગ મેળાતા હોય. મેળા ભરાતા હોય — બધું ચૉરાની સાખે. શિયાળો શીંગોડાં વેચતી રૂપી કાછિયણ પરબડી પાસે ટોપલો લઈને બેસે. બાજુમાં બોર લઈને માલી બારિયા બેસી રહે... પાસે ઘાંચીની દુકાનમાં છોકરાંટોળું ગોળીઓ લેવા મંડરાતું હોય... ચોમાસે વેતર આવેલી ભેંસોને પાડે બંધાવવા લૈને કણબીઓ આવ્યા હોય... કોઈ દૂરના ગામની કાળોતરી લઈને આવેલો ભંગી-નાવણિયો ચિઠ્ઠીઓ વંચાવતો હોય... લોકાચારે આવેલાં બૈરાં મોંવાળીને ઠર્યાં હોય... ચૉરો સૌ વાતનો સાક્ષી! ગામની 'તબિયત' ચૉરે-ચબૂતરે પરખાઈ જતી... હવે તો એવાં સ્મરણોય પોપડા થઈને ઊખડતાં-ખરતાં જાય છે.

[૭-૭-૯૭]

૬. પાદર

ગઈ કાલ સુધીના ગામની એક છબિ આંખેથી ઓઝલ થતી નથી. એ છબિ તે પાદરની. ચરોતરમાં પાદરને ભાગોળ કહે છે, પણ અમારા પંચમહાલમાં (તથા દક્ષિણે ભરૂચ સુરત તરફ) ગામના મુખ્ય પ્રવેશને પાદર કહે છે. પાદરેથી જ ગામ પરખાઈ આવે. પાદર એટલે ગામનો ચહેરો-મહોરો. માટેરી, નાળિયેરી બેઢાળિયાં ઘરોવાળાં ગામો... એનાં મોટાં ફળિયાં... પ્રત્યેક ઘર પછીતે મોટા વાડા, વાડામાં ખળું, ઘાસનાં કૂંધવાં. નાહવાધોવાના પથરા ને પાણીનાં માટલાં તેય પછીતે. ઊતરતે ચોમાસે, શરદના દિવસોમાં સીમ ખળે ઠલવાય ને જોતજોતામાં વાડાઓમાં બધે ડાંગર-મકાઈ-બાજરીના ઘાસનાં કૂંધવાં મંડાઈ જાય. ગામ આવાં કૂંધવાં વચ્ચે વસેલું લાગે... ગામને પાદરે પણ કોઈકના વાડા પડતા હોય ને ત્યાંય ઘાસની ગંજીઓ કે પરાળના મોટા આંગલા મંડાયેલા હોય. લુણાવાડિયા પાટીદારોનાં આવાં ગામડાં આજેય મોકળાશથી વસેલાં લાગે છે.

પંચમહાલમાં પાદર વગરનું ગામ તમને ભાગ્યે જ મળશે. આ પાદર ગામની શોભા... બધો વટ પડે કે પાડવાનો હોય તે આ પાદરમાં... ઘણા કહેતા સંભળાય કે 'વટ પડ્યો વડોદરે ટેસ પડ્યો ટેશને, પણ પોતાનું પાદર તે પોતાનું.' ઘણે દા'ડે ઘેર વળતો મનેખ પણ પાદરની ધૂળમાં પગલું પાડે કે એના જીવને ટાઢક થાય. મા અને માટી બેઉ અહીં પર્યાય હોય છે.

મોટા પાલ્લાનું પાદર મોકળાશવાળું...

ધોરીવાટ ગામ ચીરતી પાદરે આવીને અટકે... તળાવની પાળે થઈને વહી જાય. પાધરી નાના પાલ્લાની બગલમાં થઈને દૂરનાં ગામે જવા... બીજા બે ફાંટા અડખેપડખેની સીમમાં જાય... ઓતરાદો ગાડાંચીલો મહીસાગર તરફ વળી જાય... મારગ બધો ધૂળિયો... ધૂળ સાફ... આછી કરકરી ને વધારે સુંવાળી... ગાડાચીલા વધુ રળિયામણા લાગે... એની ટાઢીહેમ ધૂળમાં હુતુતુ ને ખોખો, લંગડી અને પકડદાવ રમવાનાં... એ બહાને વાતેવાતે બથોબથ પડવાનું... ખરા લંગોટિયા 'દોસ્તારો' તે આ ધૂળમાં જોડે રમીને મોટા થયા હોય તે... આખા પાદરમાં માફકસરની ધૂળ... વચ્ચે રમવાના મેદાન કરતાં એટલી બધી જગા... જૂની રમતો તો ગામને જાણીતી... પણ બાજુના ગામ મધવાસમાં હાઈસ્કૂલ આવી... એમાં ભણનારા નીકળ્યા... ને એ વૉલીબૉલ લઈ આવ્યા... અમે એ રમવા સાંજે પાદરમાં થાંભલા ખોડીને નેટ બાંધીએ... આખા ગામનાં છોકરાં જોવા ઊમટે... ખેતરે કામે જતાં-વળતાં લોક ઊભાં રહીને જુએ, અચંબિત થાય... બાજુમાં વર્ષો જૂનો કૂવો... કૂવે પાણી ભરવા આવતી સમવયસ્ક કન્યાઓ કે વહુવારુઓ દડો રમતા અમને જુએ એ 'અવસર' લાગે ને મનોમન જીવ પોરસાય... રમવા સારુ પડાપડી થાય... લાગવગ લગાડાય... નેટ-દડાના પૈસાની ઑફરો મુકાય... પછી તો એવાં બેત્રણ મેદાનો થઈ ગયાં... વડીલો જરા વીફર્યા... 'મારાં ઠેહાં ભણવું મેલીને આ દડો કૂટવાનું ચ્યાંથી શીખી લાયાં...!'

પાદર અને ગામની એક ધારે પીપળ નીચે શિવાલય... રમણીક અરાલવાળાની કવિતામાં આવે છે એવું — ખરેખરું 'શંભુનું જીર્ણ દેરું...' એને પતરાંની પડાળી... એમાં શીકામાં મૂકેલો ઘડો તે શિવજીની જળાધારી... ટપક્યા કરે... ખાલી ઘડો અમેય ભરી દઈએ... એના જીર્ણતૂટ્યા ઓટલે ખમીસ કાઢી આડા પડીએ... ચોમાસે વરસાદ ખેંચાય ત્યારે શિવજીને પાણીમાં ડુબાડી અકળાવવા આખા ગામના મોટિયારો

બપોરે હલ્લો કરીએ... શિવજી અકળાય અને એકબે દનમાં વાદળાં થાય, પછી વરસાદ પડે... અમને શિવજીમાં શ્રદ્ધા વધે. પીળી કરેણનાં ફૂલો સિવાય ત્યાં કદી બીજાં ફૂલો ભાળ્યાં નથી... ગામમાં શિયાળે હજારીગલ થાય કોકના વાડામાં... ક્યાંક મળે બારમાસી... બાકી ફૂલો તો લક્ઝરી ગણાય મારા ગામમાં, આજેય! એ શિવજીની પૂજા કરવા મધવાસથી એક વૃદ્ધ બ્રાહ્મણ સોમવારે આવતા... ઘી-આટો ઉઘરાવીને પાછા વળી જતા.

પાદરના કૂવા પાસ ચૉરો—એની પડખે બે પાળિયા. લડતાં લડતાં ખપી ગયેલા કોક રજપૂતની કથા એમાં જોડાયેલી. હોળી-દિવાળીએ આ પાળિયાની પગથારે દીવા મુકાય. બાકી ચૉરે નિશાળેથી નાસી આવેલાં ટાબરિયાં પત્તાં રમવાનું શીખ્યા કરતાં... ઓતરાદી પા નિશાળનું નોંધારું ને નવું મકાન થયેલું. રાવજીની નવલકથાની નાયિકા 'લલિતા' બદલી થઈને રાવજીના ગામની નિશાળમાં જાય છે. એ વાંચું ત્યારે લલિતા હંમેશાં મને આ મારા ગામની નિશાળમાં ભળાઈ છે. કેમ કે એમાં એક એવાં શિક્ષિકાબહેને ઘણાં વર્ષો નોકરી કરી છે. જાતે સંસાર મૂકીને શિક્ષણ સ્વીકારેલું. સદાય સફેદ વસ્ત્રોમાં એમને જોયેલાં... ને 'મીરાં'ના નામોચ્ચાર ટાણેય મનમાં પાછાં એ જ મૂર્તિમંત થઈ રહે. મારી નિશાળ તો કોઠિયે ને પડસાળે બેઠેલી... આ તો નવી નિશાળ! પણ એમાં ઘણી વાર માસ્તરોનાં ચા-પાણી, ડોડા શેકવા, ભજિયાં-નાસ્તાની મહેફિલો વિશેની વાતો થાય... પાદરની શોભામાં ખસૂસ વધારો કરતી એ નિશાળ આજેય ઉજ્જડ પાદરે નતશિરે અદબથી ઊભી છે. એ દેખાય...! કૂવાની સામે મોટો વડલો. બાજુમાં આઘો ખખડધજ લીમડો વડ મૂકો ને નાનકડી તળાવડી. વડની બીજી તરફ મકતી જગા. એમાં ફાગણી પૂનમે હોળી પ્રગટે. તળાવડીની સામે પાર બે કોઠીનાં ઝાડ. એ ઝાડ નવા વર્ષે ઝાયણીએ દર્ભની વણેલી તોરણ બંધાય. ગાયો ભડકાવવા લોક ભેગું થાય. હોળી પ્રગટે એ જગાની બાજુમાં બે મોટાં આંબલીનાં ઝાડ, એ ભૂતઆંબલી કહેવાય. રાતે બાર વાગ્યા પછી પાદરમાં ચૉરા પાસે જોગણીઓ રમવા ઊતરે. ગરબાની ઘૂમર મંડાય. જોનારું છળી જાય તો તાવ ચડે ને મરણ થાય એવી વાયકા. પાદરમાં ત્રિભેટે બેડિયાં મુકાય ને ઉતાયણાં (રોગદોગ વાળેલાં મંત્રતંત્રનાં પાણી કંટાળાં-ઘડા વગેરે...) નીકળે. દિવસે કૂવાકાંઠો ખાલી જ ન પડે, રમનારાં છોકરાં, વડ નીચે વાગોળતાં ઢોર, વટેમાર્ગુઓ; પણ રાતે પાદર ભેંકાર. વાતો એવી વહેતી થયેલી કે નબળોપાતળો જીવ એ તરફ સાંજના નવ પછી ડાફેર પણ ન મારે...

પાદર પ્રસંગે ટાણે ઘરઆંગણું. પરણવા ઊઘલીને આવતી જાનનો મુકામ પાદરના વડ નીચે. કન્યાવિદાયની ભીની ક્ષણો તળાવની પાળેથી વિખૂટી પડે. સીમંતવાળી વહુવારુ શિવજીને પગે લાગવા આવે ને પાળિયાઓનાં દર્શન કરે. વરને ગાનારીઓ અહીં પાછી ધારો રમે. ગામના પરણવા ચઢેલા યુવાનોનાં ફુલેકાં પાદર ચંપાઈને પાછાં વળે. એમાં પ્રેમીઓનાં આંખ-મન મળ્યાંના લહાવા ભળે. હોળીના ઢોલ પણ અહીં ઢબૂકે. સાઠ વર્ષના કણબી એવે ટાણે તાનમાં આવી દાંડિયા રમે. પગી-બારિયા ઢોલ સાથે વેશ કાઢી રમવા આવે. ચાર ચાર ગામનાં ઢોલ ભેગાં થાય. ગામો ઊમટે, યૌવન રમણે ચઢે. જોનારાંથી ઝાલ્યાં ન રહેવાય એવા થનકારા થાય. હોળીએ શ્રીફળ ચારવા નવા પરણેલા મોટિયાર આવે ને પહેલી વાર દીકરાના બાપ બનેલા ફરજિયાત આવે. નારિયેળની બાધા થાય. દીકરાને પગે લગાડાય. વહુદીકરીઓ ઘૂમર માંડીને ગાય :

'ઊંડો કૂવો તે માદળ સાંકડો રે...
અલ્યા સરખી સાહેલીની જોડ્ય મારા વાલા...'

ફાગણી પૂનમની ચાંદનીમાં પાદર પલળી જાય. સૌ નિરાંતે બેસે, વાતે ચઢે. ક્યાંક નવી આવેલી વહુવારુઓ ધૂળ ઉરાડી ધુળેટીનો આરંભ કરે. કોક દિયરિયો ભાભીના ઓરતા પુરાય કરે. ધીમે ધીમે હોળી ઠરે. ટાઢ લઈને શિયાળો નદીકાંઠે ચાલ્યો જાય. ઉનાળાના બાકળા ભૂતઆંબલીએ વેરીને લોક ઘેર જાય,

હોળીનો ચોકીદાર રહે — એ જ જાણે ઉનાળો!

બેસતા વર્ષનો દા'ડો તે ઝાયણી. દેશદેશાવર — અમદાવાદ, વડોદરે કે સુરત કમાવા ગયેલા મોટિયારો, કારખાનેદારો, માસ્તરો ને મહેતીઓ દિવાળી ઉપર અચૂક ઘેર આવે. ઝાયણીની સાંજે બધાં ભેગાં થાય પાદરમાં. ગોવાળ દર્ભઘાસના ભારા લાવ્યા હોય, એમાંથી જાણતલ વડીલો સાત પૂતળીઓવાળી ઝાડી તોરણ વણે. નોકરિયાતોનાં ઊજળાં ને નવાં કપડાં ઘેર રહેનારાં કુતૂહલથી જોઈ રહે, કોક ભાવ પૂછે. અચંબાથી આંખો પહોળી કરે. સૂતળી બૉમ્બ ફૂટે, પરદેશી હવાઈ ને બલૂન લાવ્યા હોય તે ચઢે. ગાયો તોરણ ચઢાવવા માટે ભડકાવીને લાવે. લક્ષ્મી છાપ જાડા ફટાકડા ફૂટે. ગાયો ભડકે ને દોડે, જેની ગાય તોરણ નીચેથી પહેલી પસાર થાય તેને ઘેર ગોળધાણા ખવાય. તારામંડળ સળગે ને સૌ લોક બબ્બેની લાઈનમાં થઈને ખભેખભો મિલાવી, 'રામરામ' બોલતાં બોલતાં ભેટે—મળે. આખા વર્ષનાં વેરઝેર ભૂલીને મળે ને થોડી વારમાં પાછું પાદર અંધારું ઓઢીને એકલું થઈ જાય. નવું વર્ષ ઘેર ઘેર દાળભાત કંસારમાં પડે. એ જ મીઠાઈ ને એ જ મેવા. વાત પાછી વર્ષને ઓથે પડે. ગંભીર વડ બધી વાતનો સાક્ષી બની રહે.

આ પાદરે જતીવળતી જાનના વિસામા થાય. હાથીવાળા બાવાઓ પડાવ નાખે. દોરડે ચાલનારા નટના ખેલ થાય. ભવાઈના વેશ અને અમે કરેલાં એવાં નવા જમાનાનાં નાટકો થાય તેય આ પાદરમાં. લવારિયા ગાડાંના પૈડે વાટો ચઢાવવા આવે, જિપ્સીઓના ડેરા પડે. માગનારા રાવળિયા પણ પાદરે ઊતરે. ગામમાં મરણ ટાણે કાણે-મોંકાણે આવનારાં બૈરાં પાદરે પહેલું મ્હોંવાળે! આદમી ત્યાં એકઠા થઈને પછી આગળ વધે. વળતાં બધાં પાદરેથી વિખરાય. છાનાંછપનાં મળનારાં કાઠી છાતી રાખીને રાતે પાદરમાં ખૂણેખાંચરે મળે, ભૂતપ્રેત એમને કાંઈ ન કરે. સીમના રખોપિયા અધમધરાતેય પાદર પાર કરી જાય-આવે. મરણ પામનારની નનામી પાદર થઈને પહોંચે મહીકાંઠના મસાણે. સૌભાગ્યવતીના ચૂડા ફૂટે પાદર-તળાવની પાળે. રોન ફરનારા પાદરેથી દિશા વહેંચીને નીકળી પડે. પાદરેથી ગાડાં જોડાય પરગામ જવા ને પરગામીનાં ગાડાં છૂટે આ પાદરે.

મધવાસ ને મુવાડાનાં મનેખ પાદરને 'ગુંદરો' કહે, એટલે કે ગોંદરો. એવાં ગામોમાં પાદરે મંદિર હોય, ડેરી કે પંચાયતઘર હોય, નાની હોટેલ-હાટડી કે એકાદ પાનનો ગલ્લો મળી આવે. નવો જમાનો બેઠો છે — હવે પાદરે ચહેરો બદલાવી લીધો છે. બસ-સ્ટૅન્ડોએ પાદરને વરવાં કે વિકૃત કરી નાખ્યાં છે. નબળાં લોકના અડ્ડા બની ગયાં છે પાદર તો. મારા ગામનું પાદર ઊજડી ગયું છે. '૭૩નાં પૂર ગામમાં ફરી વળેલાં. નીચી ફળી ને લુહારવાડો જમીનદોસ્ત થઈ જતાં ગામ અડધું નવી વસાહતે વહી ગયું. હવે શિવાલય નથી રહ્યું. શિવજીને નાની દેરીમાં જેલવાસ અપાયો છે. ચોતરો પડી ગયો છે, પાળિયા પથરાને ટેકે ઊભા છે. કૂવાની વંડીઓ તૂટી ગઈ છે. લીમડો કપાઈ ગયો છે. વડ પાંખો પડી ગયો છે. તળાવડી દબાણોમાં ચાલી ગઈ છે. ભૂતઆમલીને ભૂતાં ખાઈ ગયાં છે. એકલીઅટૂલી નિશાળ નિરાશામાં ગરક છે. ઊબડખાબડ પાદરે હવે હોળી-ઝાયણી ઝાંખાં પડીને ભૂંસાવા માંડ્યાં છે. પાકી સડકના સ્ટૅન્ડે ગામ વળી જતાં પાદર 'પાધર' થઈ ગયું છે, પણ મારા મનમાં પાદર હજી અકબંધ છે.

૧૯૯૬

૭. આરો-ઓવારો

આરો એટલે કાંઠો, ઓવારો. પાણી ભરવાનો, ન્હાવાધોવાનો ઘાટ, કિનારો એટલે આરો-ઓવારો. ગઈ કાલ સુધીની ગ્રામીણ સંસ્કૃતિમાં આ આરા-ઓવારાનું ઘણું મોભાભર્યું સ્થાન રહ્યું છે. આજે પણ ઘણાં તળનાં ગામડાંઓમાં જીવનનો એ અકાટ્ય હિસ્સો છે.

ગામડામાં, જ્યાં નદી કે તળાવકિનારે સ્મશાન પણ હોય છે — ત્યાં એને લગતી ગાળો બોલાય છે. એવી એક રૂઢિ પડી જાય છે. મારી મહીસાગરને આરે આવા ત્રણચાર જાતના ઓવારા છે — આરા છે. એમાં દૂરનો ઊગમણો પથ્થરિયો આરો તે સ્મશાન તરીકે વપરાય છે. ગામેગામનાં શબ ત્યાં આવે ને ચિતાઓ ખડકાતી રહે... એની નજીકનું ગામ તે રાજગઢ. એટલે કેટલીક કહેવતો — રૂઢિઉક્તિઓ પણ બની ગઈ છે... ‘રાજગઢને આરે લઈ જવો...’ ‘રાજગઢ ચઢાવવો...’ ‘રાજગઢ વળાવવો...’ આ બધાંનો અર્થ થાય છે... ‘રામ બોલો ભાઈ રામ!’ ઝઘડો થાય કે ગુસ્સો આવે ત્યારે ગાળો બોલાય છે.

‘તને રાજગઢને આરે ચઢાવે!’ ‘તારો આરો માંડું!’
‘તને મહીસાગર ચઢાવું.’ ‘તને મહીમાતા ભરખે...’

લોકો માને છે કે ગાળ કાંઈ ચોંટી રહેતી નથી. થોડી વારમાં ખરી જાય છે. કેટલાંકને તો આવી ગાળ ‘ઘીની નાળ’ જેવી લાગે છે. ‘તારો રાજિયો કૂટું.’, ‘તારો ઓશલો કૂટું’ — જેવી ગાળ મા પ્રેમથી, પોતાના દીકરાને દે છે. ગુસ્સે થયેલાં માવિતર પણ અમને — ‘ઉં તો કહું સું કે મરો, કોઈ ના મરે તન્ધાડે (તે દા’ડે) મરો’ — જેવી આશીર્વાદભરી ગાળ દેતાં... કોઈ પણ ના મરતું હોય એવો દિવસ તો પૃથ્વી ઉપર હોતો જ નથી... એટલે ઉક્ત ગાળમાં ચિરંજીવી બનવાની શુભાષિષો છે એ અમને મોડું સમજાયેલું.

મહીસારનો એક મુખ્ય આરો તે અમારે ઢોર પાવાનો ને ન્હાવાધોવાનો, રેતીમાં આળોટવાનો આરો. ઢોર પાવા જવાનું તો બ્હાનું જોઈએ... પછી ન્હાયા કરવાનું ને પાણીમાં રમ્યા કરવાનું. આ આરે નવી વહુવારુઓ ને ભાભીઓ સમેત સૌ કપડાં ધોવા આવે... શૈશવમાં એ જોવનાઈભર્યાં ડિલે સૌને ન્હાતાં જોયેલાં તે દશ્યો નદી જોતાં જ તાજાં થઈ જાય છે. નવી આવેલી દેરાણીવહુને પિયર સાંભરતું હોય ને એ રડું રડું કરતી છેવટે રડી પડતી હોય, જેઠાણીવહુ એને પટાવતાં હોય કે ‘કાલે જજે... બે દંનમાં શું ખાટુંમોળું થઈ જવાનું —’ કોક વળી નવી વહુને ચીમટો ભરી ચીડવતી હોય કે ‘ચ્યમ, પિયરનો પાડોશી સાંભર્યો છે કે પછી મારા ભઈ “બોલતા” નથી?’ પેલી નીચેનાડે રેતીમાં લીટા દોરતી હોય. અમને કશાય લેખામાં લીધા વિના આવી વાતો કરનારાં તો આગળ વધીને ‘રાતની મજાક’ પણ કહેવા વળતાં — અમે તો એમને મન નાગોડિયાં છોરાં! અમને એમાં શી સમજ પડે? પણ અમે આવું સાંભળી-જોઈને પાક્કા થઈ ગયેલા તે ના સાંભળવાનો દેખાવ કરીનેય બધું સાંભળી લેતા. ક્યારેક ભાભીઓને પજવવા એમની વાતો જ એમને સંભળાવતા. નદીના આરે આવું સંસારશાસ્ત્ર ચાલતું હોય છે. જીવનને નદી સથે સરખાવનારોય નદીકાંઠેથી ઘણું શીખ્યો હશે, અમારી જેમ સ્તો!

નદીનો એક ત્રીજો આરો, થોડો પથ્થરિયો. મોટા પથ્થરોની આડશો ને એમાં બાવળિયાં ઊગેલાં. પુરુષો અહીં દૈનિક વિધિ પતાવીને નિરાંતવા ન્હાય. અમેય જઈ ચઢીએ ક્યારેક. ત્યાંય ઠઠ્ઠા-મશ્કરીઓ ચાલતાં હોય. જોકે ઓછાં ને ધીમાં. કોણ કોની સાથે ‘મોજ’માં છે? કોનું ગાડું કેટલે છે? કોણ ક્યાં ‘પેસી-નીકળે’ છે

એ બધુંય આ જવાનિયા ને આધેડો ચર્તતા હોય. ક્યારેક ગલાકાકા, મથુરકાકા જેવાય આવી ચડે તો એ પોતાની જવાનીના એકબે અનુભવ કહે ને એમ રંગત આવી જાય, નદીનાં ચોખ્ખાં નીર વ્હેતાં વ્હેતાં આ જિન્દગીની વાતોનેય વહી જતાં હોય. આજેય પેલું લોકગીત :

'મારી મહીસાગરને આરે ઢોલ વાગે સેં...'

—સાંભળું છું ને નદીના બધા આરા-ઓવારા મારામાં બેઠા થઈ જાય છે. જોકે આ લોકગીતનો અર્થ હું સાવ જુદો જ પામું છું. 'મારી મહીસાગર' એટલે મારી અંદર, મારી ભીતરમાં વહેતી ચેતના... આ સંચેતના તે શક્તિ! ને એ જ મારી મહીસાગર! એના કાંઠે વાગતો ઢોલ તે જાગરણનો, શક્તિપૂજાની સવારી વેળાનો ઢોલ...

નદીકાંઠાના ગામને તળાવનો આરો ઓછા ખપનો લાગે. આ તળાવ-આરે પુરુષના મરણ પછી એની વિધવાને 'ચૂડીકર્મ' માટે ગામની સ્ત્રીઓ લઈ જાય. જુવાનજોધ રંડાપો હોય તો એ અબળાનું કલ્પાંત તળાવનાં પાણીનેય સ્તબ્ધ કરી દે. પાસે વડ-લીમડાનાં ઝાડ ને બાજુમાં હોય જીર્ણ શંભુ-દેરું! બધી બાઈઓ તળાવે નહાઈ શિવ શિવ કરતી મંદિરઓટલે બેસે. ને પાછી વળતાં છાજિયા લે અને મરસિયા ગાય.

જે ગામને માત્ર તળાવઆરો જ હોય એ ગામના તળાવઆરાનો મોભો ઊંચો, મોટો ગણાય. અહીં કપડાં ધોતી વહુવારુઓ સાસુ-સસરા કે નણંદ-જેઠાણી-દેરાણીના વ્યવહારો કે ઝઘડા-રગડાની વાતો કરતી હોય :

'બુન! મારી હાહુ તો હાવ કૂવેચ જેવી... વળગે તો મેલે નંઈ, લીધી વાત છોડે નંઈ... પણ મારા હાહરા બઉ હારા. એમને કાંમ દેખાય એમ આપણેય દેખાઈએ. શહેરમાં જાય તો ચપટી ભૂસું લાવે ને હાહુ પહેલાં મને બોલાઈને આલે, કહે : તમેય લેજો વહુ ને હૌને પહોંચાડજો...'

તો બીજી વળી જેઠાણીના અહમ્‌ની વાત માંડે :

'હાહુથીય નબળી સે મારી જેઠાંણી! કાંમ કરતાંય જશ નંઈ. વ્હેલી ઊઠું તો ક્યે કે જંપતી નથી ને જંપવા દેતી નથી. મોડી ઊઠું તો ક્યે કે આળહુની જેમ પડી રૂહે સેં...'

કોઈને દેરાણી સાથે, કોઈને નણંદ સાથે તો કોઈને પડોશણ સાથે કાંઈ ને કાંઈ ફરિયાદો છે... તળાવનો આરો આ બધું સાંભળીને ઊંડાણમાં ધરબી દે... આ આરા-ઓવારા તે વહુ-ભોજાઈઓને હૈયાં હળવાં કરવાનાં થાનકો ગણાય. એ ના હોય તો એમનાં ડૂસકાં-ડૂમો છૂટે ક્યાં!

કૂવાનો આરો આ બધાંથી વધારે બોલકો, જીવતો. સવારે ને સાંજરે ગરગડીઓ ખખડાવતો, હાથોનાં કંકણ રણકાવતો, પાણીબેડાં સાથે ભાતભાતનાં હસવાંમલકવાં છલકાવતો કૂવાકાંઠો ગામનો જીવ ગણાય. પાણીપુરવઠાની આધુનિક યોજનાઓએ ઘેર ઘેર 'નળ' ગોઠવીને બિચારી લાગતી, પણ મનમોજી ને મારકણી 'દમયંતીઓ'ની દશા બગાડી નાખી છે! ઠઠ્ઠામજાક કે નિંદાકૂથલી કરવા એ હવે ક્યાં જાય? સીમવગડે કે ખેતરશેઢે 'બધીઓ' મળે નહીં, જ્યારે કૂવાકાંઠે તો સવાર-સાંજ 'બેલાશક' મળવાનું જ. ભાભી-નણંદીની મજાકથી માંડીને પરણ્યાધણીના વાંકગુના વર્ણવવાની જાણે કોર્ટ-કચેરી તે કૂવાનો આરો! એમાં બે વાતો વધારે કરવી હોય કે સાસુને ચીડવવી હોય તો વહુવારુઓ બે બેડાં વધુ પાણી ભરે... ધીમી ચાલે એક પડોશણ સાથે જાય ને હળવે હળવે બીજી સૈયર સાથે પાછી વળે... વાટમાં બે જણની 'ખાનગી' વાતો થાય તે નફામાં. નદીતળાવ ના હોય કે ત્યાં જનારા પુરુષને કૂવાકાંઠે વધારે રસ પડે તો એય કૂવા થાળે કપડાં ધોવા-ન્હાવા આવી ચડે. એની મજાક કરનારીઓય નીકળે : મનને ગળી લાગે એવી મજાક :

'વહુનાં લૂગડાં ધોવા આયા સો, મોટાભઈ?'

'બાળોતિયાં ધોવા તમને મોકલ્યા તો મારાં દેરાંણી ચ્યાં, બજારે જ્યાં સે, ભૈ!'

'ચ્યમ, હૂકાઈ જ્યા ભૈ! નવી વહુની ધાક લાગે સે કે પછી—' બાકીનું હસવામાં પૂરું થઈ જાય!

'લ્યો, 'લી! ઘડો ઘડો પાંણી રેડો તે ભાઈનો થાક ઊતરે... હજી તો નવા પૈણત ગણાય, બૂન!'

'લાવો, ધોઈ આલું વહુના ઘાઘરા! ગળે નંઈ પડું હાં કે... તમાર ભૈ હજી તો અડીખમ સે... હાં...'

'મારાં બૂન "બોલતાં" નથી કૃ ચ્યમ, જાતે કાહટી કરી—' બિચારો!

જતાં તો જઈ ચઢ્યો હોય, પણ જબાન ના સૂઝે એવો જવાનિયો તો ફરીથી ખો ભૂલી જાય — કૂવાકાંઠે જવાની!

બધાં કામધંધે વળી જાય, પછી કોઈ એકલ બાઈ ભેંસો કે લૂગડાં લઈને આવે કૂવાકાંઠે. કોઈક કાકા-દાદાનેય એવી જવાબદારી હોય. ક્યારેક ગામની કુંવારકાઓ સંપીને ખાઈ-પરવારીને આવે બપોર વેળાએ કપડાં ધોવા મિષે. ભાવિ પતિની કે સગાઈ થઈ હોય એમની વાતો ચાલે... કાગળ લખવાના ને મળવાના રસ્તા નક્કી થાય... કૂવાકાંઠો ખાલી જ ના પડે! કુંવરકાઓના રસિયા જીવો પણ કૂવા પાસેના વડ નીચે કૈં ને કૈં રમવાને બ્હાને કે ફરવા સારુ આવી પહોંચે... ઇશારા કે વાણીકટાક્ષોય ચાલે... કૂવાકાંઠો રસિક સ્થળ બની જાય. આરા-ઓવારા જાણે કેળવણીનાં-અભિવ્યક્તિનાં કેન્દ્રો છે! મારા ગામને નદી, તળાવ અને ત્રણ ત્રણ કૂવાઓના આરાઓવારા મળ્યા છે. ને અમે એ બધાંને દેવથાનકોની જેમ વ્હાલાં કર્યાં હતાં — ત્યાં વસતાં ભૂતપ્રેતની અફવાઓને ગણકાર્યા વિના અમે આરાઓવારાઓને ભરપૂર ચાહ્યા છે.

[૨૭-૬-૯૫]

૮. ખળું

શહેરની શેરી અને ગામડાનું ફળિયું બંનેની પ્રકૃતિ જ જુદી. શહેરી સોસાયટીના સાંકડમાંકડ ઘરઆંગણામાં સ્કૂટર-મોટર-સાઇકલ જેવાં વાહનો મૂકેલાં ભળાય. ગામ-ફળિયે મોકળાશવાળી જગામાં ઘાસ-મેડી નીચે દૂધાળ ઢોર અને ખેતીના ધણી-ધોરી જેવા બળદ બેઠેલા હોય. ખાઈને નિરાંતે વાગોળતાં એ પશુઓ ખેતી-કૃષિ સંસ્કૃતિનાં પ્રતીકો — જીવતાંજાગતાં સાહેદીઓ. શહેરની શેરીના ચહેરા પર યંત્રો જડાયેલાં, આડાંઅવળાં મકાનો નિર્જીવ ભાસે, ધોળે દિવસેય બારણાં બંધ, લોક મૂંગુમંતર અને તરુછાયાને દેશવટો દઈને ઓઘરાળી ભીંતોના ચપટીક પડછાયે હાંફતાં કૂતરાં પડ્યાં હોય... ગામફળિયે લીમડાની છાયામાં ગાડાં છૂટેલાં હોય, એમાં રમતાં હોય ટાબરિયાં, ઘરબારણાં મોકળાં... ત્રિભેટાનો કૂવો જીવતો સંભળાય, ખેતરકામે જતાંવળતાં લોકની વાતો સાથે હાસ્ય-ઉમંગનો હેતાળ સ્વર લહેરાતો હોય...

ગામડામાં જેનું આંગણું મકતું અને સોઈવાળું, એનો મોભો પણ મોટો. એ ઘરઆંગણામાં વસતાં મનેખનાં મન પણ મોકળાં અને ઊમળકાભર્યાં... જગ્યાનો પણ પ્રભાવ પડતો હોય છે... ઘરઆંગણે કે વાડા ફરતાં વૃક્ષો મૂકેલાં હોય તો એની ઋતુઋતુની ગંધ-સુગંધ તથા છાયા-પડછાયાની પણ અસર રહેતી હશે.

આંગણાના મહિમા જેવો ઘરપછીતે વાડાનો મહિમા, બલકે ગામડાંના પાટીદારને વખતે આંગણાની સંકડાશ વેઠી લેવાય, પણ વાડો તો મોટો જોઈએ. આ વાડામાં એનું ખળું હોય, ખળું એની ખેતી અવેરવાનું મુખ્ય સ્થળ. ખેતરે પાકેલું ધનધાન્ય પહેલાં આ ઘરપછીતના ખળામાં ઠલવાય. ખળું ગામખેડૂતની છાતી જેવું ગણાય. અમારાં ગામડાંમાં ભાદરવો ઊતરે — શરદ ઋતુના દિવસો ઊઘડે અને લોકો ઘરપછીતે ખળું તૈયાર કરવામાં પડે. આમ તો ખળું તૈયાર જ હોય. ચોમાસામાં એમાં વખતે ઘાસ ઊગી આવ્યું હોય કે છોરાંછૈયાને શેકી ખાવા સારુ મકાઈ વાવી હોય તો એનાં રાડાં કાપી, ખરપા ઉખાડી અને તાવેથી ગભડીને ઘાસ નિર્મૂળ કરવાનું રહે. ઘરમાં ઘરડા માણસો સવાર-સાંજ બેસી રહેવાને બદલે ખળાની ભોંય તૈયાર કરે. શરદના નર્યા નીલાકાશમાં રૂના પોલ જેવાં વાદળો સરી જતાં હોય, સૂરજ સોનું વેરતો હોય, દિવસ કમળ જેવો ઊઘડ્યો હોય, સાંજ ગુલાલ પાથરતી હોય અને પોયણા જેવી ખીલેલી રાધાગૌરી જેવી ચાંદની રાત હોય... સીમ પાકથી લચી આવી હોય — ત્યારે ઘરના વાડામાં ખળું કરવાની તૈયારીઓ ચાલે. ખેતર-સીમમાં વાઢણાં સારુ લુહાર કોઢે દાતરડાં કકરાવવાની ભીડ જામે. ચોમાસે જમેલા લુહારની ધમણો ધમધમે અને કાનસો ચિં... ચિં... ચિતરુક... ચિં ચિં ચિતરુક એમ બોલવા લાગે.

પહેલવહેલું ખળું કરવાનું થાય ત્યારે એમાં તળાવતળિયાની ઉનાળે આણેલી કાળી માટી પાથરી દેવાની... ખળું મોટું ગોળાકાર હોય... કાળી માટી ઉપર પાણી છંટાય, પછી એના ઉપર ડાંગરની ઝીણી પરાળી ભભરાવી દેવાની... પછી પહોળાં પાટિયાંથી ખળું ટીપવાનું... વહેલી સવારે ઝાકળ-ભેજભર્યા વાતાવરણમાં ચારચાર બળદની હાર કરી એમાં ઢૂલું ફેરવવાનું.... ખળું ટોરાઈને તૈયાર થાય... પછી એને ઢળતી બપોર બાદ છાણમાટીથી લીંપી દેવાનું. ખળાના મધ્યમાં — વર્તુળના કેન્દ્રમાં — એક જાડી ઊંચી વળી રોપવાની. એને મેડ કહે છે. 'આ મેડ માથે પહેલા વાઢણાની ડાંગર કંટીઓ પરાળ સાથે માથે મોડ મૂક્યો હોય એમ બાંધીને મૂરત કરવાનું — જેથી બરકત આવે.' ખળું ઘરપછીતનાં નેવાંથી શરૂ થાય... ને વાડો વિશાળ હોય તો કૂંધવાંની હદ લગી હોય. ઘરપછીતની એક બાજુ નાવણિયો પથ્થર ને પાણી માટલાં, બાજુમાં ઘરવપરાશ સારુ ઉગાડેલાં વાલોળ-પાપડી અને ગિલોડાંના વેલાનાં કળિયાં; રીંગણી-મરચીના ક્યારા, દૂધી-

કોળાના વેલા! બીજી તરફ ઢોરને સારુ ખાણદાણ માટેનાં ઢૂંઢારિયાં — ઘાસ-પૂળાનાં બાંધેલાં ચોરસિયાં — જેમાં ઘાસભૂકો અને પાતળાં અનાજનાં ડૂંડાં-ડોડીઓ — બાજરિયાં, દેવતાવાળું ગોરિયું — એને માથે ખાણદાણ તબડાવતું માટી ગોળાના કદનું ભાસરિયું... હવે તો એ પણ અૅલ્યુમિનિયમનાં થઈ ગયાં છે.

આટલા સરંજામ પછી ખળાની હદમાં ધનધાન્ય લાવવા-લેવાની સોઈવાળો મક્તા શરૂ થાય. ખળાની બીજી કોરે ઘાસનાં કૂંધવાં — ઓગલા કરવા સારુ મોકળી જગ્યા. એ પછી ઘર સિવાયની ત્રણે કોરે — વાડ... વાડેવાડે વૃક્ષવેલાનાં જાળાં... ક્યાંક પડોશી ઘર હોય કે એમના ખળાવાડાની હદ. ખળું અને વાડો આમ ઘરપછીતનો મોભો-મહિમા ગણાય. વાઢણાંની ઋતુ સાથે તૈયાર થયૈલા આ ખળામાં અમારો મુકામ ખાટલો, ખુરશી કે કોથળા, ગોદડીઓ નાખીને બધાં સાંજ-સવારે બેસે, આરામ કરે. છોકરાં રમે. નિશાળિયાં વાંચે — પાઠ ગોખે. કવિ ઉમાશંકર જોશીની ‘છ ઋતુઓ’ (‘વસંતવર્ષા’માં) કવિતા નવા થયેલા ખળાની મેડને અઢેલીને મુખપાઠ કર્યાનું પાકું સ્મરણ છે.

ખળામાં ડાંગરનાં ગાડાં ઠલવાયાં હોય, પાકેલી ડાંગરની મધુર સુગંધમાં ઘાસિયા ગંધ મળીને ઘ્રાણેન્દ્રિયને નવો જ અનુભવ કરાવતી હોય ત્યારે ખળાની ધારે ખાટલામાં વાળેલી ગોદડીને ટેકે બેઠા બેઠા દાદા હોકો પીતા હોય — એ દૃશ્ય આજેય અકબંધ સચવાયું છે. ધીમે ધીમે શરદનો ચન્દ્ર ઘરનો મોભા વીંધી ઊંચે ચઢતો દેખાય. દરેક ઘરના વાડામાં ખળેખળે ડાંગર મસળવા બળદોનાં ઢૂલાં ફરતાં હોય. બળદોને ઢૂલે ગોળગોળ હાંકવાના. પ્રેમાળ અવાજો અને ઘરમાં રંધાતાં કઢી-રોટલા કે ખીચડી-ચટણીની મીઠી સુગંધો. સૌ વારાફરતે ખાતાં જાય ને ખળામાં કામ કરતાં થાય.

ખળાનાં બે દૃશ્યો ભૂલ્યાં ના ભુલાય એવાં છે : ઢૂલાં છૂટે પછી સૌ પરાળ કાઢે — ખંખેરીને એની ગોળગોળ ખળે ફરતી કાલર કરે... કળું આખું સોનાવરણી ડાંગરથી તગતગી ઊઠે. પરાળ વાડામાં સુકવાય અને એનાં કૂંધવાં મંડાય. ખળામાં છૂટી પડેલી ડાંગર ઢગલો થાય, સાંજે મજબૂત પછેડીની ફડક બાંધી બે જણ પવન સારુ ફડક હાંકે. અમે ઉપણિયાં ભરી આપીએ અને મોટાભાઈ ઊપણે... ડાંગરનો ઢગ મોટો ને મોટો થતો જાય... પછી માપિયા ટોપલા ભરીને ડાંગર અધમધરાતે મોટી કોઠીમાં ભરી દેવાય. પાકેલાં ક્યારી-ખેતર ખળે આવ્યાં, ખળેથી કોઠીએ ગયાં... ત્યાંથી પછી પાછાં એ ધાન પેટની કોઠીમાં કે વેપારી વાણિયાની વખારમાં! વર્ષોવર્ષ — ઋતુઋતુનો આવો ક્રમ!

બ્રાહ્મણથી માંડીને અઢારે વર્ણ આ ઋતુમાં ‘ખળુ માગવા’ આવે. દાદા નવી ડાંગર-મકાઈ સૌને ખોબેખોબે આપે અને આશિષ પામે... ખેડુ જગનો તાત. બધાં એની સામે હાથ ધરે અને ખોળો પાથરે ખળામાં — ખેતરમાં. ખળું કદી ખાલી પડે જ નહીં... એક ધાન લેવાય અને બીજાં ધાનનાં ગાડાં ઠલવાય. ઋતુઋતુનાં ધાન જુદાં... એને લેવાની રીતભાત જુદી. ખળાનું બીજું દૃશ્ય તે શરદના ચોખ્ખા દિવસોમાં ખળે પડેલા મકાઈ- દોડાનું. મકાઈદોડા ફેલાઈને ખળામાં સુકવાય. ચારે છેડે ખળું ફાટફાટ ભરાઈ જાય. લીલા ગોળ દોડામાં ચાલીએ, પડીએ, દોડામાં દાણાની હારો ગણીએ. જુદા જુદા રંગના દાણાની લીલા જોઈએ. હોડ રમીએ, શરતો બકીએ, દોડા ફેંદાય એટલે માર પડે તો તે ખાઈએ. એક સાંજે દોડામેડ ફરતે ઢગલો થાય. ખળા ફરતે લાકડાં રોપી કડાકાટલા ને મોદ બંધાય. નવ વાગતાં મોટા ડેંગા સાથે મકાઈ કૂટનારા આવે. દોડામાંથી દાણા છૂટા પાડવા આજે થ્રેસર આવી ગયાં. ત્યારે નાટકના ખેલની જેમ પડદા બંધાતા ને ‘હોવ્વે રામ, હોવ્વે રામ’ના લયબદ્ધ સામસામા પડકારા સાથે ઘડીના છઠ્ઠા ભાગમાં મકાઈ કુટાઈ જતી. અમે પણ ગાડાનાં ચ્યાડાં લઈને કૂટવા લાગતા. ચાંદની જેવી ચોખ્ખી મકાઈ રાતે જ ઉપણાઈને કોઠીમાં પધરાવી દેવાય. સવારે અમારે મોદો છોડવાની. છળિયામાં રહી ગયેલા દાણા ઉખેડવાના ને ખળા ફરતે ઊડેલા દાણા વીણવાના. એટલા બધા દાણા કે જાણે પારિજાતનાં ફૂલ ના વરસ્યાં હોય! વાડકાઓમાં અમે એ વીણીએ, ઘરનાં અમને એના વળતર પેટે આના-બે-આના મેળે વાપરવા આપવાનો વાયદો આપે!

ખળામાં ટાઢી રાતોમાં ઢૂલાં હાંક્યાં છે, પરાળ કાઢ્યાં છે. ફડકો ચલાવી છે... અજવાળી અંધારી રાતોમાં

ખળાનાં બદલાતાં રૂપરંગ જોયાં છે. ખળું કદી ખાલી પડતું નથી. મગફળીના ભોર, ઘઉંની પૂળીઓ, ચણાની મોટો — મોસમ પ્રમાણે આવ્યે ઠલવાય અને અવેરાઈ જાય, વગે પડાય. કદીક ખાલી ખળામાં છોકરાં લંગડી રમે, ઊભી ખો રમે... શિયાળાની સવારે તાજો તડકો, ખળામાં બેસીને લેસન કરતાં કરતાં ખાવાનો અનુભવ છે. આખું ઘર ખળામાં રસાણે ચઢે. શાક સુધારવાં. લસણ-ડુંગળી ફોલવાં — તેય ખળામાં. ખળું ઘરચોપાડની જેમ વપરાતું રહે.

ઉનાળે પરોણાના ખાટલા ખળે પથરાય. લગ્નવરા, ફુલેકાંનાં જમણની પંગતો ખળામાં પડે. નવરી પડેલી વહુ-ડોસીઓ ખળામાં બેસી વાતો કરે. ખળાની ધારે છાણાં થપાય, એની મોડવારીઓ મંડાય. દળવા-ખાંડવાનાં અનાજ સુકવાય. કેરી-આંબળિયાં તડકે નખાય તેય ખળામાં. સાફસૂફી વખતે ઘરવખરી ખળે ગોઠવાય — જાણે જિપ્સીઓના ડેરા પડ્યા હોય! ખળે ગાલ્લાં ને ઘોડિયાં... ખળું ખેડૂતનું રાજપાટ! એ જ એનું ચૌટું અને એ જ એની ચોપાટ... એના જીવતરની વાટ આ ખળા ફરતી ફર્યા કરે ગોળગોળ. એમાં જ એનાં મૂલ અને મોલ. ખળું જ ખેડૂતની રાશિ-ત્રિરાશિ અને બારમાસી. ક્ષણેક્ષણને કણકણમાં બદલનાર કણ-બી, પાટીદાર, પટેલ, ખેડૂત એ ખળાનો જીવ અને ખળાનો વાસી!

[૧૯૯૬]

૯. નિશાળ

હજી ગઈ કાલ સુધી, ઘણી જગાએ, બબ્બે ગામ વચ્ચે એક નાનકડી પ્રાથમિક શાળા. ને તેય ધોરણ ૧થી ૪ સુધીની — હોય એ વાત સ્વાભાવિક ગણાતી. આજે પ્રાથમિક શાળાઓ — જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં પણ — ગામડે ગામડે છે — જોકે પંચમહાલનાં ઘણાં ગામોમાં હજીય બેત્રણ ગામડાં વચ્ચે એક શાળા ચાલતી હોવાના દાખલા છે. હાઈસ્કૂલો પણ પ્રાથમિક શાળાની જેમ ઠેર ઠેર — પૈસા કમાવવાના સાધન તરીકે એને ચલાવનારાં મંડળો અને રાજકીય વગવસીલો ધરાવનારા આગેવાનોના પ્રતાપે સ્તો! — ફૂટી નીકળી છે. જોકે મારાં લુણાવાડિયાં ગામોમાં ચારપાંચ ગામો વચાળે માંડ એક માધ્યમિક શાળા મળે — ને તેય ગરીબડા મકાનમાં ‘માસ્તરો’ની ‘મરજી મુજબ’ ચાલતી હોય!

ગામમાં મંદિર ના હોય તો ચાલે, દેવળ અને મસ્જિદ વિના પણ ઉપાસના અટકી જતી નથી. એ તો આત્મા અને સાધનાની વાત છે કે તનમનને વશ રાખી ઇષ્ટની આરાધના કરી જ શકાય — ત્યાં મંદિરો કે દેવળોની તાતી જરૂરિયાત નથી, પણ આજે આપણે એવા સમયમાં જીવીએ છીએ કે જ્યાં બાળક માટે પારણા જેટલી જ જરૂર નિશાળની છે. ભલે નિશાળોની મથરાવટી મેલી છે — પણ આપણી નવી પેઢીઓ માટે નિશાળ તો ઉછેર-ઘડતરનું ફળિયું છે જાણે! એની અનેક મર્યાદાઓ છતાં ત્યાંથી મળતા ‘પાઠ’ સૌને જીવતર અને સંસ્કારની દિશા દેખાડવા પૂરતા તો સાબદા છે. સોએ વીસ ટકા સારા અપવાદો છે. એટલે સરસ્વતીમંદિરો-શારદામંદિરો હજી વિશ્વાસનાં સ્થળો છે — એમ માન્યા વિના આપણને ચાલવાનું નથી.

આપણે વાત કરતા હતા — બે ગામ વચ્ચે એક નિશાળની. મારા શૈશવનું એ સ્મરણ આજેય મને રોમાંચક લાગે છે (આ ક્ષણે ખેદ પણ થાય). બે ગામો વચ્ચે ‘નિશાળ’ પ્રતિષ્ઠાનો મુદ્દો બનેલી. સરકારે (૧૯૫૫-૫૮) એક નિશાળ આપેલી. થાંભા ગામવાળા કહે, નિશાળ તો અમારે ત્યાં બેસશે. મંકોડિયા ગામવાળા કહે કે, ‘ના, નિશાળ તો અમારા ગામમાં બેસશે.’ બે ગામ વચ્ચે બે કિલોમીટરનું અંતર. ૧થી ૪ ધોરણ; એક માસ્તર ને શાળાને મકાન ખરું? તો કહે ના, મુખીના ઘરની પડસાળમાં નિશાળ બેસશે. બંને ગામનાં લોક પડસાળ આપવા રાજી. વાત ગૂંચવાય ત્યારે પટેલો ભેગા થઈને ‘ભાંજઘડ’ કરે. ‘ભાંજઘડિયા’ મળ્યા. ભાંજ-ઘડ થઈ કે નિશાળ એકએક માસ વારાફરતે બંને ગામમાં બેસશે. નિશાળનું નામ નોંધાયું — ‘થાંભા-મંકોડિયા ફરતી શાળા!’ એક માસ થાંભાવાળાં ટાબરિયાં જાય મંકોડિયા ભણવા, બીજા માસે મંકોડિયાનાં છોરાં આવે પગ ઘસતાં થાંભા! પણ બીજે ગામ ભણવા જવાની વાતે અમને રોમાંચ થતો. એમાં ‘ભણવા’ કરતાં વાટે રખડવાની — મસ્તી કરવાની — મજા પડતી હશે, તે કારણ ખરું. વળી બીજે ગામ જાવ તો ચડ્ડીબુશકોટ નવાં નહીં તો ફાટેલાં તો ના જ હોય! ને મા દફતરમાં દૂધમાં કરેલો તીખો રોટલો બપોરિયું કરવા બાંધી આપે તે લાલચ. હુંય ૧થી ૪ ધોરણ ગામમાં ભણ્યો અને ધો. ૫માંથી ગયો મધવાસ ભણવા! ‘ભણવા જવા’માં ત્યારે જરા વટ પડતો. કેમ કે ત્યારે બધાં કાંઈ ભણતાં નહોતાં.

હુંય પડસાળમાં ચાલતી નિશાળમાં પ્રાથમિક શિક્ષણ પામ્યો છું. ઘાસના ભારા ને બાળકોનાં ઘોડિયાં; રડતાં છોકરાં ને રેંકતી ભેંસો; મહેમાનોના આવરા અને માગણોના જાવરા વચાળે પડસાળમાં અમારો વર્ગ ચાલતો. જુદી જુદી પડસાળોમાં ગાડાં મુકાય — ચોમાસે; શિયાળો બેસતાં અનાજ ઠલવાય પડસાળે — ત્યારે અમારે પડસાળો અને ફળિયાં બદલવાનાં. અમારી શાળા આમ આખા ગામમાં ‘ફરતી શાળા’ હતી. પણ ‘થાંભા-મંકોડિયાની ફરતી શાળા’ની તો અમનેય ઈર્ષા આવતી! તમે જ કહો; આવી નિશાળોમાં સાહેબને બેસવા

ખુરશીને બદલે પેટી-પટારો વપરાતાં હોય — જેમાં હાજરીપત્રક ને આંકણી રહેતાં — ત્યાં વળી કાળાં પાટિયાં — ચૉક, નકશા અને ફોટા ક્યાંથી હોય? હા; ગાંધીબાપુનો એક મઢાવેલો ફોટો અમે એક પડસાળે લઈ જતા ને લટકાવતા. ફોટો લટકાવીને પ્રાર્થનાના રાગડા તાણીએ — 'મંદિર તારું વિશ્વ રૂપાળું સુંદર સર્જનહારા રે...' — પછી શાળા ચાલુ થાય. પહેલો નંબર હોય તે લેસન જુએ. સાહેબ કહે તેમ દાખલા લખાવે, પાઠ વંચાવે; સવાલવારી કરાવે. સાહેબ તો ગામમાં ચા પીવા કે મહેમાનોમાં જમવાય જાત તો ખરા ને! પણ ચોપડી-સ્લેટ એ વિદ્યાદેવીનાં રૂપો છે એ માનનારા અમે એમાં મોરપિચ્છ રાખતા — મા સરસ્વતીનું વાહન મોર; તેનું પીંછું રાખવાથી 'વિદ્યા ચઢે' — એમ બધાં મનાવતાં! પ્રાર્થનાને ખરેખર સાચી માનીને વર્તવાના એ નિર્દોષ દિવસો હતા. 'મંદિરમાં તું ક્યાં છુપાયો? શોધે બાળક તારાં રે—' પંક્તિ પ્રમાણે અમે મંદિરમાં જઈને અંદર છુપાઈ ગયેલા દેવને ખરેખર શોધતા — પછીતે જતા ને ગફારામાં જોતા... પીતાંબરનો કટકો મળતો તો અમે માનતા કે દેવ નદીએ ન્હાવા ગયા હશે... વગેરે.

થાય છે કે એ 'પડસાળિયા નિશાળો'માં ભણીનેય અમે છેક આટલે સુધી આવ્યા છીએ તો આજની સાધનસંપન્ન શાળાઓમાં ભણનારી પેઢી માટે તો ઘણી શક્યતાઓ છે. અમારી મધવાસની હાઈસ્કૂલ પણ કોઈ વિધવા ભાનુબહેન ગોરના વધુ ઓરડાવાળા જૂના ને પડું પડું મકાનમાં જ ચાલતી હતી. શમણાની સ્કૂલ આજે રાજાના જૂના બંગલામાં બેસે છે — ત્યારે તો એય ચાવડીબાઈના મુવાડા ગામમાં સામસામી પડસાળોમાં બેન્ચો ગોઠવીને આરંભેલી. સાચી વાત છે ભણનારો તો ખાસડાં સાચવતાંય ધ્યાન રાખે તો ભણીને મોટો માણસ થાય છે. શેક્સપિયર પડદા ખેંચવાની નોકરી કરતાં કરતાં મોટો નાટકકાર બની ગયો તે વાત જગજાહેર છે. સાહેબો ત્યારે લીલી સોટી ને કાળી આંકણીથી ફટકારતા — એનો ડર લાગતો; તોય ભણતર ભય જગાવનારું કે ભારે બોજાવાળું નહોતું લાગતું. થાય છે કે શિક્ષણમાં બધું 'નિયમો પ્રમાણે ભયાનક' બનાવ્યા વિના કેટલુંક 'પ્લેફૂલ' હોવું—રાખવું જોઈએ. ત્યારે આટલાં વિધિવિધાનો કે પરીક્ષાનાં ભારણો નહોતાં... એય ભણવા—ન ભણવાની ત્યારે તો ભરપૂર મજા હતી. અગવડોમાં પાકું ઘડતર થતું. આજે જાણે સગવડો સુંવાળા કરી મૂકીને, છોકરાંને વધારે પડતી મોકળાશ આપી, વણસાડે છે એમ લાગે છે.

નિશાળનું એક કાયમી ચિત્ર મારા ચિત્તમાં અંકાઈ ગયું છે તે તો એના તરફની સૌની બેદરકારીનું ચિત્ર! નિશાળ ગામછેવાડે ઊભેલી બિચારી; બાપડી; કાયમની ઉપેક્ષિત! સુન્દરમ્‌ની 'તેરસાતની લોકલ' કવિતામાં જેવી દશા લોકલ રેલગાડીની વર્ણવી છે એવી જ દશા છે પ્રાથમિક શાળાની. હા, આજે પણ એ જ સ્થિતિ છે. સારાં મકાનો કોઈ સારા શિક્ષણની ખાતરી આપતાં નથી. ખરી વાત તો શિક્ષણ આપનારની છે. પેલા જમાનામાં ઓછી ડિગ્રીવાળો માસ્તર જે જ્ઞાન ને સમજણ આપતો હતો તે આજે ઊંચી પદવીવાળો શિક્ષક નથી આપતો એમ કહેવામાં સચ્ચાઈ છે. શારદામંદિરમાં હવે 'સરસ્વતીની નહીં એટલી લક્ષ્મી'ની ઉપાસના કરનારાઓની ગરદી છે; ભાઈ!

અમારા પંચમહાલમાં (અને બીજે બધેય લગભગ) તો આજેય નિશાળ તો બિચારી-નમાલી-નિરાધાર વિધવા જેવી ઊભી હોય છે — ગામ- છેવાડે. મોટે ભાગે તો પડું પડું મકાન હોય. નવું મકાન હોય તોય છાપરું ઊડી ગયેલું કે નળિયાંતૂટેલું હોય. પાકું ધાબું હોય તો પાણી ઊતરી ઊતરીને તિરાડો પછી ગાબડાં પડવાની તૈયારીમાં હોય. બારીબારણાં એના શિક્ષકો જેવાં રંગબેરંગી કે ફટકી ગયેલા રંગોવાળાં — ઝાંખાં; ભાગ્યે જ વસાતાં; કિચૂડાટ કરતાં; પછડાતાં, નકૂચા વિનાનાં કે કાચ તૂટેલા હોય! ભોંયતળિયા ઊખડેલાં. વાડ કે દીવાલ તૂટેલાં. એની પછીતમાં લોકો 'કળશ્યો ઢોળવા' બેસતા હોય. પાસેના ચરામાં મરેલાં ઢોર ચિરાતાં હોય. નિશાળ સામેની ખુલ્લી જગામાં ગામની સ્ત્રીઓ તૂટેલાંફૂટેલાં માટીનાં વાસણો ને કચરોકૂડો નાખી જતી હોય... મોટા ગામમાં પાદરે શાળા હોય તો કચરા-કાદવમાં ભૂંડ આળોટતાં હોય. નવરા નખ્ખોદિયા ઓટલા તોડતા હોય! ગામથી દૂર સુંદર-સ્વચ્છ મકાન હોય તો ત્યાં ભાગ્યે જ કાંઈ બનતું હોય — ગતાનુગતિક માસ્તરોની મરજી મુજબ ચોપડે શાળા ચાલતી રહે છે ને 'બીટ નિરીક્ષકો' વાર્ષિક ઉઘરાણાં-

ભેટસોગાદ પ્રમાણે રિપોર્ટ લખતા રહે છે — શહેરોની હાઈસ્કૂલો પણ આમાંથી બાકાત નથી! ક્યારેક થાય છે કે મારી પડસાળ-કોઢિયામાં ચાલતી નિશાળ વધારે સારી હતી!

ત્યારે તો રાષ્ટ્રીય તહેવારોમાં પ્રભાતફેરીઓ નીકળતી, સાંસ્કૃતિક કાર્યક્રમો થતા. બાળકોમાં દેશદાઝ જાગતી. ગ્રામસફાઈ થતી ને સૂત્રલેખન થતું. આજેય આવું નથી થતું એમ નહીં; પણ આજે આ બધું માત્ર ઔપચારિક રીતે — દેખાડા સારુ — થાય છે; ત્યારે એ ખરાં ભાવ-ભાવનાથી થતું ને સાચુકલું લાગતું. આજે તે વાતે વાતે સ્કૂલનાં બાળકોનો ‘ઓડિયન્સ’ તરીકે લોકો ઉપયોગ કરે છે! ફલાણા ચૂંટાયા ને ઢીંકણાનું બહુમાન છે — બોલાવી લાવો શાળાનાં છોકરાંને! પછી ખરાં વ્યાખ્યાનો વેળાએ બાળકો ભાગી જવા જ ટેવાય ને!

સાઠનાં વર્ષોમાં શિક્ષકને ખબર હતી કે ‘બાળકોને કેળવવાની જવાબદારી’ સૌથી મોટી વાત છે. પ્રામાણિકતા વિના એ થાય નહીં. ઉમાશંકરે કહેલું કે વિદ્યાર્થી તો ખેડેલાં ખેતરો જેવા છે. શિક્ષકને ખબર હોવી જોઈએ કે એમાં એણે શું વાવવાનું છે! જો એ ઊંચી જાતનું બિયારણ નહીં લાવે તો ભારે હાણ થશે. આજે શિક્ષકો પાસે જે ‘બિયારણ’ છે તે ચાલે એવું જ નથી! ને તોય એ તો બેજવાબદારીથી ધતૂરા ને બાવળ વાવતો રહે છે. સમાજને તો આંબા જોઈએ છે! પણ જવાબદારી કોણ લે? આમાં આવ્યો યંત્રયુગ ને વકર્યો છે ભૌતિકતાવાદ... હવે તો ‘મારે શું?... આપણા બાપનું શું જાય છે?’ એવું વિચારનારા વધ્યા છે. પણ આપણા બાપનું ભલે કંઈ ના જતું હોય, આપણી ભાવિ પેઢીઓનું ઘણું બગડે છે એ વિચાર્યા વિના હવે ઉગારો નથી!

આપણને આપણી ખરી નિશાળ જોઈએ છે... એ ભલે ગઈ કાલ કરતાં સાવ જુદી હોય! બાળક ઉપર કહેવાતા શિક્ષકોનો છાંયો ના પડવા દેવાની જિદ્દ કરીને કવિ રાજેન્દ્ર શુક્લની જેમ દીકરાઓને નિશાળે જ ના મૂકીએ એ નહીં ચાલે. કાલે સંતાનો પૂછશે કે સમાજમાં જે નોકરી-વ્યવસાય માટે અનિવાર્ય છે એ ઔપચારિક શિક્ષણથી અમને વંચિત રાખવાનો તમને કોણ અધિકાર આપ્યો હતો? નિશાળો તરફ એકલદોકલ માણસ પીઠ કરી દે તો એને ક્ષમા કરી શકાય, પણ આખો સમાજ ‘શિક્ષણ’ તરફ પીઠ કરી દે તો તો સર્વનાશ જ આવવાનો. આપણી પાસે ગ્રામવિદ્યાપીઠો ને આશ્રમશાળાઓનાં — સ્વાશ્રયી બનાવતી — બુનિયાદી કે વ્યાવસાયિક શાળાઓનાં ઉદાહરણો આશ્વાસનરૂપ છે. અફસોસ છે કે જાણેઅજાણે પોષાતા ભ્રષ્ટાચારે શિક્ષણને નહીંવત્ કરી નાખ્યું છે. નિશાળ એ લાગણીનો મુદ્દો બનવા સાથે ગૌરવની વાત બને એ એકવીસમી સદીનો તકાજો છે.

૧૦. નેળિયું

નેળિયું એટલે નેળ. નેળનો અર્થ થાય છે સાંકડી પટ્ટી, સાંકડી નળી. ‘નેળ’ ઉપરથી અમારા ઇલાકામાં નેળિયું શબ્દ પ્રચલિત બનેલો છે. આમેય ‘નેળ’ શબ્દ પણ તળપદની નીપજ છે. વાડમાં નાનકડું બાકોરું પાડીને અમે મગફળી કે બટાટાનાં ખેતરોમાં ઘૂસ મારતા. આ બાકોરાનેય અમે ‘નેળ’ કહેતા. નેળમાંથી નીકળતાં થોરના કાંટા વાગે, કપડાં ફાટે, ઢીંચણ છોલાય… પણ છીંડું પડતું મૂકીને ‘નેળ’થી પરબારા પેસવામાં જે મજા છે એ મજા તો ગામડું સેવ્યું હોય એ જ જાણે! અમારે ત્યાં તો ‘નકામું કામ કરનારા’ જ નેળ શોધતા હોવાની દંતોક્તિ છે. લોટો ઢોળવા જનારાંય, મારાં પીટ્યાં! નેળિયાને બગાડી મૂકતાં.

સીમસીમાડા સુધી આવાં નેળિયાં પંચમહાલના પૂર્વોત્તર મલકમાં આમ વાત છે. કેટલાંક નેળિયાંના તો ઠાઠમાઠ જુદા, એમનેય ભપકો હોય, પોતાની અલગ ઓળખ અને નોખું નરવું ‘વ્યક્તિત્વ’ હોય. લુણાવાડિયાં લોક નેળિયુંને બદલે ‘નાળિયું’ શબ્દ વાપરે છે. બે ડુંગરો વચ્ચેની આવી સાંકડી પટ્ટીને ‘નાળ’ કહેવાનો ચાલ છે. ‘મળેલા જીવ’નાં જીમી-કાનજી જે કલેશ્વરીના મેળામાં મળેલાં એ મલક મારા ગામથી ઝાઝો વેગળો નથી. એ કલેશ્વરીની નાળ ઘણી પ્રખ્યાત. ડુંગરોની વચ્ચેથી પસાર થતી એ નાળ મોટે ભાગે સૂમસામ રહેતી. પહાડો વૃક્ષોભર્યા ને વસ્તી નહીંવત્, દસેક માઈલની એ ‘નાળ’માં ચોરલૂંટારાઓ લૂંટવા સારુ હાજરાહજૂર હોવાનું કહેવાતું. ધોળે દિવસે માલ લાદીને જતાં ઊંટ લૂંટાતાં. ગાડાં લૂંટાતાં ને જેસલે લૂંટેલી એવી કુંવારી કે પરણીને પાછી વળતી જાન પણ લૂંટાતી. બાળપણમાં અમને આ કલેશ્વરીની ‘નાળ’ની અનેક વાતો કરવામાં આવતી. અમે એ સાંભળીને ડાગળીચૂક થઈ રહેતા… હક્કબક્ક જેવા! અંધારી, બલકે ઘોર અંધારી રાત, રાક્ષસ જેવાં લાગતાં વૃક્ષો. ઊંચા ડુંગરા ને વાંકોચૂંકો સાંકડો એ મારગ. મન ઉપર એવો તો અંકાઈ ગયો છે કે—

‘ઘોર અંધારી રે! રાતલડીમાં નીકળ્યા ચાર અસવાર,
કાળે ઘોડે રે કોણ ચડે? — મા! અંબાનો અસવાર…’

ગરબો ગવાતો આજેય સાંભળું છું ત્યારે પેલી કલેશ્વરીની નાળ મનમાં આવી, ઊભી રહી જાય છે. કાળા અસવારોના પડછંદા સંભળાય છે… જોકે આજે એ નાળમાં થઈને લુણાવાડા-માલપુર-મોડાસાને જોડતો, છેક રાજસ્થાન-દિલ્હી લઈ જતો પાકો ધોરી માર્ગ પસાર થાય છે. ડુંગરો ઉઘાડા પડી ગયા છે ને ભય ભાગી ગયો છે. કલેશ્વરી માતા પ્રાચીન વાવને કાંઠે અંગાંગે વળગેલાં કળશી (સોળ) છોકરાં લઈને ઊભાં છે એ માફ! ‘મળેલા જીવ’નાં જીવી-કાનજીને મેળવનારો ‘કળહેરી માતાનો મેળો’ હવે ભરાતો નથી.

નેળિયાને ચરોતરમાં નળી પણ કહે છે. ગામમાં ઘરોની સામસામી પછીતોની વચ્ચેની સાંકડી જગાને પણ નળી કહે છે. અમારે ત્યાં ઘરો વચ્ચેની આવી સાંકડી ગલીકૂચીઓને ‘નવેળી’ કે ‘નવેળિયું’ કહે છે. આ ‘નવેળી’ માત્ર પેશાબપાણીની જગા નથી, ઘણી વાર એ પ્રેમીઓનું મિલનસ્થાન હોય છે. ‘ટીનએજર્સ’ શાળાએથી છૂટતાં છેલ્લે આ નવેળીમાં ચિઠ્ઠીચપાટીની અને પ્રેમાર્દ્ર નજરોની આપલે કરે છે. કોને કોની સાથે પ્રેમ છે? — એનો ખ્યાલ રાખનારા નવરા કે માથાફરેલ એવાં ઉપજાવી કાઢેલાં પ્રેમીઓનાં નામ આ નળી-નવેળીની ભીંતો પર કોલસા કે ચોકથી લખી નાંખે છે. અંદરની વાતો વાંચવા-લખવાની જાણે જાહેર જગા તે નવેળી! વેળા-કવેળાએ વડીલોય આવી જગાએ મળેલા જીવને વધારે નિકટતાથી મળવા આવી ચડે છે…

વાટે જવાનું બહાનું અને કામ આંખ ને જીવ ઠારવાનું! નવેળી પાસે આખા ગામની કૂણી-કોમળ લાગણીઓનો ઇતિહાસ લેખ હોય છે. એ મૂક સાક્ષી થઈને ઢંકાય એટલી લાજ ઢાંકી રાખે છે.

આ બધામાં ખરું નેળિયું તો ગામપડખેથી નીકળીને સીમવગડે જતું નેળિયું... એનાં અનેક પાંખિયાં હોય. એ સીમની જુદી જુદી દિશાઓ તરફ જાય તે પાછાં પાદરમાં આવી મળે! અમારાં ગામડાં જરા મોકળાશથી વસેલાં હોય છે. ઘરને પડસાળ, આંગણાં ઉપરાંત ફળિયાં ને પાછળવાડા હોય. એટલે શેરીઓની વચ્ચેય આવાં નેળિયાં હોય છે. થોરની વાડીની બે હાર... વચ્ચે જેતે-ના વાડામાં જવાની ભાગોળ આવે. બાકી આ નેળિયું આખા ગામમાં ફરી વળે. ત્રિભેટે એનાં ત્રણ પાંખિયાં મળે... ત્યાં ભૂતપ્રેત કાઢવા કરેલાં માંલ્લાંનાં 'ઉતાયણાં' હોય. કોઈએ કંટાળું કાપીને ભેગ ધરાવ્યો હોય તો કોઈએ 'ઘરનો મેલ' કૂલડીમાં વાળી પાણીનું કૂંડાળું કરી ત્રિભેટે વળાવી મેલ્યો હોય! અમે આવા ત્રિભેટે રમીએ, એટલે માંદા પડીએ ત્યારે દાક્તરની દવાને બદલે ભૂવાનો મંતરેલો દોરો પહેરાવવામાં આવતો. પાદરમાં, કૂવામાં ડૂબીને મરેલી ઘાંયજણ વંતરી થઈને સામી મળતી અને ત્રિભેટે બોખી ડોશીનું ભૂત હોવાનું કહેવાતું. નદી બાજુના નેળિયામાં આવતી આંબલી તો લલી લવારણની આંબલી કહેવાતી. એ બાઈ સુવાવડમાં પાછી થયેલી... ને અવગતિયો જીવ એનો બાળકમાં રહી ગયેલો. તે મોંસૂઝણાએ કે સાંજની ધધરી વેળામાં લોટો ઢોળવા જનારાંને એ દેખાતી, ક્યારેક સામે આવીને કરગરતી, 'મારા મનુને નવી બૈ મારી ના નાંખે એ જોજો હાં... બૂન!'

ગામનાં નેળિયાં ધૂળિયાં!

વગડાંની વાટે જતાં નેળિયામાં કેટલાંક ટેર તો કેટલાંક ધૂળિયાં. ઊંચા ઊંચા થોર... ક્યાંક તો ફાફડા થોર અને હાથી જેવા ફાલેલા-વધેલા... વચ્ચે વાડવેલા ને બોરડી-કંથેરનાં જાળાં... નેળિયામાં આવે વળવળાંકો... ક્યાંક નેળિયું ખેતરોથીય ઊંડે ઊતરી જતું હોય તો ક્યાંક ઢાળ ચઢીને ટેકરીએ ફૂટતું હોય! ટેંબાવાળી રાયણોમાં આવાં ચાર ચાર નેળિયાં આવી મળતાં... એ ઊંચી ટેકરીએથી ગામ, તળાવ, ડુંગર ને ઓતરાદી નદીય દેખાતાં.

ક્યારેક સાંકડા નેળિયામાં સામસામે ગાડાં આવીને ઊભાં રહેતાં, ટાળો દેવાની વિપત્ત પડતી. ઝઘડોય થતો. ક્યારેક સમજાવટથી ગાડાં છોડીને ટાળો ગોઠવી લેવાતો. વાઢણાં અને ખાતરની મોસમમાં મેળિયાં ગાડાંથી ધમધમતાં. બળદોને ઘૂઘરમાળ એટલે બાંધવામાં આવતી કે સામસામેથી આવતાં ગાડાં પરખાય ને ટાળાની જગાએ ઊભાં રાખી શકાય. ક્યારેક ગાડામાં વધુ ભાર હોય, ધૂળમાં કે ઢાળ ચઢાવવામાં બળદ લૂલા પડે ત્યારે અનેક લોકો ભેગા થઈને હાકોટા કરતા જાય, બળદનાં પૂંછડાં આમળતા જાય, પૈડાંને ધક્કો મારતા જાય ને એમ નેળમાંથી ગાડાં બહાર કાઢે. 'નેળનાં ગાડાં કંઈ નેળમાં થોડાં રહેશે?' — એ કહેવત અમને સાહેબ સમજાવે એ પહેલાં આવા જાતઅનુભવે જ શીખી ગયેલા.

રાતે અંધારામાં ખેતરે જતાં-વળતાં આ નેળિયાં ડરામણાં લાગે. વહેલી સવારે એની ઝાકળભીની ધૂળમાં સાપલિસોટા જોવાની ભયમિશ્રિત મજા આવે. હોલાં, કાબર-લેલાંના ચાલવાથી એમનાં પગલાંની પડેલી છાપો હારબદ્ધ હોવાથી સાંકળરૂપ, હારરૂપ લાગે... ચોમાસે પાણીના રેલા શમી જાય પછી કનડીઓના ઢગલા થાય નેળિયાની ધારે ધારે. પેલી ઇન્દ્રગોપને ગોકળગાય પણ પહેલવહેલી આ નેળિયામાં જોયેલી. હોલીનો માળો કંથેરના જાળામાં અહીં જ જોયેલો. એનાં ઈંડાંનેય હાથમાં લઈને ફેરવી જોયેલાં. મધમાખીના પૂડાય વાડના ગભારામાં બેસતા, ઊડતા ને કરડતા.

દૂરના સીમાડે જતાં નેળિયામાં કોક ઘોડેસવાર મળતો તો થતું કે અવગતિયો રાજકુંવર ભૂત થઈને ફરે છે... શરીરમાં કંપારી થઈ જતી. ક્યારેક અહીં પણ પેલાં પ્રેમીજનો સંગોષ્ઠી કરતાં કરતાં જતાં-વળતાં હોય... ખેતરે જતાં-વળતાં સુખદુ:ખની વાતો કરતી વહુવારુઓ પણ મળે. કંકોડાં વીણતી ડોસીઓ, દાતણ કાપતા ડોસાઓ, ટાટિયાં વીણતી ભંગડી ને તેતરની શોધમાં નીકળેલો ભૂરીયો નાયક પણ નેળિયામાં મળી આવે!

ચોમાસામાં નેળિયાંની વાડો ઉપર વેલા છવાઈ જાય. એમાં આસમાની-સફેદ રંગનાં ને પીળા રંગનાં ફૂલો તો પાર વગરનાં... નેળિયાં શોભી ઊઠે. ડોડીનાં ફૂલ ખાવા ને એના ડોડા શાક સારુ વીણી લાવવા અમેય નેળિયે નેળિયે ફરતા. ડોડીના વેલાની ડૂંખ નાકમાં નાખી પચીસપચાસ છીંકો ખાવાની શરતો પડતી તેય નેળિયામાં. ડોડી ખાવાથી માણસ વધારે વીર્યવાન બને છે એ જાણ્યા પછી તો દર રવિવારે અમારો કાર્યક્રમ ડોડી શોધનો રહેતો... કેટલાંય અજાણ્યાં છોડ-વેલ આ નેળિયામાં હોય! પેલી નોળવેલ સમેત! આયુર્વેદ અહીં પણ પાંગર્યું હશે. ગામડે આવનારી બસો આ નેળિયામાંથી આવવા માંડી... ને પછી તો જોતજોતામાં સડકો અમારા નેળિયાને ગળી ગઈ!

[૧૯૯૬]

૧૧. સીમ-સીમાડો

'ઘરની દાઝી વન ગઈ તો વનમાં લાગી લ્હાય'. માનવજીવનની વિષમતાને ચીંધતી આ લોકોક્તિ 'પડે છે ત્યારે સઘળું પડે છે—'ની પણ નિર્દેશક છે. જોકે, આથી ઊલટું મારા ગામ મોટાપલ્લાની વહુવારુ ઘણી વાર ઘરકંકાસ કે મનદુ:ખની મારી સીમ-ખેતરમાં જતી રહે છે. સાથે જ ત્યાં એને ઘણી રાહતનો અનુભવ થાય છે. ઘર-ગામ એને એક સીમામાં રાખે છે જ્યારે સીમ એને અસીમનો અનુભવ કરાવે છે. તરુખેતર, વાડવેલા, મોલ-માણસ ને પશુપંખીઓથી ભર્યું ભર્યું એ વિશ્વ... માથે નીલાકાશથી વરસતો અવકાશ. હૂંફાળ તડકો ને નીચે હરિતા ધરતી! મનનાં કારણો અહીં ઘડીક વિસારે પડે... છેવટે પડોશણ સાથે ખેતરશેઢે બેસીનેય દુ:ખવિસારો કરવા જેટલો વખત મળે... કહી દેવાથી હળવા થવાનું સુખ વહુવારુને સીમમાં મળે એટલું કૂવાકાંઠે થોડું મળે! ઘરની દાઝીને સીમમાં સથવારો સાંપડે છે.

વહાલનો પર્યાય બનીને ગામને વીંટળાઈ વળેલી સીમ ઘરની પછીત સુધી આવી જાય છે — ચોમાસે ઘાસ થઈને કે શિયાળે પાકેલાં ધનધાન્ય રૂપે... ગાડે ચડીને આવે છે સીમ! પણ આપણે સીમનાં અસીમ રૂપો જોવાં છે! ગામડે સ્ત્રીને ઘરકામ અને સીમ-ખેતરનાં કામ — બે વચ્ચે પસંદગી કરવાની હોય તો મોટા ભાગની સ્ત્રીઓ ખેતરસીમ પસંદ કરે. હાસ્તો! ઘરમાં તો રાંધવાથી માંડીને વાસણ, કપડાં, ઢોરઢાંખર અને છોકરાં-મહેમાન સુધી અનેકની કાળજી લેવાની ને સો ભાતનું કામ કરવાનું... પાર જ ના આવે, જ્યારે ખેતર-સીમમાં તો નિરાંત. જે કામ હાથમાં લીધું એ કર્યે જવાનું... વચ્ચે પોરો ખાવ ને પાછા ઓળમાં આગળ વધો. સીમમાં કામ કરવાનો આનંદ મળે છે — તાપટાઢથી ટેવાઈ જનારાંને તો વગડો જ વહાલો લાગે. આ વાત અમારા પૂર્વોત્તર પંચમહાલના પાટીદારોની છે... ચરોતરના સુંવાળા પાટીદારોની કે કદીય ખેતર-સીમમાં ન જતી એમની વહુ-દીકરીઓની નથી!

ધોરણ નવમામાં ભણતો'તો. છંદો શીખતો'તો, ત્યારે મેં પહેલવહેલી કવિતા લખેલી, દલપતશૈલીમાં કરેલો એ કાવ્યપ્રયત્ન સીમ-ખેતરની સાખે થયો હતો :

'આંબા ઉપર મોર બેઠો, કોયલ ક્યાંક છુપાઈ;
બા-બાપુજી ખેતર વાઢે, ગાડું જોડે ભાઈ!'

મેંય મગફળીનાં ખેતરોમાં કામ કર્યું છે. 'ઓતરાચીતરા'ના તાપમાં ડાંગર-બાજરી વાઢવા લાગ્યાં છે... ખેતરોમાં રખોપા સારુ રાતો ગાળી છે ને માળે બેસી સૂડાચકલાં ટોયાં છે. કામ અઘરું પડે પણ ફાવી જાય પછી સીમ-ખેતર વિના સોરવાય નહીં... ઋતુઋતુના એના કૈંક રંગો, મોસમ પ્રમાણેનાં ધનધાન્ય અને જાતજાતનાં ફૂલફળોની દુનિયા! વાવકૂવા ને નહેરતળાવનાં ચોખ્ખાં પાણી... જાતભાંગીને કામ કરતું મનેખ. મહેનતનો રોટલો ખાઈ, ઝાડ નીચે, હાથને ઓશીકે, ધરતીને ખોળે, છાંયો ઓઢી ઊંઘતો મજૂર... ને એના જ જાતભાઈ એવા આપણે! ત્યારે ખાસ કશી એષણાઓ નથી જાગતી.

રહેવા કાજે માટેરી ઘર કે ઘાસછાયું ચોખ્ખું એક ઝૂંપડું. એની ચારે બાજુ વૃક્ષોની છાંયા, પાસે બારમાસી કૂવો, પહેરવા બે જોડ કપડાં, ખા માટે ઊનાં રોટલો, શાક ને પોઢવા પડસાળે ઢાળેલો ખાટલો. હરવાફરવા સીમવગડો, નહાવા તળાવ ને તરવા નદી, ચઢવા ડુંગરો ને ઊતરવા ટેકરીઓ, સંતાવા વાવ ને રાજી થવા મોલલચ્યાં ખેતરો, વગાડવા પાવો ને બજાવવા ઢોલ, પવન અને પાંદડાંની સંગતમાંથી પ્રગટતું સંગીત, ઝાંપલી ખોલી મળવા આવતો વાયરો, લળી લળીને 'આવ'... 'આવ' કહી બોલાવતાં તળાવપાળનાં

કાશફૂલો, ઓળખનાં ઉખાણાં પૂછતાં પંખીઓ... માટી સાથે સદાય મહેનત, ઊંઘના ખોળા સુધી લઈ જતો થાક... ક્યાં ગયું આ બધું! મારા ગામની સીમમાં આજેય આ સમૃદ્ધિ છે... તો કયો શાપ મને શહેર સુધી લઈ આવ્યો છે? કઈ સંસ્કૃતિનું આ કારસ્તાન છે?

ટીંબાવાળી રાયણોમાં ખરતાં રાયણાં પીળાં પીળાં મે-જૂનના તડકા જેવાં. મધુરપ એની માના દૂધ જેવી. સીમના છેવાડે ઊભેલા હાર્યોવાળા આંબાની સાખો... બાળસખી જેવી આંબડીઓ... એને આવેલા મરવાનો સ્વાદ તે કાચી વયની છોકરીના સાથ જેવો... તૂરોખટસૂરો : પેલી અખાતરિયા આંબાની સાખ લઈ આવતી ઝમકુ. એના રસમાં ઉમેરાતો એના પ્રેમનો સ્વાદ. લાડવાની કાચી કેરી ખાતાં એની મીઠાશ સાથે કોણ સાંભરી આવે તે ના પૂછશો! વાંઝિયા કૂવાની અલાંણીમાંનો જાંબુડો. કાંઈ કેટલાંય જાંબુ ખાધાં છે — વાંઝિયા કૂવામાં છુપાઈને. લક્કડિયા માતા પાસેની બીલીનાં બીલાં તોડીને અમે ચોપડીઓ-નોટો સાંધતા, મા એના ચીકણા ગરથી વાંસની ટોપલીઓ લીંપતી. એની ઈરમી ઈરમી ગંધ ને એવો જ કશોક જરાક ચાખ્યાનો સ્વાદ. તોરણવાળી કોઠીનાં કાંચાં ને પાકાં! મરચુંમીઠું ભભરાવીને ખાવાનાં. શ્રાવણિયા સોમવારનો ઘરનાંએ ફરજિયાત કરાવેલો ઉપવાસ આવાં ખાણાંથી અમે સમૃદ્ધ કરતા. ઝરાના મહુડાનાં મહુડાં મીઠાં, એની સુકવણી શેકીને ગોળ સાથે લાડુ બનાવીને ખાવા મળતી. એને ડોળી બેસે એટલે અમે વાંસ ને થેલી લઈને ઊપડતા.

ટેકરીઓમાં, શિયાળે ચણીબોર પાકે... કાંઈ-કેટલીયે બોરડીઓ, નાની નાની! એનાં રાતાંગલ બોર તોડતાં એનો વાંકડિયો કાંટો ટેરવામાં વાગે કે તરત ચણીબોર જેવડું લોહીનું બુંદ ઊભરી આવે... એય ચૂસી જતા અમે. ચોમાસું ઊતરતાં સીતાફળ ઉતારવાં જઈએ... એને પરાળનાં કૂંધવાંમાં પાકવા મૂકીએ ને પછી રોજ પરોઢે વહેલા ઊઠીને એની 'ઊઘડેલી આંખો' જોઈને પાકવાનો અંદાઝ માંડીએ... આ સીતાફળી નામ તો પછી જાણ્યું... અમારે તો એ અનૂરાં. એને માટે નિશાળે જતાં-વળતાં ગોઠિયાઓ જોડે લડાઈ થતી. મગફળીનો ઓળો પાડવા સાંજે ખેતરે જઈએ... ચણાનો ઓળો સીમમાં ખાઈએ ને પાછા એના છોડ ઘેર લાવીએ તે સાંજે ઘરઆંગણેય ઓળો પડે... આખો કબીલો વાતો કરતાં કરતાં એ ઓળો ખાય... મકાઈડોડાની જયાફતો, ઝાલરપાપડીના બાફેલા પાલા, શેરડી, બટાટા, પપૈયાં! કોઈ ઋતુ ખાવાની નવજુ વસ વિના આવે જ નહીં! ખાધા વિના અમે રહીએ નહીં.

સીમની હથેળી સદાય ખુલ્લી! ખેતરોમાં કામ કરતાં મનેખ, એમની ઘરસંસારની વાતો; ક્યારેક કજિયા-કંકાસ! મોટે ભાગે શેઢા પડોશીઓ ભેળાં મળીને બપોરિયાં ભાથાં ખાય... સીમની સિકલ જોવા જેવી. ઉનાળે ખેડેલાં ને છાણિયાં ખાતરોની હારબંધ ઢગલીઓથી શોભતાં ખેતરો જોવાં ગમે. એય વરસાદની વાટ જોતાં લાગે. પછી વરસાદ પડે. હળલાકડાં રમણે ચઢે... કોરી ખેતી રોપાઈ જાય... ચારછ દિવસમાં તો ખેતરોમાં હારબંધ અંકુરો ઊગી આવે... શેઢા લીલછાઈ જાય. સીમ, લીટીઓ દોરીને આંક લખેલી, નિશાળિયાંની, હારબંધ ચારે બાજુ ગોઠવેલી, અનેક સ્લેટોના સમૂહ જેવી દેખાય. વધુ વરસાદ થતાં ઘરવાડિયાંની ધરુ ક્યારીમાં રોપતાં મજૂરો વર્તાય. વીસેક દિવસમાં સીમનો ચહેરો ચોમાસુ પહેરી લે, પછી નીંદામણ કરતાં લોકની અવરજવર મંદ પડે. ધીમે ધીમે મોલ લચી આવે... ખેતરો વીંધીને નીકળાય નહીં એવી જમાવટ થાય. પાછી શરદ આવતાં સીમ સોનું છલકાવતી દેખાય... વાઢણાં આરંભાય... ને ખેતરો ખળે ઠલવાય... સીમ મુક્તિ પામેલી પ્રસૂતા જેવી, નિરાંતે સૂતી હોય! થોડાક દિવસોમાં પાછો હળલાકડાંનો હલ્લો થાય. કુંવારકા ધરતી રવિ મોસમ માટે ખેડાય... મોલમાટીની સુગંધોથી મઘમઘ્યા કરે છે સીમ. સીમને જાણે સ્ત્રીઓ સાથે સારું બને... પસાર થતી કેડીઓ, આવતીજતી ભથવારીઓ, ઘાસ લેનારીઓ, વાઢનારીઓ, નીંદનારીઓ... મોટે ભાગે બે-પાંચના ઝૂમખામાં હોય. એમના પગસાંકળાં(છડા)ની ઘૂઘરીઓ ખનકતી હોય, કાચની બંગડીઓ રણકતી હોય, એમનું સોનારૂપાનું હસવું પ્રસરતું હોય! ક્યાંક પન્નાલાલનાં 'કાળુ-રાજુ' જેવો ઘાટ હોય તો ક્યાંક 'મળેલા જીવ'ની જીવી મહુડા નીચે કાનજીની વાટ જોતી હોય. ભર્યા મોલમાં પ્રેમીઓ મળતાં હોય ને મેળે જતાં વળતાં દીધેલા કોલ પાળતાં હોય. કોક પ્રીતવછોયું ઉદાસ હોય કે ડૂસકાં

ભરતું હોય — સીમખૂણે છાનુંછપનું! સીમ જેવી મળવાની મોકળાશ બીજે ના મળે! બંને જાતનાં ‘કામ’ ચાલ્યા કરે. ચારે બાજુનાં સીમ-ખેતરનાં નામઠામ હોય — એવાં જ હોય સંકેત- સ્થળો! પાહતું (પસાયતું), ભટિયું, ઢોકળિયાં, બાંમણિયું, કાછલું, પરબિયાં, ડેરૈયાં, ધાંહોવાળાં, માતાવાળું, મોવડિયું, ઝરો, લેંબવાળું, નાડાં, આંબળિયાં, રામવાળું, ટેંબો, કોકલિયાં, માળિયાં, પેંપળિયાં — મૂળાં — કૈં-કેટલાંય નામનાં ખેતરો! જમીનનાં રૂપરંગ એવા ખેતીના દિદાર! ગામડાનું લોક ઘેર રહે છે એથી તો વધારે વખત સીમસીમાડે રહે છે... સીમ વિના એનું આયખું અધૂરું...!!

[૧૯૯૬]

૧૨. શેઢો

'સીમ-ખેતરનું સરનામું, તો કહે : મુકામ પોસ્ટ શેઢો; છેડો નહીં. આમ શેઢો એટલે છેડો — ખેતરનો છેડો; પણ 'છેડો' તો એકાંગી શબ્દસંકેત છે. શેઢો ખેતરને ચારે છેડેથી, ચારે બાજુએ વહાલથી વીંટળાઈ વળે છે. શેઢો સરહદવાચક છે, સરહદસૂચક છે; પરંતુ ખરેખર તો શેઢો આકારદર્શક છે; રૂપનિર્દેશક છે આ શેઢો, એનાથી ખેતર પામે છે પોતાનું ચોરસ-લંબચોરસ કે ત્રિકોણિયું ખેતરપણું! શેઢો ખેતરનો અસ્તિત્વબોધક છે. એ મર્યાદા સૂચવે છે પણ મર્યાદિત રહેતો નથી. એ સરહદ સૂચવે છે પણ પોતે એક હદ દ્વારા બીજી હદને દર્શાવે છે — આમ એ આપણને સીમમાં ફેરવે છે. શેઢા વગરનાં સીમખેતર ભાળ્યાં છે કોઈએ ભલા! માણસ વગરનાં ગામઘર વખતેય મળે... થોડી વાર, પણ શેઢા વગરનાં સીમખેતર તો સસલાનાં શિંગડાં જેવી વાત ગણાય. શેઢો ખેતરની અડખેપડખે બીજાં ચાર-બાર બારસો ખેતરોને ચીંધતો ચાલે છે. ક્યારેક પડતરમાં ભળી જતો તો ક્વચિત્ ટેકરીઓના ઢાળમાં મળી જતો શેઢો મબલખ મોલ સાથે લળીઢળી જતો ઓચ્છવ છે. શેઢો સ્વત્ત્વની સાચવણી છે. શેઢો પોતાપણાની તાવણી છે... અટક્યાની ઉજવણી ને ટક્યાનો ટેક છે આ શેઢો. ખેતરને વારતો, વળાંકે વાળતો શેઢો ડાહ્યાડમરા વડીલ જેવો મલકાતો હોય ત્યારે ખેતર એને ખુમારીથી કહેતાં હોય છે — 'હૈં શેઢાભાઈ! અડખેપડખે અમારા વગર તમે કદી તમારાપણું પ્રગટાવી શકો ખરા કે—?' ત્યારે શરમથી લીલોછમ થઈ જાય છે શેઢો, એ જાણે છે કે અડખેપડખેનાં ખેતરો વિના એનું 'શેઢાપણું' સહેજમાં આથમી જાય... ભળી જાય વેરાનમાં, પડતર પાદર થઈ જાય એની જાત જરાકમાં! એટલે એકબીજાને બાંધતાં અને પરસ્પરથી જાતને સાંધતાં આ ખેતર-શેઢાની મૈત્રી આમ જોવા જાવ તો ભૈ મતલબની ભાઈબંધી છે. બંને એકબીજાને માને છે ને પાળે છે આમન્યા પાળે પાળે... બધે. સીમ આખીમાં ઢાળે ઢોળાવે જાતની ઢાળી-ઢાળીને મ્હાલે છે આ ખેતર શેઢાની જુગલબંદી, કાન માંડીને સાંભળો તો તમને સંભળાશે એમની મટિયાળી હળવાશ... હોવાપણાના કશાય ભાર વિના વખતને જ વૈભવ ગણીને વાગોળતાં આ શેઢો ખેતર જબરાં છે, હાં...

જળનાં ઝાંઝર રણકતાંવેંત રોમાંચિત થઈ જતો, પળમાં જતો અને ઘડીકમાં ઘાસઘાસ થઈ જતો આ શેઢો, તમે નહીં માનો પણ ભારે તટસ્થ છે, ભાઈ! બે દુ:ખબાવરી વહુવારુઓ શેઢે બેસી વાતે વળગે છે. ઘર-વર કે પિયરની પ્રીતમાં બે આંસુ વહાવે છે. મન હળવું કરે છે — નણંદભોજાઈ બે ઘડી આ શેઢા પર, ભાભી નખરાળાં નણદીને નણદોઈની ઘેલગમ્મત પૂછે ત્યારે શરમના શેરડાવાળા મોઢે છણકો કરી પગ પછાડતી નણદી... એ કૂણા ફળદ્રુપ પાદપ્રહારને તટસ્થપણે ખમી જાય શેઢો. નાડાછડી જેવી ભાભીને ભાઈની મહોબ્બતના રંગરાગ વર્ણવી નણદલબા ચીઢવે ત્યારે ધબકારા ચૂકી જતું ભાભીનું હૃદિયું સાંભળીને સીમ આખીમાં દોડી વળવાનું મન થાય શેઢાને... પણ એ તટસ્થપણે બેસી રહે છે બાજુમાં; જમાનાનો ખાધેલ છે આ શેઢો, વાતેવાતે મલકાવું સારું નહીં ને જાતેજાતે છલકાવું એ તો આછકલાઈ કહેવાય... શેઢો આવો જ્ઞાનીનો અવતાર છે... બે પડોશણો સુખદુ:ખનાં રોણાં રડતી હોય... વાઢવા-નીંદવાનું વિસામે મૂકી પોરો ખાતી હોય બેઉ આ શેઢાની સાખે. બેઉએ જીવતરમાં તડકીછાંયડી જોઈ છે, વેઠવામાં બાકી નથી મેલ્યું... વહાલી દીકરીઓને વળાવી હોય સાસરે; ઉમળકે પરણાવેલા દીકરાઓની વહુઓ છણકા કરતી હોય, દીકરો વહુની આંખે દેખતો હોય ને ઘરડેઘડપણ મજૂરી ન થતી હોય તોય આ ખેતી... જીવતરની ફજેતી કરાવતી હોય! બેઉ આંખો ભરતી, નાક નીંસકતી ને સાડલે છીંકણીયાળાં લફરાં લૂછતી પાછી કામે

વળગતી હોય… ત્યારે સૂનમૂન થઈને જોયા કરતો હોય આ શેઢો… એણેય વેળા વેળાની છાંયડીના સ્વાદ-ના-સ્વાદ જાણ્યા હોય છે! એય તળેઉપર થઈ જાય છે આશાએશના બે બોલ કહેવા પણ એને મોઢે મણમણનાં તાળાં મારેલાં છે વિધિએ… હાં કે!

કોઈ કાબી કણબીકન્યાએ મૂછનો દોરો ફૂટેલા પડોશી-છોકરાને, ભર્યાંભાદર્યાં મોલ લચેલાં ખેતરની વચ્ચ ઉગમણી સીમના બપોરી આભલા તળે, નિશ્ચિત શેઢા સાખે મળવા-હળવાના કોલ દીધા છે. અધીરાઈના અશ્વોને નાથી ન શકતી એ ગ્રામકન્યા આઘીપાછી થાય છે શેઢા ઉપર… અચાનક પ્રગટી ઊઠે છે પહેલો પ્રેમ… બથ ભરીને બાઝે છે… જીવ પર આવી ચૂમે છે… ચાખે છે વયને પહેલા વાર બેઉ… ત્યારે ખરી કસોટી થાય છે. આ શેઢાના તાટસ્થ્યની! વાડે વાડે ફૂલો ખીલી નીકળી છે… ઘાસ પર ઊભી રહી જાય છે કૂણી પડેલી વેળા : ઢળતી બપોરનો આકરો તડકો પકવે છે મોલ… ત્યારે પણ આ સમજુ અને શાણો શેઢો તો રહે છે અબોલ…

એની આસપાસ કવિ દલપતરામનાં ઘાસચારા, માથે આકાશ અને નીચે નરદમ ઘાસ… એની ભાતભાતની વાસ વેરતા શેઢા એકબીજાને મળે, છૂટા પાડે… આઘા જાય ને આવે ઓરા, એમને માથેય ક્યારેક બેસે ફૂલતોરા… એમના અંતરમાંય આવાસ અલખનો… એમની માલીપા મલકમલકનાં અજવાળાં-અંધારાં… એય ભરચક થાય, વઢાઈ જાય… એમનેય વાગે વેરાનતા, લાગી આવે ખેતરનો ખાલીપો. પણ શેઢાને ખરખરો કરવાની મનાઈ છે માલિક દ્વારા. ભલીબાઈના ઘડેલા રોટલા પડી રહે છે કાળુ વાલજી પટેલના ખેતરશેઢે… માંડલી ગામે, વાત્રકની વાટે ભૂખ્યોતરસ્યો કાળુ હળ હાંકે… તનની પરણેતર તો તણખલા તોલે છે… પણ મનની માલિક રાજુ… જોવનાઈના મોલે છે. પતિના પશ્ચાત્તાપને પામી ગયેલાં ભલીબાઈ, આમ કાકી પણ પતિની પ્રેમિકા રાજુબાઈને ભાતાં લઈને મોકલે છે… ઉમળકો ઊગે છે ખેતરશેઢે કાળુને…! ભથવારી રાજુ હોય તો ભવની ભાવઠ ભાંગે…! પણ આ તો વારો મુકાવવાની વાત છે… ઘડીકનો ખેલ, કાળુ કહે છે કે ભૂખ જ મરી ગઈ છે… શું ખાઈએ? મન કહે છે — રાજુ, તારા જેવી ભતવારી હોય તો ભૂખ ઊઘડે ને પછી ખવાય… જિંદગીની ભૂખ ભાગે… પણ ક્રૂર કાળની રમત જાણે છે શેઢો…! માનવીની ભવાઈનો સાક્ષી છે આ શેઢો!… છપ્પનિયા કાળનો તરસ્યો છે એ… ને તોત્તેરનાં પૂર વેઠ્યાં છે આ શેઢે… વડીલોની વિપદા એણે જોઈજાણી છે… લડતા-ઝઘડતા — સંપી સુલેહ કરી વહાલથી વીંટળાતા વારસદારોના લોહીધબકાર ઝીલ્યા છે આ શેઢાએ, વડીલોનો વડીલ છે એ તો; એ મટી જાય છે માટીમાં વળી પાછો બેઠો થાય છે ઘાસ રૂપે… ચાસરૂપે ફરી વળે છે ખેતરેખેતરે…

બે શોક્ય સામસામે છેડથી વાઢે છે શેઢો. હળ છૂટ્યાં છે શેઢે. બળદ ચરે છે શેઢે. ખેડુ હાથને ઓશીકે આડો પડ્યો છે શેઢે. ભોટવો પાણી ધરી બેઠો છે શેઢે. કઢી-રોટલા, કાંદા-કચુંબર, કેરી-ભાજી-ભાત-મરચાં ચટણી ખવાય છે શેઢે… છળાં-મ્હોંવીછળાં… બીડી ધતૂરીના દમ… નિશ્વાસ સાથે ગમ વેઠે છે શેઢો. ધાનના ઢગ શેઢે, વઢાયેલાં ઘાસ શેઢે, ભર્યાં ગાડાં શેઢે, શેઢે ઊછર્યાં ઝાડ ને એનાં ફળ ગર્યાં છે શેઢે શેઢે. કોઈ ખેતર સાચવતો નિશાળિયો ઘડિયાં ગોખે શેઢે, પિયર સાંભરતાં છાનુંછૂપું રડી લેતી પહેલી આણાત શેઢે. પતિને મલકાતો જોઈ શરમાતી નવોઢા શેઢે… પહેલી વાર છેટે બેઠેલી ખેડુકન્યા અડક્યાના ઉમળકા ઉછેરે શેઢે… ખેતરની જોવનાઈ પોતાના ડિલે અનુભવતી અને જીવ બાળતી કોઈ જીવી શેઢે… કોઈનું ઘડપણ હાંફે શેઢે…

શેઢો સાબદો છે હંમેશનો. સદીઓનાં તીર તથા નદીઓનાં નીર અજાણ્યાં નથી એનાથી, મલાજા પાળનારો શેઢો મૂંગો રહેવા છતાં બોલે છે મોસમ રૂપે પ્રત્યેક ઋતુમાં. શિયાળે એનાં અંગાંગે લચી આવે છે રાતીભીંડીનાં ઝીંડવાં. શરદના દિવસોમાં લાંબડા ઘાસની ટોચે જાંબળી-કલગીવાળી શ્વેત દીવીઓ ઝૂલ્યા કરે છે શેઢે શેઢે. વસ્ત્રને વળગી પડતા લૉપ ઘાસની પાકી સળીઓ સોનાવરણી થાય છે ત્યારે કરકડીયાની તૂરીતૂરી વાસ ફોરી રહે છે. શ્રાવણની વાડે કંકાસિણીનાં વાંકાં ફૂલો દેખાય છે… આષાઢે શેઢા ઉપર ઊગી

આવે કંકોડીના વેલા. ફૂદડને બેઠાં હોય વાદળી ભૂંગળિયાં ફૂલો. ગળોના વેલા તો દોરડાં જેવા... મોચમમાંથી કૂદતાકને આવી લાગે! કોઠમડીના વેલા... એનાં કોઠમડાં કાચાં કોપરાં જેવાં લાગે — શેઢાનાં ખરાં ફળ તે આ કોઠમડાં. ડાંગરાં-ચીભડાં થાય. નૈયાના કે કોળા કંટાળાના વેલા પણ આ તક મળતાં ફાલતા જાય ઊભા શેઢે. આ બધાં ખવાય કાચાંકોરાં... એનો સ્વાદ તે શેઢાનો સ્વાદ. ક્યારેક બૉળના છોડવા ફાલે, ઊગી આવે કાશ પણ... કાશનાં શ્વેત ફૂલો — ચામર જેવાં... ચાંદીની છડી લઈને ઊભો રહે શેઢો. ઉનાળે ખેતરને આશ્વાસન આપતો આછીપાતળી લીલપથી સીમના અંતરને ઠારવા મથે છે શેઢો. દર્ભ જેવો દર્પ એનો. ઘાસ પહેરે-ઓઢે-પાથરે તોય એને ઘાસની એવી માયા નહીં. ઘણી વાર અનાસક્ત યોગી જેવો... ન લેવું ન દેવું! ક્યારેક એકાદો દાણો ઉગાડીને વખતે ડૂંડાળો-ડોડાળો થાય, પણ ખેતર થવાનો ચાળો ન કરે કદી. કોઈક ખોદાવે, માટી પુરાવે... પહોળો કરે શેઢો. નવા શેઢા પર દાદા બાવટો, બંટી ને કોદરા વાવતા... ધીમે ધીમે શેઢો હેઠો બેસે અને પછી ધારી લે કાયમી કઠોરતા. સારસ, મોર તથા સસલાં ચરાવતો એ સાપને સરી જવા દે છે ભીતરમાં. એ બધું બાંધી રાખવા ચાહે છે... કશું વેરાઈ-વીખરાઈ ન જાય એ એની ચિંતા. કાયમનો એ રખોપિયો. બે ખેતરના વચ્ચેના શેઢે મકાઈ સાચવવા ઊંચો માળો થાય — છાપરાવાળો... ઉપર સગડી ખાટલો. જોયા કરો સીમ તથા ટોયા કરો ચકલાં. શેઢા પર ડોડા શેકવાનાં તાપણાં થાય, બાજરી ઘઉંના પોંક પડે કે ચણા-મગફળીના લીલા ઓળા પાડવામાં આવે તે બધુંય શેઢે... તાજા પાક ને લીલા ઊના ઓળાના સ્વાદ તો શેઢે પલાંઠી મારીને લેવાના હોય... એના વિના મનખાવતાર ઊણો ને ઊચેલો ભળાય. એટલે પાટીદારને મન શેઢાની સાહ્યબી સોળ આનાની. શેઢે વહી જાય ભીના ઢાળિયા. જાગતલની જાત પમાય શેઢે; ભાવતાં ભોજન ખવાય શેઢે. એનાય ભાગ પાડનારા લોભી કપાતર લખાયા હોય છે એને લમણે. પણ એ તો અચળ... અઠે દ્વારકા! ભર્યા મોલ ખળે ઠલવાય ત્યારે ખાલી ખેતરનો એકમાત્ર આધાર આ શેઢો... ખેતરને તેતર રમાડતો સમય પસાર કરે છે શેઢો. નકરો નિર્મમ!!

[૧૯૯૬]

વિદ્યાનગર

૧૩. ધરુવાડિયું

જેઠના આકરા તડકા તપતા હોય, ધૂળિયા વંટોળ ખુલ્લાં ખેતરોમાં રમણે ચડતા હોય, બધી દિશાઓ પીતાંબરી ભાસતી હોય, દિવસાંતે મેલાં લૂગડાં જેવી સાંજ ઢળતી હોય અને હરાયાં ઢોર સિવાય સીમવગડો પણ સન્નાટે સૂનાં હોય ત્યારે અચાનક દાદા બાપાને કહેતા સંભળાય કે 'હવે સવારમાં વાદળી કોળમડીઓ વળવા માંડી છે. ડાંગરનું ધરુવાડિયું તૈયાર કરવા માંડો...'

કધોવણ પડી ગયેલા માદરપાટનું ઢીંચણિયું થેપાડું. ઉપર ઊતરી જવા આવેલું એકાદ બાંય-ચાળે ફાટી લીરા લબડાવતું કેડિયું પહેરીને સવાર સવારમાં બાપા ખેતરે જવા નીકળે, ખભે પાવડો લઈને ખાખી બીડી ફૂંકતાં ફૂંકતાં એ મોટાભાઈને સૂચના આપે — 'ઉકરડેથી ઉપર ઉપરનું કોરુંમોરું, સારું સારું ખાતર ગાડું ભરીને તમે લઈ આવો વાવની ક્યારીમાં.' પગમાં પટ્ટીને બદલે દોરડી બાંધેલાં સ્લીપરિયાં ઘાલીને એ ફટાક ફટાક કરતા ચાલ્યા જાય — ઘડીવાર પ્રેમાનંદનો સુદામો યાદ આવી જાય.

બધાં વગરકહ્યે સમજી જાય કે ધરુવાડિયાની તૈયારીઓ આરંભાઈ છે... છાણિયું ખાતર ભરવા ગાડું ઉકરડે મંડાય, બળદોને મગફળીના પાલાના ટોપલા નિરાય... ઘરમાં બેન કંસારનાં આંધણ મૂકતી હોય અને બા માટીની મોટી ચોરસી — કોઠીમાં ઊતરીને ડાંગરનો સૂડલો ભરી બહાર કાઢતી હોય... દાદા એ ડાંગરને ખળામાં જરાક તડકે ચઢાવે. બપોરી વેળાએ બા એ ડાંગરમાં ભળી ગયેલા મુછાળા વરીઓ (ડાંગરની રાતી જાત)ના દાણા વીણી કાઢે... મણ જેટલી ડાંગરનો સૂડલો ધરુવાડિયાના બિયારણ સારુ ત્રીજા ભેંત્યામાં મુકાઈ જાય. એ સોનાવરણી મૂઠીફાટ ડાંગર જોઈને જીવને એના તાજા પૌંઆ ખાવાના અભરખા જાગે. અમે બે-ચાર દાણા લઈને દાંત વચ્ચે દબાવીને ફોતરી ઉખાડી ચાખીએ ત્યારે દાદા કહે, 'બિયારણ ખવાય નહીં, ભૈ! પેટમાં ઊગે...' પાછા મનોમન બબડે — 'આમ તો આય સુદામાના તાંદુલ જ છે ને! ભગવાને એમની માયાથી એનાં વળતર વાળ્યાં, તો કણબી એને ધરતી વાવીને હજારગણું પકવે પછી જગતને મોઢે ધરે... એને જગતનો તાત અમથો નથી કહ્યો...'

ક્યારી ખેડાય, બેવાર ઊભીઆડી ખેડ મૂકીને હળથી ક્યારીને બહરવામાં આવે... પછી એમાં છાણિયા ખાતરને ઝીણું ઝીણું ભાંગીને વાળી દેવાનું... ફરીથી હળ મુકાય... પછી ખુલ્લી ખેડમાં વાવનાં પાણી કલકલતાં ફરી વળે... ક્યારીનો ચહેરો ભીની માટીથી બદલાઈ જાય, પછી એ ક્યારીનું નામ પડી જાય ધરુવાડિયું! અમારાં ખેતરોમાં આવાં એક-બે ધરુવાડિયું નક્કી હોય... આંતરે વર્ષે એમાં ધરુ નંખાય. લોક એને 'ધરુવાડિયું' પણ કહે. બે દિવસે વરાપ થતાં ધરુવાડિયું ખેડાય... એમાં કાંઈ ઘાસ લોચા કે ખાંપા-ખરપા હોય તો વિણાઈ જાય... માટી વવરાતી જાય એમ ખેડો થતી જાય. ધરુવાડિયાની માટી સુંવાળા કંસાર જેવી થઈ જાય... પછી દાદા પેલો સૂંડલો લઈને ડાંગર વાવવા જાય, મોટાભાઈ વવાઈ ગયેલા ધરુવાડિયાને ખેડે... સમાળ દેવાય પછી બાપા સાથે અમે એમાં પાળા બાંધીએ પાવડાથી. નાના નાના ક્યારાઓ વચ્ચે પાળીઓ અને બેઉ શેઢે પાણી મૂકવાની નીકો. સાંજે પાણી મુકાઈ જાય. ક્યારે ક્યારે લાકડાં રોપી ઉપર લૂગડાંના કકડા ભરાવીએ જેથી ચકલાં દાણા વીણી ન ખાય... ચાર-પાંચ દિવસમાં તો ધરુવાડિયું ઊગી નીકળે... માતાના જવારા જેવા અંકુરો જોતજોતામાં મોટા થાય ને ધરુવાડિયું લીલછાઈ જાય.

સીમમાં આવાં ઘણાં ધરુવાડિયાં ઊછરી રહ્યાં હોય. બા વહેલી સવારે ધરુ નીંદવા આવે. ચીડો તથા નકામું ઘાસ નીંદી કાઢે. બપોરી વેળા દાદા હરાઈ-રખડતી ગાયો વાળવા ધરુવાડિયાના શેઢે આંબા નીચે ઢોયણી

નાખીને પડ્યા હોય. હાથમાં ચકરડી હોય, ખભે શણનાં ફેલાં... એ પાન કાઢતા જાય ને ચકરડીમાં ભીંડી વીંટતા જાય... કોઈકે ધરુવાડિયાની પડખે ઝાડડાળ અને ઘાસપરાળનો ખોયલો (ઝાકળિયું) ઘાલ્યો હોય... સાંજે હરાયાં ઢોર વાળવાની જવાબદારી અમારી. ધરુના કૂણા કુમાશવાળા છોડ એવા તો મલકાતા હોય, પવનમાં લળીલળીને રાજી થતા હોય કે કોઈની નજર લાગી જાય... એટલે બા ધરુવાડિયાની મોસમમાં લાકડું રોપી એના ઉપર ફૂટલું હાંલ્લું ઊંધું પાડી રાખે. દાદા કોઈનાં તૂટલાં પગરખાં ચાડિયાની જેમ ટીંગાડી રાખે. હા, ધરુવાડિયું તો કુંવારકા જેવું ગણાય. એનાં રખોપાં તો રાતદિવસનાં... આઠે પહોરનાં. જેઠના આકરા તાપમાં કોમળ ધરુને સાચવીને અષાઢ ભેળું કરવાનું. આ ધરુવાડિયું તે બાર માસના ચોખા અને ઘરખર્ચ માટેનું વેચાણ! આ ધરુથી મોટા મોટા ક્યારા રોપવાના ને ડાંગર પકવવાની... આનો જ આધાર... એને કુંવારકાબેનની જેમ ઉછેરવાનું... ખારેકકોપરાં ખાઈને બેન ગૌરીવ્રત કરે... પરઘેર જવા એની કાયા બંધાય, કઠણાય, વ્રતની વાતે વાતે બેનદીકરી સભાન થાય. લાજમજાની સમજે અને જીવ તથા જાતને તૈયાર કરે... એણેય આ ધરુવાડિયાની જેમ કોકના ખાલી ખોબા ને મોટા કૂબા ભર્યાભાદર્યા કરવાના છે... કહોને જીવતરના ખાલી પડેલા ક્યારડા રોપવાના છે ને પકવવાના છે સોનાવરણા મૉલ... મોંઘામૂલના મૉલ! મનખાવતારના મૉલ...

અષાઢી બીજ આવે, આભે વાદળાં ઊમટે ને વીજ ચમકાવે. સમી સાંજના મેઘ મંડાય ને આષાઢી દિવસો ભીંજાય... ધરુવાડિયાં કલકલી ઊઠે... ગૌરીવ્રતના દિવસોમાં ઘરેઘરે જવારા ઊછરે અને સીમમાં ક્યારે ક્યારે ધરુ... જવારા ભારે વરસાદ સાથે વિદાય લ્યે... ક્યારી ભરાઈ-છલકાઈ જાય... ખેડૂતો ઘાંણિયા મૂકીને ભર્યા ક્યારા ડહોળે-ખેડે... પાછી રોપણી માટે દાડિયાં આવે... દાદા ઘીનો દીવો, અગરબત્તી અને શ્રીફળ લઈને ધરુવાડિયે પહોંચી જાય... કુંવારકાબેન દીવો કરે ને ટોળું શ્રીફળ વધેરે... સૌને કોપરાની શેષ અને ગોળ ખાવા મળે! બેનના હાથે ધરુવાડિયાના ઉગમણા ક્યારામાંથી પહેલો રોપ-છોડ ઊખડે... બસ શુકન થયાં... પછી બા-ભાઈ-ભાભી-બાપા બધાં ધરુ ઉપાડવા મંડી પડે... અમે દૂરની સીમમાં ક્યારડા રોપતાં દાડિયાંને ધરુની નાનીનાની ઝૂડીઓ પહોંચાડીએ... ધરુવાડિયામાં ધરુ ઉપાડનારાંને ચા-નાસ્તો મોકલીએ... ધરુ પાણીભર્યા ક્યારામાંથી જ ઊપડે... બહુ કાળજીથી એને ઉપાડવું પડે... એનું મૂળ ટૂંપાય નહીં કે એની કૂણી કેડ ભાંગે નહીં... એમ, નાજુક રીતે એને ઉપાડવાનું... પાણીમાં બેસીને ઉપાડવાનું... ઘણાં લગ્નવેળાનો વણવપરાશમાં પડેલો બાજોઠ મંગાવે ને એના ઉપર બેસીને ધરુ ઉપાડે... હાસ્તો! નહીંતર પાણીમાં કાછડી કોહી જાય... દસ દસ દિવસ સુધી આ ધરુ ઉપાડવાનાં ને રોપવાના સૂડીલાં ચાલે...

ધરુવાડિયું નહીં ઉછેરનારને ડાંગર રોપ્યા વિના લમણે હાથ દેવાના આવે... જેમ કન્યાવાળું ઘર શોભે એમ કણબીની ભોંય ધરુવાડિયાથી દીપી ઊઠે—દાદા ભાતભાતની કહેવતો કહે. ધરુવાડિયું નહીં ઉછેરનારને એ ‘નવરો બેઠો નખ્ખોદ વાળે’ એમ કહી નવાજે... ઉપરથી ઉમેરે કે ‘અક્કરમીનો પડિયો કાંણો...’ પણ પોતાના ધરુવાડિયામાંથી એને એકા નાનુંમોટું ક્યારડું રોપાય એટલું ધરુ દાદા ઉપાડવા દે... ઘણા તો ધરુ વેચાતું આપે. દાદાને એ ન ગમે. કહે ‘જેમ કન્યાના (બેન-દીકરીના) પૈસા લેનારું પાપમાં પડે એમ ધરુના પૈસા લેનારાનુંય નખ્ખોદ જાય છે... ધરુ તો માલિકની મરજી છે. વધ્યું તો ભલે ધરતીમાતાના ચહેરે મઢાતું!’ ધરુવાડિયાનો છેલ્લો ક્યારો ઊપડે—એની ઝૂડીઓ શેઢે હોય... ધરુવાડિયું બીજાઓને બધું આપી દઈને પોતે સાવ ખાલી થઈ ગયું હોય છે... પછી એમાં ખેડ મુકાય... પાણી ઉમેરાય ને પેલી એની જ ઝૂડીઓથી પાછું ધરુવાડિયું રોપાઈ જાય... પછી ધરુવાડિયું પાછું ડાંગરનો ક્યારડો બની જાય... બીજાઓને આપવામાં રાજી રહેનારું ધરુવાડિયું છેવટે ખાલી નથી રહેતું... એય ભર્યુંભર્યું થઈ રહે છે... ધરુવાડિયું ગામડિયા માણસોની નિશાળ બની રહે છે જાણે! એ કેટકેટલા પાઠ ભણાવેગણાવે છે આપણને!

ધરુવાડિયું તો જગા છે—ક્યારો છે. જેમાં ધરુ—નાના નાના રોપા ઉછેરે છે—જે માફકસરના થાય એટલે ઉપાડીને બીજે રોપવામાં આવે છે. જાતવાન ઝાડની કલમ કરવામાં આવે છે. ધરુ પણ જાતવાન

બિયારણથી ગુણવત્તાવાળી પેદાશ આપનારું અક્ષયપાત્ર છે, ધરતીનું! ધરુવાડિયું ઉછેરવું અઘરું છે. બધાં ધાન વવાતાં-ઓરતાં નથી. કેટલાંક આમ ધરુથી વધારે સારાં ફળ આપે છે. મોસમો પ્રમાણે ધરુવાડિયાંને ખાતરપાણી દેવાનાં... તડકાટાઢથી રક્ષવાનાં... નાજુક વસ ઉછેરવા વધારે કાળજી રાખવાની. રાવજીએ એટલે સ્તો એની કવિતામાં લખેલું કે 'મને તમાકુના છોડની જેમ કાળજીથી કોણ ઉછેરશે!?'

તમાકુ, મરચી, રીંગણી, ડુંગળીનાંય ધરુવાડિયાં હોય છે — ને એ ઘણાં કાઠાંકપરાં હોય છે... આપણે તો 'કર્મશીલ' યુગમાં આવી લાગ્યા છીએ... ભૌતિકતાવાદે આપણને ગણતરીબાજ ને પાકા બનાવી દીધા છે... લોકો ધરુવાડિયામાંથી હવે 'નર્સરી'માં આવી લાગ્યા છે... ફૂલછોડ... ફળઝાડના રોપા વેચાય! કળિયુગમાં પાણી-દૂધ-તેલ-ઘી પડીકે વેચાતું હોય ત્યાં ધરુ કે રોપા મફતમાં ક્યાંથી મળે? વખતના ખેલ છે બધા! પન્નાલાલ પટેલમાં આવે છે — 'સમો અને વખતની વારતા'! આ જીવતર એવી જ વારતા છે...

પણ હજી ગામડાં સાબદાં છે... મારે ગામ હજી ધરુવાડિયાં ઉછેરે છે ને વગરપૈસે ધરુ અપાય છે...

[જૂન, ૧૯૯૫]

૧૪. સ્વજન-તરુવરો

આપણા પોતાના મલક માટે આપણે જ પરાયા-પારકા થઈ જઈએ એ વેદના તો કોક સંવેદનપટુ જ જાણે. પગ આવે છે ને બાળક ઓસરી-પડસાળ-ફળિયું-પાદર-સીમ-પરગામ કરતું કરતું દૂર જાય છે; ઘરથી દૂર જઈને એ વારંવાર ઘરે પાછું વળે છે. પણ એક દિવસ એવો આવે છે કે એ પાછું વળવા ચાહીનેય ત્યાં નિત્ય જઈ શકતું નથી. ઘરે-ગામડે-વતનમાં સીમવગડે – પોતાનાં નદીતળાવે કે ડુંગર-કરાડે અરે માથે વ્હાલભર્યો છાંયો આપનારાં વૃક્ષતરુવરો પાસે ફરીથી નથી જઈ શકાતું... કદીક જવાય છે તો ઘણુંબધું બદલાઈ ગયું હોય છે. આપણે પણ જરા વધારે પડતા 'નાગરિક' થઈ ગયા હોઈએ છીએ. એટલે જે ગયું તે તો ગયું જ! વીસમી સદીનો શાપ તે આપણને આપણાં સગાંવહાલાંથી અને દેશ-પરિવેશથી વિખૂટાં પડવાનો શાપ! ચાલવા માંડતા પગને પછી પ્રલોભનો જાગે છે. નવા નવા રસ્તાઓ ઉપર નિજત્વનાં પગલાં પાડવા ઝંખનારા કવિની જેમ પછી આ રઝળપાટ અટકવા દેતો નથી. એક સ્થળે જીવને ટકવા દેતો નથી.

જોકે પછી કશેક ઠેકાણે માણસ સ્થિર થઈ જાય છે — એક નવું ઘર બાંધે છે. નવી જંજાળ રચે છે ને પછી એમાં ખોવાઈ જાય છે — વચ્ચે વચ્ચે એ ભૂતકાળને વાગોળી લે છે. સાંપ્રતનાં ગમે તેટલાં સુખો કે દુઃખોની વચાળે કૂણોકોમળ માણસ તો વ્યતીત માટે ઝૂર્યા જ કરવાનો. ચાલે છે એ તો પગ છે, પણ આપણને દૂર દૂર સુધી ચલાવે છે એ તો છે કોઈની આરત, કોઈનો પ્રેમ, કોઈનું અદમ્ય ખેંચાણ... એ કોઈ તે પ્રકૃતિ પણ હોય, પ્રિયજન પણ હોય અને અલખ પણ હોઈ શકે.

છેવટે માણસ પડાવને પ્રેમ કરતો થઈ જાય છે. પછી બીજા ઝાઝા પડાવોનો અવકાશ નથી હોતો. આવા મુકામ પર એને આખો અતીત પાછો યાદ આવે છે. હવે એ વર્તમાનમાંય ઘણી વાર વીતેલા કાળને જીવતો હોય છે. કેટકેટલું સહજ, સરળ અને ગમતું-ભાવતું છોડીને એ આટલે દૂર આવી ગયો હોય છે! ક્યારેક થાય છે કે શું મેળવ્યું? શું કામ આ રઝળપાટ વેઠ્યો! પણ ઉત્તરો સંતોષી શકે એટલા સરળ નથી હોતા. આ અવસ્થાએ એને સંસ્મરણોથી વધારે રસાળ કશું લાગતું નથી. એને ગામ સાંભરે છે ને કદી નહીં યાદ આવેલાં લોકો પણ! ઘણું ઘણું ભૂલી જવાયું હોય છે. પણ પેલાં વૃક્ષો નથી ભુલાયાં — જેમની છાયાઓ ત્વચાનો રંગ બની ગઈ છે ને જેમનાં ફૂલ-ફળ લોહીમાં લપાઈને અદશ્ય બેઠાં છે; હા! એ વૃક્ષો જે ભેરુઓ હતાં, વડીલો હતાં ને વહાલાં હતાં. એમની છાયાની માયા મટતી નથી. વૃક્ષો સાથે આપણું એક રાજપાટ હતું. કિશોરવયનાં કેટલાંક પરાક્રમો આ વૃક્ષોની સાખે — અને શાખે પણ — થયાં હતાં. નવી પેઢી પાસે ન તો એ તરુવરો રહ્યાં છે, ન એવાં નોખાં તોફાનમસ્તી. આજની પેઢીએ વર્ણસંકરતામાંથી પસાર થવાનું આવ્યું છે. અલસથી અળગા અને મા મૂકીને સાવકી માસીનો પનારો પડ્યા જેવું છે આજનું ગ્રામજીવન પણ.

ક્યાં છે આંગણાંમાં ઝૂલતા પૂર્વજપોષ્યા લીમડાઓ હવે? લીમડાની છાયામાં રમેલાં એ રમતો અને ભેરુઓ કશું જ નથી આજે. હા! એ શીળી છાયાની માયા માલીપા સચવાઈ છે. એ લીમડાની લીલી ડાળી તોડીને લાલજી ભંગી દૂર બેસીને ઉજણી નાખતો'તો. શરીર પર વા-પ્રકોપ થાય ત્યારે આમ 'અભડાવી'ને પછી દેશી દવા કરવામાં આવતી. લીમડાને વણી લઈને બનાવાયેલી કહેવતો માત્ર રહી ગઈ! લીમડામાં ઘરનો પાટ જોનારા આવ્યા ને નવાં ઘર થતાં લીમડા કપાઈ ગયા! આંબાના ઝાડ પર નજર ગઈ ને બાપાને એમાં બારીબારણાંના પાટિયાં દેખાયાં... મહુડો પણ પાટ-મોભના માપમાં બેઠો; શિરીષનાં ચોકઠાં ને રાયણના ઉંબરા થયાં, આ તો દાદાઓના જમાનાની પ્રથા, પણ દાદાઓ નવાં વૃક્ષો ઉછેરતા અને જૂનાંને

ઘર માટે પ્રયોજતા. આજે તો 'ઝાડ ગયું અને જગા થઈ'વાળો ન્યાય આવ્યો છે. માણસ જીવતરને જાતે ઉજાડે છે એનાં વૃક્ષવિનાશ અને વનછેદન હાથવગાં દૃષ્ટાંતો છે.

આંગણાના લીમડા ગયા ને જન્મ્યાં-ઊછર્યાં એ ઘર પણ ખંડેર થયાં છે. 'લીલી વાડી' — ઢોરાંછોરાંની વસ્તીવાળું એ આંગણું — ફળિયું હવે સાંભરણની વસ બની ગયાં છે, વેળા વીતી ગઈ. કૂવાવાળો આંબો નથી રહ્યો. એની રાતીજાંબલી ઝાંયવાળી સાખો ને પાકતાં મધ જેવી મીઠી લાગતી કેરીઓ, આખો આંબો લચી આવતો ઝૂમખાંથી. ડાળેડાળ નમી પડતી કેરીઓ આડે પાંદડાં દેખાતાં નહીં... એ દૃશ્યો આંખમાં અકબંધ છે. કૂવો છે, એમાં પાણી પણ છે. જોકે હવે કોસ ફરતા નથી, નહેરોથી ભોંય સિંચાય છે. આમ જ નથી રહ્યો લાડવો આંબો. અખાત્રીજ ઉપર સાખો થતી એ 'અખાતરિયો આંબો' નહેરનાં પાણી લાગવાથી સુકાઈ ગયો છે. ત્યાં સાખો સાચવીને તમારી વાટ જોતી ઢબૂડી કન્યા હવે એની સાસરીમાં પ્રૌઢા બની ગઈ હશે ગોરવાળો આંબો ક્યારીમાં વણછો કરતો એટલે એય વઢાઈ ગયો. ગામનાં છોકરાંને કેરીઓ સારુ કાયમનો સમર્પિત પાદરવાળો આંબો પાંખો પડતાં પડતાં બરડ થૈને બટકાઈ ગયો... એના થડને વીંધીને ઊગેલો પીપળો આજે પલપલતો ઊભો હશે, પણ એની નીચેની જમીન તો વેરાન-ઉજ્જડ! એને માથે ગીધો રાત ગાળે છે. પવિત્ર ગણાતા પીપળા નીચેય કોઈ મનેખ ફરકે નહીં? લોક કહે છે કે આંબાને ગળી ગયેલો આ પીપળો સારો નથી. ત્યાં ભૂવાએ મૂકેલાં 'ઉતાયણાં' છે... દેવ ત્યજી ગયા કેડ્યે પીપળામાં હવે ભૂતોનો વાસ છે. પાદરના આંબા નીચે તો શૈશવનાં કેટકેટલાં કાલાંઘેલાં વાનાં હતાં... હવે તો એ બધુંય પીપળામાં વસતા કોઈ જીન જેવું દેખાય અને અલોપ! સીમવગડાના બે અને ત્રીજો નદી તરફની સીમનો ધોરી મારગ. ત્રણે પાદરમાં આવી મળતા. વિશાળ વાદર વચ્ચે મોટો વડ. 'વડદાદા' કહીએ એવો. એની નીચે તો આખા મલકનો ને પશુપંખી સૌનો મુકામ. પણ અમે પ્રાથમિક સ્કૂલમાં ભણતા ત્યારે આ વડ નીચે ઈંટો ગોઠવીને મોટું સ્ટેજ કરેલું, એના પર ભજવેલું 'સાચો રાહ' નાટક. મારું જ દિગ્દર્શન અને મુખ્ય પાત્ર પણ આપણે ભજવેલું. થોડાં ગરબાનૃત્યો કરાવેલાં. ગામલોકોએ પૈસા આપેલા એમાંથી 'નવજીવન વિદ્યાર્થી મંડળ' સ્થાપેલું ને લાઇબ્રેરી વસાવેલી. મૅટ્રિકના વર્ષમાં લાઇબ્રેરી આખી વાંચી દીધી હતી. પછી 'યુથ ક્લબ' કરીને 'વેલ-કમ' તથા 'આવજો — આભાર'નાં પાટિયાં મૂકેલાં... ખબર નહીં આવો 'શહેરીચાળો' કરવાનું કેમ થયેલું! કદાચ, કૉલેજજીવનનો પ્રભાવ. હાસ્તો!

પાદરનો એ વડ, પાસેનો કૂવો, બાજુમાં લુહારની આંબલી ને નાનકડી તળાવડીને પેલે કાંઠે સામસામે ઊભેલી બે કોઠીઓ. આ બંને વૃક્ષોને જોડતી ડાભની તોરણ બંધાતી ઝાયણીને દિવસે. ગામ ત્યાં ભેગું થતું ને 'ઝાયણીના જ્વાર' (નવા વર્ષની શુભકામનાઓ) કહેતું! શહેરમાંથી આવેલા મિલ-કારખાનાંવાળા ને બીજા નોકરિયાતો અહીં મળતા... ફટાકડા ફૂટતા. ગાયો તોરણ ચઢતી ને રાવણું વીખરાતું. હજી કોઠીનાં બેઉ ઝાડ છે. પણ ઝાયણીની તોરણ હવે નથી વણાતી. પેલી તળાવડીમાં પોયણાં નથી થતાં — હવે એ ખાબોચિયા જેટલી બચી છે. વડ પાંખો પડી ગયો છે... કોઈ ઘરડા વડીલ જેવો જર જર. લીમડા નીચેનું શિવાલય નાનકડી દેરી થઈ ગયું છે. આંબલી વઢાઈ ચૂકી છે.

મારગ માથેનો મહુડો કેવો વિશાળ હતો. બિલિયાના નાકામાંના બીલી ઝાડ, ડુંગર માથેનાં સાગવૃક્ષો અને તળેટીમાં ઊભેલી ધોળાં થડવાળી કલાડીઓ — બધાંને કાળની નજર લાગી ગઈ. ઝાડમાં દેવ જોનારાને બદલે લાકડાં ભાળનારાંએ વનરાઈ વાઢીને ડુંગરો-ટેકરીઓ સાવ બાંડા-નાગાંનટ કરી દીધાં છે. પેલી સીમ વચ્ચેની ટેકરી ઉપર ઊછરેલી મુખીની આંબડી; ટેકરીની ટોચે મઢ્યા જેવી. એનું નામ પણ 'ટોચમડી!' એની જાંબલી-કથ્થાઈ રંગની પાકી કેરીઓની મીઠાશ ભારે. બાજુનાં પહાતાંમાં હારબદ્ધ ઊભેલા ને એટલે જ 'હાર્યોવાળા' આંબાઓ...! ખેતીની નવી પરિકલ્પના અને નહેરનાં પાણી આવ્યાં. એ સાથે જ વૃક્ષોને જાણે વિદાય કરી દેવાયાં. ત્રિભેટે ટીંબા ઉપર રાયણો હતી. એક તો મહાકાય રાયણ. એનાં દૂધાળાં મીઠાં રાયણ જેટલી જ ઘટ્ટ અને શીળીછાંયા. હવે સીમ વૃક્ષો વિનાની — લીલી તોય લાગે વરવી! જાણે હેવાતન વિનાની

નારી જેવી.

આથમણા નેળિયાનો ઘમ્મરઘટ્ટ ચટકીલાં ફૂલોવાળો શીમળો, દાંતી પરની કણજી, ધસો પરના બાવળ, વાડાનાં શિરીષ, કરામાં હંધેરા-સરગવા-આંકલવાનાં ઝાડ, નદી તરફનો શીમળો-ખાખરો ને અ◌ૈદરોખ... ક્રમશઃ પાંખાં પડીને કપાઈ ગયાં. છે ગામમાં થોડાં નવાં ઝાડ... પણ પેલાં વહાલાં ને ખોળે રમેલાં એ સ્વજનો — તરુસ્વજનો હવે નથી રહ્યાં... એની છાંયા વિના જીતવરના આ આકરા ઉત્તાપ કદી શમવાના નથી. અરે, આજે તો આ સ્મરણો પણ એ તરુજનોનો છાંયડો ઝંખે છે... એમનેય થાક લાગ્યો છે.

[૧૬-૯-૯૮, બુધવાર]

૧૫. પતંગિયાં રમાડતી કેડીઓ

હું સડકોનો નહીં, નેળિયાંનો માણસ છું.

સડકો કરતાં મને વહાલી લાગે છે કેડીઓ. ફળિયામાંથી સીમ-વગડે જવા નીકળીએ ને શરૂ થઈ જાય નેળિયાં... પછી ખેતરો આવે એમ નેળિયાંમાંથી બહાર નીકળી જાય પગવાટ. આ પગવાટ સાથે અમને બાળપણાની પ્રીત.

અમને કેડીનો પરિચય પગ જેટલો જૂનો.

અમારી આગવી કેડી પર ચાલ્યાના કોડ અમને. ધોરીમારગનું અમને મૂળથી આકર્ષણ જ ઓછું. માની આંગળી પકડીને આ કેડીઓ જ અમને સીમ-વગડે લઈ ગઈ હતી. જીજાના અવસાન સાથે જ અમે કેડીઓના સહારે થઈ ગયેલાં. કેડી લઈ જતી અમને મોસાળમાં મા પાસે. કેડી લઈ જતી અમને મેળાના મલકમાં — ફોઈના ગામમાં. કેડીએ અમારી આંગળી નો'તી છોડી ને પગને શ્રદ્ધા હતી કેડીમાં. એટલે અમે શહેરમાં જઈ જઈને પાછા વળી જતા હતા — કેડીવાટે વતનઘેર!

'વાટ જોવી', હા! આ વાટ તે કેડી, અમે ખરેખર ખોડીબારે ઊભા રહીને વાટને તાક્યા કરતા... સીમનાં મોલ ભરેલાં ખેતરોમાં અદૃશ્ય થઈ જતી કેડી બીજા ગામે જતીનીકળતી. એ બીજા ગામેથી કેડી અમારા બાળાશંકર ગોરને રાખડીઓ સાથે લઈ આવતી. રાખડી બંધાવવા અમે ઘેલાં થતાં. રિવાજ એવો કે ગોર કે ફોઈ રાખડી લાવે. હળદર-કંકુમાં રૂ પલાળીને બનાવેલી એ રાખડી માટે અમે વરસાદી દિવસોમાં માટીની પેલ્લી પર ચડી ચડીને ઊંચાં થઈ થઈને વાટ જોતાં હતાં... કદીક ખેતરેથી વળતા દાદાની વાટ તો રોજેરોજ ચારના ભારા લઈ આવતી જીજીની વાટ જોતાં. હજીય જોઈએ છીએ કેડીને છોડી ગયેલાં ને પરાયાં થઈ ગયેલાં ભેરુઓની વાટ.

કેડીએ ઊભરાતાં કીડિયારાં. કેડી શેઢે શેઢે વળી જતી. કેડી પર ચાલતી ગોકળગાય, કનડી ને કેડી પર પડી રહેતી આંધળી ચાકણ. ધીમે ધીમે, ગામ ગામને જોડતી કેડીઓ સડકો થઈ ગઈ. સહજ સૃષ્ટિ જોખમાઈ. કેડીઓનાં માણસો સડકો ઉપર આવી ગયાં અચાનક. આ સારું થયું કે નઠારું? પ્રશ્ન થાય છે કે અસલનો ભોગ લીધા વિના વિકાસ શું શક્ય નથી? ખેતરોને ખાતું ખાતું ને કેડીઓને ભૂંસતું શહેર ગામડાંની પાસે ને પાસે આવતું જાય છે. ધ્રૂજી જવાય છે હજી! મનના મલકમાં તો અમારી કેડીઓનું જગત આજેય રમી રહ્યું છે. ઘર-વાડાની પછીતેથી ખોડીબારે નીકળીએ ને કેડીએ અડીએ. કેડીઓ નેળિયાંમાંથી નીકળી જાય. પાધરીક ખેતરે-ટેકરીએ-તળાવે-પડતરે ને પાછી વળે પાદરે...! નકશામાં દોરેલી નદીઓ જેવી; રેલવે-સડકોની લીટીઓ જેવી અમારી આ કેડીઓ! બાળપણથી જ અમને તો આ કેડીઓની માયા, કેડી, પગવાટ! પડતરમાંથી પસાર થતી કેડી લાગે માથાની સેંથી જેવી! ટેકરી ચઢી જતી — સર્પાકારે વહી જતી કેડી જોતાં પ્રિયકાન્તની કાવ્યપંક્તિઓ રણઝણે — 'આ પર્વત- શિખર કાનજી ને કેડી ચડે તે રાધા રે!' કેડીઓ લઈ જાય દૂર દૂરના ચરામાં, બીજે ગામ, નિશાળે; ભોઈવાડે લઈ જાય. શીંગોડાં ખાવા. કોતરો ઊતરતી ઢાળ ચઢતી ઈશાનિયા મલકની અમારી કેડીઓ પીળચટી-ધૂળિયા રંગની, કાંકરિયાળી સફેદ તગતગતી ઝરમા જેવી કેડીઓ. કેડીઓ મોકળી; કશી રોકટોક વિનાની એ પણ શિશુઓ જેવી... અલકમલકથી આવે ને અલકમલકમાં જાય!

'નેળિયાંની ઊંચી વાડો નજરને રૂંધી રાખે. નેળિયું આપણને રોકી રાખે એનામાં; જ્યારે કેડી તો મોકળાશ

રચી આપે. ઓઢણી લહેરાવતી વહુ-દીકરીઓ ખેતર-સીમે જતી હોય ત્યારે કેડી રોમાંચિત લાગે ને સીમાડો ભાવવિભોર ભળાય. ક્યારેક કોઈ રિસાયેલી છોકરી જેવી કેડી ચુપચાપ જતી હોય તો કોઈ વાર કેડીઓ બધી સાજ સજીને છમછમ ઝાંઝર રણકાવતી મેળામાં જવા નીકળી હોય એવી લાગે. સૌસૌના ખેતરે જવાની, ઘરવાડેથી નદી-કોતરે-ટેકરીએ જવાની કેડીઓ નોખી. કેડીઓને નામ નથી હોતાં, પણ એ જ્યાં લઈ જાય એ ખેતર-સીમ એની સાથે જોડાયેલાં હોય. વાટ તો એક વૃંદાવનની વાટ! — એમ, અમારેય કેટલીક વાર સાથે પ્રેમનો નાતો. ગામડે તો કેડી એટલે વાટ—પગવાટ! ઘણી વાર તો રોપેલાં-ઊગેલાં ખેતરોની વચ્ચેથી — વર્ષોના નિયમ પ્રમાણે ચાલી આવતી — વાટ પસાર થતી હોય છે. વાટ લોકો રોકતાં નથી — વાટને તો વહાલ કરે છે લોકો. કેમ કે આ આપણને બીજાં સુધી લઈ જાય છે. વાટ તો સો માઈલનો સેતુ!

ભોમિયા વિના ડુંગરાઓ ભમવા નીકળેલા કવિને પણ આવી કેડીઓની જ માયા હશે. ધોરીમાર્ગે તો બધા જાય. ચીલે ચીલે નહીં ચાલનારા ને એવી જૂની વાટો કે કેડીઓ ચાતરનારાં સ્ત્રીપુરુષો આવે છે ને જીવનનો ચહેરો બદલાય છે. નવી કેડી પાડનારા પગ પૂર્વે અનેક કેડીઓને પ્રમાણી ચૂક્યા હોય એ જરૂરી છે. કેડી પાડવી સહેલી નથી. અમારા પૂર્વજો વરસો સુધી પગલેપગલું દાબતા ચાલ્યાં હશે ત્યારે વારસામાં અમને કેડીઓ મળી હશે. આપણે એ કેડીઓને વધારે ઊજળી કરવાની હોય છે અને જરૂર પડેથી નવી કેડીઓ કંડારવાની હોય છે. કેડી તો જીવતરની વાટ છે.

ક્યારેક કવિની જેમ કેડીને વહાલ કરવાનું હોય છે; ગામછેવાડે ઊભેલી મેડીના ઝરૂખે ચિરપ્રતીક્ષા ઝૂરે છે ને સામે દૂર દૂર જતીઆવતી કેડી છે... એ કેડી ઉપર આવનારા અસવારની આપણને પ્રતીક્ષા હોય છે. 'ઊંચી ઘોડી ને એનો ઊંચો અસવાર/એના મારગ મોટા કે કોલ મોટા?' — મારગ/કેડીઓ ગમે તેટલાં મોટાં-લાંબાં હોય — ખરી કિંમત તો છે વેણની! કોલની! 'કોલ' મહત્ત્વનો છે. (અંગ્રેજીમાં પણ 'call' — કોલ : સાદ/કહેણ) વચન પાળનારો કદી કેડી ચૂકતો નથી.

ઘણી વાર કેડીને માણ્યા કરીએ એવું દશ્ય હોય છે. માધવ રામાનુજ કહે છે — જુઓ : 'સાવ ઉઘાડું આભ ને સામે ઝરણાં જેવી કેડી/કોઈએ કોરા શ્વાસમાં જાણે મહેકની મીઠપ રેડી!' કેડી આપણને તેડી લેતી લાગે છે. ડુંગરે-ટેકરીએ-વળવળાંકે ચઢતી કેડી આપણને લલચાવે છે — રૂમાલ; લીલા-રાતા-પીળા રૂમાલ ફરફરાવતી સંતાકૂકડી રમતી એ કેડીઓ ગોપબાલિકાઓ જેવી; ગોપબાળો જેવી મસ્તીખોર લાગે છે. ક્યાંક ગાતી કેડીઓ. ક્યાંક પાવો સાંભળી સોરાતી કેડીઓ. ઢાળ ઊતરીને વનમાં ખોવાઈ જતી કેડીઓ. પિયર છોડાવી વાગડદેશમાં સાસરે લઈ જતી ને કદી પાછી નહીં વળતી કેડીઓ!

કેડીઓને માથે ક્યારેક વિસામા આવે છે. આંબારાયણના છાંયડા આવે છે. ઉનાળુ પરબો આવે છે. વીજળી-તારના થાંભલાઓને ચોમાસુ વેલીઓએ નખશિખ ઢાંકી લીધા હોય ને જડ થાંભલાને બદલે આપણે રોમાંચિત થઈ જઈએ એવાં દશ્યો આવે છે — કેડીઓ ક્યારેક એવા ખોડીબારા આગળ લઈ જઈને અટકાવી દે છે કે જે વીંધીને પેલા અજાણ્યા પરિસરમાં જવાતું નથી. પાછી વળતી કેડીઓ ઉતાવળી હોવાનો સૌનો અનુભવ છે, પણ કેટલીક કેડીઓ બસ એમ જ પડી હોય છે, ન રોમાંચ, ન વિષાદ! પણ અમે તો પતંગિયાં રમાડતી કેડીનાં સંતાનો છીએ. એટલે સ્તો! કેડીઓ મને હજીય બોલાવે છે — લોભાવે છે...

હું કેડીનો માણસ છું — વાટનો મુસાફર! મને શેઢા વહાલા છે — ફૂટપાથ નહીં! હું સીમનો; ખેતરોનો માણસ છું... હજીય મને એ મારાં ખેતરોમાં-સીમ-નદીએ, ડુંગર-તળાવે-પાદરે-પરગામડે લઈ જતી કેડીઓ બોલાવે છે... નેળિયાં પણ એમનો ઘૂંટાયેલો ઘેઘૂર સાદ પુરાવે છે... હું ક્યારે મળીશ મારી કેડીઓને? ન જાને...

[૧-૯-૯૮, મંગળવાર]

૧૬. ભળભાંખળું

મોંસૂઝણું; વીતીને સવાર તરફ ઢળતી પાછલી રાતનો એવો વખત જ્યારે પાસે આવી ઊભેલી વ્યક્તિનું મોં સૂઝી શકે, એટલે કે પડખે ઊભેલી વ્યક્તિનું મોઢું ઓળખી-કળી શકાય એવું-એટલું ઝાંખું અજવાળું થતું હોય એવી વેળા. એને ભળભાંખળું પણ કહે છે. આમ તો વહેલું પરોઢ, હજી પ્હો ફાટવાની તૈયારી હોય, અરુણિમા પ્રગાટવાને વાર હોય, અંધારું જવા માટેની દિશા શોધતું હોય તેવો વખત તે મોંસૂઝણાનો વખત. પાદરના મંદિરનો મહંત હજી ઊઠવા વિચારતો હોય ને દૂરની સીમમાં આવેલા હનુમાન મંદિરનો કે મહી કાંઠેના કપીલેશ્વરનો બાવો જાગીને નદીનો ઢાળ ઊતરતો હોય…

હજી મોંસૂઝણું ના થયું હોય ને ધના સોમા પટેલ પાદરને કૂવેથી એ બેડાં પામી બરી લાવીને હળ જોડવા બળદોને ઘાસફૂસ ખવડાવતા હોય. ભૂરીમા એમની સારુ રોટલો ઘડતાં પહેલાં ભેંસોને ખાણપાણી કરાવતાં હોય. આખા ગામનાં સૌના પહેલાં જાગનારું ઘર તે શ્રી ધના સોમાનું; રાતે મોડે સુધી ખળામાં-ઘરમાં કામ ચાલતું હોય એટલે સૂવાનુંય મોડું. જળ જંપે ત્યારે ધનાકાકા જંપતા… ને એ સૌ પહેલાં ઊઠીને પાદરકૂવે જળને જગાડતા. ગામમાં મોટા ખેડૂત ને નામ પ્રમાણે પૈસોય ખરો, પણ કામમાંથી બારે માસ નવરા ના થયા, હું અને ધનાકાકાનો છોકરો વીરોભાઈ સાથે ભણીએ. હું એમના ઘરે વાંચવા જાઉં… સવારે ધનાકાકા અમને જગાડતાં કહેતા હોય — ‘વીરાભૈ, ઊઠો; દા’ડો તો બે વાંસ ચડ્યો સૅ…’ મારી આંખ ખૂલે ત્યારે ખબર પડે કે હજી તો બહાર અંધારું છે. ને બધું કામ પરવારીને ધનાકાકા હળ-બળદ-ગાડું હાંકતા સીમના વાટે મળતા હોય. એમનો અવાજ સાંભળીને બીજાં લોક જાગતાં. નિરાંતવો કણબી ખેતરે પહોંચે ત્યારે તો ધનાકાકાએ અડધું ખેતર ખેડ્યું હોય કે બે ઓળ બાજરી વાઢી હોય કે ભારો ચાર કાપી હોય! એ કહેતા — ‘કણબીને નિરાંત ચેવી ભૈ?’ આજે, જ્યારે ‘મોંસૂઝણું’ શબ્દ સાંભળું-વાંચું છે કે તરત ધનાકાકાવાળી બધી જ સાંભરણો તાજી થઈ ઊઠે છે.

અમારા એ નાનકડા ગામમાં ત્યારે તે રેડિયોય ના મળે. એટલે સવારનાં પ્રભાતિયાં ક્યાંથી સંભળાય? ખેતીકાર લોકોને ભજન માટે વખત નહીં. હા, પશવો લવાર ક્યારેક ઢળતી રાતે ભજનો ગાતા ને મંડળી જામતી… ને સબૂરકાકા તંબૂરો લઈને ‘મનવા ભજી લેને કિરતાર આ તો શમણું છે સંસાર…’ ગાતા. પણ સવારે તો એય જંપેલા જ હોય. નરસિંહનાં પ્રભાતિયાં અમારી પ્રજાના વશની વાત નહોતાં. સંસાર-સમાજના રોજના ફંદાઓમાં ફસાયેલાં લોકને લ્હેરમાં આવીને ગાવા જેવું તો લગ્નગાળામાં મળતું… બાકી વેઠને વેળા-કવેળા શેનાં?

પણ ગામમાં ભળભાંખળું થતું એ વેળા સાવ નોખી, તાજી. યાદ છે એવાં કેટલાંય મોંસૂઝણાંની વેળાઓ. દૂરની ટેકરીઓ ઉપર નાયકાઓનાં છાપરાંમાં કૂકડો બોલે ને સમસમ જતી રાતની ગતિને ઠોકર વાગતી. રાત પડાવ ઉપાડવા ઉતાવળી થતી. ઘરમાં ઘરડી મા જાગતી ને કેરોસીનનો ખડિયો સળગાવીને ઢોર-ખાણ પાણીને કામે ચઢતી. બાજુમાં કાકાના ઘરમાં જીવીભાભી પાંચશેર મકાઈ લઈને ઘંટીએ દળવા બેઠાં હોય. ઘંટીનો એકધારો અવાજ ગોદડીમાં લપાયેલા અમ જેવાંની ઊંઘ ઘૂંટતો હોય. બાજુમાં દલાકાકાના ત્યાં માસીએ ગોળીમાં દહીંની દોણીઓ ઠાલવીને માથે રવૈયો બાંધ્યો હોય. પછી દલાકાકા અને એ બેઉ ‘છાશ તાણતાં’ (દહીં વલોવવા રવૈયો નેતરાંથી ખેંચતાં હોય) ધમ્મ છમ્મ ધમ્મ છમ્મ રેલાવતાં હોય. એકધારો ફરતો રવૈયો ‘ઝૈડકા દેતાં’ ગવાહી પૂરતો હોય કે છાશ પર માખણ તરવા લાગ્યું છે. માસીના સ્વભાવ-શી

એ કોપરા જેવી છાશ અમને પીવા મળતી... ને શરમાતી-મલકાતી એમની પુત્રવધૂના સ્મિત જેવું માખણ સવારે પૂનમના ચાંદા જેવા રોટલામાં મૂકીને રેવાભાઈ ખાતા હોય, અમને પણ એમાં ભાગ મળતો. માખણની એ કુમાશ અને અમૃતાસ્વાદ આપણાં આધુનિક 'બટર'માં નથી પમાતાં.

હજી જરજર અંધારાનો પરદો આંખે અટવાતો હોય અને લાલદાદા ફળિયાને કૂવે ગરગડીએ ઘડો મૂકે... એના અવાજથી અમારી અંદર સવાર પડતું — ઊઠવું જ પડે એવું સવાર! બાકી ઊંઘ તો વ્હેલેરી ઊડી ગઈ હોય — કોઈ શમણાં સંગાથે — તે ભાઈરામકાકાનાં કંકુકાકી ડાંગર ખાંડતાં હોય એના ખમ્મ... ખમ્મ અવાજે, અમે તૂટીઊંઘે સો સુધી ગણતાં ને એકડી પાકી થતી. એ અવાજ 'ખમ્મ ખમ્મ' કરીને ખમી ખાવાનુંય શીખવતો હતો જાણે! બીજે દિવસે ડાંગર સોનફોતરી છોડી દેતી ને ઊજળા સવાર જેવા ભાતકણો હસી રહેતા. જીવીભાભીની ઘંટી અટકતી અને થાળામાં સફેદ લોટની ઢગલીઓ — જાણે ડુંગરીઓની હારમાળા... ઘડી વાર લાગે કે બરફછાઈ હિમાલયની દૂર દૂરથી દેખાતી પહાડીઓ! સૂરજ ઊગે ને માસી પેલા માખણને ઘી-તાવણીમાં ચૂલે ચઢાવે... સોનેરી તડકા જેવું ઘી સોઢી રહે — આખું ફળિયું ઘડી વાર મહેકી ઊઠે... ને પછી પાછલી રાતની ચાંદની ઠારી અને માટલામાં ભરી હોય એવી છાશ સવારે એક પછી એક બધાં લેવા આવે. ભળભાંખળું આવી તો કેટકેટલી ફાંટો ભરીને અમારી ભોળીભોળી આંખો આગળ ઠાલવી દેતું! ક્યાં છે એ બધું હવે?

ખેતરમાં વાસો ગયેલા દાદાની નિદ્રા તો કાગાનીંદર. ખળભાંખળું પરખવાની એમની નક્ષત્રરીતિ. ખાટલી ઉત્તરપશ્ચિમમાં ઢળી જાય; ઢોર ચરાવતાં ટોળે વળેલા ગોવાળિયાં જેવું — તારાઓનું 'ગોવાળિયાં' નામે ઓળખાતું ઝૂમખું — ઘેર પાછું વળતું હોય, શિયાળાની પાછલી રાતનું તારિયું (શુક્રનો તારો) પૂર્વાકાશમાં ઊગતું હોય, ઉનાળાની રાતોમાં પરોઢ ટાણે હૈણો (હરિણી) આથમવા જતી હોય... દાદા મોંસૂઝણું પારખે. લીમડા-દાતણ કરીને ભારો ચાર વાઢે ને સૂર્યોદય પહેલાં તો ઘરે આવી પહોંચે.

કૂકડો બેત્રણ વાર બોલે. એનો તડકામહોર જેવો રણકતો અવાજ સાંભળીને, નદીના ભાઠામાં શિયાળુ તમાકુ સાચવવા ખોયલો કરીને રહેતો મૂંગા તળસી જાગીને ચૂંગી ભરે, પછી નદીનાં હૂંફાળાં પાણીમાં ડૂબકી મારી ભજન ગણગણતો; ઝાયણીના દિવસે લોકોએ નદીમાં તરતા મૂકેલા ગરબાના ઘડા કાઢી લીધા હોય એનાથી, તમાકુને પાણી પાવા વળતો હોય. પારકાંનાં ખેતરશેઢાની ચાર દૂંગવાની ટેવવાળો કોદર ડોસો હજી દિવસની 'શેણ ફાટી' ના હોય ને પડસાળમાં ભારો ચાર નાખીને હૂકો પીતો હોય. ભાથી પગી રાતની 'રોણ' ફરીને ઘેર આવી ઊંઘની ખટાશ કાઢવા ગોદડીમાં ગોટમોટ થતો હોય... ફૂલો બારિયો નિશાચર પ્રવત્તિ કરીને ઘેર આવી જંપી જવામાં હોય... ને અજવાળું થતાંમાં તો મેડીવાળા બાપુએ પણ ગામ ના જાણે એમ ઠકરાણાંને કાજે બેચાર બેડાં પાણી આણી દીધું હોય. વાલજીભાઈ ખળામાં રાતનું બાકી પરાળ કાઢતા હોય ને હરાયો તલાટી અંધારે અંધારે કોઈની વહુવારુ પાછળ લોટો ઢોળવા નીકળી ચૂક્યો હોય! મોંસૂઝણું સંતોના જાગવાની વેળા કહી છે. પણ અમે તો સંસારીઓને જાગતાં-ભાગતાં જોયાં છે.

ઋતુઋતુના રંગ પ્રમાણે ભળભાંખળાંય ભાતીગળ. અમે નદી પડખેનાં કોતરો તરફ લોટો ઢોળવા જતા હોઈએ ને કણજી પર હજી બેસી રહેવું ઘૂવડ ડોળા ઘૂરકાવતું હોય. શિયાળવાં ઝાડીમાં જવા ઉતાવળા દેખ્યાં હતાં. વડલાની ડાળે વડવાગોળ પાછાં વળીને લટકી જાય પછી અજવાળું થતું. અમે નેળિયાની ભીની-ઝાકળભીની ધૂળમાં પંખીપગલાં ને સાપલિસોટા જોતાં હોઈએ. વાડવેલાનાં વાદળી-જાંબલી ફૂલોની હસતી તાજપ અમને લોભાવતી રહેતી. વહેલાં પ્રગટેલાં ગોરિચાં-ચૂલાઓનો ધુમાડો ગામની ચારે પાસ વીંટળાઈને અ-પૂર્વ દશ્ય રચી રહેતો. પીપળા પર બગલાં બોલવા માંડતાં. કાગડાઓની વાચા તો વહેલી ખૂલી જતી... પછી તો વયસ્કાના ચહેરા જેવું અજવાળું પથરાઈ જતું અને ગ્રામસૃષ્ટિ યથાવત્ ગોઠવાઈ જતી. કેડીઓ ગાતી ગાતી સીમે નીકળી જતી... તડકાની સળીઓ ચાંચમાં લઈને ચકલી કોઈ કવિનું ઘર ગૂંથવાના કામે ચઢતી.

હવે તો ડેરીઓ આવી છે, દહીં વલોવવાની જરૂર નથી; જોકે એનાંય મશીન આવ્યાં છે. હવે દેશી ઘંટીઓને ઘરવટો અપાયો છે. ઢોરઢાંખર વગડેવાડીએ રાખવામાં આવે છે. ધના સોમાના છોકરાના છોકરાની વહુઓ માટે 'નળ' થઈ ગયા છે... બધી દમયંતીઓને ત્યાં સવારે 'નળ આવે છે.' ને લાલાકાકાનો પૌત્ર સ્કૂટર લઈને નોકરીએ જાય છે. રાયજી સાંકળનો બાબુ ગામની જમીન ટ્રૅક્ટરથી ખેડે છે. મોંસૂઝણે એનું ટ્રૅક્ટર ગામને પ્રદૂષિત કરતું ખેતરે જાય છે. પાદરે હવે બસ-સ્ટેશન છે — રવજીની લારીએ સવારે લોક ચા પીએ છે. 'છાશવેચાણ' કેન્દ્ર ખૂલ્યું છે... ભળભાંખળું થતું હશે ને નક્ષત્રો આથમવા જતાં હશે — પણ ગામમાં હવે એની કોઈને ખબર નથી રહી. 'નાઇટગાડી' પકડવા પરોઢનાં લોક ઉતાવળાં છે... સૃષ્ટિ જોવા ન તો દૃષ્ટિ છે ન એવી સભાનતા...!

[ધનતેરસ : ૨૦૫૪]

૧૭. મેળો

શ્રાવણનાં વાદળાં માથે ઝળૂંબતાં હોય; ઉતાવળી વાદળીઓ વળી ફરફર વેરતી, સરવડાં વરસાવતી સામેના ડુંગરો પરથી ઊતરી આવીને પેલી પા-ના ડુંગરો ચઢી જવા દોડતી હોય, વાદળીઓ વચાળે સંતાકૂકડી રમતો સૂરજ લીલછાઈ કૂણી સીમમાં તડકી-છાંયડીની ગતિમય ભાત રચતો હોય ત્યારે શેઢાના ઘાસ વચાળેથી જતી સેંથી જેવી કેડીઓ ઉપર મેળામાં જતી ગ્રામકન્યાઓના ઉત્સાહઘેલા પગ છમછમ ઝાંઝરી ખખડાવતા ચાલતા હોય! વાડવેલાથી સોહી ઊઠેલાં નેળિયાંમાં જુવાનોની જોડાજોડ ચાલતી બિન્ધાસ જુવાનડીઓ ગાતી ગાતી હૈયાંનો હરખ ઠાલવતી હોય — 'મેળો' શબ્દ સાંભળતાં જે દૃશ્યો આંખમાં ધસી આવે છે તે આ બધાં. મોલ લચેલી સીમમાં મકાઈના માળે ચકલાંટોવા બેઠેલા દાદાની આંખમાં આ દૃશ્યો એમની વીતેલી જોવનાઈને જગવતાં હોય. તળાવમાં ઘાસ ધોવા મૂકેલી આધેડ વયની ભાભી ખીલેલાં પોયણાં જોઈને અને મેળે જતી જુવાનીનાં વગડો-સીમાડો ગજવતાં ગીતો સાંભળીને પાછાં પગલે પિયરના પડોશી-પ્રેમીની યાદમાં ખોવાઈ જતી હોય...

મેળો તો મનખાનો મેળાવડો.

મેળે જાય છે એય ઘેલું અને ન જાય એય જૂની યાદોમાં વ્યગ્ર તો ખરું. ત્યારે ગામડાંમાં 'મહાલવું'ના બે જ ઠેકાણાં. એક 'લગ્ન મહાલવું' ને બીજો 'મેળો મહાલવો!' હવે તો લગ્ન ઘડી–બેઘડીનો ખેલ બની ગયું છે ને મેળાઓ ખસતા ખસતા શહેરોમાં જતા રહ્યા છે કે પછી મેળાઓ ઉપર શહેરોએ બધી રીતે આક્રમણ કર્યું છે! મેળો તો સંસ્કૃતિનો, ખાસ તો ગ્રામસંસ્કૃતિનો સાથી. પ્રજાજીવનની અસ્મિતા અને સ્નેહસૌહાર્દનું મિલનસ્થાન તે મેળો! દેવદેવીઓનાં સ્થાનકોમાં, કોઈ માન્યતાને લઈને શ્રદ્ધા કે સતીજતીનાં તપને વંદવાયોગ્ય સ્થળોમાં ભરાતા મેળા હજી ભરાય છે ખરાં, પણ મેળાની 'સિક્કલ' બદલાઈ ગઈ છે. એની અસલિયત ઉપર યંત્રોનું અને કહેવાતી નવી સભ્યતાનું આક્રમણ થઈ ગયું છે... અસલ મેળો હવે 'નકલ' લાગવા માંડ્યો છે. માનવમનની મોકળાશ અને પેલી મૂળની નકરી સાચકલાઈ પણ હવે ક્યાં છે? આજે તો મેળા અને મેળાવડા : બધાં 'દેખાડો' બની ગયાં છે. છતાં હજી ભરાતો હશે કોક ગામને પાદર ભોળાં-ભલાં મજૂરિયાં ને મળતાવડાં લોકોનો મેળો... હા મને એ મેળાના ઓરતા છે હજી...

મેળામાં બેઉ મળે છે — જીવ અને જોવનાઈ!

મારું ગામ મોટા પાલ્લા. મૂળ નામ ગોલાના પાલ્લા. તા. લુણાવાડા (પંચ.). પડખામાં મહીસાગર વહે. બારે માસ ભરપૂર. બાજુમાં મધવાસ ગામ. 'સરસ્વતીચંદ્ર'માં આવે છે તેમ માએ કેડ ઉપર બાળક તેડ્યું હોય તેમ મહીસાગરના વળાંક ઉપર જ મધવાસ વસેલું છે. મંદિરોનું ગામ. ત્યારે તો બ્રાહ્મણો હતા, આજે તો સમ ખાવા પૂરતા બચ્યા છે થોડા ગોરમહારાજો. એક જમાનામાં ગુજરાતનું કાશી ગણાતું એમ થઈડિયા કહે છે. ત્રણ ધોરીવાટો આવીને મળે છે. ગામગોંદરે — ને ગોંદરો છે સાવ નદીકિનારે... નદી ભેખડોવાળી, પથરાળી. ભેખડો ઘસાઈ-તૂટીને ઢાળ બની છે... આ ઢાળ-કોતરો બાંધીને રચાયેલાં મંદિરો!

'પૃથ્વીની તર્જની-શું દેરુ હજી ઊભું છે—' પંક્તિ ભણતાં મનમાં સાદૃશ્ય રચાતું ને મહાલક્ષ્મી માતાજીનું મંદિર નદીમાથે ઊભું હોય તેમ દેખાય છે. સામે કાળાં પડી ગયેલાં ગુંબજોવાળાં મંદિરો મહાદેવનાં ને અન્ય દેવીદેવતાનાં છે. બાજુમાં રણછોડજી મંદિર. ગામમાં ગણપતિ મંદિર પણ ખરું. ગામમાં ઝાઝી વસ્તી પાટીદારોની. ખેતીમાંથી પરવારે ત્યારે મંદિર યાદ આવે. બાકી 'રામ તારી માયા!'વાળા.

તો મેળા ભરાતા આ મધવાસ ગામને ગોંદરે!

ત્યાં જીવ અને જોવનાઈને મળતાં ને ઘેલાં થતાં જોયાં-જાણ્યાં ને પંડે અનુભવ્યાં હતાં. ગોકળઆઠમનો મેળો, અગિયારસનો મેળો. શિવરાત્રીનો મેળો. ગોંદરાને અડીને ઊંચી વાડ-વાડાઓ માથે અમારી પ્રાથમિક-માધ્યમિક શાળાઓ ઊભેલી હતી. ગોંદરા વચોવચ પરબડી-વડ. સામે બાપુની હોટલ ને બેઉ પડખે ઢાળ-ભેખડો ઉપર મંદિરો. આ પરિસરમાં મેળાઓ ભરાતા.

મેળા તો ઘણા ભરાય છે. આદિવાસી સંસ્કૃતિનો સાક્ષી ઉત્તર સાબરકાંઠામાં સાબરનદીના મૂળમાં ભરાતો ચિત્રવિચિત્રેશ્વરનો ચૈત્રી અમાસે ભરાતો મેળો — એ ભાતીગળ પ્રજાની હેલે ચઢેલી જુવાની જોઈ રહીએ એવી. શામળાજીનો મેળો તો વધારે દા'ડા ચાલે. એમાં જીવનસાથી શોધતાં ને વનવાટે ચાલી નીકળતાં જુવાન હૈયાં. તરણેતરના મેળામાં તો રમણે ચઢેલી જોવનાઈ જોઈને વય વીસરી જવાય. ગ્રામપ્રજા કેવી રૂપરૂપના ભંડાર જેવી છે. એ આ બધા મેળાઓમાંથી જ પમાય. નર્યો નિખાલસ ઉમળકો અને સહજ ભોળપણ — તે રંગત તો એની જ. વૌઠાનો મેળો શ્રદ્ધાળુઓ માટેનો — વહોરોચારો કરનારાંઓનો. અમારા સંતરામપુરમાં ભરાતો રવાડીનો મેળોય જબરો. આ આદિવાસીઓ વળી સાબરકાંઠાના આદિવાસીઓથી જુદા. આ તો દાહોદી-ઝાલોદી મામાઓ. મજૂરિયા પ્રજા પણ મેળા ટાણે તો એ જ એમના રાજા!

મેળા તો બહુ જોયા, માણ્યા.

'મળેલા જીવ'નાં જીવી-કાનજી 'પ્રથમ સંગાથ' પામે છે એ 'કળહેરીનો મેળો'ય માણ્યો છે. પણ મધવાસને ગોંદરે ભરાતા અમારા બાવન-બેંતાલીસની પાટીદાર પ્રજાના ત્રણેત્રણ મેળાની લેહ હજી તાજી છે. થોડા બારિયા-પગી ઊંટો લઈને આવે — શેરડી લાદીને લાવે ઊંટો ઉપર. લુણાવાડાના ઘાંચી-વાણિયા દુકાનો લાવે. નાનકડું ચગડોળ બે દિવસ અગાઉથી તૈયાર થવા માંડે — અમે સ્કૂલમાંથી ને જતાંવળતાં બધું જોતા ને મનમાં મેળો રચાવા માંડતો.

ઝેર ખાવા પૈસો નહોતો એ જમાનામાં. રડી રડીને, મેળામાં વાપરવા ચાર આના માગીએ... માંડ મળે બેત્રણ આના. એકબે આના મધવાસવાળી ફોઈ આપે. ઉનાળામાં ભેળાયેલાં ખેતરોમાંથી કપાસ વીણીને વેચ્યા હોય, મહુડાંડોળી કે કેરીનાં ખાટિયાં વેચીને રૂપિયોરડો પેદા કર્યો હોય — તે જો બાપાએ લલચાવીને લઈ લીધો ના હોય તો — બધાં ભાઈબહેનને ફાળે માંડ આઠદસ આના આવે... ને મનમાં તો આખો મેળો વોરવાની લાલચ. પ્રાથમિક શાળામાં ભણતા ત્યારે તો મેળામાં ભાતભાતનું ખાવાનું મળે. એ ખાવાની વૃત્તિ જ વધારે તીવ્ર. ફુગ્ગા ને પાવા લેવાનું બીજે ક્રમે. લોક જુગાર રમે તે જોઈએ — 'એકના ડબ્બલ' — પણ સમજીએ નહીં. ચગડોળમાં બેસતાં ચક્કર આવે, પણ હસતાં-મલકાતાં છોકરા-છોકરીઓને બેસવાં પડાપડી કરતાં જોતો ને થતું કે 'કેવું લાગતું હશે ચગડોળમાં બેઠા પછી — બધી દુનિયા ફરતી હશે ગોળગોળ?' અમે તો પૈસા—બે પૈસાના સાકરિયા-ચણા લઈએ; મધમીઠી બરફી કે પતાસાંનાં ડેરાં લઈએ. બુંદી-જલેબી પહેલી વાર આ મેળામાં જ ખાવા મળેલી — પછી તો બુંદીના લાડુ બાંધીને ઘેર પણ લઈ જતા. — મા માટે, કાકા-બાપા માટે. ભજિયાં-ભૂસું ખાઈએ ને મહી નદીએ પાણી પીને રંગતે ચઢેલા મેળાને જોઈએ. ગાતા પગી ને કીરિયાટા કરતા બારિયા. ક્યાંક તો છોકરીઓનાં ઝુંડ ને છોકરાઓ સામસામે ભડે ચઢ્યાં હોય... કોક દૂર એકલાં બેઠાં હોય, કોઈ તાકતાં રહે. નજરોથી પણ પાસે ન આવે, તો વળી કોક ઊભાં ઊભાં વાતોમાં લીન...

હાઈસ્કૂલમાં આવ્યા ને મેળાનો અર્થ જ બદલાઈ ગયો.

મેળો હવે જીભના સ્વાદ માટે લલચાવતો ખરો, પણ ઓછું. હવે તો મેળો કોકને મળવા માટે, અજાણ્યાને — મનગમતાંને પોતાના કરવા માટે જાણે ભીતરમાં ઝણઝણાટી જગવતો રહેતો. આને મળું — તેને માટે બંગડી લઉં, પેલીને રૂમાલ આપું, કોકને ગમતી વીંટી તો કોકને ભાવતી જલેબી... મનમાં ઉધામા ચાલતા, મેળે જવા જીવ પછાડા નાખતો. અગિયારસ(શ્રાવણ)ના મેળાની રજા ના હોય, પણ બે પિરિયડ પછી સ્કૂલમાં

જ દફ્તર મૂકી મેળે જવાની છૂટ. પેલા બે પિરિયડ વર્ષ જેવા લાગતા... ને છૂટતાં ત્યારે જેલમાંથી મુક્ત થયાનો ભાવ લહેરાતો.

અમારી તો નાતરિયા ન્યાત. બાળવિવાહ તો હજીય છે. સ્કૂલમાંય અનેક ગામોનાં છોકરા-છોકરીઓ ભણે... એમાં સગાઈ થયેલાંય ઘણાં હોય. વહુ નવમામાં ને વર દસમામાં. પ્રાર્થનામાં ને પીટીના તાસમાં એ એકબીજાંને તાકી રહે. હું ત્યાં થોડો વખત શિક્ષક હતો — સ્કૂલમાં પંદર-વીસ કાચી સગાઈનાં જોડાં ભણતાં! અમે શિક્ષકો પરસ્પરના ‘ક્લાસ-ટીચર-ઇનલો’ ગણાતા. આ બધાં જોડાંને મેળામાં મળવાનો — વાતો કરવાનો — ભેટ આપવાનો મોકો મળે. કોક ભાવિ પતિ ભાવિ વહુને ઠપકોય આપતો કે ‘ફલાણા જોડે કેમ હસે છે/વાતો કરે છે?’

મલક આખાનાં કાચાંકુંવારાં વહુ-વર આ મેળામાં ઊમટી પડતાં. વાગ્દત્તા છોકરીઓ વૈજયંતીમાલાની જેમ કાન દબાવીને વાળ ઓળતી. બે ચોટલા વાળતી. મીનાકુમારીની જેમ લટો કાઢતી કે નૂતનની જેમ વાળ બાંધતી. કાળા બ્લાઉઝ ને રાતી-પીળી બાંધણીઓની ફૅશન ચાલતી. છોકરાઓ પૅન્ટ-શર્ટમાં-શર્ટઇનમાં આવતા. કોઈ રોમિયો ટીશર્ટના કોલરે ઝૂલ મુકાવતા. પાન ખાવાનું તો ફરજિયાત મનાતું. ઘણા હાથ ઉપર કૃષ્ણ-મોર કે ઢેલ ચિતરાવે-ખૂંદાવે. કોક કન્યા ગાલે છૂંદણું છૂંદાવતાં રડમસ થઈ જાય — એવી વેદના વેઠે, પછી હસી રહે. પરસ્પર માટે વીંટી-રૂમાલ-કાંસકા ખરીદાય. થનારી વહુને બાળોવર બંગડી-પાટલા લાવી આપે. પાછું કોઈ જોઈ ના જાય — સગુંવહાલું! એનાથી બચવાનું, નહીં તો ‘વહુઘેલો’-‘વરઘેલી’ એવાં નામ પડે. બધાં ચીડવે. નવાંસવાં પરણેલાં આવે તે તો ચગડોળે વળગેલાં રહે ને મંદિરોમાં જાય, નદીએ બેસી બુંદી ખાય.

કોકને ‘સગાઈ’ ન ગમતી હોય, એ બીજી છોકરી કે છોકરો જુવે ને મનમાં સોરાય. ઘણા મિત્રો સ્કૂલમાં ભણતી છોકરીઓને જોવા; મેળાની ગરદીમાં ‘અડી’ લેવા આવતા. કોઈ કુસુમ ગોરમાં તો ઘણાં ચંદ્રિકા સુથારમાં જીવ પરોવતા ને કલ્પિત વિરહમાં બળતા રહેતા. અનુ રાઠોડ, જશુ દવે, ઊજળી ઊજળી નાથી-રમા ને સોમી પટેલને જોવા આવનારા એમનાં સજધજ રૂપ જોઈને આહો નાખતા! એ મિત્રોની વાતોના ગુબ્બારા પણ યાદ છે.

બેત્રણ વાગતાં તો મેળો હેલે ચઢતો. હૈયેહૈયું દબાય એવી ભીડ. પન્નાલાલે કહ્યું છે તેમ એક તો જોવનાઈ અને પાછી મેળે આવેલી! પછી શું બાકી રહે! મંદિરોમાં ઝાંઝપખાજ વાગતાં હોય; પરબડીએ ભજન-મંડળીઓ ઝૂમતી હોય, પણ જોવનાઈ તો પોતાના મદમાં મસ્ત! કૈંક હૈયાં જોડાય; કૈંકને ઘણે દા’ડે પ્રિયજન મળ્યાનો આનંદ. કોકની નજરમાં ઉલ્લાસ તો કોકની ભીની આંખ... કોક તરસ્યું જ વળે પાછું! દુનિયામાં ઘણા મેળાઓ હોય ને લાખો જનના હોય, પણ ખરો ‘મેળો’ તો પોતાનાં મનેખ વચ્ચે પોતાના મલકનો મેળો... વયમાં આવતાં તનમન જ્યાં પ્રેમ અને ઝુરાપાના પ્રથમ પાઠ શીખ્યાં હોય! પણ અફસોસ! આજે તો મધવાસનો ગોંદરો મેળા વિના સૂનો સૂનો છે!

[ગણેશચોથ ૨૦૫૪, વલ્લભવિદ્યાનગર]

૧૮. ફુલેકું

'લીલી-શી ટોપી ને ભરત ભરેલી
ટોપી મેલી ને વીરે ફૂલેકડે સજાયા
ફુલેકોનાં લોકે પૂછ્યું   : વરરાજા ટોપી ચ્યાં રે ઑરેલી?'
એમના માંમો રે સાહેબસૂબો, રાજાને મહેલે બેઠા; ઑરેલી!'

અમારા બાવન પાટીદાર સમાજમાં બેસતા વૈશાખથી આવાં ગાણાં ને જાતભાતનાં ફટાણાં સાંભળવા મળે. આ ગાણું તો ફુલેકાનું ગાણું છે. બેનો ગાય છે કે ભાઈને માથે લીલા રંગની ટોપી છે. એમાં રેશમી ભરત જોઈને ફુલેકામાં લોકો મુગ્ધ થઈને પૂછે છે — 'ટોપી કોણે ખરીદી? ક્યાંથી ખરીદી?' જવાબ સ્વાભાવિક જ વટ પાડવાનો હોય — 'ઊંચે લોગ, ઊંચી પસંદ!' વરના મામા રાજાના મહેલમાં સૂબેદાર છે... એમણે શહેરમાંથી ટોપી ખરીદી છે. લગ્નમાં વરરાજાનો બધો ઠાઠમાઠ મામાએ મામેરામાં લાવવાનો રિવાજ હતો ત્યારનું આ ગીત છે... આજેય ગવાય છે ખરું. પણ વરજાજાને માથે ટોપી કે સાફો કશુંય હોતું નથી! 'ઉઘાડે માથે શુભ અવસરે જઈએ તો અપશુકન થાય' એમ માનનારી પેઢી હવે પૂરી થઈ ગઈ છે. હવે તો દેશી વરરાજાય સૂટેડબૂટેડ દેખાય છે. નકલમાં અક્કલ નથી હોતી તે આનું નામ. ગામડાંમાં દોડમલ કહે છે — 'આ તો ભૈ, માને પડતી મેલીને માશીને વળગ્યા...!' અસલને અળગું કરીને નકલમાં પેઠા.

ફુલેકું એટલે વરઘોડો.

અમારે ત્યાં તો વરરાજાને ફૂલેકે ફેરવવા ઘોડો લાવવાની ન્યાતની બંધી છે. મોટો સમાજ, સામટાં લગન હોય તો એટલા ઘોડા ક્યાંથી લાવવાના? ને ઘોડાવાળો મરિયલ ટટ્ટુનાંય મોંમાંગ્યા દામ લ્યે, એ બધાંને ના પોસાય માટે બંધી... બૅન્ડવાજાની બંધી, મોટો મંડપ સજાવવાનીય બંધી ને વરકન્યા માટે મંડપમાં ખુરશીઓ મૂકવાનીય બંધી... હવે વીડિયો ઉતારવાની બંધી આવી રહી છે... ને આ બધી 'બંધીઓ' સામે નવી પેઢી માથું ઊંચકી લડી રહી છે. મિટિંગો થાય છે ને મામલો ચગડોળે ચઢે છે! ન્યાતમાં આગેવાનો ને એમના નવી પેઢીના મળતિયા જરાય નમતું મૂકવા રાજી નથી. સમય કરવટ બદલી રહ્યો છે.

પણ આપણે ફુલેકાની મજા લઈએ. વરઘોડો જોવા નીકળીએ તો આજેય મોટે ભાગે ઘોડા વગરનો વર ગાડીમાં બેઠેલો કે ચાલતો-મહાલતો નજરે પડે છે. ઘોડા વગરના વરઘોડાને 'વરઘોડો' કહેવાને બદલે 'ફુલેકું' કહેવાનો અમારા બાપદાદાનો વિચાર મને બુદ્ધિયુક્ત લાગ્યો છે.

આ ફુલેકાં-વરઘોડાની એવી તો શી વાતો હશે કે લોચક હજીય એમાં રાચે છે, નાચે છે ને નચાવે છે. પરણનારનો ઉમંગ તો સમજી શકાય, પણ આ આસપાસનાંને અંદરનો કયો સણકો ટટ્ટાર ને ટટ્ટાર રાખે છે? મૂળ વાત જ વૃત્તિની છે... 'બેગાની શાદીમાં અબ્દુલ્લા દીવાના' કે 'રાજાના ત્યાં વિવાહ ને કોળિયાં કૂદાકૂદ!' જેવી કહેવતો ઘણું ઘણું કહી જાય છે. કુંવારાને બીજાના ફુલેકામાં વધારે ઉમંગ હોવાનાં પોતાનાં કારણો હોય છે. કન્યાઓ જોવાની, સગાઈ થઈ હોય તો પોતાની વાગ્દત્તાને નીરખવાનો લ્હાવો મળે... ખાસતો પોતાની જાતને આ ઊછળતા-ઊભરાતા પરિવેશમાં બધાંની સામે વટ્ટથી રજૂ કરવાની મફતમાં સગવડ મળે છે. એવાએ પાન ખાય ને સિગારેટ પીવે... હસીમજાક કરે અને વરની આસપાસ ફર્યા કરે. છોકરીઓનો ઉમંગ પણ આવી ભૂમિકાએ જ હોય ચે... ને એટલે મોજમસ્તીનું વાતાવરણ રચાય છે. ફુલેકું અમારા સમાજનો જાણે વસંતોત્સવ લાગે છે... હા, ફુલેકું પૂરા દમામથી નીકળે... ગૅસબત્તીઓ સળગતી

હોય. ત્રણચાર વાળંદો ચારે બાજુ મશાલ સળગાવીને ચાલતા હોય. એકસાથે પાંચ પાંચ કે એથીય વધુ વરરાજાઓ એકસામટા ફુલેકે નીકળ્યા હોય, એમને માથે રંગ રંગના સાફા બંધાયા હોય, એમાં મોરકલગી ને ઝબૂક ઝબૂક થતો દીવોય હોય. એક હાથમાં તલવાર... ખભેથી લટકાવેલી કમર પર ઝૂલતી કટારી હોય, ખભે ખેસ લટકાવ્યો હોય, મોઢામાં પાન ને હાથમાં રૂમાલ... આંખે કાજળ. કપાળે કંકુચાંલ્લો... કદરૂપો હોય એય રાજકુંવર લાગે જાણે! પાછા વરરાજા ફુલેકામાં ચાલે નહીં, મિત્રોના ને મામાના ખભે બેઠા હોય... સામટાં ઢોલનગારાં, થાળી, દગૂડી ને શરણાઈ વાગતાં હોય... જુવાનિયા ને ઘરડેરા ધોળી બીડીઓ ફૂંકતા હોય. ભલભલાને થઈ જાય કે એક વાર ફુલેકે ફરવા મળે તોય જીવ્યું સાર્થક થઈ જાય! કન્યા ના મળે ત્યારે એવા કમભાગી જીવના વડીલો વગવસીલાવાળા મોવડીને કરગરતા-વીનવતા હોય છે કે — ‘લાકડાનીય કન્યા ચાલશે...’ હાસ્તો, છોકરાનું મન રીઝે... ફુલેકે ફરવા મળે ને પીઠી ચડે. ચૉરીનો ધુમાડો અડે! પછી ભલેને કન્યા છૂટાછેડા માગી લે! બારેમાસ છોકરાના વડીલો કન્યાઓ શોધતા હોય... કેટલાક આગેવાનોને તો આ બારમારી કામ... કોઈને માંડેલી તો કોઈને છાંડેલી, લાકડે માંકડું વળગાડી દેવામાંય માનપાન મળે ને ખાનગીમં ગજવાં ગરમ થાય... એકનું ભાંગવું ને બીજાનું જોડાવું... નાતરિયા ન્યાતમાં ભાંજગડિયા ભૂખે નથી મરતા! ને ભણેલા હજી આબરૂ તથા સમાજનાં માનપાન કે રીતરિવાજોમાંથી ઊંચા નથી આવતા! પોતાનો ભોગ લેવાયો છે એમ ભાગ્યે જ સમજનારા ઊંચા નથી આવતા! પોતાનો ભોગ લેવાયો છે એમ ભાગ્યે જ સમાજનારા પોતાનાં હોનહાર સંતાનોનો આ સમાજની વેદી ઉપર ભોગ આપવામાં ગૌરવ સમજે ને પોતાની જાતને ‘વધારે સામાજિક’ ઠેરવે છે. ‘સબકો સન્મતિ દે ભગવાન’ — એટલું જ કહેવાનું રહે છે મારે.

અમારા વરરાજા કાંઈ એક જ દિવસ ફુલેકે નથી ફરતા. લગ્ન પૂર્વે પાંચછ દિવસ એમને ‘ગણેશ બેસાડવામાં’ આવે છે... ત્યારથી એ ‘વરરાજા’ના પાઠમાં હોય, હાથે મીંઢળ ને કેડમાં કટારી વિના તો નીકળે નહીં. સવારસાંજ કુટુંબીઓ વારાફરતે ‘ફુલેકું ઝીલે’... કંસાર રાંધી વરરાજાને તથા એના કુટુંબને જમવા તેડે... આમ આખા કુટુંબમાં ચાલે... વરરાજાને જમવા તેડવા આવે, શેરી ચંપાવવા લઈ જાય, માતા કે મહાદેવે દર્શને લઈ જાય... દરેક વખતે એ બનીઠનીને નીકળે, આગળપાછળ સફેદ ધોતિયાના ચાર છેડા પકડીને વરરાજાને માથે (તડકો ના હોય તોય) છાંયો કરનારા સાગરીતો હાજરાહજૂર હોય ને બેનો ગાતી હોય :

‘આંણી શેરીએ સોખલા વેરાંય રે ઝરમરિયું...
આ તો કાંનાભૈના વીરો રે ઝરમરિયું...’

*

‘વરને લીંબુડી ભાત્યોનાં ધોતિયાં...
વરના બાપાને હરખ ના માય રે બાળો વરઘોડે ચડ્યો...’

*

‘આંણી શેરડીએ તે શેનાં રે ઝમકાર, વાજાં વાગિયાં રે...
આ તો કંકુબુનના દીકરો પૈણે એનાં રે ઝમકાર, વાજાં વાગિયાં રે...’

ફુલેકું નાના ગામમાં બે દિવસ ફરે ને પછી પરંપરા હોય તો પાડોશના ગામમાંય એકાદ દિવસ જાય... ક્યારેક તો એ ગામમાં જ વરરાજાની સાસરી હોય. પૈણનારી કન્યાય શરમાતી શરમાતી પોતાના વરનું ફુલેકું મ્હાલતી હોય!

ફુલેકું ફળિયે ફળિયે બેસે. ગોળધાણા વહેંચાય. ચાપાણી, બીડીસિગારેટ ને મુખવાસની તાસકો ફરે... સૌને જલસો થાય. એક જમાનામાં વડીલો દાણલીલા ને રાસલીલાના દોહા રજૂ કરતા... ને વચ્ચે વાળંદ ‘રૂડો’ ‘એઈ રૂડો’ કહીને હાકલા દેતો... મારા કાકાને મેં દાણલીલા રજૂ કરતા સાંભળ્યા-જોયા છે. મોટિયારો

ઢોલીડાને ત્રિભેટે કે ખુલ્લા ફળિયા/વાડામાં ધારાનો ઢોલ વગાડવા પ્રેરે છે... ધારાનો ઢોલ વાગતાં યુવતીઓ-વહુવારુ ને કન્યાઓ ઢોલના તાલે ધારો રમવા લાગે છે, પહેલાં ધીમે પછી ઝડપથી. નવાંનક્કોર કપડાં હોય ને ધૂળ-પરસેવામાં રગદોળાતાં હોય... પણ હેલ્લારે ચઢેલી ને પલટણોને ઢોલના તાલમાં બીજું કાંઈ દેખાતું નથી! પછી તો યુવાનો પણ ધારો રમવા લાગે... કોણ થાકે?–ની શરતો પડે... રાત વહેતી રહે ને ફુલેકું બેઠું રહે... ફળિયે ફળિયે ધારાની રમઝટ બોલાવાતી હોય ત્યારે ફુલેકું ખરો વસંતોત્સવ બની જાય છે... કૈં કેટલાંયનાં તનમન આ છેલબટાઉ મોજમસ્તીમાં હળીમળી જાય છે... ને જોનારા – 'દેખણહારા દાઝે જો ને!' – જીવ બળતા રહી જાય છે. 'માંહી પડ્યા તે મહાસુખ માણે'–નો બીજો અર્થ મને તરત પામવા મળે છે. ધારો રમવામાં ભણેલાંગણેલાંય હોય. મજાની વાત છે... એમાં પ્રોફેસરો, દાક્તરો ને ઇજનેરીનું ભણનારાંય હોય... હું મને પૂછું છું — 'કોણ કહે છે માણસ ભણીને સુધરી જાય છે?' ને મને મારી બાજુમાં બેઠેલા મોવડી જરા વટથી પૂછે છે — 'જોયું ને કવિસાહેબ! લોક તો અમથું કહે છે કે છોકરાં ભણીહણીને બગડી જાય છે! આ બધાંય અમારું પીવડાવેલું પાણી પીવે છે... ને દાક્તરો ને ઇજનેરો બધાંય ફૂલેકે ફરવા ને છોરાં પૈણાવવા અહીં જ આવે છે! બોલો...' હું એમને કશો જવાબ આપી શકતો નથી. ફુલેકામાં બેઠેલી ભાભીઓ પોતાની ગામ-જેઠાણીને ગાણાં ભેળી ફટાણાં સંભળાવે છે :

'મેં તો જોઈ જોઈ તેડોની વાટ્યો કે તેડું ના મોકલ્યું રે,
પેલી રૂખીનો પાક્યો છે હોઠ કે તેડું ના મોકલ્યું...'

*

'અમને કોયે ના ક'યું આવો બેસો સાહેલડી સગમગે...
અમે રેવાભૈના બોલે પાછાં વળ્યાં સાહેલડી સગમગે...'

દરમિયાન ધારો રમતાં તરસી ગયેલી યુવતીઓ પાછી આવતાં જ ગાણું ઉપાડે છે :

'કાશી કોરો ઘડો ભરી લાવ્ય તરસે મરીએ રે...
તારા ભૈઓને ઓઝાવાડે વેચ તરસે મરીએ રે...'

બાકી રહી જતું હોય એમ વરરાજાને ખભે બેસાડીને જુવાનિયા ધારાના ઢોલના તાલે છેલ્લો ઉપાડો લે છે... વરરાજાઓને ખભે લઈને નાચે છે... ત્યારે તો વરરાજા માંડ બારચૌદ વર્ષના! આજે મોટા હોય તોય તેડનારા તો મળી રહે છે. વરરાજાના બે હાથમાં બે ટૉર્ચ હોય. એમના હાથ નચાવનારે પહોળા પકડ્યા હોય... આમ છ-છ-બાર-બાર વરરાજાનાં ફુલેકાં નાચતાં રહે છે... આ સ્તો ઉત્સવનીવેળા છે! બાર બાર માસ ખેતરોમાં મજૂરી કૂટી છે. તો આવ્યા અવસરે મોજમજા ના લૂંટે તો જીવને સોરવાય કેમ!

પાટીદારોનાં ફુલેકાં ભારે ધમાકાવાળાં... લુહાર-રાજપૂતનાં જરા ટાઢાં... નાયકાઓ તો આખી રાત ગપૂલીનાચ નાચ્યા કરે. પટેલોને ત્યાં ફુલેકાં પહેલાંય સાંજીનાં ગીતો ગવાતાં હોય —

'એક ભર જોબનિયામાં બેઠા ઓ વીરા,
દાદાએ હસીને બોલાવીઆ...'
એક કાળી તે કન્યા ના જોશો ઓ દાદા!
કાળી તો કટમ લજાવશે...'
ઘડીએક વ્હેલો પરણેશ ઘડીએક મોડા પરણેશ
તારી અભણ કન્યાને રાયવર નહીં પરણે...
ટોડલે ટહુકે છે મોર માંડવે નાચે છે ઢેલ
ઝટાઝટ રે મૂળજીભૈ કાગદ મોકલે...'

કૈં-કેટલાંય ગીતો... ગોળધાણા ને પતાસાં! ફુલેકાં ફરી જાય, લગ્ન ઊજવાઈ જાય... વરકન્યા થાળે પડી જાય. એ પછીય ઘણા દિવસો સુધી ફુલેકાંની ઢોલશરણાઈ તથા ગાનારીઓનાં ગાણાં કાનોમાં પડઘા પાડતાં

રહે છે... મેંય મારી ભીતરભોંયમાં એ ઇલાકો ઢાંકીઢબૂરી સાચવી રાખ્યો છે.

[જૂન, ૧૯૯૫]

૧૯. શૈશવની કવિતા

આજે બરાબર સમજાય છે કે આપણું આખું શૈશવ નરી કવિતાથી ભરેલું હતું. આપણામાંથી મોટા ભાગના એને ભાગ્યે જ પામી શકીએ છીએ. અરે, કેટલા બધાને તો આજેય હવે પ્રૌઢ થયેલ — શૈશવની એ સહજ કવિતાનું કશું પ્રમાણ નથી. બાળપણ પોતે જ એક ચંચલ ભાવોર્મિ ભરેલું ગીત-કાવ્ય છે. શિશુના ચહેરાનું સંમોહક સ્મિત કેવું તો સરળ-નિર્દોષ હોય છે. એના બોખા મોંમાંથી નીકળતું અરવ ગીત એના સુકોમળ ચહેરાને ભરી દે છે. ખરા ગીતમાં આવી નજાકત અને નરવાઈ હોય છે. આજે તો ગીતને નામે ગદ્યાળુતામાં આળોટનારા ગીતકવિઓ વધ્યા છે. ને એને ગાતા કે ગવડાવનારાઓના મનમાં પણ ગીતકવિતાની પરખ તથા માધુર્યને બદલે વેપારીકરણના સંદર્ભો જ વધારે હોય છે. ચારે બાજુ ગાનારાનો રાફડો ફાટ્યો છે. પણ એમાં ખરું ગીત તથા સાચો ગાનાર કો કોઈક વાર જ આપણને મળે છે. સંગીતશાસ્ત્રને જાણ્યા વિના પણ એ સાંભળવાની ફૅશન ચાલી છે. નવી પેઢી તો ગીત-સંગીતને પણ 'ફાસ્ટ ફૂડ'ની આઇટેમ માનવા લાગી છે. આવા વર્તમાનના ઘોંઘાટ વચ્ચે મને શૈશવનું કાવ્યસ્વરૂપ સાંભર્યા કરે છે.

પ્રકૃતિ એનો જાદુ કદી ગુમાવતી નથી. એ તો એનાં બધાં નકરાં-નરવાં રૂપો સાથે આપણી સામે જ હોય છે. ફળિયાનું ફલક અને એમાં ઊભેલાં વૃક્ષો ઉપર ઢોળાતાં રાતદિવસનાં રૂપોને નહોતા સમજતા તોય આશ્ચર્યથી જોયા કરતા હતા. ઘણી વાર દિગ્મૂઢ થઈને, સૂસવતા વાયરામાં ધૂણતાં — બેવડ વળી જતાં ને પાછાં બેઠાં થઈ જતાં વૃક્ષો જોતા હતા. એ જ વૃક્ષો વરસાદ ઝીલતાં ને ટપ ટપ ટપક્યાં કરતાં ત્યારે કેટલાં ડાહ્યાંડમરાં લાગતાં. પાંદડાં ખરી જતાં હોય એ ક્ષણના લીમડા નીચે હજીય આંગણામાં શૈશવ લઈને હું દરેક પાનખરમાં ઊભો હોઉં છું. ને પછી કૂંપળો, મંજરીઓ અને લીંબોળીઓથી છલકાતા એ બાળભેરુ લીમડાને હજીય ગોખ્યા કરું છું. ખરી કવિતા તો એમના સાંનિધ્યમાં જ જિવાઈ હતી. એવી જ માયા લાગી હતી આંબા-મહુડા-રાયણની. સાગ-ખાખરાને કલાડી-કણજી પણ વહાલાં રહેલાં. આ પેન્ડુલા-ગરમાળા-ગુલમોર-કેસિયાં તો મોડેથી માર્ગમાં આવેલાં. મારા ગ્રામજીવનમાં શૈશવકાળથી કવિતા ગાવામાં એ બધાં મારી સાથે નહોતાં. એ તો આજે મને જીવતરની કવિતા શીખવી રહ્યાં છે ને હું આદરપૂર્વક વૃક્ષો પાસેથી બધું શીખવા જાઉં છું.

તડકાને ગણકાર્યા વિના પાદર વચ્ચે શાંતિથી ઊભેલો ઘટાદાર વડ કેટકેટલાં રૂપો ધારતો રહેતો. ચાંદનીમાં ડૂબેલું ગામ. અંધારામાં ત્રમત્રમતી સીમ, સારસોના અવાજ ભરેલી નદી, અધમધરાતે જાગી જતી કેડી, સાંજના તડકામાં મોલ ઝુલાવતાં ખેતરો, શિયાળાની સવારે તડકો ખાવા ખળે ખળે બેઠેલું ગામ — કંઈ કેટકેટલાં કાવ્યરૂપોની વચ્ચે શૈશવ પસાર થતું હતું. અરે, આંખ સામે જ, ખાલી કેતરના ચાસ અંકુરિત થતા ને જોતજોતામાં હારબદ્ધ છોડથી લીલછાઈ જતું ખેતર. વાડ ઉપર કંકોડાં મોટાં થઈ જતાં ને મકાઈના છોડ ઉપર ડોડાની કૂણી કૂણી મૂછો દેખાતી. ગભરુ કંટીઓ ધીમે ધીમે ડાંગરના ખેતરમાં અંગો ઉકેલતી, ચાંદની છલકાવતાં પોયણાં ખાબોચિયાને રૂપાળું બનાવી દેતાં, ગાય વિયાતી અને આંગણામાં વાછરડી કૂદાકૂદ કરી મૂકતી, થોરને ફૂલ આવતાં ને સાંજની ધૂળ સોનાવરણી થઈ જતી — આવા કાવ્યમય વાતાવરણમાં સમજ્યે-વણસમજ્યે ભણતા અને કવિતા (પદ્યો) ગાતા થઈ ગયા હતા!

શૈશવે તો દલપતરામની કવિતાનો જ પ્રભાવ હતો. 'શિયાળે શીતળ વા વાય/પાનખરે ઘઉં પેદા થાય.' અમારી આંખો સામે સ્તો એ કવિતા રોજેરોજ જિવાતી રહેતી. 'ઉનાળે ઊંડાં જળ જાય/નદી સરોવર જળ

સુકાય’ એના પર આપણે બધા સાક્ષી. ‘ચોમાસું તો ખાસ્સું ખૂબ/ દીસે દુનિયા ડૂબાડૂબ’ તો વરસતા વરસાદે તો નદીનાં ચઢતાં પાણી જોતાં જોતાં સહજ રીતે હોઠેથી સરી પડતી. કવિતા અને જીવતર જુદાં નથી — એવો શશવમાં અને શૈશવની કવિતામાં અનુભવ થાય છે એવો પછી ઓછો થાય છે. પેલાં ઘેરા પ્રભાવો પછી ઘટી જાય છે. શૈશવમાં તો જે કવિતા જીવતા હતા મોટપણે પછી એને સમજવાનોય ઓછો વખત રહે છે. દલપતરામે લય-પ્રાસ સાથે ભાષાની લેહ લગાડી હતી. એટલે તો ‘આસપાસ આકાશમાં/અંતરને આવાસ/ઘાસચાસની પાસ પણ/વિશ્વપતિનો વાસ’, પંક્તિઓ આજેય વાંચતાં વર્ગમાં કે જાહેરમાં મારું મોં ભરાઈ જાય છે ને ડિલમાં શૈશવનો પેલો રોમાંચ જાગે છે — જરાક વાર!

દલપતરામે તો ‘રમતગમત કરતાં કદી નહીં કરવું નુકસાન’ના પાઠ ભણાવેલા. ઊંટની શેખીની વાર્તા કવિતામાં મૂકીને પણ આપવડાઈ નહીં કરવાની શીખ બંધાવેલી. હસતાં હસતાં એ કવિએ કહેલી ‘પૂરી એક અંધેરી ને ગંડુ રાજા’ની કવિતા તો આજેય સાચી પડી છે. (નહીં તો ડુંગળી સાઠ રૂપિયે કિલો તથા ખાંડ અઢાર રૂપિયે કિલો કેમ હોઈ શકે, ભલા!) મુછાળી માની કે રમણલાલ સોનીના ગબલા શિયાળની, જીવરામ જોશીના મિયાં ફૂસકીની વારતાઓ પણ હતી, પણ કવિતા તો દલપતરામની. મનમાં થતું કે આ ખરો કવિ છે — જે જોયું તે કવિતામાં કહી આપે!

વરસાદમાં અમે નેવાંની કવિતા ઝીલતા. ઘાસ ઉપર જળકણોને જોતાં ને માટીમાંથી ઊઠતી ગંધને શ્વસતા. તાજી કૂંપળો ચાખતા. આની સાથે સાથે જ બાળવર્ગની કવિતા પણ વાંચતા. પેલી બે કવિતાઓ હજી નથી ભુલાઈ તે તો છે — બપ્પોરની અને મહાસાગરની. ‘બળબળતા જામ્યા બપ્પોર’ના બધાં જ રૂપો અમે સીમ-વગડે માથે કરેલાં. વંટોળ અને બપોરમાં અમે એ કવિતા ગાતાં ગાતાં દોડતા હતા. કેવું સાયુજ્ય હતું એ!

દરિયો જોયો નહોતો ત્યારે એનું કાવ્ય વાંચતાં ત્યારે ચકિત થઈ જતા — ‘તાડ જેવાં ઝાડ ડૂબે/મોટા મોટા પ્હાડ ડૂબે/કિલ્લાની કિનાર ડૂબે/મહેલ ને મિનાર ડૂબે’ — આવો મહાસાગર — ‘ગાંડો થઈને રેલે તો તો આખી દુનિયા જળબંબોળ જળબંબોળ!’ વર્ગમાં મોટા અવાજે ‘જળબંબોળ’ ગજાવતા ને આખા ગામમાં સંભળાતું ને લોકોને લાગતું કે ‘નેંહાળ બરોબર ચાલે સે—’

અજવાળી રાતોમાં ગામના મોટિયાર અને વહુવારુઓ-બેનદીકરીઓ મળીને ઘૂમર માંડતાં-ગાતાં :

‘શેરડીએ વેર્યાં ફૂલ મોહન મટકાળા
મારા ઘેરે તે પરભુ પરોણલા–
એને શાનાં ભોજન દેશ, મોહન મટકાળા—
એને તાજા ઘીની લાપસી
કાંઈ ભરભરિયો કંસાર મોહન મટકાળા
મારા ઘેરે તે પરભુ પરોણલા
એને શાનાં પોઢણ દેશ મોહન મટકાળા
સાગે સીસમના ઢોલિયા
કાંઈ રેશમિયા ઓછાડ મોહન મટકાળા...

ઢળતી રાતોમાં; ચાંદની ચીતરેલા ફળિયામાં ગવાતી આ ઘૂમરના લયતાલ ગમી ગયેલા. પછી તો એવાં લોકગીતો ભેગાં કરતા — ‘આઠે કૂવા ને નવ વાવડી રે—’ ‘ગાંમના પટેલી વીરા વેનવું રે—’ વચલી સૈયર શેણે દૂબળી રે — એનો પરણેત લાવે બીજી શોક્ય, મારા વાલા...’ જીવતરનાં સુખદુ:ખની કથા કહેતી આ લોકકવિતાની સાથે સાથે બાળકવિતા અને પછી કિશોરવયની કવિતા પણ મોઢે રટણા થઈ લાગી હતી.

‘મારી મેંદીનો રંગ ઊડી જાય રે, સૂરજ ધીમા તપો!’ ગાવાનુંય ગમતું પણ ‘દરિયાને તીરે એક રેતીની ઓટલી, ઊંચી અટૂલી અમે બાંધી જી રે... પહેલા મહેમાન તમે આવો સૂરજદેવ, પગલું સોનાનું એક પાડજો જી રે, પગલામાં વાત લખો પરીઓના દેશની, ફૂલડાંની ફોરમ પૂરજો જી રે—’ ગીતે તો કામણ જ કર્યું હતું.

આજેય આ ગીતો ગમે છે.

આષાઢ બેસતો, વાદળો આવતાં ને વીજ ચમકતી — મારે મોઢે તરત બાદરાયણનું કાવ્ય નીકળતું — 'ઝબકી ઝબકીને જરી વિશ્વને ઉજાળતી વીજળી વ્યોમમાં છુપાઈ જાય ક્યાં?' આજેય દર અષાઢે આ કાવ્ય ગાઉં છું — બસની બારીએ કે યુનિવર્સિટીના રસ્તે વરસાદમાં જતાંવળતાં! રોજ સવારે ન્હાવાનું પાણી ગરમ કરવા માટે ચૂલો સળગાવવો પડતો. લાકડાં ના સળગે ત્યારે પ્રાર્થના જ યાદ આવતી 'એક જ દે ચિનગારી, મહાનલ! ચાંદો સળગ્યો સૂરજ સળગ્યો/સળગી આભ અટારી/ના સળગી એક સગડી મારી/વાત વિપત ભારી/મહાનલ' સાચી વાત છે. આજે પણ મહાનલને મારે તો એ જ પ્રાર્થના કરવાની રહે છે! કવિતા જીવનનો સાથ નથી છોડતી તે આ અર્થમાં. આપણી સગડી હજી સળગી નથી.

'એક ઈડરનો વાણિયો' કવિતા તો ઈડરમાં રહીને પણ જીવ્યો છું. પણ પેલી 'મીઠી માથે ભાત'વાળું કાવ્ય આજેય ગમગીન કરી દે છે. એ મીઠી તે મારી બેન અને પેલાં ખેતરો-વગડો એ તો મારાં જ વતન ખેતરો છે. તો વળી રવીન્દ્રનાથ ટાગોરની 'સાંથાલની નારી' — મેઘાણી કલમે અનૂદિત થઈને છેક મારા શૈશવ સુધી વહી આવી હતી, શાંતિનિકેતન જતાંવળતાં એ જ સાંથાલની નારીઓને જોઈય ખરી. હજી એમના દુર્દિન પૂરા થયા નથી, એમની શ્યામળી કાયાનું રૂપ જોઈને એ જ પંક્તિઓ પાછી સાંભરે છે :

'આષાઢી મેઘ અને થોડી-શી વીજળી
લઈને બેઠેલ હશે બ્રહ્મા...
ભૂલકણા દેવ! તમે પંખીડું વીસરી
ઘડી કેમ માનવીની કન્યા?'

આ પંક્તિઓ આગળ આજે પણ ઉદાસ થઈ જવાય છે. પછીની કાવ્યયાત્રા પણ જીવન સાથે જ ચાલી છે... પણ શૈશવ અને કવિતાનો સંવાદ અપૂર્વ રહ્યાં છે એની ના નહીં!

[૧૭-૧૨-૯૮]

પ્રગટ ૨૦-૬-૯૯

૨૦. કુંવારો વૈશાખ

વૈશાખ તો વરરાજાઓનો મહિનો. એક જમાનો હતો કે લગ્નો વૈશાખમાં જ થતાં. મોટા ભાગનાં ગામડામાં તો આજે પણ આવા માંગલિક પ્રસંગો વૈશાખમાં ઉકેલાય છે. ખેતીપ્રધાન દેશનાં ગામો ચોમાસાનો ખરીફ અને (પાણીની સગવડ હોય તો) શિયાળાનો રવી પાક લઈને ફાગણ-ચૈત્રમાં પરવારી જાય. પછી નિરાંતે સમાજજીવનમાં પડે. નવચંડી, ગંગાપૂજન, વાસ્તુ ને લગ્ન — બધા પ્રસંગો વૈશાખમાં. જોકે હવે એવા દિવસો નથી રહ્યા. આ ચરોતરનું જ ઉદાહરણ લો ને! બારેમાસ લગ્નો ચાલ્યા કરે. ગ્રીનકાર્ડવાળી છોકરી કે છોકરો વિદેશથી, મન થાય ત્યારે ઊડી આવે; ને પંદર દિવસમાં પચીસ કન્યાઓ કે ભાવિ પતિઓ જોઈ લે, પેગડે પગ અને પસંદગી થાય. અમથા પાંચ-છ દિવસમાં ખેલ ખલાસ. સાતઆઠ દિવસ ફરવાના — મા અંબાજી કે ત્યાંથી માઉન્ટ આબુ! પૈસા હોય તો ગોવા કે કુલ્લુ-મનાલી કે કોડાઈ કૅનાલ... હનીમૂન માટે તો મુંબઈ આસપાસનાં સ્થળો પણ હવે તો હાથવગાં છે. માથેરાન, ખંડાલા, લોનાવલા, ઊટી, મહાબળેશ્વર... હોડીને દૂર શું નજીક શું! આમ, લગ્નોત્સુક જુવાન પેઢી, પેલાં યાયાવર પંખીઓની જેમ આવે છે ને પાછા મહિનાની અંદર તો અદશ્ય થઈ જાય છે. વૈશાખનો વટ હવે ઓછો થયો છે. બીજા મહિનાઓએ એની રંગરાગી છટામાં ભાગ પડાવ્યો છે, પણ અમારા પંચમહાલમાં તો વૈશાખ લગ્નગીતોમાં વણાઈ ગયેલો છે :

વૈશાખી વાયરા વાયા, વિનુભૈ,
પરણ્યા વિના તે કેમ ચાલશે.

ને મહીકાંઠાના પાટીદારોમાં તો છોકરો-છોકરી ચૌદ-પંદરનાં થયાં નથી કે લગ્ન માટે માબાપ અધીરાં થઈ જાય. છોકરા-છોકરીને તો અધકચરી સમજણમાં, મજા પડે કે નંય પડે... પણ બંને પક્ષે માબાપને, એ પોતે પરણતાં હોય એટલો ઉલ્લાસ હોય. આજેય મહીસાગરની પેલે પારનાં ગામડાંમાં આવાં દૃશ્યોની નવાઈ નથી. હજી તો વરકન્યાએ દશમાની (ન્યૂ એસ.એસ.સી.) પરીક્ષા માંડ આપી હોય... ને બંનેને 'પીઠી ચડે.' એ બિચારાં કાચુંકૂણું શરમાય. એમનાથી એકાદ વર્ષ મોટાં ને વર્ષ-બે વર્ષ પૂર્વે પરણેલાં પોતાના 'અનુભવો' કહે : હઠ ને રુઆબ શીખવે. આમાંથી ઘણાં અનિષ્ટો સર્જાય છે. હજી તો છોકરો બિચારો હાયર સેકન્ડરીમાં હોય, માથે પરીક્ષા ગાજતી હોય ને ઘરમાં વહુ વળાવવાની હોય, આણું કરવાનું હોય કે વહુને જીયાળે આંણે તેડવા જવાની હોય! બિચારો કે બિચારી! — એ તો વાંચે, પરીક્ષા આપે, શરમાય કે તાજા જન્મેલા બાળકને ઘોડિયામાં ઘાલીને હિંચોળતાં જાય? હાથમાં પાછી ચોપડી ને હાલો ગાય.

એ મલકમાં ભણતર વધ્યું પણ હજી નવા વિચારો નથી આવ્યા. બી.એ. ભણતાં છોકરા-છોકરીને એકાદ બાળકહોય અને એમનો સંસાર 'બે બસ છે'ના આ જમાનામાં તો લગભગ સમેટાઈ જવાનો હોય; બલકે સમેટાઈ ગયો હોય! આવા કિસ્સાઓ હજી પચાસ ટકાથી ઉપર છે. એટલે સંસારનો ઢંગઢાળ ત્યાં કઢંગો છે. રંગીલો વૈશાખ આવી બેઢંગી ચાલ ચાલતો રહ્યો છે. કહેવાતી ઊજળી વર્ણ પણ હજી આમાંથી પરવારી નથી. મારી સાથે ભણેલા મારા મિત્રોને ઘેર આજે પૌત્ર-પૌત્રીઓ છે. એ 'દાદા' બનીને આંગળીએ પોતરો-પોતરી વળગાડીને કોઈના વિવાહમાં મહાલે છે. 'દાદાગીરી' કરે છે. આ વાત લખતાં મને પારાવાર પીડા થાય છે. એમ.એ. કે એમ.એસસી. થયેલા યુવાનો... અરે ડૉક્ટર, ઇજનેરનું ભણેલા યુવાનો પણ આ ઘરેડનો વિરોધ કર્યા વિના જીવ્યે જાય છે.

કહો, કેળવણી ક્યાં વધી છે? મારા મતે તો કેળવણી વધી નથી, 'વકરી' છે... આપણે એનો મર્મ પામ્યા

નથી. સંતાનોની ખોટી ખોટી ચિંતા કરી, એમના જીવનના નિર્ણયો, ઉતાવળા ને આબરૂના ખોટા ખ્યાલમાં સપડાયેલાં માબાપો, કરી નાખે! ભણેલાં, અધ્યાપક કે આચાર્ય હોય એવાં માબાપો પણ આવું કરે ત્યારે તો જીવ ફફડી ઊઠે છે. નવી પેઢીને ભણાવવાના નામે છેવટે તો એ એમની જિંદગીને ખોટી દિશામાં 'ચૅનલાઇઝ' કરી દે છે. નવી પેઢી — પંચમહાલના ઈશાનિયા મુલકમાં તો હજી આ રીતે પરતંત્ર છે ને એને એની કોઈ 'ચોઇસ' નથી. જે સમાજમાં યુવા પેઢીનો અવાજ જ ન બંધાતો હોય કે બંધાવા જતા અવાજને કચરી નાખવામાં આવ્યો હોય એ વડીલ પેઢીને કે એ સમાજને વિશે શ્રદ્ધા શી રીતે રહે? મૂંગી ને મોટી પીડા છે આ.

આ ઉઘાડું સત્ય લખવાની પણ મારે — અમારે તો કિંમત ચૂકવવી પડે છે! પછાત વર્ણના લોકો — સમાજોએ પ્રગતિ કરી હોય અને અમારા સમાજે કેટલીક પ્રગતિ કર્યા છતાં કેટલીક મૂળભૂત વાતે એ જ રૂઢિ, જડ પછાતપણું દાખવ્યું હોય ત્યારે અમારા જેવા થોડાક લોકોને પારાવાર વેદના થાય એ કોને કહીએ?

ચૈત્ર ઊતરવા માંડે અને અમારા ચહેરા પર વૈશાખની વિપદાઓ આવી ઠલવાય છે. મિત્રો એમનાં કાચાં સંતાનોના લગ્નમાં બોલાવે છે, પણ જવાની મારી હિંમત ચાલતી નથી. એ આપણને વ્યવહારુ ન ગણે... કુરિવાજ આચરનાર જેટલો જ એમાં સાક્ષીભાવે હાજરી આપનાર જવાબદાર છે.

મને ઘણી વાર થાય છે કે 'વૈશાખ'ની વરણાગી છટા માણવા માદરેવતન ચાલ્યો જાઉં... પણ ત્યાં આ દિવસોમાં જે જયાફતો ઊડે છે, જરૂરી-બિનજરૂરી પ્રસંગો ઊભા કરીને લોકો હજારો મણના લાડુ કરી ખાય છે. ન્યાતવરાને નામે દેવામાં ડૂબે છે ને ભાવિ પેઢીનું અજાણતાં-જાણતાં જે અહિત કરે છે એ જોયું જતું નથી. ત્યાં ખાવું-ખવરાવવું કે કહેવાતા આગેવાનોની ખુશામત કરતા રહેવી — એનું નામ સામાજિકતા છે! સારું કામ કરનારો આબરૂદાર ન ગણાય. પંચાતિયાઓ, લડનારાઓ ત્યાં મોટા ગણાય છે. આ પણ એક જાતનું ગંદું-ગોબરું-વરવું રાજકારણ છે! ને એનો સામનો કરનારે તો વેઠવાનું જ આવે એ દીવા જેવી વાત છે!

મિત્રો મને કહે છે કે — આ વૈશાખે પીળાં ફૂલોથી લચી પડેલા ગરમાળાની — અમલતાશની વાતો લખો; રાતાં ફૂલે ઠસ્સાદાર ઊભેલા લાલચોળ પાઘડીધારી ક્ષત્રિય જેવા ગુલમોરોની કવિતા લખો. હાથોમાં મેંદી મૂકેલી, પાનેતરમાં લજામણીના છોડ જેવી શરમાતી-ઊઘડતી કન્યાના અરમાનોને યાદ કરો; 'લાડલો તો પાન ચાવે ને રસ ઢોળે.' એવા ગુમાની વરરાજાની આશાના આલેખ કરો... દોડતી — ઘૂઘરા રણકાવતી વ્હેલો અને હજીય ફટાણાં ગાતી જાનડીઓ; કે એમાંની કોઈ રૂપવતી પાછળ લટ્ટુ બનેલા કોઈ વરણાગી જાનૈયાની વાર્તા લખો! સાચી વાત છે, પણ મનેખનું કાળજું છે; વતનની માયા છે; સમાજ તરફની લાગણી છે એટલે વાસ્તવિકતા વિશે લખ્યા વિન નથી રહી શકતો. મારી આ ચિંતા ભલે અત્યારે વંધ્ય રહે; આવી વાતો લખીને 'આવ પથરા પગ ઉપર પડ' જેવી ઉપાધિ વોરવાની મારી રીતિથી મારાં સગાં, સ્વજનો, બાપ, ભાઈ બધાં નારાજ થાય... થતાં રહે છે... પણ મને શ્રદ્ધા છે કે આ શબ્દો ક્યારેક એમનો અર્થ પ્રગટાવશે... આ શબ્દો અવરથા નહીં જાય. કોકના હૃદયમાં તો એ ચિનગારી બનીને ચંપાશે... ક્યાંક ભારેલા છાણાની જેમ ચુપચાપ બળશે — ને મોકો મળતાં તેજસ્વી બની આવશે!

વૈશાખના અનેક ચહેરાઓ છે, પણ પેલો લુણાવાડિયો કે સંતરામપુરિયો ચહેરો મને ભૂલ્યો ભુલાતો નથી! એનો એક ઓથાર મારા સમાજ વતી હું એકલો એકલો વેઠ્યા કરું છું... બીજા સમાજોએ પણ રાજી થવા જેવું નથી. એબ તો દરેકને હોય. દેવપોઢી એકાદશીથી દેવઊઠી એકાદશી દરમિયાન હજી મારો મલક લગ્ન બાબતે મર્યાદામાં રહે છે... પણ ચરોતરમાં તો દેવ પોઢતાય નથી કે જાગતાય નથી! રામ જાણે આખા મલકનું ને માનવજાતનું શું થવા બેઠું છે? આજેય વૈશાખ બેસે છે ને મારું કાળજું કંપ્યા કરે છે...

[વૈશાખ : ૧૯૯૫]

૨૧. બરોબરી ના રૈયે

'ગામડાંમાં માણેલાં કેટલાંક દશ્યો કદીય ભુલાતાં નથી. એવાં કેટલાંક દશ્યો તે લગ્નપ્રસંગોનાં ને શુભ અવસરોનાં છે. ખાસ તો છોકરીઓ વત્તા વહુવારુઓ બે પક્ષમાં જાતે વહેંચાઈ જઈને ગાણાં-ફટાણાં ગાતી હોય છે તેવાં દશ્યો. નવા ઘરનું 'ખાતમૂરત' કરવાનું હોય ત્યારે બ્રાહ્મણ આવે ને બધી વિધિ થાય. મોટાભાઈ-ભાભી કે બા-બાપા આ પ્રસંગે વિધિમાં બેસે — પાસપાસે બે પાટલા મૂક્યા હોય કે કંતાન-કોથળાં પાથર્યાં હોય. ભાઈએ (પુરુષે) કેલિકો મિલનું રાતી કોરનું સફેદ ધોતિયું, લાંબી બાંયનું બગલાની પાંખ જેવું ખમીસ પહેર્યું હોય, માથે ઊંચી દીવાલની ને ધોઈ ગળી કરેલી સફેદ ટોપી મૂકી હોય. કપાળ કંકુચોખાથી શોભતું હોય ને બ્રાહ્મણ વિધિ કરાવતાં હથેલીમાં દહીંપાણી આપતો હોય, સંપુટમાં પૈસો-સોપારી રખાવી વિધિ કરતો હોય ત્યારે બાજુમાં ભાભી (સ્ત્રી) ભાઈને ડાબે પડખે બેઠાં બેઠાં એમનો જમણો હાથ ભાઈને ખભે અડકાડી રહ્યાં હોય... એમણે માથે, વિવાહટાણું પત્યા પછી થાંભલે ભેરવેલો મોડ ઉતારીને પહેર્યો હોય, એમનું કપાળ પણ કંકુચોખાથી શુભ ભાસતું હોય, પેટીમાંથી કાઢીને રાતો ગવન કે રાતા રંગનાં ફૂલોવાળો પીળો કોસંબો પહેર્યો હોય. એમાંથી જુદી જ સુવાસ આવતી હોય... ને એ મંદમંદ મલકાતાં હોય! ત્યારે મને થતું કે આ પરણેલાંને ગોર મહારાજ ફરીથી કેમ પરણાવતાં હશે! ને આવા પ્રસંગે વિધિમાં બેસનારાંનો ઉમંગ પણ વરકન્યા જેવો જ! એટલે તો વધારે ભાઈઓવાળા ઘરકુટુંબમાં ગ્રહશાંતિ, ગણેશપૂજા ને લગ્ન કરાવવા ટાણે કોણ બેસે એ માટે પડાપડી કે મનદુઃખ થતાં હોય છે! એમાંય ભાઈ કે બેનને લગ્ન ટાણે 'ગોતેડો' (ગોત્રજ) ભરવા માટે તો વડીલોએ દરમિયાનગીરી કરીને સૌને વારા કરી આપવા પડતા. નદી કે કૂવે બેડું ભરવા સૈયરો સાથે ગયેલી વહુવારુને સામે લેવા એનો પતિ વર જેવો જ સજીધજીને ઢોલવાજાં સાથે જાય... બંનેની વચ્ચે, નજીક આવવાનાં મનામણાં થાય... નવાંસવાં જુવાનિયાં હોય તો વધારે મદે ચઢે. વરરાજા કહે : 'એને કહો, પાસે આવે' તો વહુ માથે બેડું હોવા છતાં નમતું ના મૂકે... ઉનાળાનો તાપ હોય, છોકરીઓ બેઉ પક્ષે ફટાણાં ગાતી હોય :

'ઘયડી ઢેફાંમાં શું ઊભી, ઘયડી આવ રે લગોલગ...
તારા છેડલા ગંઠાડું ઘયડી આવ રે લગોલગ... !'

વરપાઠમાં આવી ગયેલા ભાઈ ઢોલી રમાડતા હોય ને માથે ધોતિયું ફેલાવી બેઉ પક્ષે છાંયડો કર્યો હોય... છેવટે વડીલો આવે ને પટાવીને છેડા ગાંઠે ને એમ ગોતેડો ભરીને બધાં ઘેર આવે... નણંદને દાપું મળે... ભાભીને ગાળો (ફટાણામાં કહેલી) ગૉળ જેવી લાગી હોય, તો ભાઈને પુનઃ પરણ્યા જેટલો વડ પડ્યાનો સંતોષ હોય! મારા ભાગેય આવો એક ગોતેડો ભરવાનો આવેલો... ને મેં કશીય હઠ વિના વાતને પતાવી દીધેલી — એથી ગાનારાં-જોનારાંને ભારે નિરાશા થયેલી. છોકરીઓએ ગાયેલું એ ફટાણું આજેય યાદ છે — મારો પક્ષ લઈને ભાભીને ગાળો દેવાની મજા પડવાથી ગાનારીઓ ખુશ હોય છે :

'છેક છેનાળની, છેક પાતરની, તારું કોઈ નથી રે!
આગળ છે મારા મનુભૈ તને ખેંચોટીને લેશે રે !'

આ ગાણાંમાં નર્યો આનંદ છે... મજાક માટે ગવાતાં આ ગાણાં છે. જોકે એમાં માબાપ અને કુળની સામે દેવાતી ગાળો અમસ્થી મશ્કરી-ગમ્મત હોવા છતાં ક્યારેક કોઈક 'સંવેદનશીલ' વહુને કે ભાઈને દુઃખી કે ગુસ્સે કરી દે એવુંય બને છે.

નવું ઘર કરવાનું હતું ત્યારે 'ખાતપૂજા' માટે ભાઈભાભી બેઠેલાં. ભાભીનાં પિયરની બીજી વહુવારુઓએ ભાભીનો પક્ષ લઈને ગાણું ઉપાડેલું :

'બરોબરી ના રૈયે, બેની! બરોબરી ના રૈયે...
એ તો નેંચોના ના લાજે, મોટોનાં બરોબરી ના રૈયે...
આપણાં સમરથ સગાં દેખે મોટોનાં બરોબરી ના રૈયે...'

તો ભાઈને પક્ષે કુટુંબની કુંવારકાઓ ભાભીને ગાળો, મીઠી ગાળો ભાંડવની તક કેમ જવા દે! એમણે તો ત્રણચાર ગાણાં ગાયેલાં :

'પાટલા ઉપર પોપટ નાચે હાર્યા ના જાંવ મારા ભીખાભૈ...
શેનાળની છોરીને ગબગોધો ઘાલજો, ધરુસકે—
રોવડાવજો, હાર્યા ના જાંવ મારા મોટાભૈ...
ચણા આલજો, સબ છાંની સાખજો... હાર્યા ના જાંવ—'

ગ્રહશાંતિ કરવા વેળાય આવાં પાટબેસણાં તો હોય જ. ત્યારે વળી નવાં ગાણાં ગવાય :

જોડ્યે ના બેસીએ વીરા! જોડ્યે ના બેસીએ...
આપણ મોટોના વીરો, એ તો ભંજ્યોની છોરી
જોડ્યે ના બેસીએ...

અચાનક મોટીભાભીઓ પણ ગાવા માંડે :

'મનફાવે તો બેસજો રે! મોટાંનાં બ્હેની!
ઓરડે ઊઠી આવો રે ! મોટાંનાં બ્હેની!
બિલાડીનું બચ્ચું રે! મોટાંનાં બ્હેની!
અમને નથી ગમતું રે! મોટાંનાં બ્હેની!
ઘરમાં ઊઠી આવો રે! મોટાંનાં બ્હેની!'

નામ ફેરવીને આ ગાણાં સ્ત્રી-પુરુષ બંને પક્ષે ગવાય છે. ગણેશબેસણું, મંડપ ઉગાડવો, ગોરમટી લાવવી, ઉકરડી નૂતરવી — આ બધી વિધિઓ લગ્નની સાથે જોડાયેલી છે. એમાંય સ્ત્રીની કે પતિપત્ની બેઉની જરૂર પડે છે. આ દરેક પ્રસંગે ગવાતાં ગાણાં છે. આજે તો બધાં ભણીગણીને 'સુધરી' ગયાં છે... 'રુદાલી'ના જમાનામાં હવે તો ભાડૂતી ગાનારાં લાવી શકાય છે. ગરબા જેવા કાર્યક્રમો રાખીને લગ્નની અસલિયતને કૈંક બજારું બનાવી દેવાનું અળવીતરું લાગે છે. રેડિયો-ટીવીનાં માધ્યમોએ ગીતો-ગાણાંના રાગ-લય પણ બદલી નાખ્યા છે. હવે પેલાં ફટાણાં-ગાણાંને બદલે ફિલ્મી ગીતોની એંઠી ધૂનો ઉપર કૃતક ને અણઘડ ગીતો ગાનારી 'નવી પેઢી' આવી ગઈ છે... ત્યારે, મારે મન પેલાં અસલ દશ્યોનું મૂલ્ય વધી જાય છે... પેલાં ગાણાંની મીઠાશ ને હલક પણ કાનમાં સંભળાયા કરે છે.

[૬-૭-૯૫]

૨૨. લગ્નગીતો અને ફટાણાં

લોકગીતોના વર્તુળમાં લગ્નગીતો વ્યાસ જેવાં છે. બધી જ કોમોને તથા ગોળ-વાડાઓને પોતપોતાનાં લગ્નગીતો છે. એમાં ઘણાં ગીતોમાં સમાનતા મળે, કેટલાંક ગીતોમાં શબ્દો ને લય જુદા પણ હોય. થોડાંક ગીતો તો દરેક જ્ઞાતિને પોતાનાં આગવાં પણ હોવાનાં જ. વળી જૂની પેઢી દ્વારા ગવાતાં લગ્નગીતોમાં નવી પેઢી થોડા ફેરફાર પણ કરે છે. દા.ત.—

કાળી કાળી વાદળીમાં વિમાન ઊડે,
નીચેની દુનિયા જોયાં કરે...
ભણેલા ભૂદરભૈ છાપાં વાંચે
અભણ રેવીવહુ દીવો ધરે!

એક જમાનામાં ભણેલા ભૂધરભાઈઓ ‘નામું’ લખતા કે ‘કાગળ વાંચતા’ ને અભણ વહુઓ ‘પાણી ભરતા’ ને ‘વાસીદાં વાળતાં’ એવી રીતે પણ આવાં ગાણાં ગવાતાં. આજે ‘ભણેલા અમિતભાઈ ટીવી જુવે’ ને ‘અભણ મિતાવહુ સેવા કરે...’ એમ ગવાય છે. સમાજજીવનમાં જેમ જેમ પરિવર્તન આવે છે તેમ તેમ લોકગીતોમાં — ખાસ તો લગ્નગીતોમાં — પણ એના પડઘા પડે છે. જીવનધોરણ બદલાય એનું પણ પ્રતિબિંબ ગીતોમાં પડે છે. એ દૃષ્ટિએ જોઈએ તો બદલાતો સમાજ, એની આંતરિક ગતિવિધિઓને લગ્નગીતો સવિશેષ ઝીલે છે. લગ્નગીતો હજી પ્રજાજીવનથી વિમુખ નથી થયાં. બલકે આજેય એ કેંક અંશે ગામડાંમાં તો ગવાય છે. જોકે ગાનારીઓની કૉલેજિયન પેઢી (બહુ ઓછી એવી છોકરીઓ મળે જે કૉલેજ-ભણતી હોય ને લગ્નગીતો ગાતી હોય; એને શરમ આવે છે; જોકે ડિસ્કો કે અદ્યતન ફિલ્મીશાઈ ગરબા ગાતાં એને સંકોચ થતો નથી!) લગ્નગીતોમાં નવતા — તાણીતૂસીને પણ — નવીન સંદર્ભો લાવવા મથે છે. આવાં સંમિશ્ર ગીતો અલગ અભ્યાસનો વિષય બને એમ છે. દા.ત.—

‘વીરો એલ.એ.બી.એલ. ભણેલા,
વીરાને પહેરવા જોઈએ વૉચ,
વીરાના સસરા લે છે લાંચ,
વીરો એલ.એ.બી.એલ. ભણેલા.’

અહીં ‘એલ.એ.બી.એલ.’ નામની પદવી પણ કાલ્પનિક છે. (બી.એ., એલએલ.બી.નું મિશ્રણ કરીને પ્રાસ બેસાડનારી ગાનારી છોકરીઓ અમારી લુણાવાડાની આટ્‌ર્સ કૃલેજમાં ભણેલી પટેલકન્યાઓ છે.) આવાં ગીતોમાં વીરા(વરરાજા)ને શું શું જોઈએ તેની યાદી મૂકીને કન્યાપક્ષની વ્યક્તિઓની નીતિમત્તાનું, પ્રવૃત્તિનું ખંડન કરવામાં આવે છે. લગ્નગીતોમાં વિધિવિધાનને લગતાં તબક્કાવાર ગવાતાં ગીતોમાં ઘણું વૈવિધ્ય છે, તો એ સાથે ગવાતાં ફટાણાંમાંય ખાસ્સી રંગીનતા છે.

ગણેશસ્થાપન પૂર્વે દશેક દિવસથી સાંજે (ભાવિ લગ્નપ્રસંગ મનાવવા) ગવાતાં સાંજીનાં ગીતો વર અને કન્યા બંનેના ત્યાં ગવાય છે. જેમાં એમનાં અરમાનો તથા કુળ-આબરૂની ધ્વજાઓ ફરકાવવામાં આવે છે. દાત. ‘નદીને કિનારે રાયવર ઘોડો ખેલાવે...’/‘મોર જાજે ઉગમણે દેશ, મોર જાજે આથમણે દેશ, વળતાં જાજે રે વેવાઈ — માંડવે રે...’/ ‘દાદા હો દીકરી’/‘લાડકડી ચડી રે કમાડ સુંદર વરને નીરખવા...’/‘દીવડો ઘડ્યો રે લાંબી લાંઘોનો ફરતી ફૂંદડી મેલાવી દસબાર.’/‘એક ઓડ તેડાવો ને ડુંગરા ગોડાવો... મારા

મૈયરેથી બેની કોઈ ના આવ્યું.'/ 'ઘડીએક વેલો પરણેશ, ઘડીએક મોડો પરણેશ,/ તારી અભણ લાડીને રાયવર નહીં પરણે...'/ 'મોર તારી સોનાની ચાંચ, મોર તારી રૂપાની ચાંચ.../ સોનાની ચાંચે મોરલો મોતી ચરવા જાય.' જેવાં અનેક ગીતો ઢળતી વૈશાખી રાત્રિઓના અજવાળિયાને સોહામણું બનાવી રહે છે.

કેટલાક સમાજોમાં 'મામેરું' આગોતરું નોતરવામાં આવે છે. ત્યારે ગવાતાં ગીતોમાં મનને ભાવ-ભાવનાથી ભરે દેતું ગીત છે :

'હું તો ચંપે ચડું ને કેળે ઊતરું
હું તો જોઉં મારા માડીજાયા વાટ્યો—
માંમેરાં મોંઘા મૂલનાં... !'

મામેરિયાઓને વેવાઈપક્ષની થોડી ગાળો પણ આપવામાં આવે છે — જેમાં જાતીયતાના સંકેતો પણ વણી લેવામાં આવે છે. દાત. —

'માંડવે બેઠી ચકલી પલકારા મારે,
નાથડ, તારી શેનાળ પલકારા મારે,
મારા રેવાભૈને આબ્બા પલકારા મારે...'

આવાં ફટાણાં તો એકાધિક અવસરે ગવાય છે. આમાં એક વિચિત્ર વાત એ છે કે સ્ત્રીઓ વડે ગવાતાં ગીતો — ફટાણાંમાં ગાળો પણ સ્ત્રીઓને લગતી જ આવે છે. પુરુષપ્રધાન સમાજ અને નારીમનની કોઈ મનોગ્રંથિઓ આની પાછળ કામ કરતાં હશે? ન જાને! ક્યાંક પુરુષને લબડધક્કે લેવાતાં ફટાણાં મળે. પણ એમાંય ખાસ તો હજી 'ફુઆ' નહીં બનેલા નવાસવા જમાઈ સાસરે આવે ત્યારે (સાળા-સાળીના લગ્નમાં કે એમ આવે ત્યારે) એમને ગામની છોકરીઓ બરાબર નવાજે છે :

'ઝેણી સિવાઈનો ટોપલો મેં રયજીને માથે દીઠો રે,
કોદરભૈના પાદરમાંથી છાંણાં વીણતાં દીઠો રે,
મીં જાણ્યું ભંગ્યોનો છોરો ઢેફે મારી કાડ્યો રે...'

અથવા જમાઈની ફજેતી કરતું મજાકિયું ગીત (જે લગ્નમંડપમાં કન્યાપક્ષેથીય ગવાય છે) :

વાલજી આયા સાસરે રે / છોરીએ માર્યા ખાસડે રે...
કાનમાં ઓર્યા કાંકરા રે...
ખરવર ખરવર થાય નેંચોના શીદ આયા'તા સાસરે રે...
ચોટલી બાંધ્યું સૂપડું રે...
ઝાટકઝૂટક થાય શેનાળના શીદ આયા'તા સાસરે રે...

ચારચાર રાતોનાં ફુલેકાં ફરીને પાંચમે દા'ડે પરણવા ઊઘલતા રાયવર માટે ગવાતાં ગીતોમાં મોટાઈ અને મોભો રજૂ થાય છે. 'આંબારા'ણને છાંયે વરજી કરે રે શણગાર/એમનાં માતાનાં વખાણ, ભલ્લા શોભે રે રાયવર..'/ 'વરને લીંબુડી ભાત્યોનાં ધોતિયાં.../વરનાં મામીને હરખ ના માય રે/બાળો વરઘોડે ચડ્યો!'

આમ મોઢામાં પાન, માથે સાફો-કલગી-સહેરા ને હાથમાં રૂમાલ. જરાક આંજેલી આંખડી ને કેડે કટારીવાળા વરરાજા જેવા સસરાના ગામપાદરે — જાનીવાસે કે મંડપે પહોંચે છે તેવા એમને લબડધક્કે લેવા કન્યાની સૈયરો ગાણાં-ફટાણાં લઈને ઊભી હોય છે. સામે વરપક્ષની જાનડીઓ પણ ગળાં ફાડીને જવાબ વાળે છે — આ વખતે ભડે ચઢેલા બંને પક્ષો વરકન્યાનો અલગ અલગ પક્ષ લઈને જોરદાર મુકાબલો કરે છે. એ ગીતોની તાસીર કૈંક આવી છે :

'વાટે કૂતરી વાઈ'તી રે જગભરના બેટા,
હુવાવડ ઘાલવા ર્યો'તો રે જગભરના બેટા...'

*

'છોરા રાજુ રે તું ચ્યમ કાળોમેંશ?
તારી માએ ખાધાં જાંબુ રે/જાંબુ ખઈને જન્મ્યો રે—
તેમાં કાળોમેંશ...'

સામે વરપક્ષની જાનડીઓ જવાબ વાળે છે —

'છોરી આવડી મોટી ચ્યાં રાખેલી?
છોરી મકોડોની કોઠીમાં રાખેલી...'

ગરમાવો ઘટતાં પેલાં શાંત ગીતો વહેતાં થાય છે :

'ઘરમાં ન્હોતા લોટા ત્યારે શીદ તેડ્યા'તા મોટા
મારા નવલા વેવાઈ...'

*

'મારા સંપતિયા વેવાઈ, તમે સાંભળો છો કે નંઈ રે?
ભૂખૉ લાજી રે વેવઈ ભોજન આલાં છો કે નંઈ?'

આ વેળા વળી કોઈ નવજુવાન જમાઈ-સાળો-બનેવી રુઆબભેર ફરતો કે કામ કરતો દેખાય તો જાનડીઓ એને નવાજે છે :

'વડોદરાનો ઊંચો ટાવર, મનુલાલને ઘણો પાવર,
એ પાવર નંઈ ચાલે નંઈ ચાલે...'

આમાં 'વેવાણને ઘણો પાવર' પણ ગવાય... ને વાતાવરણમાં ગમ્મત મચી રહે છે, પણ અતિ ઉત્સાહમાં વાતાવરણ તંગ થઈ જાય એવાં ફટાણાંય આવી જાય છે :

'વેવાંણ, આઘી રે' આઘી, તારી ઘાઘરી ગંધાય...'

*

'અલી ઓ વેવાંણ વેશ્યા રે, તારી ચરક જોવા દેજે રે,
તારી ચરકમાં સે આંબા રે, તને પૈણે અમારા માંમા રે...'

*

'ઢોલો તો મળવાનો શેડ્યો આયો મારો ઢોલો...
ભરી જવાંની મારો ઢોલો...'

આવાં ઘણાં ગાણાં-ફટાણાં નોંધી શકાય એમ છે. આ ગાણાંના લય, પ્રાસાનુપ્રાસ તથા કાવ્યગુણ ધરાવતા સંકેતો પણ તરત ધ્યાનમાં આવે છે. દરેક પક્ષને પોતાની મોટાઈ બતાવવી હોય છે. ગાણાંમાં એવાં વાનાં વણી લેવાની આ લોકરીતિઓ અભ્યાસપાત્ર છે. જાતીયતાના નિર્દેશવાળાં બે ફટાણાં જુઓ :

'શેરી વચ્ચે આંબલો ફાલ્યો લચકાલોળ રે રમતુડું વાગે...
ચિયા તારી શેનાળ ફૂલું લેવા જાય રે રમતુડું વાગે...
નાનજી, તારી રૂખી ફૂલું લેવા જાય રે રમતુડું વાગે...
ફૂલું લેવા નથી જતી, ધણી કરવા જાય રે રમતુડું વાગે...'

*

બાર બાર ગજનો વાંસડો કાંઈ રોપ્યો શેરી વચ્ચે જો...
કોદર, તારી ગોરડી કાંય વાંસલડે ચડાઈ જો...
ઊતર્ય છોરી સાંમઠી, તનં કાનભૈ માંટી (ધણી) આલું જો....

લુણાવાડાના પાટીદારોમાં પુનર્લગ્ન-નાતરું પ્રસંગે આવાં ઘણાં ફટાણાં ગવાય છે. કેટલાંકમાં તો ગંદા શબ્દો

પણ આવે છે. આજે એવાં ગાણાં ઘટ્યાં છે. ગાનારાંય ઓછાં થયાં છે, પણ કેટલાંક ગીતો-ગાણાં તો પ્રસંગનેય રમ્ય બનાવનારાં હોય છે :

‘વેવાઈ, અમને ગાલીચા પથરાવો,
ગાલીચા વના નૈં ચાલે...’

*

‘મેં તો જોઈ જોઈ તેડાંની વાટ્યો કે તેડું ના મોકલ્યું...
મારો દીવડો બળ્યો સારી રાત્ય કે તેડું ના મોકલ્યું.
વેવાઈનો પાક્યો સે ઓઠ કે તેડું ના મોકલ્યું...’

લગ્નવિધિ વખતે મંડપમાં બંને પક્ષે કેટલાંક જાણીતાં લગ્નગીતો ગાય છે. ‘નાણાંવટી રે સાજન બેઠું માંડવે.../જેવા ઝગમગતા હીરા એવા કાળુભાઈના વીરા, નાણાંવટી રે સાજન બેઠું માંડવે.../જેવા છાણમાંના કીડા એવા પન્નાવહુના વીરા નાણાંવટી રે સાજન બેઠું માંડવે...’ વરકન્યાનાં વખાણ-ટીકા કરતાં ગાણાંનીય રમઝટ આવે છે. ગોરની પણ ખબર પુછાય છે. ‘ગોરનું ગોળી એવડું પેટ, ગોર સટાપટિયું...’ વગેરે ફિલ્મોનાં ગીતોને આધારે, શબ્દો બદલીને, એવા જ લયમાં ગવાતાં ‘સંકર ગાણાં’ પણ આજકાલ સાંભળવા મળે છે, પણ એમાં લયભંગ તથા અતાર્કિકતા વગેરે હોવાથી બધું દૂરાકૃષ્ટ ને ક્યારેક તો એ અભદ્ર — વરવું લાગે છે. જૂની પરંપરામાં જે સહજતા ને અર્થપૂર્ણતા છે તે નવી પરંપરા રચનારાં નથી લાવી શકતાં. એવા પ્રયત્નો કૃતક લાગ્યા છે.

એટલે, કન્યાવિદાયનાં પેલાં ગીતો ‘તને સાચવે તારો પતિ, અખંડ સૌભાગ્યવતી’ કે ‘એક આંબો ઉછેર્યો સવા લાખનો/સુખની વેળાએ સૂડીલો લૈ ગયો’ (‘બળતાં પાણી’ યાદ આવે છે?) સ્વજનોને રડાવી દે છે! ‘અમે ઇડરિયો ગઢ જીત્યાં રે...’ ગીત સાથે કન્યા વિદાય થાય છે... અને ‘ચડ લાડી, ચડ લાડી, રૂડી બતાવું તારી સાસરી’ સાથે વરકન્યા પોંખાય છે...! લગ્નગાળો પૂરો થઈ જાય પછી કેટલાય દિવસો સુધી કાનમાં એ ઢોલશરણાઈ સાથે આ ગાણાં સંભળાયાં કરે છે — આજેય! પણ હવે લગ્નગીતો બદલાતાં ને ધીમે ધીમે લુપ્ત થતાં જાય છે... એનેય હવે તો સ્મરણની દાબડીમાં સાચવવાં રહ્યાં!

[ઑગસ્ટ ૧૯૯૮]

૨૩. મામેરું અને સીમંત

અભણ અને તળ સમાજોને પણ 'પોતાનું લોકસાહિત્ય' હોય છે. પ્રસંગે-ટાણે 'ગાણાં' ના ગવાતાં હોય એવું તો કોઈ ગામ ત્યારે તો નહોતું જ; કદાચ આજેય એ 'ગાણાં'ની આછીપાતળી સરવાણી રહી છે, પણ ભણતરે માણસને જાણે સંકુચિત અને સંકોચશીલ કરી નાખ્યો છે. ભણેલો મોટિયાર, આજે પણ હોળીધુળેટીના ઢોલ ઢબૂકે છે ત્યારે; દાંડિયા રમવા તલપાપડ થાય છે એમ નહીં કહી શકાય! જ્યારે સિત્તેર-એંશીના દાયકામાં તો કૉલેજમાં થોડું ભણી આવેલો પાટીદાર છોકરો દાંડિયાય રમતો અને લગનફુલેકાનાં વાજાં વખતે 'ધારો રમવા'ય અધીરો થઈ જતો. યુવતીઓ માટે 'ધારો રમવા'નું ટાણું તે વિવાવાજન. ફુલેકામાં ને લગનમાંડવે વાજાં વાગતાં ને 'ધારો રમવા' જુવાની અધીરી થઈ જતી. અરે, ભણેલી છોકરી ને તદ્દન નવાં તથા મોંઘામૂલનાં કપડાં પહેરીને ફૂલેકે કે માંડવે નીકળેલી નવી ભાભી કે વહુદીકરી — 'ધારો રમવા'નો ઢોલ વાગતાં તો ઉપરતળે થઈ જતી! કહેવત હતી કે — 'ધારો ને ઢોલ... બધાંય ડોલમડોલ!' ઘણાં કહેતાં કે 'ધારો રમતાં ઊડે ધૂળ/મોંઘાં કપડાં ને ભણતર ડૂલ!' હાસ્તો! 'ધારો રમવા' થનગનતું યૌવન ભણતર અને મોંઘાં કપડાં — બેઉને ભૂલી જતું! બબ્બે હારોમાં સ્ત્રીપુરુષો આખી રાત ધારો રમતાં ને ઢોલી ઢોલ વગાડી વગાડીને ધન્ય થઈ જતો... યૌવનને એ રીતે નાચતું ને રમણે ચઢેલું ગામડે જોયું હતું! આજે જો હવે ફુલેકાંય ઝાંખાં ને દેશી વાજાંય પાંખાં પડ્યાં છે... નવી પેઢીને 'ધારો રમવાનો' શોખ નથી! હા, નવરાત્રિના ગરબાને નામે ગામડેય નાચવાગાવાની સંકરતા પહોંચી ગઈ છે.

અમારાં ને તમારાં — બલકે ગુજરાતભરનાં ગામડાંને ત્યારે તો મોટા પ્રસંગો તો મામેરાં અને લગનના! હાસ્તો, સીમંત ને જિયાણાં પણ મોટા પ્રસંગો હતા... ખાવાપીવાના અને પહેરવાઓઢવા સાથે ગાવાના અને ગમતાં જણ સાથે મજાકમસ્તી કરી લેવાના એ અવસરો! આજે એ અવસરો તો રહ્યા છે, પણ એની રૂખ બદલાઈ છે. હવે એ અવસરોની રીતભાત બદલાઈ છે. ઉચ્ચ શિક્ષણ પામેલી પેઢીએ, ગામડેય, એમાં પરિવર્તનો સ્વીકાર્યાં છે... પણ હજીય મારા મલકમાં સાવ અંદરનાં નાનાં નાનાં ગામડાંમાં ને વસવાઈ ન્યાતોમાં આવા પ્રસંગો જોવા મળે છે ત્યારે જીવને વ્યતીતની છાલક વાગે છે. આજે 'મારી મહીસાગરને આરે ઢોલ વાગઅ સે...' ગરબા રૂપે સાંભળું છું ને મારી ભીતરી ચેતનારૂપ મહીસાગર જાગી ઊઠે છે. એ ટેકરિયાળો, હરિયાળો ને સૂકો... રિવાજે પછાત પણ મેળે મ્હાલવા મોખરે થતો મારો મલક એનાં ગીતો સાથે મારામાં ધડધડાટી બોલાવતો બેઠો થઈ જાય છે... મને જંપ વળતો નથી.

લોકગીતોની હલક ભૂલી ભુલાતી નથી. નિજી વ્યથામાં રડતા જીવને એ હસતા-ડોલતા કરી દે છે; ક્ષણમાં તો એ પોતાના સુખમાં ગળાડૂબ રહેતા આદમીને હીબકાં ભરાવે છે. લોકસાહિત્ય તો સુખદુ:ખનું સાથીદાર છે. એમાં પ્રજાજીવનનો વિસામો છે. જે જમાનામાં જનમનરંજન માટે આજ જેવાં માધ્યમો નહોતાં ત્યારે આવું સાહિત્ય પ્રજા માટે ઠર્યાનું ઠામ બન્યું હશે. જીવતરની આંતરૂછવિ, રૂઢિઓ, આશાએષણાઓ સમેત પ્રજાજીવનના નબળાંસબળાં પાસાંને લોકસાહિત્ય પડઘાવે છે.

વ્રતકથા-ગીતોમાં શ્રદ્ધા સાથે સત્ત્વશીલ સુખસંપન્ન જીવતરની અપેક્ષાઓ ઝાઝી હોય. માનવસ્વભાવે કરીને પરસ્પર વેઠવાં પડતાં વિઘ્નોની વાત પણ ત્યાં 'હ્યૂમન સાઈકૉલૉજી'ની નિર્દેશક બને છે. પણ સીમંત, મામેરું તથા લગ્નાદિ પ્રસંગોનાં ગીતોનો મિજાજ થોડો નોખો, સ્વાદ જરા જુદો, અનેરો. આ પ્રસંગો વેવાઈઓનાં કુટુંબોને એકસાથે ખડા કરી દેનારા હોવાથી અહીં પરસ્પરને ભાંડવાની કે મજાકભરી રીતે

બિરદાવવાની વાત ગીતોના માધ્યમથી પ્રગટે છે. વેવાઈ-વેવાણ, જમાઈ, તેડત, જાનૈયા-જાનડીઓ સૌ કોઈને હસતાં-રમતાં થોડી 'ગાળો ભાંડી લેવાનો' અવસર ગાનારીઓ ચૂકતી નથી. આવાં લોકગીતો તે ફટાણાં. ફટાણાં ઉક્ત પ્રસંગમાં મોટે ભાગે સમાન હોય છે. એમાં મનોરંજન છે; હસીમજાક છે; હસવાની ભૂમિકાએ કેટલીક સાચી વાતો સામા પક્ષને કહી લેવાનો અહીં મોકો છે. તો મનની આશાઓ પણ સંકેતમાં રમતી મૂકી શકાય છે. બંને પક્ષોને એથી ગમ્મત આવે છે. બહુધા આવાં ફટાણાં ગવાય ને અંતે બંને પક્ષો નિકટ આવે છે. પરસ્પરનો પ્રેમ દૃઢ બને છે. આ અર્થમાં 'ગાળ ઘીની નાળ' કહેવત વપરાતી હશે? ન જાને! તીખા સ્વભાવના જમાઈ કે વેવાઈની બાબતે ક્વચિત્ તડાફડી પણ થતી હશે — ત્યારે વડીલો સૌને વારીને કહેતા હશે — 'આ તો બે ઘડી ગમ્મત મારા ભૈ!' રિસામણાં-મનામણાંની પણ એક મજા હોય છે.

અમારા સમાજમાં મામેરું-લગ્ન-સીમંતપ્રસંગે (નાતરા વખતે પણ) ખાસ ગવાતાં ફટાણાં વૈવિધ્ય, રાગ તથા શબ્દયોજનાની સાહજિકતા અને અર્થસંકેત વગેરે માટે ધ્યાનપાત્ર બને એવાં છે. દીકરીને સીમંત પ્રસંગે પિયરિયાં મોટિયાર દીકરીની સાસરીમાંથી એને સાતમે મહિને તેડવા જાય છે, તેડવા જનારા આ તેડતમાં બેન-દીકરીના ભાઈઓ ને પ્રત્યેક ઘરથી એકબે છોકરા-છોકરીઓ જોડાય છે. આમાં મોટા ભાગનાંની વય સીમંતિની દીકરીથી ઓછી હોય છે. એનાથી મોટી વયનાં હોય તે સીમંતપ્રસંગનું જમણ ખાતાં નથી. બેત્રણ મોટા યુવાનો પેટી ઊંચકવા આવે, એમને માટે અલગ રસોઈ થાય. આવા શુભપ્રસંગે વડીલો 'સીમંત' ખાય નહીં એનું અચરજ થાય. કેટલાક કારજ ખાતા નથી એ સમજાય, પણ 'સીમંત' નહીં ખાવાની વાત વિચિત્ર છે. ખેર, યુવતીને ગર્ભ રહે ત્યારે બધી સ્ત્રીઓ 'એને આશા છે' એવો શુભ શબ્દપ્રયોગ કરે છે એ વાત ગમે છે. સગર્ભા માટે 'બે-જીવી' 'ભારેપગી' જેવા શબ્દપ્રયોગો પણ થાય છે. કેટલાક મજાકિયા યુવાનો 'સીમંત ઉજવણા'ને માટે 'ટેકરા પૂજન' જેવો સાદૃશ્યવાચક શબ્દપ્રયોગ કરતા હતા એ યાદ છે. બેનને સીમંત પ્રસંગે તેડવા ગયેલા ભાઈઓને ફટાણાં સંભળાવાય છે. આ ફટાણાંમાં બહેનો તથા જે તે ગામને પણ વણી લેવામાં આવે છે. આવાં થોડાંક ભટાણાંનો આસ્વાદ લઈએ :

વેવઈ આ'યા રે આપણા દેશ ગાગર ઘૂમે
વેવઈ કાખમાં કોથળી લા'યા ગાગર ઘૂમે
મારા મંગાભૈનાં વત્તાં કરે ગાગર ઘૂમે
મારાં શાંતાવવ મૅન્તાંણું આલે ગાગર ઘૂમે
વેવઈ થોડું ભાળી વેરી નાંશ્યું ગાગર ઘૂમે...

અહીં વેવાઈને હજામ બનાવીને વતાં કરતા દર્શાવ્યા. વળી મહેનતાણું ઓછું પડતાં વેવાઈ એને ગુસ્સામાં ઢોળી દેતા બતાવાયા છે. નિર્દોષ મજાકનું આવું બીજું ઉદાહરણ જુઓ :

મારા ઘરના પછવાડે રે ઊંટડી ઝોલાં ખાય
જગજી દૂધના હવાદિયા રે ઊંટડી દો'વા જાંય
એની માએ મેલ્યું પાટું રે બાપ બોલાવતા જાંય...

દૂધના સ્વાદિયા વેવાઈ જગજી ઊંટડી દોહવા જતાં લાત ખાય છે. આ જ વાત બીજા ફટાણામાં પણ છે :

ગાંમ વચ્ચે ગધેડો વિયાઈ અ◌ૅન્જિનવાળો ધીરો ધીરો
રંછો છોરો ધાબ્બા હેંડ્યો અ◌ૅન્જિનવાળો ધીરો ધીરો

ગધેડોનો પ્રયોગ કરીને ગવાતું બીજું એક ફટાણું ઉતાવળી ચાલમાં અને ઝડપથી ગવાય છે. સમૂહસ્વરોમાં એ રંગત જમાવે છે :

વાગડ દેશથી ગધેડું મંગાવો
એણે ગધેડે પેલા નરસીં બેહાડો

ગધ્ધા પરથી ખેંચી પાડ્યો... ખુડ ખુડ ખમ્મા ખમ્મા—
આપડો વેવઈ બાપડો વેવાઈ—
હાથના ભાંગ્યો પગના ભાંગ્યો—
ભાંગ્યો હાંડિયા ઉઠ્ઠ... વાગડ દેશથી ગધેડું મંગાવો...

ગાનારીઓ વેવાઈને પાન ખવરાવે છે —

એક ટકાનું પાંન મંગાવો રે/પેલા કાંનજીના દાંત રંગાવો રે...
એના દાંત રાતા ને ઓઠ કાળા/શેનાળના મેલે પાતરના સાળા રે.

આવા વાતાવરણમાંથી અચાનક ગાનારીઓ પોતાના માણસોનાં, ઘરેણાંનાં તથા રસોઈનાં વખાણ કરતું અને વેવાઈ કે જમાઈને જમતાં નથી આવડતું-નું સરસ ફટાણું ગાય છે :

કાળા તે પરનું કારેલું વીજાપરથી વાલોળો રે
શિવુભૈએ શાક સુધારિયાં હાથે ઘડિયાળ ને વીંટી રે
રમાવહુએ શાક છમકારિયાં હાથે સોનાનો ચૂડો રે
જેન્તી વેવઈ જમવાને નૂતર્યા જમણ જમતાં ના આવડે રે
વાળ્યા સે મોટા મોટા કોળિયા કૂણીએ રેલા ઉતરિયા રે
ફટ રે ગધાડીના ખોલકા મારાં ભોજન બગાડ્યાં રે
મારા ભગુભૈ તો જબરા વેવારિયા જમણ જમતાં શિખવાડે રે..
વાળ્યા સૅ નાંના નાંના કોળિયા સુન્દર મુખમાં ઉતરિયા રે...
કાળા તે પરનું કારેલું વીજાપરની વાલોળો રે...

વેવાઈઓની સાથે એમની ઘરવાળીઓને પણ યાદ કરીને ભાંડવામાં આવે છે :

એક જ તારો ઊગ્યો વેવઈ સબરંગી રે
ઊગ્યા બેના ચાર વેવઈ સબરંગી રે
કાંતિ વેચે નાર વેવઈ સબરંગી રે
ભૂલોભૈ લેવા તિયાર વેવઈ સબરંગી રે

*

જીતુ તો કે' સૅ મારૅ પાંચસાત બૈયરો
ઘેર જઈને જોયું તાણૅં કૂતરીઓનું ટોળું રે...
છટ્ મારા ભૈના સાળા ઠઠ્ઠા શેનો મારું રે...

*

કોરો ઉકલિયો બડબડ બોલે માં'ય ગંગાજળ પાંણી રે...
નાથાની શેનાળ નાથાનૅ પૂછૅ પાલ્લાના મોટિયાર ચેવા રે...
હાથમાં દર્પણ પાંથિએ અત્તર વઉ તમનૅ લૈ જાંય એવા રે...

*

વાડામાં ખંડુળી વાઈ વાડે વેલો ચડિયો જાય
વેવઈના ઘરમાં ભીડ પડી એની બૈયર વેચવા ચાલ્યો જાય
મુંબઈ શે'રમાં ઊભી મેલી મૂલ કરવા ચાલ્યો જાય...
અણબી મો'યા કણબી મો'યા, મો'યા ઓટલવાળા જો...

*

લુણાવાડિયા સવર્ણ સમાજમાં સીમંત ખુશીનો પ્રસંગ છે. પણ બહુ મોટો પ્રસંગ નથી. સાસરેથી બેન-દીકરી

સાતમે માસે પિયર આવે ત્યારે સાસરી તરફથી ઘરદીઠ કોપરાની કાચલી તથા પતાસાં પહોંચે એટલું 'ખાવું' આપે છે. બહેન-દીકરીનાં પિયરિયાંમાં ઘરદીઠ એ અપાય છે. પછી અનુકૂળતા પ્રમાણે સગર્ભા/તેડે આવેલી બહેનદીકરીને ગામમાં ઘરદીઠ જમવા બોલાવે છે. ઘી-કંસારનું એ જમણ બે માસ ચાલે — જેટલાં ઘર એટલા દિવસ ચાલે. બહેન-દીકરી આવાં ચોખ્ખાં ઘી-કંસાર ખાઈને નર્સિંગહોમમાં ગયા વગર સહજ રીતે જ પ્રસૂતિમાંથી પસાર થતી. સમાજગામનો આ સમૂહસહકાર યાદ કરવા જેવી વસ છે. બહેન-દીકરીની ખબર આખું ગામ રાખતું. પ્રસૂતિ બાદ બેત્રણ મહિને સાસરિયા તેડત જિયાળું આણું કરવા આવે ત્યારે દીકરીનો બાપ આખા ગામને લાડું જમાડે. આમ સમભાવનો બદલો અપાય; ગામમાં સંપ અને પ્રેમ વધે. આવી ભાવના હવે ઓછી થતી જાય છે. બાકી રહેલું કરિયાવર બહેન-દીકરીને આવા આણા વખતે અપાય છે. દીકરી પોયરા સાથે ભર્યો ખોળો લઈને પુનઃ સાસરે જાય છે ત્યારે ગામની વહુવારુઓ તથા સૈયરો એક વિદાયગીત ગાય છે — જે આંખો ભીની કરી દે એવું ભાવ-ભરપૂર હોય છે (જેમાં 'ગૂર્જરી' સંબોધન બહેન-દીકરી માટે 'ગૂર્જરી'રૂપે થાય છે.) :

ગૂજેરી દૂધદહીં ખાઈને ઉછેર્યાં રે ગૂજેરી રમણે ચડી
ગૂજેરી માતાના ખોળા કેમ છોડ્યા રે ગૂજેરી રમણે ચડી
ગૂજેરી સાસુને ખોળે જઈ બેઠાં રે ગૂજેરી રમણે ચડી
ગૂજેરી બાપુનાં આંગણ કેમ છોડ્યાં રે ગૂજેરી રમણે ચડી...
ગૂજેરી સાસરિયાંને મેડે જઈ જઈ બેઠાં રે ગૂજેરી રમણે ચડી
ગૂજેરી દાદાનો દેશ કેમ ભૂલ્યાં રે ગૂજેરી રમણે ચડી...

બહેન-દીકરીની યાદમાં આવાં ગીતો કાયમ માટે કાનમાં રવરવતાં રહે છે.

૨૪. પહેલો વરસાદ

પૂર્વોત્તર પંચમહાલના અમારા એ પહાડી પરગણામાં કાલિદાસના 'મેઘદૂત'ને કોઈ જાણતું નથી, અરે! કાલિદાસ નામનો કોઈ મહાકવિ થઈ ગયો છે એ વાત આજે પણ મારી ગામની શાળાના શિક્ષકોની જાણ બહાર હોવાની મને ખાતરી છે. 'જિંદગી થોડી ને જાણવું ઝાઝું, એ માટે અથડાવું પાછું!' — આમ ગણીને મારા મલકના લોકો 'અમે કશું જ જાણતા નથી — એ અમે જાણીએ છીએ'ની ફિલસૂફીના માર્ગેથી આજેય ચલિત થયા નથી.

ટેકરિયાળો મલક. પહાડોય ખરા. વહેળાં-વાંઘાં ને નદી-કોતરો પણ ખરાં. નદી તો મહી પાનમ. બેય સાબદી. ચોમાસામાં તોફાની ને બાકીના દિવસોમાં શાણી, ડાહી. ચોમાસા પૂર્વે જેઠ મહિનાથી ખેડૂતોની બધી પ્રજા ખેતી સારુ ખેડખાતર અને ખેતરવાડની સફાઈમાં ગળાબૂડ હોય. જેઠ-આણે આવેલી નવી વહુઆરુ અમદાવાદ કારખાને કમાવા ગયેલા બાળાવરની વાટ જોતી હોય ખરી, પણ છેવટે તો એય પીપળાનાં પાંદડે પડતાં પ્રથમ વર્ષાનાં છાંટણાં વેળાએ તો પિયર પરહરી જાય — ત્યાં કોઈ બાળભેરુને મળીને મન મનાવવા. આ કાંઈ અલકાનગરી થોડી છે! ને અમારા ગામડાને ઘેરી ઊભેલા પહાડો કાંઈ રામગિરિ પર્વતો થોડા છે! અહીં કોઈ કવિ કાલિદાસ નથી (કા'ભઈ વાળંદ છે, કાલિદાસ ગોર છે, કાળુ પટેલ છે. કાળિયો વણકર છે, સૌ કામમાં મશગૂલ છે) નથી 'મેઘદૂત'નો કોઈ જાણકાર. પણ એથી કોઈની પાસે યક્ષયક્ષિણીનું હૃદય-મન નથી એમ રખે માની લેતા. અહીં પણ વાદળો ઘેરાય છે અને પ્રેમીઓમાં વીજળીસળાવા સોંસરા હડિયાપટ્ટી કરવા લાગે છે.

મારા ગામનો ખેડુ ખેતરમાં હળ હાંકતો જાય છે ને દૂર વહી જતી કોક ભતવારીને સંભળાવે છે :

'વા રે વાયાં ને વાદળ ઊમટ્યાં
તમે છો રે જનમના ચોર
મળવા આવા સુન્દિર વર શામળિયા!'

તો વળી દૂરના ખેતરેથી બીજો ખેડુ એને હોકારો દેતો હોય એમ લલકારે છે :

વા વાદળ ને વીજલડી
આવી આષાઢી બીજલડી
વ્હાલા! આવો ને સૂની સેજલડી
મને ડારે ઝબૂકતી વીજલડી
હવે કરશો ના વ્હાલા ત્રીજલડી!

પણ આવા દિવસો હવે વેગળા ને વેગે વહી ગયા છે. પણ આષાઢ આવે છે ત્યારે ચારે તરફથી અમને ઘેરી લે છે ખરો, આજેય! એ આષાઢી આંધીઓ, એ સીમ-વગડાની વર્ષાઝડીઓ, વાકોરણ ને વીજ-કડાકાઓથી ઘેરાયેલો ઊભો છું. છાતીમાં ઝીણું ઝીણું દર્દ છે, આંખોમાં વ્યતીતની ભીનાશ ને મનમાં થોડોક ઉન્માદ. પહેલા વરસાદે મહેકી ઊઠતી આ માટીની સુગંધ… એની મધુરતા લઈ જાય છે દૂર દૂર…

જેઠના પાછલા દિવસો છે. પાટીદારો લગ્નસરાથી પરવારીને ખેતરોમાં ખાતર નાખવા ગાડાં ફેરવી રહ્યા

છે. કોઈ ખેડ કરીને ધરુવાડિયું તૈયાર કરે છે તો કોઈ વાડ ઠીક કરવા થોરિયા રોપે છે. સ્ત્રીઓ ખેતર-શેઢા વાળે છે ને ખેતરોની મોચમમાંથી પથરા વીણે છે — નાનાં છોકરાં. ડોશીમાએ છીંકણીની વ્હાલી ડાબલી લૂગડાને છેડે બાંધીને ઘરકામ માથે લીધું છે. દાદા ઘરનાં નળિયાં ચાળવા ચઢ્યા છે. મા ગોરિયાં, કોઠી કોઠલા લીંપીને એમને ઠેકાણે ગોઠવી દેવામાં પડી છે. ભાભી છાણાં-લાકડાં પડસાળને માળે ખડકી ખડકીને ગોઠવી રહ્યાં છે. મોટાભાઈ કરા પાછળનો કઠિયારો નળિયાંથી ઢાંકી રહ્યા છે. બાપા બળદોના માટે ગુવાર, ખાણદાણ કે સૂકાં મહુડાંની તૈયારીમાંય પડેલા છે. લુહારવાડે જઈને પાંસિયાં, કોશ ટીપાઈ આવ્યા પછી સુથારવાડે જઈને હળ, ચવડાં, રાંપડી, ઘાંણિયો, સમાળ, ઓરણી, સરખા કરાવવા આંટાફેરા કરી રહ્યા છે. દાદા સાંજે ભીંડીના પરસંગ વણે છે. એ પરસંગમાંથી રાશ, દામણાં મેળવનારા મામા કે ફૂઆ આવી લાગ્યા છે. એમને માટે થઈને ઘરમાં કેરીના રસનો પ્રોગ્રામ બન્યો છે. મન ચોમાસા પહેલાં ચા-ખાંડ, ગોળ, દીવાસળી, સાબુ, સોડા ને કેરોસીન લેવા શહેરમાં — લુણાવાડા મોકલ્યો છે. અડધો મણ વજન ઉપાડીને મારે રત્ના ખાંટના ભારલાદેલા ઊંટ સાથે આઠ માઈલ ચાલતા ઘેર આવવાનું થાય છે. આ બધી આષાઢની તૈયારીઓ છે.

બેનને હમણાં જ આણે વળાવી છે તો વચેટ ભાઈની નવી વહુ સાસરે આવી છે. ઊંડા કૂવાનાં પાણી ભરીને એ ગ્રૅજ્યુએટ ભાભીના હાથમાં ફોલ્લા પડ્યા છે. તે મને બતાવે છે. મારે માથે વાડા વાળવાની જવાબદારી છે. બાપા અને બે જણ બાજરી-જુવારના પૂળા અને પરાળ ઘરના માળે ચઢાવી રહ્યા છે. સવારે વહેલાં ડોશી વાડામાં ઘાસ-કચરાના ઢગલા બાળી રહ્યાં છે. ઘર-પડસાળો લીંપાઈને અવેરી લેવાઈ છે. નવા ગાદલાં કબાટે પુરાઈ ગયા છે. ફળિયાને ખાટલે પાછી જૂની ગોદડીઓ વરસાદ વેઢવા બહાર નીકળી આવી છે.

રાજા આવવાનો હોય ને ગામની રૈયત તૈયારી કરવામાં મંડી પડે એમ મેઘરાજાની પધરામણી પૂર્વે મારું ઘર, મારું ગામ, મારો મલક તડામાર ગોઠવણીઓમાં ગરકી ગયાં છે. પરોણાએ પોરો ખાધો છે ને નવાં લૂગડાં મજૂસને તળિયે મુકાઈ ગયાં છે. નિશાળો પાછી એકડો- બગડો ઘૂંટવા લાગી છે.

આષાઢ આવતા પહેલાંની આ તૈયારીઓનો મારા મન ઉપર ઘણો ભાર રહે છે. પણ પછી બધું ચોખ્ખુંચણાક લાગે છે તે ગમે છે. આળસુ અમરાભૈનું આંગણું હજીય કચરાના ઢગલાઓવાળું છે ને ધીમા ગોકળકાકા હજી ગાડે ગાડે છાણિયું ખાતર ખેતરે લઈ જઈ રહ્યા છે.

સવારે વહેલો ઊઠી હું નદી-કોતરો તરફના બાવળોમાં જાઉં છું. વહેલી પરોઢની કોળમડી વળેલી તે ગુંદર વીણવા નીકળ્યો છું. આખી રાત વૃક્ષો ધુણાવતો વાયરો વાયો છે. સવારે નૈઋત્યમાંથી વાદળીઓની હારમાળા નીકળીને મહીસાગરના પિયર માળવા બાજુ જાય છે. આ ટાઢી વેળા તે કોળમડીની વેળા! આવી ઘડીએ બાવળનાં થડડાળે ગુંદરના રેલા જામી જાય છે. એ કથ્થાઈ પીળો કાચા સોના જેવો ગુંદર વીણતો વીણતો હું નદી સુધી પહોંચી ગયો છું. ટેટી-તરબૂચની વાડીઓ ઉલી ગઈ છી. રામલા ભેળીએ એની હોડીને રાળ કરવા પાણી બહાર કાઢી છે. આષાઢ આવે છેની ગંધે કીડીમકોડી પણ પોતાનાં ઈંડાંને બીજાં ત્રીજાં દર બદલાવવામાં મચી પડ્યાં છે. કોક સુવાવડી બાઈ ગોદડી-બાળતિયાં ધોવાની લ્હાયમાં છે.

એક બપોરે વાયરો પડી જાય છે, શરીરે પરસેવાનાં વાંઘાં વ્હેવા લાગે છે. દાદા કહે છે 'વરસાદ કઠે છે.' સાંજ પડતામાં તો નદીપાર ઈશાનિયા ખૂણામાં ધૂળિયા આંધીના મંડાણ જોઉં છું. બધાં બાકી કામ પતાવવામાં ધાંધાં થયાં છે. ધીમે ધીમે આંધી બેઉ દિશાઓને ઘેરતી નદીપારના કાનેસર ગામમાં ધૂળ ઉરાડતી ભળાય છે. અમે કૂવાને થાળે ઊભા ઊભા ધૂળના ગોટેગોટા જોઈએ છીએ, જોતજોતામાં ખેતરોની ધૂળને નદી-ભાઠાની રેતી લઈને આંધી ગામ-ઘરો ઉપર ફરી વળે છે. લશ્કરના સૈનિકોની જેમ ધૂળિયાં દળકટક ચોપાસેથી સૂસવે છે, એ રેતકાંકરી લમણે વાગે છે. ઘરોનાં નળિયાં, છાપરાં ઊડે છે, વૃક્ષોનાં ડાળ તૂટે છે. અમને ઘરમાં સરકી જવા બૂમો પડે છે. પણ સિસકારા લેતા ભૂત જેવો વાયરો જોતાં અમે સીમમાં આંબે કેરીઓ ગરતી હશે, ચાલો! એમ કરતાંકને વછૂટી જઈએ છીએ. ઓહોહો! અડધું ગામ આંબાઓમાં ટોપલાં

ને થેલી-કોથળા લઈને આવી ગયું છે ને કાંઈ! હવે વાદળો દેખાયાં છે. પવન વધારે ગાંડો થયો છે. વાદળોની ગર્જના ડરાવી દે છે ને વીજળીના સળાવા તો હબક ખવરાવી દે છે. અમે વાવના થાળામાં લપાઈ જવા દોડીએ છીએ તો ત્યાં વાવમાં ભીખુ અને ભલી એકબીજાને બથોબથ બાઝીને કાંઈ બચીઓ કરે, કાંઈ બચીઓ કરે. અમે તો છક્ક! પગ ત્યાંથી ભાગી જવા ચસકતા નથી ને એક મોટા વીજકડાકા સાથે વરસાદ તૂટી પડે છે. લોક કેરી વીણીને ઘર ઢાળું થાય છે. અંધારાં ઊતરી આવે છે ને વરસાદ ધીમો પડે છે. જતા ઘોડાના ડાબલા ગાજે એમ દૂર જતી મેઘગર્જના હજી સંભળાય છે ને વીજળી તો ચમક્યા કરે છે — ઘર માથે. અમે પેલી કવિતા 'ઝબકી ઝબકીને જરી વિશ્વને ઉજાળતી વીજળી વ્યોમમાં છુપાઈ જાય ક્યાં' — બોલતા બોલતા બા — ના સાડલાની ગોદડીમાં ગોટમોટ થઈ જઈએ છીએ. આષાઢે અમને વટલાવી દીધા, અને ગોદમાં સમાવી લીધાનો ભાવ પ્રગટે છે. આખા ઉનાળાનો પરસેવો સીમથી ઘેર આવતાં આવતાં ઊભે રસ્તે વરસેલા આષાઢના પહેલા દિવસના પહેલા વરસાદે ધોઈ નાખ્યો છે. તન સાફ થઈ ગયું છે પણ મન અમારું વગડાની વાવમાંથી હજી બહાર આવતું નથી. અઢાર અઢાર આષાઢ વીત્યાની આ વેળાનું કષ્ટ ઓછું નથી. બાળપણમાં આષાઢી આંધીથી ડરતા. ધીમે ધીમે વગડાએ એ ડરને હરી લીધો. તોય પાછો બીજો ભય સામે ને સામે!

આષાઢી બીજની સવારે. ગઈકાલનાં આંધી વરસાદે ઊલટસૂલટ કરી નાંખેલું ગામ જોઈ રહું છું. ધૂળ દબાઈ ગઈ છે. નેળિયામાં પાણી રેલાએ નવા ચીલા પાડ્યા છે. પલળેલાં ઘાસ લથબથ છે, તડકો ફિક્કો લાગે છે. ઘરોનાં છાપરાં-નળિયાં ધોવાઈને ચમકી રહ્યાં છે, લીમડા-આંબા ડાળો તૂટતાં વિરૂપ લાગે છે. એકલી આમલીઓ નાહી-ધોઈને નિરાંતે ઊભી છે. જમીનમાંથી ઊની ઊની વરાળો નીકળવા લાગી છે.

ખેડૂતોએ હળોતરાં કર્યાં છે. બળદોને શીંગડે નાડાછડી ને કપાળે ચાંદલા! પાટીદાર ધોળી ટોપીમાં સજ્જ બિયારણનો ટોપલો લઈને, હાથમાં ગૉળની તાસક સાથે નીકળી પડ્યા છે. ધોરીડા ખેડ કરે છે. નવી વહુઆરુની આંગળીઓ જેવી તરફેણો ખેતરોમાં ફરી વળી છે. ટેકરીઓ ધોવાઈ ગઈ છે. પંચાયતનો રેડિયો ગીતો ગાય છે. શહેરની કૉલેજોમાં ભણવા જતા છોકરાને મા-બહેન પાદર સુધી મૂકવા જાય છે. કઢી રોટલાનાં ભાતાં થાય છે. ઢોર અઢાવાની બૂમ પડે છે. અમે ધોળી ટેકરીએ વીંછી પકડવા જઈએ છીએ. પથરા ઊંચા કરીને એ વીંછી નીકળે એને દોરાથી બાંધીએ છીએ. શીશીમાં ને દીવાસળીનાં ખોખાંમાં એને પૂરી દઈએ છીએ. પછી ખાબડાંઓનાં ગંદાં પાણીમાં એને તરાવીએ છીએ. અમારાં અચકચાળા કાંઈ ઓછા નથી! બધાં ખેતરે જાય ત્યારે ઘરમાં રાખેલા મગફળીના બિયારણ દાણા છાનામાના ગજવે ઘાલી ભાગી જઈએ છીએ ઘર પછીતે ખાવા.

બે-ત્રણ નહીં, સાત સાત વાકોરણ થાય પછી આષાઢી આંધી મંડાતી ને એ વરસાદ લાવતી. એની સજ્જા સવારી હજીય સાંભરે છે. આષાઢનો પહેલો વરસાદ ચૂપચાપ આવે તે ગમતું નથી. એની શાહી સવારી ધૂળને ઘોડે ને વાયરા સંગે, વાદળને સાફે ને વીજળીવેગે કડાકા- ભડાકા સાથે આવવી જોઈએ. એ જોવા મારે મારા ગામડે જવું છે. પણ હવે એ ક્યાં છે?

[આષાઢ, ૧૯૯૬]

૨૫. ધણ

ધણ એટલે ધણ. ગોધન, ગજધન — નો પણ જમાનો હતો. રાજાઓની સમૃદ્ધિ પણ એ ચોપગા ધનની મપાતી. દાન-દક્ષિણામાંય 'ગોધન'નો મહિમા હતો ને ગોદાનથી મોક્ષ મળવાની માન્યતા લોકોમાં લોભી, રૂઢિજડ બ્રાહ્મણોએ વહેતી મૂકેલી — અલબત્ત, એના શાસ્ત્રસંદર્ભો છે પણ જરા જુદા છે. જે ધર્મમાં ઈશ્વરે ગોવાળ બનવાનું ચાહીને શૈશવને વ્હાલું કર્યું હોય ત્યાં 'ગોધન'નો મહિમા પારાવાર હોય એ સમજી શકાશે.

ગાયની પૂજા અને એના પાવિત્ર્ય સાથે ધર્મને જોડીને જીવનરીતિનેય સદ્ આચારવાદી બનાવાઈ છે. ખેતીપ્રધાન દેશમાં ગોવંશનીય કદરદાની હોય. પશુપાલનમાં પણ ઉપયોગી — કમાઉ-પશુઓ સાથે આવાં કમાઉ અને પરંપરાથી પૂજાપાત્ર રહેલાં પ્રાણીઓ વિશેષ સ્થાન ધરાવતાં રહ્યાં છે. આજેય હિન્દુસ્થાનમાં 'ગાય'નો મુદ્દો લાગણી સાથે — ધાર્મિક લાગણી સાથે — જોડાયેલો છે ને એ ઘણી વાર અત્યંત સંવેદનશીલ બની જાય છે. તોફાનો અને હત્યાઓ સુધી એ જઈ પહોંચે છે ત્યારે ખેદ થાય છે. ગાયોનું ધણ લઈને, જશોદાના મોકલેલા બાલકૃષ્ણ, ગોવાળિયાઓ સાથે વૃંદાવનના વગડામાં કાલિંદીને કાંઠે ધણ ચરાવવા જતા અને 'અનેક પરાક્રમો' કવતા એ રોમાંચક વાતો હવે તો દંતકથાઓ બની ગઈ છે. ગોપજીવનમાં એવાં દશ્યો ખોવાઈ ગયાં છે.

ગાયો પાળવાની જવાબદારી હવે તો કૃષ્ણમંદિરોની ગૌશાળાઓ પૂરતી સીમિત થઈ ગઈ છે. કોઈ ખેતી-ઉદ્યોગવાળી ગ્રામવિદ્યાપીઠ કે સ્વામીનારાયણ સંપ્રદાયની થાનકો જેવાં ગણ્યાંગાંઠ્યાં સ્થળોમાં જ હવે તો ગાયોનાં સ્વસ્થ ધણ જોવા મળે છે. છે ગામડામાં — ખાસ તો સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના સરહદી જિલ્લાઓનાં ગામોમાં ગાયોનાં ધણ રાખનારા છે... પણ ચારા અને પાણી માટે એમનેય રઝળપાટ કરવો પડે છે. તમે મુસાફરી કરતાં સડક પસાર કરતાં ભૂખીડાંસ ગાયોનાં ધણ જોયાં હશે. દૂરનાં વેરાન-સૂકાં ચરિયાણોમાં ઘાસ માટે રવડતાં ધણ અને એમના ધણી — ઉભયની સ્થિતિ જરાય સુખદ નથી. ચોમાસાના છેલ્લા એકબે માસ કે ક્યાંક પાણિયા મલકમાં મન પ્રસન્ન થાય એવાં ગોધણ ક્વચિત્ જોવા મળે તો મળે. ગયા એ દિવસો જ્યારે સીમેથી ગોધણ ચરીને પાછાં વળતાં એમની ઘંટડીઓના મધુર રણકાર સંભળાતા અને આથમતા સૂરજના રતુંબડા તડકામાં ગોધૂલિ ભળતાં અપૂર્વ દશ્યો રચાઈ જતાં — મંદિરોમાં આરતીટાણું થતું ને ગાયો પોતાનાં વાછરડાંને હેતથી ચાટ્યા કરતી... આ દશ્યો આજે તો વિરલ થઈ ગયાં છે. મંદિરો વધ્યાં છે — ભક્તિભાવનાનો દાખડો કરનારા વધ્યા છે પણ ગાયોનાં ધણ ઓછાં થતાં જાય છે. પાંજરાપોળમાં યાતના ભોગવતી ગાયોની સાથે શહેરના માર્ગો ઉપર કૂડોકચરો ખાઈને અલમસ્ત થઈને ફરતી — ટ્રાફિક જામ કરતી ગાયો જોવા મળે છે ખરી. બંને તરફે માણસે, ગાયની સાથે ધાર્મિક લાગણીને નામે જવાબદારી તો ઉતારી જ નાખી છે! ગાય અને ગોવંશ બચાવવાની હાકલો કરનારાઓ ન તો ગાયો પાળે છે કે ન તો એમને સ્વસ્થ રીતે પોષે છે. ગાયનાં ઘી-દૂધેય ઘણાંને નથી ભાવતાં... મંદિરો ને આશ્રમ-અખાડા સિવાય જાણે પેલો ધાર્મિક મહિમાય નથી બચ્યો. ગાય કહેતાં હવે તો લોકો દૂધ માટે રાખેલી 'જરસી' (સંકર) ગાય સમજે છે. ગાયો નહીં, ભેંસો પાળવાનું નફાકારક ગણતો થયેલો ગ્રામસમાજ ભેંસોના તબેલા કરે છે. હવે.

ગોધન તો રાતું-ધોળિયું ધન ગણાતું. ભેંસો કાળિયું ધન છે — હવે! શ્વેતક્રાંતિએ ભેંસોને ગ્રામપ્રજાના આર્થિક વિકાસમાં કેન્દ્રસ્થાને આણી દીધી છે... ને ગાયો કહેવાય છે તે તો ૨૦થી ૩૦ કિલો (લીટર) દૂધ

આપતી 'જરસી' (વિલાયતી) ગાયો! આ પશુઓ હવે કમાઉ દીકરા ગણાય છે. પશુઓ દયામાયાથી નથી પળાતાં. આજે તો એ વ્યવસાયનાં સાધનો કે વ્યવસાય જ છે — ગઈ કાલે હતો એનાથી જુદી રીતભાતનો આ વ્યવસાય છે!અહીં 'સેવાચાકરી'ની સામે દૂધ-મલાઈમાવા-ની રૂપિયા-આનામાં સીધી ગણતરી છે. ખેતરમાં ઢાળિયું ઘર કરો એટલે 'ફાર્મહાઉસ' તૈયાર. ને કોઢિયા જેવું લાંબું ઘાસછાયું છાપરું કરો એટલે તૈયાર ભેંસોનો તબેલો! આ ધંધો હવે ઠીક જામ્યો છે. લોકો સ્પષ્ટ કહે છે કે એક દીકરો ભણાવીએ ને બે લાખ ખર્ચતાંય નોકરી ના મળે — એનાથી એટલા રૂપિયામાં તબેલો ના કરીએ?! વાત સાચી છે, દરેક ગામનાં શાંતાકાકી અને ઝવરબા કહે છે કે — 'આ મારી ભેંસ તો 'એમ.એ., બી.એડ.' છે, ભૈ! હાસ્તો, એક માસ્તરથીય વધારે પગાર લાવે છે મારી ભૂરી ભેંસ! — આવી કમાઉ ભેંસોને હવે ધણમાં છોડવામાં આવતી નથી. એમને તો ગમાણમાં જ નીરણપાણી મળે છે ને ગમાણ રોજ ધોવાય છે — ભેંસોને રોજ નવરાવવામાં આવે છે — હવે એ તળાવો કે ખાબોચિયાનાં કાદવિયા પાણીમાં પડી રહેવા જતી નથી! દૂર ટેકરીઓમાં કે નદીકોતરે ચરવા લઈ જવાતી ભેંસો હવે આમ વાત નથી રહી. હશે કોઈની વસૂકેલી કે ઘરડી ભેંસ જે ચરામાં કે તળાવે અટવાતી હશે. બાકી, ગાયોને નહીં, હવે તો ભેંસોને વી.આઈ.પી. ટ્રીટમેન્ટ મળે છે. કોઈ વસવાયાનું ઢોર રખડતું મળે એ માફ.

આજે તો જે કમાણી કરી આપે તે વ્હાલું લાગે — પછી એ વહુ હોય કે ભેંસ! ગામડાંનાં લોકો પણ જીવતર પૂરતું અર્થશાસ્ત્ર સમજતાં થઈ ગયાં છે. ગામડે તો દૂધ દેતી ભેંસનાં ખાણદાણ પતે, પછી જ દીકરાને માટે થાળી પીરસાય છે કે પતિનું પાણી મુકાય છે. હવે 'ધણ' — નહીં 'ગણ'-નો જમાનો છે — 'ગણ' કહેતાં ગણતર-નો. જણતર ઘટ્યાં ને ભણતર જેટલાં જ ગણતર વધ્યાં છે.

એક જમાનો હતો કે ગામેગામ ધણ છૂટતાં; ગોવાળ એમને સીમ- વગડે ચરાવવા રોજેરોજ લઈ જતો. 'ધણ છૂટ્યાંની વેળા' — એટલે અમારાં ગામોમાં 'ઢોર અઢ્યાં'-ની વેળા! ઢોરોને 'આડવા' (આઢવા–રોકી રાખવા) લઈ જતાં પડતાં. રોજ પૂંજો ગોવાળ સવારે દશ વાગતાં ઉફરે ફળિયેથી બૂમ મારતો — 'ઢોર છોડજો... ઈ!' આંગણામાં ઘાસ-મેડીઓ નીચે કે ભીંત પાસેની ગમાણે બાંધેલાં પાડાં-ભેંસો છૂટતાં... ફળિયે ફળિયેથી ઢોર ધોરી નળિયે નીકળતાં ને પાદરે કે મંદિર થાનકે થઈને દૂર ચરવા ચાલી નીકળતાં. ગોવાળને ખભે ઝોળીમાં રોટલાશાક બાંધેલાં હોય. વારા પ્રમાણે ઘરદીઠ રોટલા અપાતા. જે ઘરેથી રોટલાનો વારો નીકળે એ ઘરની વહુ- દીકરીઓનો પોદળા વીણવાનો પણ વારો ગણાતો. રોટલાના બદલામાં ગાડું ભરાય એટલું છાણ મળતું! નહીં નહીં તોય સોએક ભેંસોનું ધણ થતું. ભેંસોમાં વેતર આવેલી હોય તો ગોવાળ સાંજે ઘરધણીને કહેતો જાય; ઘણુંખરું તો ભેંસની પાછળ સાંજે પાડો પણ ફળિયે આવીને ઊભો રહેતો. ક્યારેક આખી રાત ભેંસને બહાર પાડા પાસે બાંધી રાખવી પડતી. ધણ રોજ જુદી જુદી દિશાએ જાય ને છેક દા'ડો ડૂબ્યે પાછું વળે! વગડામાં ધણ-ગોવાળની કાયમી આવજા! લોકોનેય બધી વાતની સરત રહેતી.

પશુજગતની આ દુનિયાથી ગામ વધારે જીવતાંજાગતાં વર્તાતાં. ક્યારેક પાદરે-કૂવે ભેંસો લડતી ને લોકો લાકડીઓ લઈને વિખેરવા દોડતા. છોકરાં ઓટલે ચઢી જતાં ને સ્ત્રીઓ કૂવાની વંડીએ રહી રહીને ચીસો પાડતી. પણ પાસપાસેનાં બે ગામોનાં ધણ જો મળે ને એના પાડા લડે તો આકી સીમ હાકોટા અને પડકારોથી ગાજી ઊઠતી. પાડાઓનો ખાર તો જબરો. એટલે તો દ્વેષીલા-ડંખીલા મનેખ માટે 'પાડાખાર' રૂઢિપ્રયોગ વપરાય છે. લડતા પાડાઓને વેરવાનું કામ કપરું. મારકણો પાડો માણસોની પાછળ પડે તો ઝાડ ઉપર ચઢ્યે જ છૂટકો થતો. નદીએ પાણી પિવરાવવા સારુ અમે બળદ લઈને જતા. વારાફરતે જતા વળતા બળદો ક્યારેક નેળિયામાં સામસામે થઈ જતા ને રેલ્લાઓ કે ધોરીડાઓ લડી પડતા. અમે છીંડાં ખોળતાં, એક હાથે ચડ્ડી પકડીને દૂર ભાગતા. લડતા બળદોનાં ભટકાતાં શીંગડાંનો અવાજ કે છીંકોટા કંપાવી મૂકતાં... ક્યારેક બળદોને વાગતું — નુકસાન થતું. પણ આવી રોજની 'લડાઈઓ'થી રંગત આવતી. ક્યારેક કોતરમાં પડેલાં ભેંસ-બળદને કાઢવા કે કાદવમાં કળી ગયેલી ભેંસને બહાર લાવવા ગામ આખું ભેગું થઈ જતું! મોટાં

લાકડાંના કમઠાણ બંધાતાં ને હોંકારા સાથે ઢોરને ઊંચકી લેવાતાં. એ જ રીતે બળદને નાથ ઘાલવા ને રોગ વેળા ડામ દેવા, કંબોડ થતાં શીંગડું કાપવા જાણકાર આવતા ને ફળિયું ભરચક થતું! નવા રેલ્લાઓને 'જેહા' — કરીને પલોટવા વેળાએ પણ એનાં તોફાન અને તેંવર જોવા સૌ એકઠાં થઈ જતાં, જીવતરનો હિસ્સો હતું આ બધું!

ત્યારે ઘડિયાળો ક્યાં હતી? 'ઢોર અઢ્યાં'-ની ગોવાળની બૂમ સાંભળતાં જ અમે લેશન પડતું મૂકી રોટલા-કઢી ઝાપટીને દફ્તર ખભે નાખતાંકને નિશાળે જવા નીકળી જતા. ખેતરમાં ભાત લઈ જવાનો પણ એ જ વખત! સાંજે ધણ આવે એટલે રમવાનું છોડીને ઘેર આવી જવાનું. ક્યારેક ભેંસને બીજે ગામ દવરાવવા ભાઈ લઈ જાય તો આપણે પાછળ હાંકવા જવાનું. શિયાળે બળદ વેચવા નીકળનારા વેપારીઓ રેલ્લા-બળદોનું ધણ લઈ આવતા ને પાદરે પડાવ નાખતા. ઘઈડિયા હાથો ઉપર રૂમાલ ઢાંકીને બળદ મૂલવતા... ગાયો તો પંચમહાલના પાટીદારોએ પાળી જ નથી! સમ ખાવા કોઈ બ્રાહ્મણને ઘેર ગાય હોય તો તે કારજપાણી વેળા 'પાંચ પાણી'ની વિધિ માટે લવાતી. નાયકા-પગી બકરાં પાળતા, કૂતરાં-બિલાડાં તો ફળિયાં ને ઘર પ્રમાણે કાયમી વગ કરીને વસતાં જ હોય. સૌને રોટલોપાણી મળી રહેતાં... સહજીવનની એ દુનિયા જ ન્યારી હતી! ઢોરોને લઈને ભેળાડના અને બીજા ઝઘડા જામતા ને પાછા સંપ થઈ જતાં.

આજે વતન જાઉં છું; સીમ-વગડો જોઉં છું. ક્યાંય ધણ ચરતું દેખાતું નથી. બેચાર બકરાં વાડે-વાટે રવડે છે; બસ! ટ્રૅક્ટરો આવતાં હવે તો બળદનાં ચલણ પણ ઓછાં થવા લાગ્યાં છે. આંગણાં ઢોરથી ભરેલાં હતાં ત્યાં હવે સ્કૂટરો-મોટરો મુકાયાં છે — ને ઢોર તબેલામાં કે ખેતરની કોઢમાં ચાલ્યાં ગયાં છે. ચરા-ચરિયાણમાં વસ્તી વસી ગઈ છે. હવે ધણને ચરવાની જગા જ ક્યાં છે? ગોવાળ નથી રહ્યો ને નથી રહી એની મીઠી હલકો! ફળિયાં ઢોર વિનાનાં સૂનાં સૂનાં છે. ભેંસોને 'ઇંજેક્શનથી દવરાવવાનું વિજ્ઞાન' આવતાં 'પાડા' દેખવા જ મળતા નથી. ઘૂઘરમાળ રણકાવતાં બળદગાડાંને બદલે સંભળાય છે ટ્રૅક્ટરોનો ધુમાડિયો ઘોંઘાટ. નીલગાયો — રોઝ ને શિયાળવાંય ઓછાં થઈ ગયાં છે — વગડે. ફળિયું સાચવતાં આળસુ કૂતરાંય માંડ બેચાર મળે છે. હવે ધણ છૂટતાં નથી. ઢોર અઢ્યાં-ની વેળાઓ વીતી ગઈ છે, વીસમી સદીનાં છેલ્લાં વર્ષોએ બધું બદલી નાખ્યું છે — ગામડાનો ચહેરો પણ!!

[૧૦-૫-૧૯૯૯]

૨૯. પંખીલોક

છે, પંખીઓ હજી ગામ છોડીને – સીમ-ખેતરો છોડીને ગયાં નથી, જોકે એમનાં આશ્રયસ્થાનો ઓછાં થઈ જવાથી એમનાં ટોળાં નાનાં થયાં છે ને ઊડાઊડ કે અવરજવર પાંખી પડી છે ખરી. આ કબૂતરો જ જુઓને! નહીં તો ગામડાંમાં તો કબૂતરોનો પાર નહીં; એય હવે માંડ આઠદસના જૂથમાં જોવા મળે છે. ચબૂતરો તૂટવા સાથે એમનાં સહવાસ-સ્થળો બદલાયાં છે. પેલાં દેશી નળિયાંવાળાં બબ્બે પડાળિયાં—મોટાં ઘર હવે ક્યાં રહ્યાં છે? શિયાળામાં આ ઘર-પડાળે ને વચલા મોભારે કબૂતરોનાં જૂથ મીઠો તડકો માણતાં – રસાણે ચઢેલાં – દેખાતાં. એમના એ સહચાર સાંજસવારોમાં તોફાનમસ્તીવાળા રહેતા હતા. ઘરના કરામાં અને એનાં પડાળ – ભીંતોના વચગાળામાં રહેતાં કબૂતરો હવે જૂનાં ઘર તૂટતાં બેઘર બન્યાં છે જાણે! ‘ધાબાવાળાં’ પાકાં મકાનોમાં જાણે કબૂતરોને બેસવાની સગવડ નથી ત્યાં વસવાની તો વાત જ ક્યાં! ફળિયે જુવાર-બાજરીની ચણ નાખનારા દાદા; વૃદ્ધ વડીલો ગયા એટલે ફળિયાં પંખીઓથી હવે છલકાતાં નથી. અરે, એવાં ફળિયાં જ ક્યાં છે – જેની પડસાળોમાં પાણીની ઠીબો અને ચણનાં પાત્રો લટકતાં હોય! પડસાળો ગઈ ને ઠીબોય ગઈ. અરે; કૂવાય જૂના થયા ને પડ્યા કે પુરાયા – કબૂતરો ક્યાં જઈને વસે? ત્યારે તો કૂવાની ભીતરી બખોલોની ઠંડકમાં એ નમણાં-નાજુક પારેવાં ઘૂઘૂ કરીને પ્રેમમંત્ર ઘૂંટ્યા કરતાં હતાં. હવે તો પાણી માટે ‘બોર’, ‘હેન્ડ પંપ’ કે ‘સબમર્સિબલ પંપ’ આવી ગયાં છે. ચકલીને ન્હાવાય પાણી ખોળવું પડે છે ને સંકોચશીલ હોલો-હોલી તો સૂનમૂન બેસી રહે છે. જ્યાંત્યાં પાણી અને મનગનતી ચણ હતી તે હવે નથી રહ્યાં. ‘મારા વાડામાં બોલે બુલબુલ’ ગાનારા કવિ પણ હવે ક્યાં રહ્યા છે!

ગામ તૂટ્યું ને વૃક્ષો કપાયાં. સીમનાં વૃક્ષોને નહેરનાં પાણી લાગ્યાં તે એય સુકાયાં. ઝાડમાં ‘લાકડું’ જોનારા લોકો વધ્યા. ગામ ઉઘાડું પડી ગયું. લેલાંનાં ટોળાં તો ઘર-વાડાથી લઈને સીમ-વગડો માથે લઈને હજીય કલકલાટ કરી મૂકતાં ઊઠે છે. પણ ચકલી-હોલા ઘટી ગયાં છે. અરે, ચિકચિકાટ કરી મૂકતી પીળી ચાંચવાળી કથ્થાઈ-કાળી કાબરોય ઓછી દેખાય છે... ચોટલા કાબર પણ ઘટી છે. હા, કાગડા છે. પણ ચરાના વડ ઉપર એમની સભાઓ હવે ભરાતી નથી. એકસામટા ભેગા થયેલા કાગડા કદીક જ જોવા મળે... એવી સંખ્યામાં એ કાકા કરતા ટોળે વળતા. જ્યારે કોઈ ‘કાગડાનું શબ’ – જોતા. અમે કહેતા ‘કાગડા લોકાચારે’ મળ્યા છે. હવે એકસામટા કાગડાઓને લોકાચારે જતા જોવાનું સરળ સહજ કે હાથવગું નથી રહ્યું. ફળિયાની કોર ઉપર ઊભેલી બકમલીમડી ઉપર સાંજે ચકલીઓ ચીંચીંના કોહરામ સાથે ભેગી થતી; નદીકાંઠાનાં ખેતરોમાં ફરીને સૂડાઓ પાદરને લીમડે મુકામ કરતા. મહાદેવ પાસેની આંબલી ઉપર કાબરો રાત ગાળવા મળતી. જાણે પંખીઓએ ઝાડવાં વહેંચી લીધાં હતાં! એ વૃક્ષો કપાઈ જતાં પંખીઓ નોંધારા થઈને ઊડી ગયાં છે. ગામ પંખીઓના કલરવોથી સ્વાભાવિક લાગતું હતું. હવે વધુ સમય સૂનમૂન લાગે છે. સીમમાંથી સાંજે વાડાની કણજીઓ ઉપર ઊડી આવતા ને રાત ગાળતા મોર હવે ક્યાં જતા હશે? કણજીઓ તો લાકડાં થઈ ગઈ છે. ગામ ટહુકાઓ વિના પણ મજામાં રહેતું હશે? કેમ કરીને? રામ જાણે!

હા, ખેતરોમાં હજી ટીંટોડીઓ ‘વક્તીતી વક્તીતી’ રટતી જીવતરની આશા બંધાવે છે. પણ તળાવનાં પાણી સાથે કમળ તો ગયાં; સાથે પેલી જળકૂકડીઓય ખપી ખૂટી!

ઘર પાસેની ટેકરીઓનાં તેતર છેક વાડા સુધી આવી જતાં. ને જરાક અવાજ થતાં ફરુક કરતાં ઊડીને અમને છળાવી દેતાં. બંદૂકમાં તુવરના દાણા ભરીને બાપુ તેતરનો શિકાર કરતા – એમ દાદા વાતો કરતા.

હવે તો છેક ખેતરોમાં જાઉં છું ને ટેકરીઓ પાસેનાં વાડ-પાન ફંફોસું છું ત્યારે ભાળવા મળે છે એકાદબે ગભરુ તેતરો! ત્યારે તો સવારે સીમની વાટે 'લોટો ઢોળવા' નીકળતા અને વનલાવરીના અવાજો મનને ભરી દેતા. મરઘીથી જરાક નાની એવી વનલાવરી – એનાં પીંછાં પરનાં ટપકાંની ભાત – જોવાની તાલાવેલી રહેતી. વનલાવરી નવી પેઢીને તો કાગળમાં ચિત્ર દોરીને બતાવવી પડશે એમ લાગે છે. અરે, એકબીજા વિના ઝૂરી ઝૂરીને મરી જતાં – હમેશાં યુગલમાં જ રહેતાં – સારસ હવે વિરલ થતાં જાય છે. ત્યારે તો અમારાં ખેતરોમાં અમે કામ કરતાં હોઈએ અને થોડેક દૂર આ સારસબેલડીઓ ચરતાં હોય – ગમ્મત કરતાં હોય. કેટકેટલાં યુગલો હતાં – ઊડે કે આકાશ ભરાઈ જતું! એમની લાંબી ડોક આગળ અને એવા જ પાછળ ખેંચાતા લાંબા પગ... બે મોટી પાંખો – અમને તો એ ઊડતાં વિમાનો લાગતાં. એમના મધુર રણકાદાર અવાજો તો રાત્રિના પ્રહરેપ્રહરે મહીસાગરના કાંઠાથી સંભળાયા કરતા. હવે તો ચારે દિશાની સીમ ફરતાંય એકાદબે સારસબેલડી માંડ જોવા મળે છે. ક્યાં ગયાં એ મહાકાવ્ય યુગનાં ઋષિમુનિઓને પણ પ્રિય એવાં નિર્દોષ પ્રેમાળ પંખીઓ!

ખેતરોના ક્યારાઓમાં પાણી ફરે છે ત્યારે થોડાં ઢેંક અને બગલાં આવી બેસે છે. લણણી થયેલાં ખેતરોમાં દીવાળીઘોડાઓ પૂંછડી હલાવતા ઊડે છે. કાળિયોકોશી પણ ફળિયેથી ખેતર સુધી આંટાફેરો મારતો ઊડે છે. જાણે કશાકનું 'સુપરવિઝન' કરતો રહે છે એ. હજી પૂંછડીની સળી હલાવતા પતરંગા હવામાં સેલ્લારા લે છે. ને ઊડતાંવેંત પીંછાંના અંદરના રંગોની આભને – સીમને છાંટી દેતાં ચાસ વીજળીની તારલાઈનો ઉપર મૂંગા મૂંગા બેસી રહે છે. ક્યાંક કલકલિયો તારસ્વરે બોલે છે. શરદ ઊતરતાં કંસારા બોલે છે પણ દેખાતા નથી. ત્યારે તો ધૂળિયા નેળિયામાં હુદહુદ ચણતાં રહેતાં... હવે તો એનાં દર્શન પણ દુર્લભ થયાં છે. હા, સવારમાં દરજીડા અને બુલબુલ સંભળાય છે; પણ દૈયડના ઝીણા ટહુકા ભાગ્યે જ સંભળાય છે. ક્યાંકથી ઝીણુંતીણું ટહુકતાં શક્કરખોર ફૂલો શોધતાં આવે છે. ક્યારેક ઝાડડાળે ચંચળ નાચણ જોવા મળી જાય છે. દૂધિયા લટોરા અને રંગબેરંગી શોબિંગો તો આખી સીમ ફરતાંય નથી જોવા મળતા. થોડા કરકડિયા કુંભાર વાડ-ઝાડમાં લપાતા ફરે છે – કાચિંડાના શિકારનો એમને શોખ છે. કહે છે કે વિલાયતી ખાતરો અને વિલાયતી દવાઓ ખેતરોમાં વપરાવા માંડ્યાં ને જીવજંતુ ઘટવા માંડ્યાં ત્યારથી પંખીઓનું પર્યાવરણ પણ જોખમાયું છે. સાચી વાત છે, જમીનને વણખેડ્યે પોચી રાખતાં પેલાં જમીનખેડુ અળસિયાંય નથી બચ્યાં! ઝેરી દવાનો પટ તો અનાજનેય લાગ્યો છે ને હવાનેય! જામે રહ્યાંસહ્યાં પંખીઓ ઉદાસ આંખે જોતાં જોતાં આપણને 'ખમૈયા કરવાનું' કહે છે! પણ યંત્રો આગળ હવે કલરવો જાણે સંભળાતા નથી.

ગીધ-સમડી-ઘૂવડ-ચીબરી પણ કોતરોની કણજીઓ પાંખી પડતાં મૂંઝાવાં લાગ્યાં છે. હોલો-ચકલી-કાગડો માળા માટેની જગા શોધવા બાવરાં લાગે છે. થોડાં ઝાડ છે ને એમાં કાળે ઉનાળે મીઠું બોલતી કોયલ હજી સંભળાય છે – એના અવાજમાં વેદના પણ છે ને થોડી ચીમકી પણ! ક્યારેક જ જોવા મળતું લક્કડખોદ હજી મારી લીલીછમ છાતીમાં ચાંચ મારતું કળાય છે... હું મને પૂછું છું – 'ક્યાં છે મારો પંખીલોક?'

[૧૫-૫-૧૯૯૯]

૨૭. લક્કડિયા માતા

પાછલી રાતનો વહેલો જાગી જાઉં છું. જાગતાં જ વિચારો ઘેરી વળે છે.

પણ હમણાં હમણાંથી એક વિચિત્ર ભ્રાન્તિ થયા કરે છે. ગજબ છે એ. મને દૂર દૂરના મલકમાંથી કોઈ બોલાવતું હોય એમ લાગ્યા કરે છે. મારું ભીતર-મન એ અગોચર પણ પરિચિત લાગતા સાદને બરોબર ઝીલતું હોય છે. હું એ દૂરના સાદ અને મારા મનમાંથી ઊઠતા પ્રતિસાદને અનુભવતો બેઠો રહું છું. ઘણી વાર અવશ મન એ દિશામાં ચાલી નીકળવા ઝાવાં મારે છે. વીતી ગયેલી વસમી વેળાએ અને સંબંધોના વારાફેરા યાદ આવતાં હું સોરાઉં છું. દુન્યવી આચારોથી બચાવીને સાચવી રાખેલું મારું એકાંત આવી વિવશ પળોમાં એકલતા બની રહી જાય છે. મારી ગામસીમના મારગ માથે ત્રિભેટે ઊભેલી એકાકી રાયણ જેવો હું મારી ઉંદર ઊભો રહી જાઉં છું. ચરાનાં બાવળવૃક્ષો વચ્ચેનો સન્નાટો મારી ચારે તરફ વ્યાપી વળે છે. જિવાઈ ગયેલી જિંદગીનાં કેટલાંય રૂપો મારી અંદર સળવળે છે, બેઠાં થાય છે ને ક્રમશઃ ચાલ્યાં જાય છે. મારું બધું પેલે કાંઠે રહી ગયું છે ને વખતે મને હોડીમાં બેસાડીને બીજે કાંઠે ઉતારી મૂક્યો છે જાણે! ઝાયણીને દિવસે ગામ પાદરે ભેગું થતું ને ડાભનું જાડું તોરણ વણી બે ઝાડવાં ઉપર બાંધી ગાયો ભડકાવવામાં આવતી, નવા વર્ષના શુકન લેવાનો એ રિવાજ હતો. ડાભનું એ તોરણ ઘણી વાર તો બીજા વર્ષ સુધી સાબદું રહેતું. એની પડખે નવું તોરણ બંધાતું; પાંચ પૂતળીવાળું. ઊંડે ઊંડે મને દેખાયાં કરે છે કે હવે તોરણો જલદી તૂટી જાય છે. નવું તોરણ પણ ઊબળીને લટકી પડે છે. પેલાં બેઉ કાંઠીનાં ઝાડવાં તોરણથી જોડાતાં હતાં તેય હવે સૂનાં, એકલાં ઝૂર્યા કરતાં હોય એમ લાગે છે. હું એ તોરણોમાંથી છૂટો પડી ગયેલો ડાભ ન હોઉં જાણે... તોરણનું તૂટી જવું મને ગમગીન બનાવી દે છે.

ગામવચાળે રહેતાં બાળવિધવા બ્રાહ્મણી ભાણીફોઈને અમે વખત પૂછવા જતા. ગામમાં સમ ખાવા એમને ઘેર એકલું ભીંત-ઘડિયાળ હતું. એમાં ટકોરા પડતા અને અમને કૌતુક થતું — ‘અંદર કોણ હશે જે આમ ડંકા મારતું હશે?’ ભાણીફોઈ બહાર ઓટલે બેઠાં હોય, તે તડકો અને નેવાંનો છાંયડો જોઈને અમને સમય કહે : ‘અગિયારમાં “એક વ્હેંત છાંયો ખસવાની વાર છે.” પછી તો ઘણી વાર અમે એ કહે એમ હાથ કે લાકડાથી તડકો-છાંયો માપતા અને શાળામાં જઈને સાહેબને કહેતા “પાંચમાં એક હાથની” વાર છે.’ ત્યારે સમય વિશે કશી સભાનતા જ નહોતી ને એથી કેટલી મજા પડતી! આજે તો સમયનો પહેરેગીર બ્લૅક કમાન્ડોની જેમ ઘેરીને ઊભો છે. ઘણી વાર સાંજ પડે છે ત્યારે, પેલો ભાણીફોઈના આંગણાવાળા તડકો-છાંયો મને સાદ પાડતો સંભળાય છે. ભાણીફોઈ માટીમાંથી શીતળામાની મૂર્તિ જેવો આકાર ઘડીને મૂકતાં. ગામની બધી પટલાણીઓ ઢોરાં-છોરાં, ખેતરશેઢો ને ધણી-બળદમાંથી પરવારીને બપોરે કુલેરના લાડુ લઈને શીતળાસાતમ પૂજવા જાય. અમે બા-બેનની આંગળીએ વળગેલા હોઈએ. કંકુ-ચોખા ને નાડાછડી ચઢે, કુલેરના લાડુ માને ધરાવ્યા હોય. પછી બા કે બેન કહે — ‘ઉંદર થઈને કુલેર લઈ લે ભૈ...!’ પહેલાં તો સમજાતું નહીં, પણ પછી દેખાદેખી આવડી ગયેલું. ચાર પગે થઈને માતા તરફ સરીને આપણા ઘરની કુલેરની થાળી લઈ લેવાની. પછી કુલેર વહેંચવાની ને વધે એ ખાવાની. રાવજીએ આવા જ કોઈ અનુભવ પછી લખ્યું હશે કે — ‘માણસની જાત, ચપટી કુલેર મળી કે રાજીની રેડ.’ ત્યારે તો કુલેર ખાવાની મજા આવતી. પણ આજે એ સ્મરણેય વિવશ કરી મૂકે છે. શીતળામાય ચૂલામાંથી નીકળીને ચાલી ગયાં છે, વસ્તીથી દૂર ક્યાંક વનવગડામાં જઈ વસ્યાં હશે... વસ્તીવચાળે તો થોડાક લિસોટા રહી ગયા છે... ‘કુલેર ખાવાના’ અવસરો

તો આવે છે પણ અંદરનો ઉમળકોય કોઈ દૂરના વગડાની વાટે અબોલ કેડીએ કેડીએ કશેક ચાલ્યો ગયો છે. જોકે ક્યારેક તંદ્રામાં કોઈનો સાદ સંભળાય છે કે — 'ઉંદરડો બનીને કુલેર લઈ લે... લેવાય એ તો...!' પણ અંદરથી જ કોઈ ના પાડે છે...

'ભાદરવાનો વરસાદ ગાજે તો સાપનાં ઝેર ઓછાં થાય.' દાદા કહેતા. માણસોનાં ઝેર શી રીતે ઓછાં થતાં હશે? માવઠાથી? મને પ્રશ્ન થતો. ભાદરવો મને મકાઈનાં ખેતરોમાં લઈ જાય છે. ડોડાથી ખેતરો લચી પડ્યાં છે. રખવાળીના માળાઓ સૂડા-કાગડા ટોવા સાથે ગીત, દોહાની રમઝટ અને ડોડા શેકવાની ધમાલથી જીવતા-જાગતા છે. પેલો ડુંગર લીલછાયેલો, નીચેનું તળાવ પોયણેભર્યું ને પાસે ડાંગરક્યારીમાં મહેકતી કંટીઓ, માથે કાળાંધોળાં વાદળોની વણઝાર. આજેય વાદળો જોઉં છું ને થાય છે એ નક્કી એ મારી મહીસાગરને આરે પાણી ભરવા જ જતાં હશે.

ડોડા ખાવાના એ દિવસો હતા. મકાઈછોડને મૂછિયાં ફૂટે ત્યાંથી જ મન અધીરું. ઘણી વાર મકાઈ શણગાઈ હોય ને જીવ ડોડા સારુ ઝૂરતો હોય. અમે ડોડાનાં પેંહટાં ખોલીને દાણાની દૂધમલ હારો જોતા, નખ ચબાવીને દાણા ડુભ્ભર થયાની ખાતરી કરતા ને પછી વડીલો પાસે વધામણી ખાતા. 'ડોડા કાંઈ માતાજીને ધરાવ્યા વિના ખવાય?' મા રોકતી. રવિવારે મોટીબહેન ઘીનો દીવો કરવા અમને લઈને નીકળે. ખેતર જઈને એ સાત ડોડા છોડથી ઉતારી લે પછી લઈ જાય અમને માતાની માલગુણમાં. સીમ-વગડા વચ્ચેનું એ થાનક. ઊંચો ઊમરો, પડખે પીપળો. બાજુમાં બીલીનાં ઝાડ. ઢળતી ટેકરીના ઢાળે સાગડા, વચ્ચેથી આવે કેડી, પાસે એક કૂવો, પાળે આંબો ને પછી સીમ-ખેતરો. આંકલવાના ઝાડ નીચે માતાજીની બે મૂર્તિઓ. લાકડામાંથી ઘડેલી. લક્કડિયા માતા. તડકે-વરસાદે-ઘી-તેલના ડાઘાએ કે રંગે-ખબર નથી કેમ, પણ બેઉ માતાજી કાળાં! ધીરગંભીર ઊભેલાં. માથાં ચોટલા ગૂંથેલાં. કેડ્યે હાથ. આંખો ઢળેલી... ઘાઘરી નીચે દેખાતા પગમાં કડલાં.

આમ તો —

બાધા-આખડી માટે માતાના ઉપયોગ. પણ બાળગોઠિયા ઘણી વાર કહેતા કે માતાના થાનકે રાતે ભૂવા ધૂણવા આવે. ભૂતવંતરીને ઉતારે. એટલે માતાજીની બીક લાગતી. ગૌરીપૂજન વખતે ગામની બહેનો જોડે આવીએ કે ડોડા ધરાવવા ઊતરતે ચોમાસે. એ વગડાનું નામ જ માતાની માલગુણ. દિવસે ત્યાં ગોવાળિયા ઢોર ચારતા હોય... પણ અમે તો ત્યાંથી પસાર થવાનું થાય ત્યારે મુઠ્ઠીઓ વાળીને ધડકતી છાતીએ નીકળી જતા. માતાઓ ઉપર નજર પડતી તો એય ઢળતી સાંજે તો ડરામણાં જ ભળતાં. ઘર-ગામમાં ઢોર-માણસને ધમકાવવા દેવાતી ગાળ વારેવારે કાને પડતી — 'તને માતા ખાય' 'તને માતાએ ચઢાવે...' એટલે અમારો ડર વધી જતો. માતા તો વાયરો થઈનેય પાછળ આવે. એટલે વાટે જતાં ક્યારેક પાછળ કોઈના આવવાનો ભણકારો થતો ને છળી જતા. વાડમાંથી તેતર ઊડતાં ને હબકી જતા. પણ ડોડા મૂકવા જતાં મોટીબહેન સાથે હોય એટલે ભો નહીં.

બહેન માતાજીને પારે દીવો મૂકે ને બેઉ માતાનાં ચરણોમાં ડોડા મૂકીને માથું નમાવે — બોલે : 'ઓણગાર આલ્યું એવું પોરગાર આલજો માતા!' પછી અમને કહેતી : 'ઉંદરડો બનીને ડોડા લઈ લે...' અમો ડોડા લઈ લઈએ. બહેન ત્યાં જ લાકડાં-ટીટિયાં સળગાવીને ડોડા શેકી આપતી. બહેન કટકી ડોડો માતાના પારે મૂકીને પછી કટકી ડોડો ભૂતબાપજી માટે દૂર ફંગોળી દેતી. પછી અમે ડોડો ખાતા! દર વર્ષે ડોડા ખાવાની આમ શરૂઆત થતી. એ ડોડાનો સ્વાદ અહીં શહેરની સડકો પર મળતા ડોડામાં નથી. લારીમાં શેકાતા ડોડા જોઉં છું ને મને માતાની માલગુણ, સીમ તથા ખેતરમાળો ને શેઢાની તાપણીઓ સાંભરે છે. એ ડોડામાં નિજ ધરતીનો સ્વાદ હતો... માતાની, માટી—માની પ્રસાદી જેવા એ ડોડા! 'માણસાઈના દીવા'-ના બાબર દેવાએ જિંદગીનાં ત્રીસ વર્ષ પછી જેલમાં એ ડોડા જોયા ત્યારે એને ખાવાને બદલે એની પ્રદક્ષિણા ફર્યો હતો. એક અભણ બહારવટિયો પણ અંદરથી તો નર્યો માણસ હતો. હુંય અહીં મોસમના પહેલા ડોડાને જોઉં છું ને

મનોમન નમી પડું છું. માતાની માલગુણ મારામાં બેઠી થઈ જાય છે. બેનનો સાદ મને સંભળાય છે ને મને ડૂમો બાઝે છે. હું ડોડો ઝટ ખાઈ શકતો નથી. પોતાનાં ખેતરોથી વિખૂટા પડી જવાની સજા તો હુંય ભોગવી રહ્યો છું. આજે તો પેલાં લક્કડિયાં માતાને ઊધઈ ખાઈ ગઈ છે. એના ખવાયેલા લાકડાને ડોડા શેકનારાંઓએ તાપણીમાં બાળી મૂક્યાં છે… બધું બદલાઈ ગયું છે… એક મારું મન નથી બદલાયું… વહેલી પરોઢે સંભળાતો એ સાદ તે માતાના થાનકે તાપણીમાં શેકાતા ડોડાનો સાદ હશે? કે શીતળા માની કુલેર બોલાવતી હશે? ક્યારેક તંદ્રામાં જોઉં છું તો ભેખડો તૂટે છે, કોતરો મોટાં ને બિકાળવાં બનતાં જાય છે… ઘર પાસેની મહીસાગર જાણે કે પેલે પારથી મને બોલાવે છે… ને વચ્ચે ઊભા ડુંગર છે, કોતરો ને ભેખડો છે… ઊંડે ઊંડે થાય છે કે મારું વનરાવન તો પેલે કાંઠે રહી ગયું છે, આ કાંઠે હું એકાકી…

[૧૯૯૭]

૨૮. ભૂતના વારસદારો

તાણેં ગામમાં ઘીજળી આયેલી નઈ.

હાંજ પડતી. દાદા મને કહેતા : દલપત, બેટા, સગડી નં લાકડાં લાઈ રાખ્ય : કાળા પાડા જેવું અંધારું ઊતરી આવે એ પેલાં ઉં દાદાનો રૂપેરી હુક્કો પાણી ભરી તીયાર કરું. કાક્મમાં ખાંડેલી કોરીમોરી ગંધાતી તમાકુનો લાડવો, છોરાંને બેહવાનાં કોથરાં-ટાટિયાં, સગડીમાં મૂકવાનાં ટીટિયાં નં સળિયાં, ચારે પા — ચાર માંચા, ગોદડીઓ ઉં બધું ગોઠવું. પસે રાત્ય પડતી.

શિયાળાનો મુકામ આથી જુદો લાગતો.

ટેકરીઓની વચ્ચી વહેલું ગામ. પાંહે શાધરાં-કોતેડાંવાળી મહીમાતા વ્હે. રાત્યદંન એનાં ખળખળતાં પાંણી હંભળાય. વનરઈથી ભરેલાં કોતેડાંમાં શિયાળાં રહે. ઝાડવે ઝાડવે ઘૂવડ, ચીબરાં ને વણિયોર બિલાડાં.

ગામમાં નેળિયાં ખાસ્યાં ઊડાં. વાડવેલાથી રાત્યે એ ભૂંડાંભખ ભળાય. ઘરાંની લેણે વચ્ચી નવેળિયાં, હંતાવાની જગ્યો એમાં ઑય. આગળ ફળિયાં, ફળિયાંમાં ઢોરાં બાંધવાના માળા. હારબંધ ખૂટા રોપેલા. માળાઓ ઉપર સાંડ્યુંસૂથ્યું ઘાસ ભરેલું. પાછળ વાડા. વાડાઓમાં ઘાસફૂસના ઑગલા-ઑગલીઓ. પરાળના ઑગલા ધોળેદંન હોના જેવા પીળાપીળા તગતગે. દંન રૂપાળો લાગે. પણ બાપ! રાત્યનાં અંધારાં છવાતાં બધું કાળુંભખ. ઝાંડાં રાખસ જેવાં ભળાય, છોડવાંબાંટવાં ભૂતભરમ. ચંદરમા ઑય તોય કાંય ના કરી હકે. રાત્ય રોજ છોરાને છાતીએ આઈ વાગતી. લોક ટેવઈ જયેલું. હેતરે જાય-આવે. હૂવા જનારાય આથબત્તી ના રાખે. એમના પગોનેય આંખ્યો જાણે! ને પીઠ પૂંઠે ભાળે. રાત્યે મૉડે લજી ખળોમાં કાંમ ચાલે. છોરાં માને બદલે માના હાડલાની ગોદડીએ બાજી માંચે ઢબૂરઈ જાય.

તાણેં દાદા અમને વાચ્યો માંડતા.

પાંણીમાં પથરા જેવી શિયાળાની ટાઢીએમ રાત્ય ઑય, ઘરનાં ખઈપરવારી ઑલ્લાંઠાંમળાં કરી અડખે-પડખે બેહવા જતાં રહે. બ્હાર્યનો અંધાર આંધળો, ભેંત્ય થઈ જતો. દાદા ઘર વચ્ચીં સગડી ભડભડાવતા બેહતા. દેવતા ઘડી વાર ખઉ ખઉ કરતા બાબરાભૂત જેવો ભળાતો. આખી ચોપાડ રાતાપીળે અજવાળે થરથર કાંપતી ઑય એવી ભળાતી.

રૂપેરી ઉક્કો ગડગડાવતા દાદા. માથે ધોળા વાળ ધોળાંધબ દાઢીમૂછ. બગલાંની પાંખ જેવી પછેડી ઓઢી બેઠેલા દાદા, પેંપળાવાળાં જંત જેવા લાગતા. સગડીના લખલખતા દેવતામાં એમનો ચહેરો અંગારો જોઈ લ્યોં જાંણે! ઘરમાં ઘાસિયા માળા ગુફાઓ લાગે. માંય મેંશ જેવું અંધારું ઢાંસી ઢાંસી ભરેલું. મોટા ડુંગરા એવડા ઘરમાં આઘે ઊંડાં કોલા-કોડિયામાં અંધારાના ઢગલા જેવાં બળદ-ભેંસ બેઠેલાં ઑય, દંનભર કાધેલું નિરાંતે વાગોળતાં. એ જાનવરોની આંખ્યો તગતગે. બાચી આખ્ખા ઘરમાં મેંશનો મુકામ. કાળાં પાંણીમાં સગડીનો ટાપુ પાંણી પાણિયારાં, કપડાંની વાંહવળગણીઓ, માટીનાં કોઢી-કોઢારાં-ઘરમાં તોય બીજા મલકમાં ઑય એટલાં વેગળાં પડી જતાં. દાદાની વાત્યોમાં ઓગળી જતાં બધાં. ડિલે જૂનાં ડગલાં, બેસણે કૉથળાં

કઈડે એવાં. ઘણાં તો ગોદડીમાં મોઢું ઘાલીને હાંભળે. હોલા જેવું કાળજું માંય ધબધબ ફફડ્યા કરતું.

શિયાળાં હુ… આ હુ… આ હુ… આ બોલતાં-રોતાં ઘરના કરા સુધી આવી લાગેલાં હંભળાતાં. કૂતરાં વ…હુ વ…ઉ વ…હુ ભસી ટાઢાં પડી જતાં. દાદા વાત્ય માંડતા. રાંમાયણ, માભારત દાદાને ફાવે નંઈ, એમાંથી થોડાક ટુકડા કહે, રાજા-રજવાડાં હાથે ચોરડાકુની વાત્યો કરે. બધું હાવ ખાલીખમ થઈ જાય, વગડાની વાંઝણી વાવ જેવું. પસે દાદા ભૂતાંની વાત્યોનો ભંડાર ખોલતાં. આથમાં ઉક્કો એમ જ ઝલઈ જાય. દાદો જંત-ભૂત-વંતરી હાર્યે વગડે સેમાડે, નદીવાવે, કૂવેપાદરે, તળાવકોતેડે, મંદિરમાદેવે ફરતા ઑય ને અમે હઉ એમની આર્યે ધક ધક ધક…

ભૂત ઘડીકમાં માંણહ થાય, ઘડીમાં કૂતરું, પાડો-ગધેડું થાય. ના ઑય તોય બોલતું હંભળાય. અમે અચંબે અટવાઈ રઈએ. દાદા ભૂત વંતરી, ચૂડેલ, શિકોતરનાં લખ્ખણ ગણાવે. એનાં ભાત્યભાત્યનાં ચેનાં બતાડે. વંતરી પૂંઠે પોલી ઢંઢ ઑય. જોઈ જઈએ તો ચીહ પડાઈ જાય, ભૂત દેવતા પેઠે હળગી ઊઠે, ઓળો થઈ જાય, પસે અલોપ. જે ફફડી જાય, હબક ખાઈ જાય એને તાવ ચઢે. ચ્યાંક ચ્યાંક તો માંણહો મરી જ્યાના ડાખલા સે. અમે મૂઢ જેવાં મોઢાં વકાસીને તાકી રઈએ દાદાને. દાદા કહે : બીએ નંઈ અ◌ેને ભૂતાં કાંય નો કરી હકે! : પણ હાચું કઉં તો પેંપળાવાળાં જંતની વાત્યાં કરતાં દાદા જાતે જાણે જંત ઑય એમ અમે એમને હકબક ભાળ્યા કરતાં. બધાં ભૂતાંમાં જંત બાપડો વધારે ડાયો ઑય એમ લાગતું. એ ભોળિયો તે મોટો ભોગ માગે નઈ, પણ આ જંતે ગાંડો કરેલા વાંણિયાના છોરાની દાદે વાત્ય કયેલી તે દંન અમારીય ડાગળી ખહવામાં અતી. દેવ જેવો ડીચરો. હુકઈને લાકડું થઈ જ્યો. કોઈ પીરે એને હાજો કરેલો. એ હાંભળ્યા કેડ્યે અમારો જીવમાં જીવ આયેલો. હાશ.

પાદરને કૂવે રેહતી વંતરી, નવી વઉવારુનો વેશ લેતી. મધરાતે કે કવખતે નેકળેલાં વટેમારગુઓને દેખો દેતી. હેતરેથી વળતા ખેડુને અહતી હંભળાતી. કોઈને બેડું ચડાવવા મશે કૂવે બોલાઈ નેં પસે અલોપ થઈ જતી. જનારું અવાચક થઈ જાય. પાંહેના વડલાની ડાળોમાં ખખડાટ હંભળાય ને છેલ્લે આગનો મોટો ભડકો કાં ખડખડ અહવાનો ખણહારો. માંણહ ડરનું માર્યું ચીહ પાડી ઊઠે. ભલભલાના પોત્યાં પલળી જતાં. દાદા કે'તા કે ગાંમમાં કોઈ રજપૂતે વિધવા વહુની લાજ લીધેલી, પછી એ બાઈ બેજીવી થતાંમાં તો મારીને કૂવે નાંશેલી. એ રજપૂતાણી વંતરી થયેલી. રાંમજાણે! માયામાં, મરતી વેળા જીવ અટવાઈ જાય કે પસે કમોતે મરે એ બધાં ભૂતડાં થતાં. અવગત્યે જતાં એમ દાદા અમને હમજાવતા.

ગામ-પાદરના લેંબડા નેંચે દાદાએ યુવાનીમાં રાત્યે રમતી જોગણીઓ જોયેલી તળાવની પાળે રે'તો રગત્યો વીર, ઢાળે શેમળાના પોલા થડમાં વસતો બાબરોભૂત, ગાંમ વચ્ચી આંબલી પર રે'તી વગડાની અવડ વાવે પગથ્યે બેહી રહેતી વંતરી-વાદણ, વાંઘમાં રવડતો ધોળિયો પીર, ડુંગરાની તળેટીથી ઠેઠ ગામ હુધી ભટકતો ખોડિયો ભૂત — દાદાને આ બધાંનો વખતે-કવખતે ભેટો થઈ જ્યેલો. અમે એ હાંભળીએ ને ડિલે રૂંવાડાં ભાલોડાં જેવાં બેઠાં થઈ જતાં. દેઈમાં કંપારી વછૂટતી. ટાઢના હરોળિયા વળતા. છાતીમાં લોલક ઘડિયાળ હંભળાવા માંડતું, માથામાં વીજળીના ઝાટક્યા થતા. જીવ લે લબૂક થતો, ને અંધારું જાણે લપકારા મારતું.

મોટો થયા પછી કાલ લગણ મેય મારી હહ્હી આંખ્યે આ બધું ભાળ્યું સે. છોરાં કે મોટાં માંદાં થાય એટલે દોરાધાગા, માંલ્લાં — કડાકૂટ મંડાય. ભેંસ વેતર નાં આવે, તરોઈ જાય, દૂધ ના દે કે વાગોલે નઈ તોય દોરો ધૂપ કરતાં ઑય. ભૂવો દાંણા જુવે. દાણાનાં જોડકાં બંધાય ને વ્હેમ-કારણ સે એ પાકું થતું. ભૂવો ઉતાયણું કાઢે, રૂપિયા લે. મા ભેંસને ભેંસને શેંગડે ને પગે કાયમ દોરા-ધાગા બંધાવી રાખતી. માગવા આવતી ચાંમઠીઓ, વાદણોને વીજપડીઓ છોરાં કે ઢેરાંને ભરખી જતી. ડાકણી બાયડીઓ કાળી ચૌદશની રાત્યે નદીએ જતી, નાગડી થઈને મગર બોલાવતી, મંતરથી મગર આવે પસે એની પૂંઠે બેહીને ભરનદીએ મંતર સાધવા જાય. ભૂવા પણ અહોરાત્ય મહાંણોમાં સાધતા જાય ને ધૂણતા જાય. એક રાત્યે અમે દોસદારો હંપ

કરીને હાંભળવા જ્યેલા, બીજે દંન કાંન્યાને તાવ આયેલો, પણ દોરો મંતરીને બચાવી લીધેલો.

મૉયણી નાખનારા ભૂવા હતા, મૂઠ મારનારી રાંડો હતી, ખાધેલું પેટમાં શીલી લઈ પથરો કરી દેનારી પાવરધી બાઈઓ હતી; ઊડતાં ચકલાં પાડનારી, લીલાંરાંહ ઝાડવાં હૂકવી મેલનારી ડાકણીઓ હતી. કેરી ભરેલો આંબો રાત્યોરાત્ય હુકાઈ જ્યેલો ને કેરીઓ ટપોટપ ખરવા માંડેલી તો મેંય ભાળેલી. બાપા એ કેરીઓ ઘરમાંથી કોતડે નાંશી આયેલા. લાંબા વરહો વીત્યાં નંઈ. નાંનપણના એ દંન અજી અસલ એવા નેં એવા સે.

રાત્ય પડતી ને વાત્યો થતી. ફલાંણાની રાંડે ફલાંણાને ભૂતાં મેલ્યાં સે. જઈ કાલ્ય રાત્યે ફલાંણાએ અડધી નદીમાં દીવા તરતા દીઠા'તા ઝાંડાં વળગતાં માંણહ પાસું થતું. આ તરાહથી બચાવ લોક ટૂચકાં કરતું નાયકા તો ઑય, પણ હુથાર ને લુવાર પણ ભૂવા થતાં બધા હાજરાહજૂર રે'તા. દવા કે ડાગતર કરતાં ભૂવા પહેલાં ઘરે આવતા. પાંણી મંતરાતું. ખાંડ/ગૉળ મંતરાતાં. ઊજણી નંખાતી મરચાંનો ધૂપ કરાતો. નજરો બંધાતી, બાધાઆખડીઓ થતી. ભૂત કૂકડાનો ભોગ માગતો. શિકોતર નાળિયેર લેતી, વંતરી સોળ શણગાર માંગતી ને શીરો ખાવા જીદ કરતી, રોજ વાઢ ગવાતા. સગડીના અંગારોમાં સાંકળો તપતી. પસે હાકોટા-સાકોટા આર્ય રાત્ય આખ્ખી માંલાં કુટાતાં. મળહકે કાંય બન્યું ના ઑય એમ ગાંમ ખેતીના કાંમે વળી જતું.

ગાંમના ઘાંયજાને બે બાયડીઓ હતી. નવી-જૂનીને બને નંઈ. આર્યે મલીને ઘાંયજે જૂનીને મારી કૂવે નાંશેલી એ હવારણ બઈ વંતરી થે'લી એક વખત ઊં હેતરેથી આઉં, અંધારાં વેરાઈ જ્યેલાં. ગાંમમાં દીવાય રાત્ય થઈ હેંડેલા. પાદરને કૂવે આવતાં પેલી મરેલી હવારણનું મડદું વરહો પે'લાં જોયેલું એ યાદ આયું, ડિલે ટાઢ ચડી. ત્યાં જ કોઈ બઈ માંણહનો બોલાશ હંભળાયો : દલપતભાઈ, ઉં તમારી આર્યે આઉં? : બોલાશ ઘણો મેઠો હતો. મારાં તો મોત્યાં મરી જ જ્યેલાં.

મને વાઢ્યો ઑય તો લોહીનું ટેપું પણ ના નેંકળે એવો થઈ જ્યેલો, ઉં મુઠ્ઠીઓ વાળીને આગળ વધ્યો. ફરી બોલાશ આયો : ચ્યમ, બોલ્યા નંઈ દલપતભાઈ? ઉં આઉં... પસે તો ખખડાટ અને આગનો ઓળો ખબર્ય નંઈ ઉં ચ્યમ કરતો ઘેર પહોંચ્યો હઈશ. પશાકાકા લુવારે દોયડો કર્યો તાણેં બે દંને તાવ ખઠેલો.

ડુંગરે ને માદેવે મધરાતે દીવા ફરતા જોયા સે. તળાવની પાળે જોયેલો. લોક કહેતું કે પઇણવા નેંકળેલો ઠાકોરનો ડીચરો વાટ્યમાં જ મરી જ્યો. એ અજીય ઘોડે બેહીને નેંકળે સે. ગાંમમાં આવે સે. એના ઘોડાના ડાબલા તો મેં હઉ હાંભળેલા ભાગતી રાત્યે હેતરે હૂવા જનારા તો લાંબી વાત્યો માંડતા. ભૂત આર્યે ગોઠિયાપણાં બાંધનારાય હતા. દા'ડાઓ લજી દાદાની વાત્યોએ અમને થથડાવેલાં. દાદા તો માંણહોની વાત્યો ઑય એમ ભૂતડાંની વાત્યો કરતા. અંધારું તાણથી મને કાળ જેવું લાગવા માંડેલું. આજે તો એ કોઠે પડી જ્યું સે. પણ દાદાએ કરેલી એક છેલ્લી વાત્ય અજી લજી ભુલાઈ નઈ. મારા ગાંમમાં 'ભૂતિયોનાં ઘરાં નામનું ફળિયું સે. દાદાએ મને કયેલું કે એ ઘરાં 'ભૂતિયોનાં ઘરાં' ક્યમ કેવાયાં એ ખબર્ય સે તને?' દાદાએ આખી વાત્ય આમ ક્યેલી :

'વરહો પેલ્લાંની વાત્ય. એ ધરાંનો મોરવી નારણ ચાળી વરહની ભરજીવાંનીમાં ઓચમતો મરી જ્યો. હાંજ પડવા આયેલી. બધાંએ ઠરાયું અતારે મડદું કાઢવું ને બાળી આવવું. જુવાંનજોધ મૈણું, રાંત્યભર ઘરનાં કકળાટ કરે એ હારો નંઈ. દંન બૂડ્યો અશે ને અમે મડદું લઈ નેંકળેલા. મારી ઉંમર તાણે આખી વીહ વરહનીય નંઈ. નદીકાંઠે ઉગમણે ઘઉં હેંડીએ પસે સમશાંન આવે. વાટ્યમાં પેંપળાના ઝાડે થાક ખાવા ઊભા રયા. કેટલાક લાકડાં લઈ પાસળ આવતા'તા ઉતાવળમાં, મડદા આર્યે કવાડી કે કટારી એવું હથ્યાર બાંધવાનું વિહરી જેલા. પોંરો ખઈને જેવા આગળ વધતા'તા. તાં તો હાળો નાયણો બોયલો : મારું મુઢું ચ્યમ ઢાચ્યું સે? સવાસ નંઈ લેવાતો. ઉઘાડો. ડાઘુ તો અચરત પાંમી જ્યાં. કવતક થ્યું. મોટાંને ફડક પેઠી... નક્કી અથ્યાર વના નેંહર્યા ને કવખતે પેંપળે અડચ્યા એટલી જંત પેહી જ્યો લાગે સે. પણ અવે થાય હું? મૂંગા રૃયા.

ઝટઝટ નનાંમી ઉકેલી નાંશી. નાયણો તો મડદું મટી બેઠો થ્યો : ઉં તો જીબ્બાનો. કેતો નાયણો ઘરની વાટી હેંડ્યો. આખુંય ગાંમ હેબતઈ જેલું. પણ બોલે કુણ? દઈનો ભા! બાઈડી રતનીએ હેવાતણ ફોડી નાંશેલું. પસી તો ફરી પ્હેર્યું. જીવતર આનંદમાં મંડાયું. ગાંમે ગાંમે વાત્યો થઈ, લોક જોવા આવ્યું ને ભૂલી જયું.

નાયણો આંમ ભોળો, ભલો. કાંમથી કાંમ. નબળી વાત્યોથી નવગજ આઘો. દાડા હેંડ્યા. વસ્તાર નોતો એણે ઠેકાંણે નાયણાની વહુએ છ વરહમાં તઈણ તઈણ ડીચરા જણ્યા. લીલી વાડી થઈ. માંદો રેતા નાયણાના નખમાંય રોગ ના ભળાયો. રાત્યદંન ટાઢતાપ વરહાદ જોયા વના નાયણે કાંમ ફૂટ્યે રાસ્યું. નાયણો મદડેથી જીવેલો એ હઉ ભૂલી જ્યું. નાયણો નાત્યમાં પંકાયો.

તઈણે ડીચરાઓ હારું તઈણ ઘરાં બાંધ્યાં. હૌને પઈણાયા-પૂંખાયા. નાયણાની કાયા ઘયડી ભળાવા માંડી.

એક વખત ઉનાળું દંન તપે. નાયણો ડોહો ઘરનાં નળિયાં ચાળતો. ફળિયે ફકીર માગતો ઊભો. બૂમ પાડી. ઘરમાંથી કોઈ બોલ્યું નંઈ, ઘર માથેથી નાયણો ડોહો બોલ્યો : ચલે જાઓ બાપજી... તમારે જેસે તો ઘણે આવતે હય. કોઈ નવરા નઈ હય દેવા હાટું.

ફકીર ચોંક્યો. એની નજર પડી નાયણા ડોહા પર. એ બરાડી ઊઠ્યો :

અરે! પાજી તુમ ઈધર? તુમ ઇન્સાન નહીં હો! તુમારી આવાજ... લોકો એકઠાં થઈ જેલાં. ફકીરે ચપટી રાખોડી ફેંકી : તુમ અબ ઇધર નહીં રહ સકતે : બસ. નાયણા ડોહો ખખડતો ગબડતા નેંચે આવી મડદું થઈ પડ્યો. પાદરે પોંચેલા ફકીર પાસળ આદમી દોડ્યા. ફકીરે કયેલું કે એ આદમી નઈ એના ખોળિયામાં જંત અતો. નાયણો ડોહો તો બાળી કુટાયો, પણ એના ઘરાં 'ભૂતિયાં ઘરાં' તરીકે નાત્યમાં ગવાઈ જ્યાં. આજેય એ નાંમે ઓળખાંય સે. ભૂંતાંવંતરાં ઑય કે ના ઑય, દલપત! આ તો મેં મારી હગ્ગી આંખ્યે જોયેલી વાત્ય સે.

આજે તો દાદા નથી. નાયણા ડોહાને હૌ ભૂલી જ્યા અશે. નદીનાં કેતેડાં પુરઈ જવા આયાં. વનરાઈ કપઈ જઈ. ઘૂવડ ઊડી જ્યાં. શિયાળાં ખપી ખૂટ્યાં. ગાંમમાં વીજળી દીવા આયા, સડકની કાળી લીટી પડી ગઈ સે. પણ અજી ગાંમમાં ભૂવા સે, હાવ આથમી જ્યા નથી. દોરાધાગા થાંય સે. ઉં પેલા નાયણા ડોહાના તઇણે ડીચરાઓના ડીચરાઓના નવી રીત્યભાત્યનાં લૂગડાંમાં ફરતા જોઉં સું, રેડિયા વગાડતા હાંભળું સું. મારા મનમાં નાયણો ડોહો, જંત અને દાદા આરબંધ ઊભા રઈ જાંય સે.

[૧૯૮૭ : મોટાપાલ્લા]

૨૯. ઘર માથે મોત

ઘરના વચલા (એટલે સૌથી ઊંચા) મોભને માથે મોત આવીને બેઠું છે. દિવસો થયા, મહિનાઓ વિના પણ મોત ખસવાનું નામ નથી લેતું. ઘુવડ હોય તો ઉરાડી મૂકીએ પણ આ તો મોત! બંદૂકના ભડાકા કરો તોય એ તો નિશ્ચલ બેઠું છે. એનો કાળો કાળો પડછાયો આખા ઘર પર, ફળિયા પર ને પછી ગામ પર વ્યાપી વળેલો દેખાય છે. લોકો તો સૌ સૌના કામમાં અને લગ્નસરા હોવાથી લગ્નગીતોના ઉમંગમાં એ કાળા પડછાયાને જોવા નવરા જ નથી, પણ જેના ઘર પર એ મોભ માથે બેઠું એ ઘર-પરિવારની સ્થિતિ જોઈ ન જાય, કહી કે સહી ન જાય એવી આકરી, કઠોર...! વિધિ આટલી ક્રૂર હોય છે?

ના, આ વાર્તા નથી.

આ તો જીવતરની વાત છે જીવતરની!

શરીરની ધોરી નસ કપાય અને એમાંથી ફળફળતું લોહી ઊછળે-કૂદે-ફુવારાની ધારે છૂટે — એવા નકરા જીવતરની આ વાત છે. મરદ માણસને ધ્રુજાવી મૂકે એવી આખરી આ કથા છે. હું આ કથાનો કથકમાત્ર નથી. હું કથક તો છું. પણ જોડે જોડે મેં આ ઘટના લોહીસોંસરવી જીરવી છે. કઠોર કાળજે હું એ મોતછાયા ઘરમાં રહીને હમણાં જ પાછો ફર્યો છું ને તેથી મને ચેન નથી, એ મોતનો ડોળો પીળો-કાળો મારી ચોમેર મંડરાય છે ને એ મરણઘેર્યા ઘરમાંથી હજી હું છૂટ્યો નથી. મરણનો ઘેરો એમ તોડ્યો તોડાય એવો નથી.

વાત છે મારાં ફોઈના ઘરની. હમણાં લગ્નસરામાં વતન જઈ આવ્યો. લુણાવાડા પાસે મોટાપાલ્લા ગામ. બાજુમાં મધવાસ ગામ. બંને મહીસાગરના કાંઠે. ફોઈનું ગામઘર મધવાસ. ફોઈના ઘરમાં રહીને હું હાઈસ્કૂલનું ભણતર ભણેલો. ત્યારે એ ઘરની સમૃદ્ધિ હતી. ઘી-દૂધની ધારાઓ હું મારા બાવછોયા બાળપણના બધા અભાવો ભૂલી ગયેલો. ફોઈના હેતનો જગમાં જોટો ન જડે. દલાફૂવા પણ ઉદાર જીવ. હુક્કાબીડીના બંધાણી. છેવટે ટી.બી.એ ઝાલ્યા ને યુવાન વયે ગયા. મોટા દીકરા ભૂલાભાઈ. નાના દીકરાઓ-ભાઈઓ ભણીગણીને નોકરીએ ચડ્યા. જુદા થયા. ભૂલાભાઈ ઘરના વ્યવહારો-ખેતી સાચવતા રહ્યા. એય હુક્કાબીડીના પાકા બંધાણી. એકવડું શ્યામ શરીર. બાપનો ટી.બી. એમનામાં પ્રવેશ્યો. દવાઓ છતાં વ્યસનને લીધે દલાફૂવાનો રોગ એમને થઈ ગયો. સૌ જોતાં રહ્યાં. ઘરની સ્થિતિ બદલાઈ. સ્વભાવે સજ્જન ફોઈની અભાવો વચ્ચે આકરી તાવણી ચાલતી હતી. નિયતિ હજી નમતું જોખતી નથી. ફોઈના જીવતરમાં આગ ઓરાણી. ભૂલાભાઈએ બારમાસથી ખાટલો ઝાલ્યો છે. મંદવાડ મોટો. ટી.બી. ગામડામાં રાજરોગ ગણાય... ક્ષયરોગ... 'ખઈ' રોગ તે સૌને ખાઈને જ જાય! આજે જો અનેક દવાઓ શોધાઈ છે છતાં ભૂલાભાઈનો ક્ષય કેમ મટતો નથી? એનાં કારણો તમને માન્યામાં ન આવે એવાં છે!

ભૂલાભાઈ માનતા નથી કે એમને ટી.બી. છે. એમણે આ વખતે પણ મને ખાટલે બેસાડીને હાંફતાં-ખાંસતાં કહ્યું એ તાજ્જુબ કરી દે અને ત્રાસથી થકવી દે એવું છે... એ કહે છે — 'મને ખઈ રોગબોગ નથી. આ તો "કારણનું" છે.' — અર્થાત્ 'ડાકણે મને વંતરાંભૂતડાં મેલ્યાં છે એ ઘણું શરીર ખાઈ ગયાં છે. ભૂવાને બોલાવો,

દોરાધાગા કરાવો, માંલ્લાં મંડાવો, પીરની દરગાહે લઈ જાવ. મને ફલાણા ગામની ફલાણી ડાકણે ભૂતાં-વંતરાં મેલ્યાં છે, પણ હું એને નહીં છોડું... આ થાળી ભરીને ભાત ને બે રોટલા ખવાતા એ કાંઈ હું ખાતો'તો? ના, એ તો મારી અંદરનાં ભૂતાં-વંતરાં ખાતાં'તાં... તમે ભણેલા ના માનો તો કાંઈ નંઈ... પણ મને ડાકણ ખાઈ જવા બેઠી છે...'

બસ, આ રટણ ચાલે છે... એમનું મન મનાવવા ભૂવા આવે છે — દોરાધાગા થાય છે. પણ ભૂલાભાઈ દવા ગળતા નથી. ગોળી લેતા નથી! ત્રણેક વર્ષ પહેલાં આણંદ લાવેલો, અહીંની ક્ષય ઇસ્પિતાલમાં બધી તપાસના અંતે ડૉક્ટરે કહેલું કે ટી.બી. છે, બીજા સ્ટેજમાં અઢાર માસ દવા-ઇન્જેક્શન લેવાનાં, ખોરાક લેવાનો. બીડી બંધ. દર બે માસે હું દવા મોકલું પણ પછી જાણ્યું કે એ તો દવા ખાતા જ નથી! બીડીહુક્કો ચાલુ છે ને ભાત-રોટલા-કઢી-ઘી સિવાય શાક, દૂધ તો ખાતા પણ નથી. જન્મારાથી શાક ખાયતો માત્ર બટાટાનું! જે માણસ કેરીનો રસ પણ ન ખાય એ માણસના સ્વાદતંત્રનું શું કહેવું? શરીર કથળતું ચાલ્યું... ઘરનાં તથા સગાં ધમકાવે ત્યારે ઇન્જેક્શન લે... પણ ખોરાક ન લે. વળી હુક્કોબીડી ન છોડે... છેવટે ક્ષયરોગ પ્રસરી ચૂક્યો. એ ખાટલાવશ થયા છે. ચીડ કરે છે, ડાકણને ગોખ્યા કરે છે. ઘરનાં ખૂબ સેવા કરે છે. પણ હવે હાડપિંજર છે — ધમણ ચાલે છે બસ. સગાં આવે છે — તબિયત જોઈને ચાલ્યાં જાય છે. એકમાત્ર દીકરાને સવા લાખ ડોનેશન આપીને દૂધિયા ગામની શાળામાં શિક્ષકની નોકરી અપાવી છે. પત્ની સાથે એ ત્યાં રહે છે. બહેનો-દીકરીઓ સાસરે છે. બધાં આવી આવીને ચાલ્યાં જાય... ઘરમાં મોત આવીને બેઠું છે — બધાં એ મોતને જાણી ગયાં છે. એથી બધાં દૂર ભાગે છે. પણ ફોઈ ક્યાં જવાની હતી?

ભૂલાભાઈનાં પત્ની, મારાં ભાભી — ભૂરીભાભી અને ફોઈ! મોટા ઘરમાં એકલાં એકલાં રાતદિવસ સોરાય છે. ઘર વચોવચ મોટા અને અને મોભી દીકરાના મંદવાડનો ખાટલો છે. સાંજનાં અંધારાં ઊતરે છે ને હું ઘરમાં પ્રવેશું છું. ફોઈ અને ભાભીના રંગે ઊજળા ચહેરાઓ પર નૂર નથી રહ્યાં. વિધવા ફોઈના ચહેરાની કરચલીઓમાં જીવન છે — એમાં નિરાશા છે. એકલતા છે, આંખોમાં અસહાયતા ને છાતીમાં પીડા; ગળે ડૂમો બાઝેલો છે. બેઉ એકબીજાને મનાવતાં ને મોતને નજીક ને નજીક આવતું જોઈ રહ્યાં છે. મને જોતાં એમની આંખો છલકાય છે; ભાભીનાં ડૂસકાં સમાતાં નથી, ફોઈની આંખોમાં આટલાં પાણી મેં કદી નથી ભાળ્યાં! વિધવા ફોઈ, પચાસે નથી પહોંચી એવી દીકરા-વહુના આવનારા વૈધવ્યને ખાળી શકતાં નથી, ટાળી શકતાં નથી — એની પીડા એમના સ્પર્શમાંથી હું વાંચું છું. ફોઈનો હાથ મારા હાથમાં છે. નિરાધાર હાથ! ને એથી વધારે હું નિરાધારતાનો અનુભવ કરું છું.

હવે માસોનો સવાલ નથી. દિવસોનો સવાલ છે! બેઉ જાણે છે કે ઘરના મોભે મોતનો મુકામ છે, એ કોઈ પણ પળે નીચે ઊતરશે ને દીવાની જ્યોતે બુઝાવીને ઊડી જશે — મોતનું ગીધડું! ભાભી પગના અંગૂઠાથી પથ્થરને ખોતરતાં બેઠાં છે. હું કયા શબ્દોમાં ખબર પૂછું ને કઈ હિંમતથી આશ્વાસન આપું? પૈસાની મદદ કરી શકાઈ, પણ એથી શું વળ્યું? પૈસાની સરહદો પૂરી થઈ. જીવતરની હદમાં મરણનો મુકાદમ આવીને બેઠો છે. બેઉ બાઈઓ ચીમનીના અજવાળે અંધારી રાતે ચોપાડ વચ્ચે કપડાંથી ઘરના મોભીને પવન નાખતાં બેઠાં છે. નથી ખાવાનું મન... નથી ચૂલો સળગ્યો...

ગામમાં લગ્નસરા છે. મારા સાઢુના દીકરાનું લગ્ન છે. ભાવતાં ભોજન લોકો ખાય છે. હું ત્યાંથી ભૂખ્યો જ કોઈના ઘરે દોડી આવ્યો છું. મરણનો ઘેરો મનેય અનુભવાય છે. કણકણમાં કણસાટ છે. હું ભાભીને કહું છું — 'ભાભી! ખીચડી-કઢી બનાવો, આપણે સાથે જમીએ...' એ રસોડે જાય છે. મારી નજર ઘરના કોઠિયામાં પડે છે. બંને બળદ નથી; વેચી દીધા છે! ઓહ! કણબી-પાટીદારની કોઢ બળદો વગરની થાય એનો અર્થ હું જાણું છું — ચોંકી જાઉં છું. શરીર ધ્રૂજી જાય છે, આંખોમાં પાણી ઊમટે છે. ફોઈ મારી રગ પામી ગયાં છે. કહે — 'ભાઈ... હવે હળ કોણ હાંકશે? માટે બળદ...' પછી બધું ડૂસકાંમાં ડૂબી જાય છે. દૂર લગ્નગીતો, રેડિયો, વરઘોડો સંભળાય છે. હું, મૃત્યુના ખોળામાં બેઠેલા મોટાભાઈ, ભાભી અને ફોઈ

સૂનમૂન બેઠાં છીએ… ભાઈની છાતીમાં મરણ ધમપછાડા કરે છે… ખાંસી વળતી નથી… ચૂલે ખીચડી-કઢી ઠરવા આવ્યાં છે. ખાવાની કોઈ ઇચ્છા જ નથી. ઘરના મોભ માથે બેઠેલું મોત માળામાં ઊતરી ચૂક્યું છે — અમને અંધારાની છોળો વાગી રહી છે — મરણ જેવી!

[વૈશાખ ૧૯૯૭]

૩૦. વતન

દૂર દૂર અલકમલકની પેલે પાર ટેકરીઓની વચ્ચે—ઉપર-નીચે અડખેપડખે મુક્ત વસેલું મારું રાતું રાતું ગામ હતું. ચાંદો ટેકરીઓના ઢાળ ઊતરીને ઢળતી રાતોમાં અમારી સાથે તડકો-છાંયો રમવા આવતો ને સૂરજ ડુંગર-ખેતર-સીમસીમાડે વગડા વાટે ફરતો-તરતો સાંજ પડે ને નદીકિનારે જઈને રતૂમડો થઈ જતો. જાણે એને મારું ગામ છોડીને બીજે જવાનું ના ગમતું હોય એમ ક્ષિતિજ ઓળંગતાં એ ભાવભીની અધખૂલી આંખે જોતો જોતો વિદાય લેતો. સવાર થતાં તોપાછો તરણે તરણે ને પર્ણે પર્ણે હાજર. રાતભર આભનાં તારોડિયાં દાદા સાથે ગોષ્ઠી કરતાં. નક્ષત્રોની પેલે પારના મલકમાંથી થોડીક પરીઓ અમારાં શમણાંમાં ક્યારેક ઊતરી આવતી. આકાશગંગાની વાટે એ પાછી જતી રહ્યાનું અમને દુઃખ સાલતું. ઋતુઓ વસ્ત્રો ફરકાવતી આવતી ને ખેતર-વૃક્ષે રોકાઈને પાછી વણજારાના પડાવો સાથે ઊપડી જતી ડુંગરોની પેલે પારના અજાણ્યા દેશમાં.

ગામ મારું પણ, ભૂખથી રિબાતું વલ્લવપુરા. એવુ જ મોટા પાલ્લા. એના પાદરમાં મોટા ચાંદરણા જેવડી તળાવડી ને એમાં શરદમાં ખીલતાં કંકુવરણાં પોયણાં. પાદર આટાપાટા રમે. હુતુતુ ને ખોખો રમે. પાદરમાં અજાણ્યા રાજપૂતના પાળિયા. ન થાય દીવો કે ન ચઢે સિંદૂર. પાસેનો કૂવો જળજીવતો. નજીક મોટો ઝાંપાનો વડ. એની નીચે, બાવાઓ હાથી લઈને આવે ને પડાવ નાખે. હાથી પણ એ વડ પાસે સાવ બચ્ચાં જેવા બાપડા લાગે. સીમની વાટે એક બીજું તળાવ એની પાળે લીમડાનાં ઝાડ તે પેલું ગીત કાયમ કાને રણક્યા કરે :

લીમડાની હેઠે તળાવ પાણીડાં રેલમૂછેલ
કુંવર આઘો ના જૈશ દેડકો તાણી જશે...

પછી લ્હેરાતાં ખેતરો ને દેખાય ઝાડભર્યો કોથળિયો ડુંગર. એની ટોચે લાખા વણજારાએ ધન દાટ્યાની વાતો પેઢી-દર-પેઢી ચાલી આવે ને દરેક પેઢી એ શોધવા મથતી રહે. ટેકરીઓ તો ચારે તરફ એવી કે લીલાછમ ઢોળાવે ઢોળાતી હોય ત્યારે વિલાયતના ‘મીડલૅન્ડ’માં મ્હાલતા હો એવું લાગે.

આથમણી સીમમાં લક્કડિયા માતા ને વાયવ્યનાં ખેતરો સાચવતું મહીની ભેખડે ઊભેલું ધ્વજા ફરકાવતું — જાણે બોલાવ્યા કરતું — કપિલેશ્વરનું મંદિર! એનો આભ અડતો પીપળો એ પલપલે! ગામ પાસેની એક ટેકરી પર નાયકાઓનાં છાપરાં; બીજી ઉપર વસે હરિજન-ભંગી... પોતપોતાનાં જાણે નોખાં સામ્રાજ્ય. ગામમાં એક દોઢી — બેઉ બાજુથી બંધ — જવા- આવવાના દરવાજાવાળી આ દોઢીમાં બાપુઓ રહે — જૂના વૈભવની યાદો ને વટ સિવાય હાથેપગે થઈ ગયેલા. ને જમીનખેતરો ઉપર માંડ ગુજારો કરનારા. કોઈ ભણીને નોકરી જતાં સારું કમાતા થયેલા. બાકી ચોકીદાર ને પટાવાળા, પણ ગામના યુવાનોને તો દોઢીમાંથી ઓછું બહાર નીકળતી દીકરીઓ માટે ભારે કુતૂહલ. બધી રંગેરૂપે પૂરી ગામઠી હોય, પણ ‘બાપુની દીકરી’ તે ‘કુંવરબા’ જ કહેવાય ને! આવી જનકુંવરબા-ધનકુંવરબા-મનુકુંવરબા-અનુકુંવરબા-રૂપકુંવરબા — બધી જ ડુંગરપુર-વાગડના વલખતા મલકમાં વળાવી દેવાતી. ક્યારેક દારૂ પીને રુઆબ મારતા બાપુનો ઝઘડો ગામ સાંભળતું.

ગામમાં ‘ફરતી શાળા’. હા. અમે એમાં ‘૧થી ૪ ચોપડી’ ભણેલા. જુદાં જુદાં ફળિયાંની પડસાળોમાં વારાફરતે બેસવાનું — ક્યારેક કોઈનું કોઢિયું પણ મળે. નિશાળ એટલે એક લાકડાની પેટી જેમાં સાહેબનું

દફ્તર રહે; બેલ ને મોગરી પણ એમાં મુકાઈ જાય. એક ખુરશી ને ટેબલ તરીકે વપરાતી પેલી જ પેટી. બાકી ટાટિયાં લઈને ભણવા આવતાં ટાબરિયાં. ખરા અર્થમાં આ ભીંતો વગરની લોકશાળા હતી. લોકોની અવરજવર અને લઢવાડ વચ્ચેય શાળા ચાલતી. પછી ગામછેવાડે ટેકરી ઉપર મકાન થયું... ને છાપરું ઊડ્યું તે ઊડ્યું — કોણ રિપેર કરાવે! શાળા તો આજે પણ એવી જ ઉપેક્ષિતા! ગામલોકને મન 'નેંહાળ' તો 'ગમે ત્યાં ચાલે!'

ગામ નેળિયાં-નવેળિયાં અને વાડા-આંગણાં-ત્રિભેટાઓ તથા ફળિયાંવાળું! ફુલેકાં નીકળે ત્યારે હેલ્લારે ચઢતું ગામ. હવે ચૂંટણીઓ આવે છે ને ફળિયેફળિયું જાગે છે. જ્યાં નાનકડી દેવદેરી હતી ત્યાં હવે પડસાળમાં 'દૂધની ડેરી' આવી છે. આવક ઓછી ને પટલાઈ ઝાઝી. આ ડેરીએ ગામમાં લડાઈ ઘાલી છે. ત્યારે તો ઝાંપાના વડ નીચે ઝાયણી (નવલા વર્ષનો પહેલો જ દિવસ) એ તોરણ વણાય. ફટાકડા ફૂટે ને ગાયો તોરણ ચઢે. આ 'ઝાયણીના જ્વાર' કરતા ભેટે ને 'રામરામ' બોલે. નદીમાં ગરબા રમતા મેલી માતાની કૃપા માગે. હોળી પ્રગટાવવા ને ધુળેટી રમવાય ત્યારે ગામ મળતું પાદરમાં! હોળીના ઉલ્લાસથી છલકાતું પાદર વૈશાખે વ્હેલે બેસી સાસરે જતી કન્યાનાં રુદનથી સન્ન થઈ જતું! ફળિયા વચ્ચે ભાઈરામને ત્યાં બેઠકો જામતી ને કૂવાપાળે જવાનિયા ગપ્પે ચઢતા.

સીમમાંથી વૃક્ષો વચ્ચે ને ઢાળે-ઢોળાવે દેખાતાં ગામનાં એ રાતાં રાતાં નળિયેરી ઘરો... સાચે જ ભારો ઉતારી વાટે વિસામો કરતા સ્વજન જેવું ગામ દેખાતું — આજેય આંખમાં તો એ જ છે. ક્યારેક નટના ખેલ થતા. રામાપીરની મંડળીઓ આવતી. કોકની પડસાળે રામાયણ-મહાભારત વાંચવા રાતે બેઠકો થતી. ઊંટોના ડેરા અને ઘેટાંનાં ટોળાં નીકળતાં — ગામ વચ્ચેથી. જિપ્સીઓ જતાં ને ગામ એમનાં ઊંટે લાદ્યાં બકરાંબચ્ચાં-મરઘાં-કૂતરાં ભેળાં છૈયાંછોકરાં જોઈ રહેતું. શ્રાવણી રાતોમાં રાવળિયા ભજન ગાતા. શિયાળુ રાતોમાં ભૂતપ્રેતનાં માંલ્લાં થતાં ભૂવા ધૂણતા ને વળગાડ મુકામ બદલતા... હેલીના દિવસોમાં ડોડા-છૂંદા ખાવા પરોણા પડસાળો ભાંગતાં. કૈંક કૈંક, રગ રગનાં વ્હેણ ને મોસમી વાતો... ગમ તો બારે માસ લીલુંછમ ને આમ જુઓ તો સુક્કુંખંખ. એકબીજાના કામમાં મદદ કરતાં ઓતપ્રોત થાય ને વાતે વાંકું પડે કે છીંકતાં છીંડું પડે તો પાણી-તેલની જેમ જીવ નોખા તર્યા કરે. પ્રજામાં ભોળપણ અને પક્કાઈ, કોકમાં ખંધાઈ ને ડાંડાઈ પણ!

ગામડાંને રોમૅન્ટિક બનીને જોવાની ફૅશન મને પણ નથી ગમતી ને ગામડાનું વાસ્તવજીવન પણ કાંઈ રંગદર્શી કે ભાવના-ભરપૂર નથી હોતું — ત્યાંય બધી દુનિયાદારી છે... છતાં પ્રકૃતિનું સાંનિધ્ય અને અસલ જીવન તથા મોકળાશ અને માણસૂડાં લોક વિશે જરાક વાર રંગદર્શી બનવાનું ગમે છે. એટલે જ તો રમણીક અરાલવાલાનું, આઠમા-નવમા ધોરણમાં, 'વતનનો તલસાટ' સૉનેટ ભણ્યો હતો તે આજેય વાગોળવાનું — કદીક લ્હેરમાં આવીને ગાવાનું પણ ગમે છે :

'ગાળી લાંબો સમય દૂરનાં દોહ્યલાં પાણી પી પી
જાવા હાવાં જનમભૂમિએ પ્રાણ નાખે પછાડા.
કૂવા કાંઠે કમર લળતી પાણિયારી, રસાળાં—
ક્ષેત્રે ક્ષેત્રે અનિલ લહરે ડોલતાં અન્નપૂર્ણા,
હિંડોળતાં હરિત તૃણ ને ખંતીલ ખેડૂતોનાં
મીઠાં ગીતો, ગભીર વડલા, શંભુનું જીર્ણ દેરું,
વાગોળતાં ધણ, ઊડી રહ્યો વાવટો વ્યોમ ગેરું,
ઓછી ઓછી થતી ભગિની, લંગોટિયા બાલ્ય ભેરું,
ઝંખી નિદ્રા મહીં ઝબકતો, જાગતાં નીંદ લેતો—'

કવિને ગામની સાથે બા સાંભરે છે! હાસ્તો, વતન સાથે પહેલું સ્મરણ તો બાનું જ હોય. કવિ કહે છે કે ઉક્તવાનાં તો બધાંય મળશે. બધું જ હશે, પણ બા હવે ક્યાં છે? કવિ બા વિનાના વતનમાં જઈ શકતા નથી. મારી પણ આવી જ સ્થિતિ છે. હુંય કૈંક ભાવાર્દ્ર થઈને મનમાં સોરાયા કરું છું!

જોકે હું એ વાતે સભાન છું કે હવે તો કાવ્યમાં વર્ણવાયું છે એવું ગામ બચ્યું જ નથી! અરે, નળિયેરી 'ઘર' ગયાં અને ધાબાવાળાં 'પાક્કાં' 'મકાન' આવી ગયાં છે આજે તો! ખાવા-પહેરવાની ને ખેતીની રીતભાતોય બદલાઈ ગઈ છે—માણસો પણ ના બદલાય તો દુનિયામાં જિવાય કેવી રીતે? પણ હજી એ સીમવગડો... નદીડુંગર ને ટેકરીઓ, એ બધાં ઉપર ફરફરતી ઋતુઓની તો વાત જ નોખી... એટલે દૂરના મલકનું મારું ગામ તો એવું જ અસલ અને અનોખું.

[નવું વર્ષ ૨૦૫૫]

પ્રતિભાવ: દ્વૈત અને દ્વંદ્વમાંથી જન્મતી વેદના — ધીરેન્દ્ર મહેતા

મણિલાલ કંઈ આ ચિત્રોના આલેખકમાત્ર નથી, એ પોતે આ ચિત્રોમાં ઉપસ્થિત છે — એનાં રૂપરંગ કે રેખામાં, અસ્તિત્વ રૂપે; પરંતુ આજે એમાંથી એ ઉતરડાઈ ગયા છે. એ પોતે તો ઉતરડાઈ ગયા છે, પરંતુ એ જુએ છે કે એ ચિત્રો પણ ભૂંસાઈ રહ્યાં છે. આ દૃષ્ટિ સામેની પરિસ્થિતિ છે, પરંતુ મનની સ્થિતિ જુદી છે. ત્યાં તો આજેય આ ચિત્રો અકબંધ છે — આ ભળભાંખળે જાગતું ગામ, આ એનાં સીમ-સીમાડા, આ એનું પાદર, નેળિયું... મણિલાલ એની વાત માંડે છે — આપણને એની ઓળખાણ આપતા હોય એ રીતે અને પછી પોતે હળવેક રહીને એ સૃષ્ટિમાં સરી પડે છે. વાત માંડવાની એમની રીત રસિક અને એમણે માંડેલી વાત આપણે માટે કૌતુકરસિક એટલે આપણેય એમની સાથે ને સાથે...

વાત આપણે કૌતુકરસિક હોવાનું કારણ એ કે આપણે એ જગતના જીવ નથી. મણિલાલ એ જાણે છે એટલે જ તો આ ઢબે એ વાત કરે છે : પહેલાં તો એ આપણને વિસ્તારથી સમજ પાડે છે કે આ ભળભાંખળું એટલે શું, સીમ અને ગામનો શો સંબંધ, પાદર કોને કહેવાય, નેળિયુંનો અર્થ? પછી ધીમે રહીને આપણને એની વચ્ચે મૂકી દે છે — એ આખા વાતાવરણ વચ્ચે અને પોતે દૃશ્ય-શ્રાવ્યની મદદથી એને સજીવ કરવા ચાલે છે. એમાં આપણે જોઈએ છીએ મંદિરના મહંતને અને કપિલેશ્વરના બાવાને, ધના સોમા પટેલને, ઘરડી માને અને જીવીભાભીને, દલાકાકાને અને માશીને, લાલાદાદાને, ભાઈરામકાકાનાં કંકુકાકીને — ભળભાંખળું થતાંમાં મંડાઈ જતી એમની પ્રવૃત્તિ સાથે. એ પ્રવૃત્તિઓ એની નોખી હલચલ અને અનોખા અવાજો સાથે આપણને આવરી લે છે. અહીં પરિવેશ મુખ્ય છે અને આ બધી વ્યક્તિઓના પાત્રો—કેરેક્ટર્સ પણ એ પરિવેશનો એક હિસ્સો છે. આ પરિવેશમાંથી જ આપણે ભળભાંખળાનો સાચો અર્થ પામીએ છીએ.

આ ગ્રામસૃષ્ટિ અને કૃષિસૃષ્ટિ એકમેક સાથે જોડાયેલાં છે. સીમ અને શેઢો, ધરુવાડિયું અને ખળું... એમ આપણે સીધા ઘરના વાડામાં આવી પહોંચીએ છીએ અને અહીં પ્રકૃતિ સમાજ અને સંસ્કૃતિ કેવાં એકમેકની ઓથે જીવે છે તેની પ્રતીતિ આપણને થાય છે. ખેતીનાં અને અનુષંગે ઘરનાં સહિયારાં કામકાજ સહુને એકબીજાની સાથે કેવાં ગૂંથે છે અને પોષે છે! ઘરખેતરને અરસપરસ સાથ અને સધિયારો છે અને ‘ધરુવાડિયું તો કુંવારકા જેવું ગણાય’, એમ જ્યારે લેખક કહે છે ત્યારે એનો સંસ્કારસંદર્ભ પણ સ્પષ્ટ થાય છે. આ સૃષ્ટિને જેમ આવા તળપદા સંસ્કારોનો સંદર્ભ છે તેમ તેનાં અસલ જીવનમૂલ્યોનો સંદર્ભ પણ છે. લેખકને આ સૃષ્ટિની માયા છે તેમ એમના પર એનો પ્રભાવ છે તેનું એક કારણ આ પણ છે.

આ વાસ્તવિક સૃષ્ટિ જાણે ભાવસૃષ્ટિમાં રૂપાંતર પામી છે. નજર સામે એનો લોપ થતો જાય છે, પરંતુ લેખકની ચેતનાનું ધરુવાડિયું એના થકી હર્યુંભર્યું છે. સ્મૃતિમાં આમોદ અને સ્થિતિમાં વિષાદ. આ દ્વૈત અને દ્વંદ્વજન્ય વેદના એ આ ગ્રામચિત્રોની ભોંય છે અને એથી આ ચિત્રો સંચલિત છે.

ભાષામાં સહજ જણાતો બોલીનો અને કૃષિસંબંધિત લાક્ષણિક શબ્દોનો પ્રયોગ તથા કથનશૈલીને ઉપકારક ગદ્યની તળપદી લઢણ અનેક જગાએ કાવ્યાત્મક બનતી (જેમ કે ‘શેઢો’માં) પદાવલિની જેમ, આ વિશિષ્ટ નિબંધોના સૌંદર્યની વૃદ્ધિ કરે છે. આપણી ભાષાની જૂની મૂડી એમાં સચવાઈ છે.

— ધીરેન્દ્ર મહેતા

મણિલાલ હ. પટેલના અન્ય પુસ્તકો

કવિતાઃ

- સાતમી ઋતુ
- માટી અને મેઘ
- વિચ્છેદ

વાર્તા – સંચયોઃ

- રાતવાસો
- હેલી
- બાપાનો છેલ્લો કાગળ

નવલકથાઓઃ

- અંધારું
- કિલ્લો
- ઘેરો
- લલિતા
- અંજળ

નિબંધસંચયઃ

- માટીવટો
- ગામવટો
- વૃક્ષાલોક
- ધૂળમાં ઊડતો મેવાડ
- આડા ડુંગર ઊભી વાટ

વિવેચન ગ્રંથઃ

- કર્તા અને કૃતિ
- કથા અને કલા

- રચનાલોક
- અભિમુખ
- કવિતા: કાલની અને આજની
- ઈશ્વર પેટલીકર

આત્મકથા:

- તરસીમાટી
- એકલા હોવું

જીવનકથા:

- તરસ્યા મલકનો મેઘ
- મોલ ભરેલું ખેતર
- બોલ વાલમના
- વિતક ઝંખે વ્હાલ
- જ્ઞાનયજ્ઞના આચાર્ય ધીભાઈ ઠાકર

30 જેટલાં સંપાદનો

Back Cover